Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃ દર્શન

મૂળ બંગાળી લેખક:

શ્રી. જ્યોતિષચન્દ્રરાય (ભાઈજી)

અનુવાદક :

શ્રી. રત્નેશ્વર ભવાનીશંકર વકીલ

પ્રકાશક:

શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ, અમદાવાદ.

કિંમત ૦-૧૦-૦ પોસ્ટેજ ૦-૨-૦

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શુદ્ધિપત્રક

પાન	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૪	૧૩	સીંનિધ્ય	સાનિધ્ય
૧૮	૧૦	થયા	થતા
૧૮	૧૩	થાય	થાય છે
૩૪	૧૧		જપ કર્યો પછી નીચેના શબ્દો રહી ગયા છે "અને જમીન ઉપર પડીને પોતાના ગળા ઉપર "
૩૭	૧૧	રીતે	રાતે
૪૩	૭	ત્ પતા	તદ્રુપતા
૪૩	૨૫	સાધારણ	અસાધારણ
૪૪	૭	બાપનો	બાપને
૫૪	૬	(તળાવ)	(તાળવા)
૬૯	૩	ખાલી	ઝાલી
૭૨	૧	આપેલા છે	આપેલા નથી
૭૨	૯	આપેલી છે	આપેલી નથી
૭૭	૧૧	શિથિલ	શિથિલ થવા
૮૪	૨૩	મને	માને
૮૯	૧૫	મિસ્મય	વિસ્મય
૯૦	૨૧	માખ ગયો	માખ ગળી ગયો
૯૪	૨૭	બાથે	સાથે
૧૦૪	૮	બસાદ	બસાક
૧૦૫	૧	બાઈલચંદ્ર	બાઉલચંદ્ર
૧૦૭	૧૨	(દેરાનન)	(દેરાદૂન)
૧૧૨	૨૦	મને	માને
૧૧૩	૪	કુલ દાદાને	કુલદા દાદાને
૧૨૧	૪	ભંગ	ત્રીભંગ
૧૨૩	૨૪	વલેપાત	વલોપાત
૧૨૬	૮	વરસ સુધી આકાંક્ષાથી	વરસ સુધી માતૃ દર્શનની આકાંક્ષાથી
૧૪૨	૨૧	અનામતમાં	એના મતમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદકનું નમ્ર નિવેદન

જ્યોતિષચંદ્રરાયે (I. S. O.) (Personal Assisstant to the Director of Agriculture) "માતૃદર્શન" નામનું પુસ્તક બંગાળી ભાષામાં લખ્યું છે. તેનો આ અનુવાદ છે. પુસ્તકમાં એમણે શ્રી આનંદમયી માની લીલા, એમના ઉપદેશ અને માની સાથેના પોતાના પરિચય સંબંધી સુંદર ભાષામાં વર્ણન કર્યું છે. એ પોતે માના પરમ ભક્ત હતા. માના તરફ પ્રથમ એ કેવી રીતે આકર્ષાયા, માની કૃપા એમના ઉપર કેવી રીતે વધતી ગઇ, માના કૃપાપાત્ર બનીને એ કેવી રીતે માના પરમ ભક્ત બની રહ્યા, એ વગેરેનું એમનું અદ્‌ભુત વૃત્તાંત વાંચીને હૃદયમાં અનેરો આનંદ જાગી ઊઠે છે અને મન ભક્તિરસમાં રેલાઇ જાય છે. માએ એમને લગાડેલી ચાનક, એમને બતાવેલા પરચા, એમને આપેલો બોધ અને એમના પ્રતિ શ્રી માએ દર્શાવેલ અલૌકિક સ્નેહનાં અનેક દૃષ્ટાંતો વાંચતાં ભાન ભૂલી જવાય છે, એના વિચારમાં તન્મય થઇ જવાય છે. શ્રી માને જોયાં ન હોય, એમની વાણી સાંભળી ન હોય, છતાં આપણું મન આ વાંચીને માનાં દર્શન કરવા અધીરું બની જાય છે, અરે, આપણે જાણે મનોમય એમનાં દર્શન કરીએ છીએ એવો કાંઇક આછો અનુભવ પણ થાય છે. પુસ્તકની વાણીમાં કાંઈ એવો અદ્‌ભુત ભાવ ભરેલો છે કે એ પુસ્તકનું પ્રત્યેક પાનું વાંચતાં "આપણા ઉપર માની એવી કૃપા થાય ખરી" એવી ઝંખના જાગી ઊઠે છે, અને માની કૃપાનાં મધુર સ્વપ્ન સેવતું આપણું હૈયું હર્ષના હીંચોળે ઘડીભર હીંચતું થઇ જાય છે. તારતમ્ય એ નીકળે છે કે, આ પુસ્તકના લેખક જ્યોતિશચંદ્રને આનંદમયી મામાં અખુટ શ્રદ્ધા હતી; માનો એકેએક બોલ આજ્ઞાધારી સેવકની માફક એ ઝીલી લેતા અને માનો ઉપદેશ આચારમાં ઉતારવા તનતોડ પ્રયાસ કરતા. માનો આદેશ થતાં નોકરી કે સ્ત્રી પુત્રાદિની પણ દરકાર કર્યા સિવાય એ માની સાથે દોડી જતા. મારી નોકરીનું શું થશે, મારાં બૈરીછોકરાંનું શું થશે એ વિચાર પણ તે વખતે એમણે કર્યો નથી. "હોઠ અને હૈયાનો મેળ સાધવો જોઈએ" "મન અને મુખનો મેળ કરવો જોઇએ" એવો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માનો ઉપદેશ પોતાના જીવનમાં ઘટાવવા એમણે પ્રયાસ કર્યો છે. શ્રી માના લીલાજીવનના પ્રસંગો પુસ્તકાકારે બહાર પાડવાનું એમને સૂચન થયું અને માના પરમ ભક્તે એ સૂચન ઝીલી લીધું. જેમ માને બધા “આનન્દમયી મા”ના નામથી ઓળખે છે તેમ જ્યોતિશ્ચંદ્રને બધા “ભાઈજી”ના નામથી ઓળખે છે. આ પુસ્તક એમણે લખ્યું તે બાબતમાં એમણે કહ્યું હતું કે: “જેમ વિરાટ આકાશનો ઓળો જુદા જુદા જળાશયોમાં દેખાય છે, પણ તેટલા ઉપરથી એ આકાશનો પાર પામી શકતો નથી, કે આકાશ કેવડું મોટું છે, તેનો અંદાજ નીકળી શકતો નથી તેવી જ રીતે મારા લખેલા આ ક્ષુદ્ર ગ્રંથમાં શ્રી માની કૃપાથી એમની છાયા માત્ર આવેલી છે, પરંતુ એ ગ્રંથ ઉપરથી માના અનન્ત મહિમાનો તાગ નીકળી શકતો નથી કે એમના સ્વરૂપનો અંદાજ પણ કાઢી શકાતો નથી.”

મહા દુઃખની વાત છે કે, “માતૃદર્શન” બંગાળી પુસ્તકના કર્તા જ્યોતિશ્ચંદ્ર (ભાઈજી) એમનું એ બંગાળી પુસ્તક બહાર પડયું તે પહેલાં જ પરલોક સીધાવી ગયા.

ભાઈજી તેમજ શ્રી માના બીજા જે પરમભક્તો છે, તે એમ માને છે કે, શ્રી માના આ દેહમાં જ જ્ઞાનનો પૂર્ણ વિકાસ થઈ ગએલો છે અને એમને જીવનમુક્ત અને સ્થિતપ્રજ્ઞની દશા પ્રાપ્ત થઈ છે. એમને બાહ્ય ગુરુની આવશ્યક્તા નથી. એમના અંતરમાં રહેલો અંતર્યામી જ પ્રયોજન અનુસાર એમના પાસે ક્રિયા કરાવે છે. મા એમના કહેવા [illegible] છે.

ભાઈજી તો એટલે સુધી કહે છે કે: “મા સાક્ષાત્ બ્રહ્માંડ જનનીનું મૂર્ત સ્વરૂપ છે, એ સર્વ દેવ–દેવીમયી પરમ દેવતા છે, મંત્રદૃષ્ટા ઋષિ છે. એમનામાં ઈચ્છાઅનિચ્છા જેવું કાંઈ નથી; એમની પ્રવૃત્તિનિવૃત્તિ એમની ઇચ્છાથી થતી નથી. જગતના જીવો સંસારમાં રહીને પોતાનો વેવાર ચલાવે રાખે, છતાં અધ્યાત્મ માર્ગે કેવી રીતે આગળ વધી શકે, એ વિચાર એમના જીવનમાં પ્રકટપણે તરી આવે છે. અખંડ માતૃભાવનો સર્વતોમુખી પ્રકાશ શ્રી માની તમામ વાતોમાં, કાર્યોમાં અને એમના અલૌકિક વ્યવહારમાં દેખાઈ આવે છે.”

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી મા અત્યારે લગભગ સુડતાળીસ વર્ષનાં છે અને હયાત છે. એમના શરૂઆતના જીવનની સંક્ષિપ્ત રૂપરેખા આ સાથે આપવામાં આવી છે. "માતૃદર્શન" વાંચવાનું શરૂ કરતા પહેલાં તે વાંચી જવા ભલામણ છે. માતાજીના પતિ "ભોળાનાથ"ને નામે ઓળખાય છે અને આ પુસ્તકમાં મૂળલેખકે "પિતાજી" શબ્દનો ઉલ્લેખ કરેલો છે તે માતાજીના પતિ માટે કરેલો છે.

અમદાવાદ લૉ કોલેજના પ્રિન્સીપાલ રા. [illegible] મુકુંદરાય એમ. ઠાકોર શ્રી માના પરમ[illegible] છે. એમ[illegible] ધર્મભાવના, સૌજન્યતા અને સરળતા સુવિદિત છે. [illegible]ને શ્રી મામાં [illegible] શ્રદ્ધા છે. એમણે આ પુસ્તકનો [illegible]રાતી [illegible]માં અનુવાદ કરવા[illegible] મને સોંપ્યું તે ઉપરથી મેં [illegible] છે. [illegible]ચ્છું છું, હું એમના આદરને પાત્ર

[illegible] સમજું છું. આ નવલકથાનું પુસ્તક નથી. એમાં ધર્મનાં ગૂઢ તત્ત્વો અને રહસ્યોનો સમાવેશ છે. ઘણા ઘણા સિદ્ધાંતો આમાં સમાયલા છે. કદાચ તે સિદ્ધાંતો સમજણ પડે તેવી ભાષામાં ન પણ મૂકી શકાયા હોય. એમ પણ બન્યું હશે કે, કેટલાક સિદ્ધાંતોનો અસલ જે ભાવ હશે તે મારાથી ગૂજરાતી ભાષાંમાં નહીં લાવી શકાયો હોય. કોઈ ઠેકાણે સંબંધ નહીં જાળવી શકાયો હોય. એ ઉપરાંત પણ ઘણી ત્રુટિયો હોવાનો સંભવ છે. સુજ્ઞ વાંચનાર સમજે છે કે, મનુષ્ય ત્રુટિયોથી ભરેલો છે; એટલે મને એ મારાં સ્ખલનો માટે ખાસ ઠપકો તો નહિ જ આપે. મારાથી શ્રી માને તેમ જ ભાઈજીને કદાચ અન્યાય થઈ ગયો હશે પણ એક, સ્વર્ગસ્થ માનો પરમભક્ત, અને બીજાં સાક્ષાત્ જગદંબાનો અવતાર શ્રી મા—જીવતાં જાગતાં પ્રખર જ્યોત—મારાથી જાણેઅજાણે થઈ ગએલ અન્યાય, ભૂલો અને દોષો માટે મને જતો કરો એવી અનન્ય ભાવે એમની નમ્ર ક્ષમા પ્રાર્થના કરીને હું છૂટી પડું છું. બીજું હું શું કરી શકું એમ છું ?

શ્રી માનો જય હો.

અમદાવાદ, તા. ૧૧-૬-૪૨ } શ્રી માનો કૃપાભિક્ષુ
સારંગપુર, કોકડીઆની પોળ } **ભટ રત્નેશ્વર ભવાનીશંકર વકીલ**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુક્રમણિકા

ક્રમાંક		પાન
૧	માતૃદર્શન	૧૧
૨	મંત્રવિભૂતિ	૩૧
૩	ભાવવિભૂતિ	૩૮
૪	યોગવિભૂતિ	૫૨
૫	સમાધિભાવ	૬૩
૬	લીલા–ખેલ	૭૧
૭	આશ્રમ	૧૦૨
૮	નવજીવનના માર્ગે	૧૧૫
૯	અભિયાન	૧૨૯
૧૦	શ્રી શ્રી મા	૧૩૨
૧૧	શ્રી શ્રી પિતાજી	૧૩૮
૧૨	મારી વાત	૧૪૦

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



શ્રી શ્રી મા આનંદમયી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



શ્રી શ્રી માની પાછળ
'ભાઇજી'ની છાયામૂર્તિ (પાનું ૧૦૧)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી મા આનંદમયીના સંક્ષિપ્ત જીવનની રૂપરેખા.

શ્રી આનંદમયીમાનો જન્મ ત્રિપુરા જિલ્લામાં આવેલા ખેઉડા ૨૧ ગામમાં બંગાળી સંવત ૧૩૦૩ના ૧૯ વૈશાખ તા. ૩૦ એપ્રીલ ૧૮૯૬ને ગુરુવારે રાત્રે લગભગ ત્રણ વાગે થયો હતો. તે દિવસે કૃષ્ણ પક્ષની ચતુર્થી તિથિ હતી. એમના પિતાનું નામ બિપિન બિહારી ભટ્ટાચાર્ય અને માતાનું નામ મોક્ષદા સુંદરી અથવા વિધુમુખી દેવી હતું. એમનું મૂળ ગામ વિદ્યાકુટ. ત્યાંથી એ ખેઉડા આવીને રહ્યાં.

માનું મૂળ નામ તો નિર્મળાસુંદરી. એ સિવાય એમનાં બીજાં પાંચ નામ છે. તીર્થવાસિની, દાક્ષાયણી, ગજગંગા, વિમલા અને કમલા. એમનું આનંદમયી નામ તો ઢાકાના જ્યોતિષચંદ્ર રોયે પાડ્યું. અને ત્યારથી મા એ નામેજ બધે ઓળખાય છે.

મા એમના માતા પિતાનાં બીજાં સંતાન હતાં. એમને એક મોટી બેન હતી પણ એ લાંબો સમય જીવી નહિ અને માનાં જન્મ પહેલાંજ પરલોકવાસી થઈ. માના જનમ્યા પછી એક પછી એક એમના ત્રણ ભાઈઓનો જન્મ થયો અને તે પણ નાનપણમાંજ ગુજરી ગયા. તેમના ગુજરી ગયા પછી એમની બીજી બે બેન અને એક ભાઈનો જન્મ થયો. બે બેનોમાં એકનું નામ સુરબાળા અને બીજીનું નામ હેમલતા. ભાઈનું નામ માખણ.

માના જન્મ પહેલાં એક છોકરી મરી ગઈ હતી, તેથી માનો જન્મ થયો તેને બીજે દિવસે મળસ્કે, માની માતા એમને તુળસીની નીચે થોડી વાર ગબડાવી આવ્યાં. આ પ્રમાણે એમણે અરાઢ મહિના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સુધી કર્યું. મા મોટાં થયા પછી એ પોતે પણ તુલસીનાં દર્શન કરી આવતાં. અને ત્યાં આળોટી આવતાં.

માના જન્મ વખતે **દિદિમા**ને જરાએ પ્રસવ–વેદનાનું કષ્ટ પડ્યું નથી. બાળક અવતરીને તરતજ રડવા માંડે પણ માના સંબંધમાં તેવું બન્યું નથી, એ જરાએ રડયાં નહોતાં. માને એ વાત જ્યારે કહેવામાં આવી ત્યારે એ બોલ્યાં: "રડે શું કામ? હું તો તે વખતે ખપેડાના કાણામાંથી આંબા તરફ જોતી હતી." મા ગર્ભમાં આવ્યાં તે પહેલાં **દિદિમા**ને સ્વપ્નમાં અનેક દેવદેવીઓનાં દર્શન થતાં હતાં અને માના જન્મ પછી પણ થોડો વખત એમને એવી રીતે સ્વપ્નમાં દર્શન થયા કરતાં હતાં.

દાદા મહાશયનું કુટુંબ બહુ બહોળું હતું. એમનું ગોત્ર કશ્યપ. વિદ્યાકુટમાં એમની સારી ખ્યાતિ હતી. દાદાના માતામહના કુટુંબમાં અને **દિદિમા**ના પિતાના કુટુંબમાં બે સતી થયાં હતાં. દાદા મહાશયના પ્રપિતામહી પણ સતી થયાં હતાં. દાદા મહાશયના વડવાઓમાંથી કેટલાકે સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. પ્રથમ સંતાનના જન્મ પછી દાદા મહાશયને નોકરી મળી એટલે એ બહારગામ ચાલ્યા ગયા. ત્રણ વરસ સુધી એમની ખબર ઘરવાળાંને મળી નહિ કે ઘરવાળાંની ખબર એમને મળી નહિ. **દિદિમા**ને માતામહી પાસે ખેઉડા રાખ્યાં. પ્રથમ સંતાન પુત્રી ગુજરી ગઈ પણ દાદા મહાશયની કશી ખબર અંતર મળી નહિ. ત્રણ વર્ષે દાદા મહાશય ઘેર આવ્યાં. પુત્રીના મૃત્યુની વાત સાંભળી પણ એમને કશું દુઃખ થયું નહિ. ત્યાર પછી કેટલે વખતે માનો જન્મ થયો. આ સંબંધી મા કહે છે કે: "મારા જન્મ પહેલાંથીજ પિતાજી બહારગામ ચાલ્યા ગયા હતા. હું જન્મી તે અરસામાંથીજ મારા પિતાજી વૈરાગ્યવૃત્તિવાળા થતા જતા હતા."

એવું સાંભળવામાં આવ્યું છે કે દાદા મહાશયનાં મા "મારા બિપિનને એક છોકરો થાય" એવી પ્રાર્થના કરવા માટે એ કસબાનાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કાલી મંદિરમાં ગયાં પણ ત્યાં એમનાથી એવી પ્રાર્થના થઈ કે "મારા બિપિનને એક છોકરી થાય." એમની એ પ્રાર્થના પછી માનો જન્મ થયો છે.

એમની નાની ઉમ્મરમાંથી જ મા અસાધારણ જણાતા હતાં. એ હંમેશાં આનંદમાં રહેતા. બધાંએ એમને આદરથી બોલાવતાં. ગરીબ માતા પિતાને ઘેર જન્મેલાં હતાં છતાં એમને કશું દુઃખ પડયું નથી. માના ત્રણ ભાઇઓ મરી ગયા હતા પણ **દ્દિદ્દિમા** તેનો શોક કરતા નહોતાં. કોઈ વાર એમને એ વાત સાંભરી આવતી ત્યારે એ રડી પડતાં પણ તે વખતે મા મોટો બરાડો પાડીને રડવા મંડી પડતાં એટલે **દ્દિદ્દિમા** પોતાનું રડવાનું ભૂલી જઇને માને છાનાં રાખવા દોડી જતાં. આમ કરીને મા દીદીમાને જરાયે રડવા દેતાં નહિ. એકવાર વાત નીકળતાં માએ **દ્દિદ્દિમાને** કહ્યું: "મા, હું તેર દિવસની થઈ તે દિવસે શ્રી નંદન ચક્રવર્તી (**દ્દિદ્દિમાના** મામાસસરા) મને જોવાને આવ્યા હતાને?" **દ્દિદ્દિમાને** એકદમ તો એ વાત યાદ આવી નહિ પણ પછી સંભારતાં એ વાત એમને યાદ આવી અને કહ્યું: "હા, તારી વાત ખરી છે." એટલે કહેવાની મતલબ કે માને જન્મતાની સાથે જ પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થએલું છે. માને નાનપણથી જ સમાધિ જેવું થતું. એકવાર ઘણે દૂર કીર્તન થતું હતું અને મા ઘરમાં સૂઈ રહ્યાં હતાં. એ સંબંધમાં મા કહેતાં હતાં કે: "મારા શરીરની સ્થિતિ અસ્વાભાવિક થઇ ગઈ હતી. ઘરમાં અંધારું હતું. પિતાજી કે માતાજી કોઈ જોઈ શકયું નહિ. હું ભાવાવેશમાં આવી ગઇ હતી."

મા બે વરસ અને દશ મહિનાનાં થયાં ત્યારે **દ્દિદ્દિમા** એકવાર એમને કેડે બેસાડીને ચંદ્રનાથ ભટ્ટાચાર્યને ઘેર કીર્તન થતું હતું ત્યાં ગયાં. મા ત્યાં ઊંઘી ગયાં એટલે **દ્દિદ્દિમા**એ એમને કહ્યું: "અલી, ઊંઘે છે કેમ? કીર્તન સાંભળને?" પાછળથી માએ જાતે **દ્દિદ્દિમાને** પેલા દિવસની વાત યાદ કરાવીને ત્યાં શું થયું હતું તે બધું કહ્યું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંભળાવ્યું અને કોને ઘેર કીર્તન સાંભળવા ગયાં હતાં તે પણ કહ્યું. માએ કહ્યું: "કીર્તન વખતે અત્યારે મારી જેવી અવસ્થા થાય છે તેવી તે વખતે પણ થતી હતી. પણ તે યોગ્ય સમય નહોતો તેથી કોઇને તે વાત સમજાઈ નહોતી."

મા પાંચ છ વરસનાં થયાં ત્યારે **દિદિમા**ની વડસાસુ સાથે એ ચાનલાના પાગલશિવ જોવા ગયાં. એનો મહિમા એવો હતો કે વૈશાખ મહિનામાં અમુક દિવસે એ શિવને પુષ્કરિણીમાં ડુબાડી દેવામાં આવતા હતા. તે દિવસે એ નિમિત્તે મેળો ભરાતો હતો. બધા શિવને લઇને પુકુરમાં પડતાં. એ શિવ જુદે જુદે ઠેકાણે પ્રકાશી ઊઠતા દેખાતા હતા. કોઈવાર કોઇના હાથમાં આવતા પણ કોઈ એમને પકડી રાખી શકતું નહિ. પુકુરમાં એમનું વિસર્જન કર્યા પછી બીજે દિવસે શિવ પાછા મંદિરમાં આવીને પોતાને સ્થાનકે બીરાજી જતા. માનાં એ મોટાં દાદી, માને લઇને ચાનલા પહોંચ્યાં અને માને મંદિરના દરવાજા આગળ બેસાડીને એ બીજે ઠેકાણે ગયાં. તે સંબંધમાં માએ **દિદિમા**ને વાત કરી ત્યારે એમણે કહ્યું કે: "મોટાં દાદી મને મંદિરના દરવાજા આગળ બેસાડીને બીજે ઠેકાણે ગયાં ત્યાર પછી મેં જોયું કે શિવ બહાર નીકળીને નાચવા લાગ્યા અને એ બહુવાર નાચ્યા. મોટાં દાદી આવીને જોઇ રહ્યાં, એમને થયું કે આ છોકરી એકીટસે શું જોઈ રહી છે. એમણે મને પૂછ્યું, "તું હજુ અહિંજ બેસી રહી છું?" મને એમણે આવું કહ્યું અને શિવ પોતાનું નૃત્ય બંધ કરીને પોતાને સ્થાનકે જઇને બેઠા."

મા ત્રણ સાડા ત્રણ વરસનાં હતાં તે વખતે એકવાર **દિદિમા**એ એમને ખાવા બેસાડયાં પણ માનું લક્ષ્ય ખાવામાં હતું નહિ એટલે દિદિમાએ એમને કહ્યું, "અલી ખાવા બેઠી છું:તે ખાવા તરફ લક્ષ આપને? ઉપર શું જોઈ રહી છું?" મા તે વખતે કાંઈ બોલ્યા નહિ. પણ પાછળથી એમણે કહ્યું કે: "તે વખતે એક પછી એક દેવદેવીઓ આવે અને જાય તે જોવામાં હું મશગૂલ બની ગઈ હતી."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નાનપણમાં બધાં માને કહેતાં કે એ બહુ સીધી છોકરી છે. દીદીમા તો એટલે સુધી કહેતાં કે: "આ છોકરી કેટલી બધી સીધી, સાદી અને ભોળી છે? એનામાં કશી ગતાગમ નથી." મા એક દિવસ તળાવમાંથી એક ગગરો જળ ભરીને ગગરાને બગલમાં મારીને વાંકાં વાંકાં ચાલતાં **દિદિમા** પાસે આવ્યાં અને એમને કહેવા લાગ્યાં કે: "તમે બધાં મને સીધી કહો છો તો લો, હવે હું વાંકી થઈ."

મા બહુ ભણ્યાં નથી. એમને નિશાળે બેસાડયાં. મહેતાજીએ એમને અ, આ વગેરે શીખવાડ્યું, તે એમને એક દિવસમાં આવડી ગયું. બીજે દિવસે મહેતાજીએ ક, ખ શીખવાડ્યા, તે પણ એમને તરતજ આવડી ગયા. સ્કૂલ બહુ દૂર હોવાથી અને એમનો નાનો ભાઈ માંદો રહેતો હોવાથી એ બહુ દિવસ સ્કૂલમાં જઈ શકયાં નહિ. ધીમે ધીમે માને બાળવર્ગમાંથી પહેલી ચોપડીમાં લીધાં.

દિદિમા એક વાર માને શીખવવા બેઠાં. એમણે કહ્યું, "વાંચતાં વાંચતાં જ્યાં અલ્પવિરામ અને પૂર્ણવિરામ આવે ત્યાં અટકવું." **દિદિમાના** હુકમ પ્રમાણે મા એકીશ્વાસે વાંચતાં અને પૂર્ણવિરામ આવે ત્યારેજ શ્વાસ નીચે મૂકતાં. કોઈવાર અધવચ્ચ શ્વાસ મૂકાઈ જતો તો પાછાં ફરીથી વાંચવાનું શરૂ કરતાં અને પૂર્ણવિરામ આવે ત્યાંજ પૂરો શ્વાસ મૂકતાં. કોઈ ઠેકાણે એમને દુઃખનો ભાવ બતાવવાનો હોય તો ખરેખર એમનામાં દુઃખ દેખાઈજ આવતું. લજ્જા ધારણ કરવાનો કોઈ પ્રસંગ આવતો તો સાચેસાચ એમને શરમ આવીજ જતી.

હિંદુ અને મુસલમાન બધાંએ માને બહુ લાડ લડાવતાં. બધાં એમને કેડે લઈ લઈને ફરતાં. **દિદિમા** કહેતાં કે: "એને અન્ન પ્રાશન કરાવ્યું નથી ત્યાં સુધી મુસલમાન અડકે તોએ કશો બાધ નથી. એ ખાતી થાય પછી જો મુસલમાન અડકે તો નહાવું પડે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નાનપણમાં મા ખેઉડા રહેતાં હતાં. તે વખતની એમના બાલ્ય-જીવનની એક ઘટનાનો ઉલ્લેખ કરીએ છીએ. એક વાર એક આંબા ઉપર છેક ટોચે ફક્ત એકજ કેરી પાકેલી હતી. વૈશાખ મહિનો ચાલતો હતો. આંબા ઉપર પાકી કેરી જણાતી નહોતી. પૂજાનો દિવસ હતો એટલે ઘણા લોકો બજારમાંથી પાકી કેરી વેચાતી લાવીને પૂજામાં મૂકતા હતા. માએ **દિદિમાને** પૂછ્યું, “ તમે પૂજામાં પાકી કેરી નહિ મૂકો ?” દિદિમાએ કહ્યું, “ બેટા, પૈસા ક્યાંથી લાવવા ? અને આપણા આંબાની કેરીઓ પાકી નથી. ” આ સાંભળીને મા દોડતાં દોડતાં આંબાના ઝાડ તળે ગયાં અને એટલામાં પેલી પાકેલી કેરી ઝાડ ઉપરથી નીચે પડી. એ કેરી લાવીને એમણે પોતાની માને આપી. એ પ્રસંગનો ઉલ્લેખ કરીને માએ કહ્યું હતું કે, “ પારકાની ચીજને બિલકુલ અડકવું નહિ એવો એમનો સખત પ્રતિબંધ હતો. હું એ પાકેલી કેરી લઇને મા પાસે ગઈ એટલે મા મને ધમકાવવા લાગી, “ તું આ પાકી કેરી ગમે તેને ઘેરથી લઇ આવી છું કારણ કે આપણા આંબા ઉપર તો પાકેલી કેરી હતી નહિ. ” મેં કહ્યું, “ ના, મા, મેં એ કેરી કોઇને ઘેરથી આણી નથી. હું તો આંબા નીચે ગઈ અને ત્યાંથી પાકેલી કેરી લેતી આવી છું. હું ખોટું કહેતી હોઉં તો તું જઇને જોઈ આવ. ”

બંગાળી સંવત ૧૩૧૫ ના ૨૫ માઘને રોજ બાર વર્ષ અને દસ માસની ઉમરે ઢાકા-વિક્રમપુરમાં આવેલ આટપાડા ગામના શ્રોત્રિય જગદબંધુ ચક્રવર્તી અને ત્રિપુરાસુંદરી દેવીના પુત્ર રમણીમોહન ચક્રવર્તી જોડે માનાં લગ્ન થયાં. માતાના વર એ રમણીમોહન પાછળથી ભોળાનાથના નામે ઓળખાવા લાગ્યા. એટલે આપણે હવે એમના વરને ભોળાનાથના નામથી ઓળખીશું. ભોળાનાથનાં લગ્ન થયા પછી બે વરસે એમના પિતા પરલોકવાસી થયા. એમને બીજા ચાર ભાઈ હતા. રેવતીમોહન, સુરેન્દ્રમોહન, કામિનીકુમાર અને યામિનીકુમાર. એમને પાંચ બહેનો હતી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લગ્ન થયું ત્યાં સુધી ભોળાનાથ પોલીસમાં નોકરી કરતા હતા. બંગાળી સંવત ૧૩૧૬ માં એમની એ નોકરી છૂટી ગઈ. પછી એ કેટલીક વખત નોકરી વગર રહ્યા. મા લગ્ન થયા પછી ચારેક વરસ એમના જેઠ રેવતીબાબુ પાસે રહ્યા. એ શ્રીપુર, નરૂંદી વગેરે સ્ટેશનોએ [ઢાકા-જગન્નાથ ગંજ રેલ્વે] રેલ્વેમાં સ્ટેશન માસ્તર હતા. એટલામાં બંગાળી સંવત ૧૩૧૮ માં માના પિતા ખેઉડાથી પોતાને વતન વિદ્યાકુટ જઇને રહ્યા.

મા પોતાના જેઠને ત્યાં રહ્યાં તે વખતે એ ઘરનું તમામ કામ-કાજ હાથે કરતાં, તેમ પોતાના જેઠની સેવા કરતાં. મા બહુ શરમાળ, કુલવધૂના બધાએ નિયમો અને આચાર એ પાળતાં હતાં. તે વખતે પણ મા ભાવાવેશમાં આવી જતાં પણ એ વાત કોઇના જાણવામાં આવી નહિ. કેટલીક વખત રાંધતાં રાંધતાં માને ભાવાવેશ થઇ જતો, ત્યારે ઘણા કહેતા કે આ વહુ બહુ ઊંઘણસી છે.

એમના જેઠના ગુજરી ગયા પછી મા આટપાડામાં એમનાં જેઠાણી પાસે ૭ મહિના રહ્યાં. ત્યારબાદ ૭ માસ વિદ્યાકુટમાં પોતાના પિતાને ત્યાં રહ્યાં. મા આટપાડામાં હતાં તે અરસામાં ભોળાનાથને ઢાકાના નવાબના તાબાના અષ્ટગ્રામમાં સેટલમેન્ટ ખાતામાં નોકરી મળી એટલે મા અષ્ટગ્રામમાં આવીને રહ્યાં. અષ્ટગ્રામમાં જયશંકર સેનની સ્ત્રી માને “ખુસીની મા” કહીને બોલાવતાં. આ જયશંકર સેનના સાળા હરકુમાર હતા. એમણે માને સર્વ પ્રથમ “મા” કહીને સંબોધ્યાં. તે વખતે માનું વય સત્તર અઢાર વર્ષનું હશે. પહેલાંતો નોકરીચાકરીમાં એમનું ચિત્ત સારું ચોટતું હતું. પણ પછી એમને ધર્મની ઘેલછા લાગી ગઇ અને એમણે નોકરી છોડી દીધી. એ માની બહુ સેવા ઉઠાવવા લાગ્યા, પણ મા એમની સાથે બિલકુલ બોલતાં નહિ અને એમની લાજ કાઢતાં. મા ખાવા બેસતાં ત્યારે એ એમની પાસે પ્રસાદ માગતા. મા એમને પ્રસાદ આપતાં નહિ. અને જ્યાં સુધી એ એમની સામે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બેસી રહેતા ત્યાં સુધી મા એક કોળીયો એ ભરતાં નહિ. હરકુમારે ભોળાનાથને વાત કરી, "જુઓને, મારી દીકરીને હું આટલું કહું છુ પણ મને પ્રસાદ આપતી જ નથી." ભોળાનાથે માને કહ્યું, ત્યારે માએ હરકુમારને પ્રસાદ આપવા માંડયો. છતાં મા એમની સાથે વાત તો કરતાં જ નહિ. ત્યારે એ એકવાર માને કહેવા લાગ્યા, "બેટા, તું ખરેખર પાષાણ હૃદયની છું. હું તને એક વરસથી કહું છું કે તું મારી સાથે વાત કર; પણ તું તો બિલકુલ બોલતી નથી. જો મેં પત્થરને એટલો સમય મા, 'મા' કહીને બોલાવ્યો હોત તો એ પણ સજીવ થઇને મારી સાથે બોલ્યો હોત. હું તો તમારો છોકરો છું. છોકરા આગળ તે માને શરમાવાનું હોય! બેટી, હું તને મા કહીને બોલાવું છું; નક્કી માનજે એક દિવસ એવો આવશે કે જે વખતે આખું જગત તને મા કહીને બોલાવશે." હરકુમારની એ ભવિષ્યવાણી સાચી પડી છે.

બંગાળી સંવત ૧૩૨૪ના માઘ માસના અરસામાં ભોળાનાથની બદલી બાજિતપુર થઈ. મા બાજિતપુર આવ્યાં. અહિં એમણે સેટલમેન્ટ ખાતામાં થોડો વખત કામ કર્યું. ત્યાર બાદ સ્ટેટના લૅન્ડ ક્લાર્ક તરીકે એમની નિમણૂક થઈ. હવે ધીમે ધીમે માના ભાવાવેશની વાત લોકોના જાણવામાં આવવા લાગી.

મા રોજ નિયમિત રીતે પોતાની સાધનક્રિયા કરતાં અને પછી ઘરના નિત્ય કામકાજમાં લાગી જતાં. પતિસેવા, રસોઈ, વાસણ માંજવાં, પૂંજો વાળવો વગેરે તમામ કામ કરતાં. રાત્રે ભોળાનાથ સૂઈ રહેતા તે વખતે એ એક ખુણામાં બેસતાં. તે વખતે એમના શરીરમાં જે વિવિધ ક્રિયાઓ થતી તે સાધારણ માણસોને તો આશ્ચર્યજનકજ લાગે. તે વખતે એમના શરીરમાંથી પ્રખર તેજ નીકળતું હતું. બાજિતપુરમાં માને આવી રીતે ઘણી વાર થતું. કેટલાક લોકો તો એવું માનવા લાગ્યા કે એમને કાંઈ વળગાડ છે. ભોળાનાથે ભૂવા જતીને બોલાવવા માંડ્યા. એમનો વળગાડ દૂર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરવા પ્રયાસો આદર્યા પણ આખરે ભૂવા જતીને પણ કહેવું પડ્યું કે, "આ અમારું કામ નહિ, આ તો સાક્ષાત્ દેવી ભગવતી છે." ડૅાકટર મહેન્દ્રનન્દીએ માને જોઇને ભોળાનાથને કહ્યું, "આ વળગાડ નથી. જેને તેને બતાવ્યા કરશો નહિ. આમની તો ઘણી ઊંચી અવસ્થા કહેવાય." ત્યાર પછી ભોળાનાથે ભૂવા જતી કરવા છોડી દીધા.

બંગાળી સંવત ૧૩૨૯ ના વૈશાખ માસથી માનામાં વિશેષ પરિવર્તન જણાવા લાગ્યું. ત્રણ મહિના પછી માને આપોઆપ દીક્ષા થઈ અને દીક્ષા પછી પાંચ માસ સુધી આસન, પ્રાણાયામ, મુદ્રા વગેરે યોગની ક્રિયાઓ વિશેષ રૂપે માના શરીરમાં થવા લાગી. પછી માના મુખમાંથી સ્તોત્રો નીકળવા માંડ્યાં.

મા એક વાર રાત્રે પથારીમાં બેઠાં હતાં, ભોળાનાથ બાજુએ સૂઈ રહ્યા હતા. માને લાગ્યું કે એમનું શરીર ફૂલીને ખૂબ મોટું થતું જાય છે અને જાણે એમના શરીરમાં અસાધારણ શક્તિ આવી ગઈ છે. એ વખતે એમનો હાથ ભોળાનાથના શરીરને અડકી ગયો. ભોળાનાથ એકદમ ચમકીને જાગી ઊઠ્યા, ઘરમાં બધે અંધારું હતું. એમને લાગ્યું કે કોઈ પુરુષના હાથનો એમને સ્પર્શ થયો છે; એટલે એમણે માન્યું કે, જરૂર ચોર હોવો જોઇએ. આખરે માએ એમને સાચી હકીકતથી વાકેફ કર્યા અને કહ્યું કે, આ વાત કોઇને કહેશો નહિ.

બંગાળી સંવત ૧૩૩૦ ની આખરમાં પાછી ભોળાનાથની નોકરી છૂટી ગઈ એટલે એ ચિંતામાં પડી ગયા. ઢાકા જાઉં તો નોકરીનો જોગ ખાય એમ કરીને એ ઢાકા ગયા. મા પણ એમની સાથે ગયાં. અહિં નોકરી માટે એમણે ઘણાં વલખાં માર્યાં. પણ કશો જોગ ખાધો નહિ એટલે માને પાછાં મોકલી દેવાનો વિચાર કર્યો. માએ કહ્યું કે, ત્રણ દિવસ રાહ જુઓ. સાચેજ એ ત્રણ દિવસની અંદરજ સંવત ૧૩૩૧ ના ૩ જા વૈશાખને રોજ ઢાકામાં નવાબના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શાહબાગમાં તત્વાવધાયક પદે એમની નીમણુક થઈ. શાહબાગ ઘણો મોટો બાગ છે. એને એક છેડે ભોળાનાથને રહેવાનો બંદોબસ્ત થયો. એમને રહેવા માટે ત્યાંજ એક મકાન મળ્યું. જોડે એક મોટું નાટ મંદિર પણ હતું. એની બન્ને બાજુએ બે નાની નાની ઓરડીઓ હતી. એક રસોડું પણ હતું.

અહિં માનો નાનો ભાઈ માખણ અને ભોળાનાથના ભાઇનો દીકરો આશુ બન્ને માની પાસે રહેવા લાગ્યાં. એમને નિશાળે મૂક્યા. મા રસોઈ કરીને એમને વહેલા જમાડીને નિશાળે મોકલતાં, પછી વાસણ માંજી નાંખતાં, સ્નાન કરીને તળાવેથી પાણી ભરી લાવતાં, પછી ભોગ માટે રસોઈ બનાવતાં, અને ભોગ ધરાવ્યા પછી ભોળાનાથ જમવા બેસતા. મસાલો ખાંડવો, શાક સમારવું વગેરે એ પોતેજ કરતાં. છતાં રાત ને દિવસ એ તન્મયતામાંજ રહેતાં. કેટલીક વખત કામ કરતાં કરતાં એ ભાવાવેશમાં આવી જતાં. પાછાં ભાનમાં આવતાં એટલે અધૂરું રહેલું કામ પૂરું કરતાં. એ કાયમનો ઘુમટો તાણીનેજ હરતાં ફરતાં. પણ જ્યારે એ કથા કહેવા બેસતાં ત્યારે ઘણી વાર એમના માથા ઉપરનો છેડો ખસી જતો. હવે તો માની ખ્યાતિ ખૂબજ વધી ગઈ છે. અને ત્યાર પછીની માની લીલાનો પરિચય “ માતૃદર્શન ” માં આપણને બહુ સારી રીતે મળી રહે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી ગણેશાય નમઃ

માતૃદર્શન.

[૧]

માતાજીનાં દર્શન

શ્રી માતાજીના જીવન ચરિત્રને ભાષામાં ઉતારવાનો કે લોકોના ચિત્તને આકર્ષવા માટે એમની અનિર્વચનીય શક્તિની સમાલોચના કરવાનો આ ક્ષુદ્ર પ્રયાસનો હેતુ નથી. મારા શુષ્ક હૃદયને એમણે કેવી રીતે પ્રાણવાન બનાવ્યું છે તે સંબંધી કેટલીક વાતોનો આ પુસ્તકમાં ઉલ્લેખ માત્ર કરેલો છે. મેં જાતે જે જોયું છે અને જેનો મેં અનુભવ કર્યો છે તેવાજ પ્રસંગો આ ગ્રંથમાં મેં ઉતાર્યા છે. મારી અયોગ્યતાને લીધે ભાષામાં તેમજ કેટલીક બાબતોમાં પ્રમાદથી સ્ખલનો થઇ ગયાં છે. તેને માટે હું માતાનાં શ્રી ચરણોમાં વારંવાર ક્ષમા પ્રાર્થના કરું છું.

નાનપણથીજ હું મા વગરનો થયો હતો. "મા" કરીને કોઈ બૂમ પાડે તોએ મારી આંખમાં પાણી ભરાઇ આવતું હતું. મારા મનની બળતરા હું મનમાંજ સમાવતો હતો. મારા સ્વર્ગસ્થ પિતાશ્રી ઋષિ જેવા હતા. એ ઘણા ધર્માનુરાગી હતા. એમનો પ્રભાવ મારામાં પડયો હતો તેથી મારા હૃદયમાં નાનપણથીજ સદ્ભાવનું બીજ રોપાયું હતું. સને ૧૯૦૮ માં કુલગુરુની કૃપાથી મને શક્તિ મંત્રની દીક્ષાનો લાભ મળ્યો. હું માતાજીના નામનો જપ કરવા લાગ્યો. એથી મને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શાંતિ તો મળી, પણ માતાજીજ આ જીવનનું સર્વસ્વ છે એવો સાચો બોધ થયો નહિ. જેની સૌમ્ય શાંત દૃષ્ટિથી મારું ડખોળાઇ ગયેલું જીવન પલટાઈ જાય એવાં માની જીવંત મૂર્તિનાં દર્શન કરવાની મને આકાંક્ષા રહ્યા કરતી હતી. સાધુસંતો ઉપરાંત હું જોષીઓને પણ પૂછ્યા કરતો હતો કે, “મને આવું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થશે ખરું ?” મને કોઇએ નિરાશ કર્યો નથી.

આ લક્ષ્યબિંદુ નજર આગળ રાખીને હું ઘણાં ઘણાં તીર્થોમાં ફર્યો, ઘણા મહાત્માઓનાં દર્શન કરવાનો સુયોગ મને પ્રાપ્ત થયો, પરંતુ મારા મનનું સમાધાન કરે એવું કોઈ મને મળ્યું નહિ.

સને ૧૯૧૮ માં બંગાળાના ઢાકા શહેરમાં મારી નોકરી થવાથી હું ત્યાં ગયો. સને ૧૯૨૪ નું વરસ પૂરું થવા આવ્યું, તેવામાં મેં સાંભળ્યું કે, આ શહેરની પાસે આવેલા શાહબાગ નામે ઓળખાતા બાગમાં કેટલાક દિવસથી એક માતાજી આવીને રહેલાં છે અને એ મૌન પાળે છે. કોઈ કોઈ વાર યોગાસન ઉપર બેસીને એ મંત્રોચ્ચાર કરતાં હતાં અને ગૂંછળી વળી જઇને કથા કરતાં હતાં.

એક સુપ્રભાતે મનમાં ને મનમાં પ્રાર્થના કરીને હું શાહબાગ ગયો અને પિતાજીના સૌજન્યથી માતાજીના શ્રીચરણનાં દર્શન પામ્યો. માતાજીમાં કુલવધૂના ગુણ અને યોગાવસ્થાનો સુમેળ જોઇને હું તો ચકિતજ થઇ ગયો. અત્યાર સુધી જેની રાહ જોતો હું બેસી રહ્યો હતો, જેની શોધમાં હું દેશવિદેશ ભટકયો હતો, તે આજે મારી સન્મુખ હતાં; મારા અંગે અંગમાં મને આનંદ વ્યાપી રહ્યો, મારું હૃદય હર્ષથી રોમાંચિત થઇ ઊઠયું, થનગન થનગન નાચવા લાગ્યું. મને તો ઇચ્છા થઇ આવી કે માને ચરણે ઢળીપડીને રડતાં રડતાં કહું કે, “મા આટલા દિવસ તમે મને કેમ દૂર રાખ્યો ?”

મેં માને પૂછ્યું, “મારી પારમાર્થિક ઉન્નતિ માટે કાંઈ આશા છે ખરી ?” માએ કહ્યું, “હજુ તને એની ભૂખ લાગી નથી.” કાંઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કાંઈ વાતો કહીશ, કાંઈ કાંઈ વાતો સાંભળીશ, એવો વિચાર કરીને હું આવ્યો હતો પણ એમની અપૂર્વ કૃપાનુભૂતિથી હું અવાક્ બનીને હું મૂઢની માફક બેસી રહ્યો. માતાજી પણ કાંઈ બોલ્યાં નહિ. થોડી-વારે એમને પૂર્ણ શ્રદ્ધાથી પ્રણામ કરીને હું ત્યાંથી ઊઠયો. એમના ચરણ સ્પર્શ કરવાની મને પ્રબળ ઇચ્છા થઈ આવી, પણ હું તેમ કરી શકયો નહિ. ભયથી નહિ, આશંકાથી નહિ, પણ જાણે કોઇ અવ્યક્ત આવેગના બળે હું માતાજી પાસેથી ચાલ્યો ગયો.

મને મનમાં હવે એવું થવા લાગ્યું કે, જ્યાં સુધી મા પોતાના દીકરાની માફક મને પોતાની પાસે ખેંચી ન લે ત્યાં સુધી મારાથી તેમના ચરણનું શરણ શી રીતે લઈ શકાય? એટલે હું ફરી વાર શાહબાગ ગયો નહિ. એક બાજુ મારું આવું અભિમાન, બીજી બાજુ માનાં દર્શનની તાલાવેલીઃ મારા મનમાં આ દ્વંદ્વનું તોફાન એકસરખું ચાલી રહ્યું હતું. મેં એક રસ્તો કાઢયો. શાહબાગની પાસે આવેલા શીખના અખાડામાં જઇને જોડેની દીવાલની નજીક ઊભો રહી મા ન જાણે એવી રીતે હું બે દિવસ એમનાં દર્શન કરી આવ્યો. મારા મનની આવી દશા દેખીને હું વિચાર કરવા લાગ્યો, "આ શું થાય છે?" પરંતુ હિતાહિતનો વિચાર કરવાનું મારામાં સામર્થ્ય રહ્યું નહોતું. મને માના સમાચાર રોજ મળતા; વચ્ચે વચ્ચે એમની લીલાઓના પ્રસંગો પણ સાંભળવામાં આવતા. આ પ્રમાણે લાગલાગટ સાત માસ તો ચાલ્યા ગયા; પછી એક દિવસ માને હું મારે ઘેર તેડી લાવ્યો. ઘણે દિવસે માતાને મારી પાસે બેઠેલાં જોઇને મને ઘણો આનંદ થયો, પરંતુ એ આનંદ સ્થાયી ન રહી શકયો. વિદાય વખતે હું માના શ્રીચરણનો સ્પર્શ કરવા ગયો પણ એમણે પોતાના પગ પાછા ખેંચી લીધા. મને એથી ઘણું દુઃખ થયું.

કેટલાક મહિના સુધી શાસ્ત્રના વિવિધ ગ્રંથોનું અધ્યયન કરીને મારા ચિત્તની સ્વસ્થતા પાછી મેળવવા મેં અનેક પ્રયાસો કરવા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માંડ્યા. ઓચિંતો મને એક વિચાર સૂઝી આવ્યો. ધર્મ અને સદાચાર વિષે કાંઇક લખી નાખીને છપાવું. મેં "સાધના" નામનું એક પુસ્તક તૈયાર કરી નાખ્યું અને શ્રીમાન્ ભૂપેન્દ્ર નારાયણદાસ ગુપ્તની મારફતે એ પુસ્તકની એક નકલ મેં માતાજીનાં શ્રીચરણોમાં મોકલાવી આપી. માએ કહ્યું, "આ પુસ્તકના લખનારને અહિં આવવાનું કહેજો." માના બોલાવવાથી મને અનહદ્દ આનંદ થઈ ગયો અને એક દિવસ સવારે હું માની પાસે શાહબાગ ગયો. માતાજીનું ત્રણ વર્ષનું મૌન તે વખતેજ છૂટયું હતું. એ મારી બહુજ પાસે આવીને બેઠાં. પુસ્તકને પહેલેથી છેવટ સુધી સાંભળીને એ બોલ્યાં, "મારું લાંબા સમયનું મૌન હમણાંજ છૂટયું હોવાથી મારા મુખમાંથી શબ્દો બહુ સારી રીતે નીકળી શકતા નથી. છતાં આજ તમારી સાથે વાત કરું છું. તમારું પુસ્તક સુંદર છે. શુદ્ધ ભાવ વધે તેવી ચેષ્ટા કરો." એ દિવસે માતાજીના પવિત્ર સાંનિધ્યલાભથી મારા અંતરમાં અને બહાર એક નવિન ચિત્ર દોરાઈ ગયું. પિતાજી પણ ત્યાં હતા. હું જાણે મારાં જન્મદાતા માતા પિતા પાસે બેઠો હોઉં એવું મને લાગવા માંડ્યું. ઉત્સાહ અને ઉલ્લાસમાં માતાની રજા લઇને હું ઘેર ગયો.

ત્યાર પછી મેં શાહબાગમાં જવાનું શરૂ કરી દીધું. એક વાર મેં મારી પત્નીને કહ્યું, "કાંઈ દ્રવ્યાદિ લઈને તમે માનાં દર્શન કરવા ચાલો." મા તે વખતે નાકે વાળી પહેરતાં હતાં. પાંચ સાત દિવસ પછી એક હીરાની વાળી, એક નાનો રૂપાનો થાળ, પુષ્પ વગેરે ઉપચાર લઈ જઇને મારી પત્નીએ આનંદપૂર્વક શ્રી માતાજીને ચરણે ધર્યાં. આ પછી મને ખબર પડી કે, કેટલાએ મહિનાઓથી મા આહારના પદાર્થો ભોંય ઉપર મૂકીનેજ આહાર કરતાં હતાં તેથી પિતાજીએ એક વાર ખિન્ન થઇને કહ્યું: "તમે પીત્તળની થાળીમાં ખાતાં નથી, કાંસાની થાળીમાં ખાતાં નથી ત્યારે શું રૂપાની થાળીમાં ખાશો?" મા હસતાં હસતાં બોલેલાં કે: "હું રૂપાની થાળીમાંજ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ખાઈશ. પણ તમે આ વાત ત્રણ મહિના સુધી કોઇને કહેશો નહિ. તમે પોતે પણ રૂપાની થાળી લાવવાની જોગવાઈ કરશો નહિ." ત્રણ મહિના પૂરા થયા ન થયા ત્યાં તો ઉપર પ્રમાણે માના દરબારમાં રૂપાનો થાળ આવી પહોંચ્યો.

એક દિવસ માતાજીએ મને કહ્યું: "તમારે હંમેશાં યાદ રાખવું કે, તમે સાચા બ્રાહ્મણ છો, તમારી સાથે ભગવદ્‌ભાવ રૂપી સૂક્ષ્માતિ-સૂક્ષ્મ સૂત્રવડે આ શરીરનો અવિચ્છિન્ન યોગાનુયોગ રહેલો છે." તે દિવસથી સર્વતોભાવે હું સદાચારમાં રહેવા માટે પ્રયત્ન કરવા લાગ્યો.

ઘણા કહેતા કે એમને પોતાને સ્વપ્નમાં તેમજ પ્રત્યક્ષ રીતે માતાજીની જુદી જુદી અલૌકિક મૂર્તિનાં દર્શન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. માતાજીની સ્વાભાવિક મૂર્તિમાંજ મને મહાન શક્તિનો અપૂર્વ વિકાસ જણાતો હતો, એટલે કાંઇ અસાધારણ જોવાની મારામાં વિશેષ ઉત્કંઠા જાગી નહોતી. મને એમ થતું કે, એમનું વ્યાવહારિક ધૈર્ય અને સમતાનો આદર્શ હું મારા જીવનમાં ઉતારી શકું તો ઘણું ઉત્તમ, પણ મારામાં રહેલા જડતાના સંસ્કાર મને તેમ કરતાં અટકાવતા હતા. એકવાર માતાજી સાથે એકાન્તમાં વાત કરવાનો પ્રસંગ મળવાથી મેં એમને પૂછ્યું, "મા, આપ કોણ છો એ સાચે સાચું કહો." મા હસતાં હસતાં બોલ્યાં, "બાળકની માફક આ પ્રશ્ન ક્યાંથી ઉઠાવ્યો? જીવોના સંસ્કાર અનુરૂપ તેમને દેવ દેવીઓની મૂર્તિના દર્શન થાય છે. હું આગળ હતી તેજ અત્યારે છું. પછીથી પણ તેજ. તમે જે વખતે જે કહેશો, જેવું ચિન્તન કરશો, તેવી હું હોઇશ. આ શરીરનો જન્મ પ્રારબ્ધભોગ માટે થયો નથી. તમારે મનમાં એવું જે ધારવું કે આ શરીર ભાવનું પુતળું છે. તમે જે માનો છો તેજ છે, એટલે તમારે જે રમત રમવી હોય તે રમો. આથી વધારે જાણવાથી શું?" મેં કહ્યું, "મા એથી તો કાંઈ સંતોષ થાય નહિ." એ સાંભળીને માતાજી વચમાંજ બોલી ઊઠયાં, "હજુ શું જાણવાની ઇચ્છા છે? બોલ બોલ," એમ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બોલતાં બોલતાં માની આંખમાં અને મુખ ઉપર અમાનુષિક ભાવ દેખાયા. ભય અને વિસ્મયથી હું ચૂપ થઈ ગયો.

પંદર દિવસ પછી પરોઢીએ વહેલો ઊઠીને હું શાહબાગમાં ગયો. માના શયનઘરનાં દ્વાર બંધ હતાં. પચાસ સાઠ હાથ દૂર જઇને બરોબર બારણાની સન્મુખજ હું એકલો બેસી રહ્યો. ઓચિંતાં બારણાં ઊઘડ્યાં. જોયું તો નવસૂર્યવર્ણા, લાવણ્યમંડિતા એક દ્વિભુજા સૌમ્ય દેવીની મૂર્તિ ઘરની અંદરના ભાગને પ્રકાશિત કરતી ઊભી રહી હતી. આંખ ફરી પલકારો મારે તે પહેલાં તો એ જગ્યાએ મેં પાછાં માને જોયાં. ઘણું કરીને પેલી દેવીની પ્રતિમાને માએ પોતાના દેહમાં સમાવી દીધી.

એક નિમિષ માત્રમાં જાણે જાદુગરે આ ખેલ કરી નાખ્યો હોય તેવું બની ગયું. હું કોઈ સ્વપ્નમાંથી જાગી ગયો હોઉં એમ મને લાગ્યું. મને તરતજ વિચાર આવ્યો કે, તે દિવસે માને મેં જે પ્રશ્ન પૂછ્યો હતો તેનો આ જવાબ છે. મને એ જાણે કહેતાં હોય કે, “ જો હું કોણ છું તે.” હું એક સ્તવન બોલતો બોલતો એમની પ્રાર્થના કરવા લાગ્યો કે, આ શુભ મુહૂર્તમાં જનનીના આશીર્વચનથી અને કૃપાથી આ બાલક ધન્ય થઈ જાઓ. થોડી વાર પછી મા વાત્સલ્યભાવે મારી તરફ આવ્યાં, મેં એમને પ્રણામ કર્યા. એમણે એક ફૂલ અને કેટલીક દૂર્વા મારા માથા ઉપર મૂકી.

હું ભાનભૂલો થઇને આંસુભર્યાં નેત્રે માતાજીનાં શ્રીપાદ-પંકજમાં ઢળી પડ્યો. જે દિવસ જાય છે તે પાછા આવતા નથી પણ મને તો ખૂબ વિશ્વાસ છે કે એ દિવસ ફરી આવશેજ.

ત્યારથી મારા ચિત્તમાં એવું વસી ગયું કે, “ એ એકલાં મારાંજ મા નથી પણ જગતનાં મા છે. હું મારે ઘેર પાછો આવ્યો. મારું મન એકાગ્ર થયું અને મારી આંખમાં માના મુખની છબિ દેખાવા લાગી, પછી ખરખર કરતાં મારી આંખમાંથી આંસુ ખરી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મળ્યાં. તે દિવસે મારા અંતરમાં જે ભાવનું સ્ફુરણ થયું હતું, તેણે સ્વાભાવિક રૂપે મને અવાજ આપ્યો કે, અષ્ટાદશવર્ષા, નિત્યધ્યેયા ચતુર્ભુજા ઇષ્ટમૂર્તિનું સ્થાન અનાયાસે માતાના મનુષ્યશરીરે લીધું છે અને મારા ઉપર અધિકાર જમાવીને બેઠું છે. આવું પરિવર્ત્તન થવાનું હશે તેથી ઉપાસના વખતે પૂર્વ સંસ્કારના પ્રબળ વેગથી કોઇ કોઇ વખતે હું ભયભીત થઈ જતો કે હું શું કરું છું; પણ થોડા વખતમાં જ મા મારા ચિદાકાશમાં દૃઢપણે પ્રતિષ્ઠિત થઇ ગયાં.

નીચે શ્રી માતાજીની જન્મ પત્રિકા આપી છે. શ્રી માતાજીની જન્મ તારીખ ઉપરથી નીચે મુજબ નિરયન કુંડલી કાઢેલી છેઃ—



ખેઉડા અને સુલતાનપુરમાં માનો બાલ્યકાળ ગયો હતો. તે વખતે એ પ્રકાશમાં આવેલાં નહિ. એમનાં લગ્ન થયા પછી એમના જેઠની નોકરી શ્રીપુરમાં અને નરુંદીમાં હતી. ત્યાં એ થોડો વખત રહ્યાં અને થોડો વખત એ પોતાને સાસરે આટપાડા ગામમાં રહ્યાં. પછી ત્રણ વરસ પોતાને પિયર વિદ્યાકુટમાં રહ્યાં. પિતાજીની નોકરી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બાજિતપુરમાં હતી. ત્યાં પાંચ છ વરસ ગાળ્યાં. ત્યારબાદ એ ઢાકામાં આવ્યાં.

અષ્ટગ્રામમાં પહેલી જ વાર એમનામાં કીર્તનનો ભાવ વિશેષ રૂપે દેખાયો. બાજિતપુરમાં કોઇ કોઇવાર એ ભાવ દેખા દઈ જતો હતો. ત્યાં એમને મંત્ર અને યોગની ક્રિયાઓનું સ્વાભાવિક સ્ફુરણ થયું. શાહબાગમાં આવ્યા પછી મૌનાવસ્થાની સાથે સાથે એમના જીવનમાં શાંત ભાવનું સ્ફુરણ દેખાઇ આવ્યું. આ અરસામાં એમનામાં અધ્યાત્મવાણી અને દૈવીભાવ પ્રકટ થયો.

ઘણા ભકતો ભેગા થવા લાગ્યા. બધા પૂજા, કીર્તન અને યજ્ઞાદિ કરીને કૃતાર્થ થયા. ભકતોના હૃદયમાં શાંત ભાવ વિલસી રહ્યો હતો. બધાએ માને "શાહબાગનાં મા" કહીને બોલાવતા.

બાજિતપુરમાં રહ્યાં રહ્યાં માને ખબર પડી કે ઢાકામાં સિધ્ધેશ્વરી કાલીવાડીની પ્રતિષ્ઠા થાય એટલે એમણે ઢાકામાં આવીને વર્તમાન સિધ્ધેશ્વરી સ્થાનક (આસન) નો પુનરુદ્ધાર કર્યો.

આ વખતે ઢાકામાં શ્રીયુત પ્રાણગોપાળ મુખોપાધ્યાય ડેપ્યુટી પોષ્ટ માસ્ટર જનરલ હતા. તેમણે અને શ્રીયુત બાઉલચંદ્ર બસાક બન્નેએ મળીને એ સ્થાનકના સંરક્ષણની વ્યવસ્થા કરી.

માની સાથેના મારા પ્રથમ મેળાપ વખતે માએ કહેલું કે "ભૂખ જોઇએ." પરંતુ જ્યાં સુધી સંસારની વાસનાના તરંગો માને ચરણે ધરાવી દેવાય નહિ, ત્યાંસુધી વિષયવાસનામાં રચીપચી રહેલા જીવને એવી ભૂખ લાગવી બહુ મુશ્કેલ, તેથી હું મનમાં ને મનમાં પ્રાર્થના કરતો હતો કે, "મા, આપ જ ક્ષુધારૂપિણી છો. ક્ષુધા આપો." માએ વિવિધ લીલારહસ્ય દ્વારા પોતાની અકારણ કૃપાનો પ્રકાશ પાડીને મારા ચંચળ મન અને લક્ષને એમના વિરાટ સત્ય તરફ કેવી રીતે વાળ્યું તે બતાવવા કેટલીક ઘટનાઓ સંક્ષેપમાં હું અહિં આપું છું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૧) એકવાર રાત્રે હું મારા ઘરનાં બારણાં ઉઘાડાં રાખીને આંટાફેરા માર્યા કરતો હતો, એટલીમાં તેજના પ્રકાશમાં મારું આખું ઘર ઝળહળી થઇ રહ્યું. મેં મુખ ફેરવીને જોયું તો, મા મારી જોડે જોડે છાયામૂર્તિની માફક ચાલતાં હતાં. એમણે લાલ ચોળી અને લાલ ચુડી ભાતની સાડી પહેરેલી હતી. કેટલાક કલાકો પહેલાં માને મેં આશ્રમમાં જોએલાં હતાં તે વખતે એ સાદી ચોળી અને લાલ કોર વાળી સાડી પહેરીને ફરતાં હતાં. બીજે દિવસે સવારે હું મા પાસે ગયો ત્યારે મારા ઘરમાં એમની છાયામૂર્તિએ જે સાડી અને ચોળી ધારણ કર્યાં હતાં તે જ માના અંગ ઉપર મેં દીઠાં. પછી મને ખબર પડી કે પહેલે દિવસે મારા ચાલ્યા આવ્યા પછી સાંજે માને એ પોષાક કોઈ પહેરાવી ગયું હતું.

મેં માને આ વાત કરી ત્યારે એમણે કહ્યું: "તું શું કરે છે એ જોવા હું તો આવી હતી."

(૨) એક દિવસ મા મારે ઘેર આવ્યાં હતાં. એ માળ ઉપર બેસીને વાર્તાલાપ કરતાં હતાં એટલામાં એમને બીજે ઠેકાણે લઈ જવા માટે એક મોટર મારા બારણા આગળ આવીને ઊભી રહી. પહેલેથી જ ત્યાં જવાનો ઠરાવ હશે પણ એ બાબત હું કાંઇ જાણતો નહોતો. મા જવા માટે તૈયાર થયાં. એમને વિદાય આપતાં મને ઘણું દુઃખ થયું પણ ના છૂટકે ભારે હૈયે હું માને મોટરમાં બેસાડવા માટે એમને લઇને નીચે ઊતર્યો. મા મોટરમાં બેઠાં પણ મોટર કેમે કરી ચાલી નહિ. મા મારા સામું જુએ અને હસે. ઘણા ઘણા પ્રયાસ કરવા છતાં મોટર ચાલી નહિ તેથી એક ભાડાની ઘોડાગાડી આણી. માને મોટરને બદલે ઘોડાગાડીમાં જવાનું થયું તેથી તો મને વધારે દુઃખ થયું. મને વિચાર થયો કે આમ કેમ બન્યું; એટલામાં મોટર ચાલુ થઈ ગઈ અને મા મોટરમાં બેસીને ગયાં.

(૩) ધીમે ધીમે શાહબાગમાં લોકોની ખૂબ ઠઠ જામવા લાગી. એ ભીડને લીધે એકવાર લાગલાગટ ચાર દિવસ સુધી મારાથી માની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાથે કશી વાતચીત થઈ શકી નહિ. પાંચમે દિવસે સવારે ત્યાં જવાનો હું વિચાર કરતો હતો; પણ કોણ જાણે મને શું થઈ આવ્યું તે હું ન ગયો. હતાશ બનીને બેસી રહ્યો. એટલામાં બાયો-સ્કોપની છબિની માફક માની મૂર્તિ સામી દીવાલને અઢેલીને ઊભી હોય એવું મને જણાયું. એમનું મુખ ઘણું નાખુશ લાગતું હતું. પાછળ ફરીને જોઉં છું તો શ્રીમાન્ અમૂલ્યરત્ન ચૌધરી ખુરસી ઝાલીને ઊભા રહ્યા હતા. એ બોલ્યા: "આપને લેવા માટે માતાજીએ ગાડી મોકલાવી છે." શાહબાગ પહોંચ્યા કે તરત માએ કહ્યું: "કેટલાએ દિવસથી હું તારી અસ્થિરતા જોતી આવી છું. અસ્થિરતા નહિ જાય ત્યાં સુધી સ્થિરતા નહિ આવે. જોઈએ તો ઘી નાખો, સુખડ નાખો, અને જરૂર પડે તો ઘાસ નાખો; પણ કોઈ ઉપાયે અગ્નિ તો પ્રકટાવો જ. એકવાર અગ્નિ પ્રકટયા પછી કશી ચિંતા નથી. જુઓ છો ને? દેવતાનો એક તણખો ભારે જહેમત ઉઠાવીને બનાવેલાં મોટાં મોટાં ઘર અને હવેલીઓને જોતજોતામાં બાળીને ખાખ કરી નાખે છે."

(૪) હું મધરાતે મારા ઘરમાં અને બપોરે મારી ઓફિસમાં બેસું છું. તે વખતે માનાં દર્શન કરવાની જબરદસ્ત તાલાવેલી મારા હૃદયમાં જાગી ઊઠે છે. તેવે વખતે અને તે સ્થાને મા મને દર્શન આપે છે અને કહે છે: "તેં બોલાવી એટલે આવી છું."

(૫) એક દિવસ સાંજે ઓફીસેથી હું ઘેર આવ્યો ત્યારે સાંભળ્યું કે બાર વાગ્યાને સુમારે એક જણે આવીને મારા ઘરમાં એક મોટું માછલું મૂકીને કહ્યું કે: "હું હમણાં આવીને લઈ જઈશ." એ ગયો પણ ફરી દેખાયો નહિ. માછલું એમ ને એમ પડી રહ્યું. જ્યારે સંધ્યાકાળ સુધીમાં કોઈ લેવા આવ્યું નહિ ત્યારે એ માછલું મેં શાહબાગ મોકલાવી દીધું. બીજે દિવસે સવારે હું શાહબાગ ગયો ત્યારે પિતાજીએ કહ્યું: "તમારી મા કાલે રાત્રે હસતાં હસતાં કહેતાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હતાં કે 'જુઓ, જ્યોતિશ તો ભગવાન છે.' કાલે સવારે એક ભક્તે અહિં પ્રસાદ લીધો હતો. સાંજે પણ એ કીર્તનમાં આવ્યા હતા. તેથી જમવા માટે એમને આમંત્રણ આપેલું હતું. તે વખતે ઘરમાં કશુંએ હતું નહિ. તમારી માએ બધી જાતનો મસાલો તો રાખી મૂક્યો હતો. એટલામાં તમારે ત્યાંથી નોકર માછલું લઇને આવ્યો એટલે તમારી માએ ઉપર પ્રમાણે કહ્યું." હું તો સડક બની ગયો. કોઈ ક્યાંકથી આ માછલું મૂકી ગયું અને તે ભક્તને જમાડવા કામમાં આવ્યું.

આવી આવી તો ઘણી ઘટનાઓ બની છે. એકવાર શાહબાગમાં એક જણે માની પાસે આવીને કહ્યું કે, "મને ભૂખ લાગી છે." ઘરમાં કાંઈ આપવા જેવું હતું નહિ. તે જ વખતે માને ફળ અને મીઠાઈ મોકલવાની મને તીવ્ર ઇચ્છા થઈ આવી. મા, એ ફળ અને મીઠાઈની જ રાહ જોઈ રહ્યાં હતાં.

(૬) એક દિવસ રાત્રે ત્રણ વાગ્યાના સુમારે હું મારા પોતાના ઘરમાં મારી પથારીમાં બેઠો થઇને જોઉં છું તો મા પથારીમાં રોજ જે દિશામાં માથું રાખીને સૂઈ રહે છે તેનાથી ઊલટી દિશામાં માથું રાખીને સૂઈ રહેલાં મને જણાયાં. સવારે હું માની પાસે ગયો ત્યારે મેં એમને એ જ સ્થિતિમાં જોયાં. તપાસ કરતાં માલૂમ પડ્યું કે રાત્રિના અંત ભાગમાં મા બહાર ગયાં હતાં. ત્યાંથી આવ્યા પછી, એ સ્થિતિમાં જ સૂતાં છે.

હું ઓફિસમાં હોઉં કે ઘરમાં હોઉં ત્યાંથી પણ મા, ક્યાં, ક્યારે, કેવી અવસ્થામાં છે તે મને જણાતું હતું. હું ઇચ્છા કરું તો જ એવી રીતે દર્શન થતાં એવું કાંઈ નહોતું. મારી આંખો આગળ એ ચિતાર આપોઆપ ખડો થઈ જતો હતો. ભૂપેન રોજ શાહબાગમાં જતો એટલે એને પૂછવાથી આ વાતની સાબિતી મળતી હતી.

(૭) એક દિવસ બપોરે બારેક વાગ્યાને સુમારે હું મારી ઓફિસમાં કામ કરતો હતો ત્યાં ભૂપેને આવીને મને કહ્યું: "માએ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તમને શાહબાગ બોલાવ્યા છે. મોટા સાહેબ લાંબી રજા ઉપરથી આજે જ હાજર થઇને ચાર્જ લેવાના છે એ વાત મેં માને કરી હતી. તેથી માએ કહેવડાવ્યું છે કે, એમની પાસે જઇને હકીકત કહેજે અને એ જે કરે તે કરવા દેજે. હું તો ટેબલ ઉપર પડેલા કાગળો જેમના તેમ રહેવા દઇને કોઇને કાંઈ પણ કહ્યા વગર શાહબાગ ગયો. માએ કહ્યું. “સિધ્ધેશ્વરી ચાલ.” પિતાજી, મા અને હું ત્યાં ગયાં. એ સ્થળે જ્યાં સ્થંભ અને શિવલિંગ હતાં ત્યાં એક કુંડ પણ હતો. તેની અંદર મા બેઠાં. આજે માની મૂર્તિ બહુ મગનમાં હતી. એમનું મુખ હસુહસુ થઈ રહ્યું હતું. પિતાજીને મેં ઓચિંતું કહ્યું: “માને હું શ્રી આનંદમયી મા કહીને બોલાવીશ.” એમણે કહ્યું. “સારૂં, એમ કરજે.” મા તે વખતે મારા મુખ સામું એકીટસે ક્યાં સુધી જોઈ રહ્યાં.

લગભગ સાડા પાંચ વાગે હું જવા તૈયાર થયો. માએ મને પૂછ્યું: “અત્યાર સુધી તારા મુખ ઉપર આનંદ હતો, એ ભાવ એટલામાં કેમ બદલાઇ ગયો ?” મેં કહ્યું: “હવે મને મારી ઓફિસ યાદ આવી.” માએ કહ્યું: “કશી ચિંતા કરીશ નહિ.” બીજે દિવસે હું ઓફિસે ગયો પણ મોટા સાહેબે ગઈ કાલ વિષે મને કશુંએ પૂછ્યું નહિ.

મેં માને પૂછ્યું: “તમે મને ઓફિસમાંથી કેમ બોલાવ્યો હતો ?” માએ કહ્યું: “અત્યાર સુધીમાં તારામાં કેટલો ફેરફાર થયો છે તે જોવા. વળી આપણે સિધ્ધેશ્વરી ના ગયાં હોત તો આ શરીરનું નામ કોણ પાડત ?” એમ બોલીને એ ખૂબ હસ્યાં.

(૮) એકવાર ઢાકામાં ગવર્નર આવ્યા હતા. મોટા સાહેબે મને કહ્યું: “કાલે દસ વાગે મારે ગવર્નરને મળવા જવાનું છે. હું ઓફિસે થઇને જવાનો છું. તમે વહેલા સાડા નવ વાગે આવી શકશો ?” મેં કહ્યું: “જરૂર.” હું બીજે દિવસે સવારમાં શાહબાગ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગયો, ત્યાંથી ઘેર આવતાં મને મોડું થઈ ગયું એટલે હું ૯-૫૦ વાગ્યે ઓફિસે પહોંચ્યો. મને મનમાં થતું હતું કે હું સાહેબને શો જવાબ આપીશ ? પણ ઓફિસમાં પગ મૂકતાં જ સાહેબનો ફોન આવ્યો. મને ફોનમાં એમણે કહ્યું: "મારી મોટર બગડી છે, મેં તમને વ્યર્થ તસ્દી આપી તેથી મને દુ:ખ થાય છે. અગીઆર વાગ્યે લાટ સાહેબને બંગલે બારોબાર જઈશ."

માએ આ હકીકત સાંભળી એટલે બોલ્યાં: "એમાં તેં નવી વાત શી કહી? તે દિવસે તેં મારી મોટર બગાડી નાંખી હતી ને!"

(૯) એક દિવસ મા મારે ઘેર આવ્યાં. વાતમાં ને વાતમાં મેં કહ્યું: "મા, ગરમ અને ઠંડામાં તમારે તો કશોએ ભેદ નથી. સળગતો અંગારો તમારા પગ ઉપર પડે તો તમને કશુંએ દુ:ખ ન થાય?" માએ કહ્યું: "એમ કરી જોને!" મેં એ વાત વધારે છેડી નહિ. કેટલાક દિવસ પછી માએ એ વાત સંભારી અને એમણે જાતે જ એક સળગતો અંગારો પોતાના પગ ઉપર મૂકી દીધો. જે જગ્યાએ અંગારો મૂકયો ત્યાં કાળો ડામ પડી રહ્યો અને એક મહિનો થઇ ગયો પણ બળેલો ભાગ રુઝાયો નહિ. મારી મૂર્ખાઇ માટે મને ઘણો પસ્તાવો થયો. એક દિવસ માની પાસે જઇને જોયું તો એ પગ લાંબા કરીને બારણા બહાર એક દષ્ટિએ જોઇ રહ્યાં હતાં. મેં એમને પ્રણામ કરીને દાઝેલા ભાગમાં થએલું પરુ ચુસી લીધું. બીજે દિવસથી દાઝેલો ભાગ સારો થવા લાગ્યો.

એક વાર ઉપર્યુક્ત પ્રસંગને ઉદ્દેશીને મેં માને પૂછ્યું: "તમે તમારા પગ ઉપર જ્યારે બળતો અંગારો મૂકયો ત્યારે તમને ~~કાંઈ~~ ~~થયું હતું~~?" માએ કહ્યું: "~~કાંઈ કહેવા જેવું નથી.~~ એ તો એક રમત હતી. અંગારો શું કરે છે તે હું આનંદપૂર્વક જોતી હતી. પ્રથમ પગના રોમ બળતાં જોયાં, પછી ચામડી બળવા લાગી, તેમાંથી વાસ નીકળવા લાગી, પછી એ અંગારો પોતાનું કાર્ય કરીને ઓલવાઈ ગયો. ~~તું એવું ધારતો હઈશ કે પગ ઉપર મોટો ડામ~~

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પડ્યો એટલે મને તેનોજ વિચાર આવ્યા કર્યો હશે." ઘા પાકી ઊઠ્યો અને ધીમે ધીમે સુકાવા લાગ્યો.

(૧૦) એક વાર માઘ મહિનામાં ઘણી સખત ઠંડી પડતી હતી. માની સાથે રોજ સવારમાં ઉઘાડે પગે હું રમણાની ઠંડી જમીનમાં ફરતો હતો. દૂરથી છોકરીઓનું એક ટોળું આવતું જણાયું. મારા મનમાં થયું કે એ લોકો અહિં આવીને માને આશ્રમમાં તેડી જશે. હું આવો વિચાર કરતો હતો એટલામાં બધીએ જમીન ઝાકળથી છવાઈ ગઈ અને અમે પેલા લોકોને જોઈ શક્યા નહિ. બે ત્રણ કલાક પછી અમે જ્યારે આશ્રમમાં પાછાં ફર્યાં ત્યારે સાંભળ્યું કે પેલાં લોકો ત્યાં આગળ અમને ખોળતાં ખોળતાં હેરાન થઈ ગયાં અને આખરે પાછાં ફર્યાં કારણ કે મેદાન બહુ મોટું હતું. જ્યારે આ વાત માને કહી ત્યારે એ બોલ્યાં: "તારી તીવ્ર ઈચ્છા પૂર્ણ થઈ."

(૧૧) એક વાર માને ખૂબ શરદી અને ઉધરસ થઈ આવ્યાં. હું બીતો બીતો બોલ્યો: "મા, વહેલાં વહેલાં સાજાં થઈ જાવ." મા મારી સામું જોઈને હસતાં હસતાં બોલી ઊઠ્યાં: "કાલથી સારું થઈ જશે." બન્યું પણ તેમજ.

(૧૨) એક દિવસ સવારે હું માની પાસે ગયો તે વખતે એમને તાવ આવેલો હતો. રાત્રે ઘેર જઈને મેં એક ચિત્તે પ્રાર્થના કરીને માને જણાવ્યું કે: "તમારો જ્વર મારામાં આવે." રાત પૂરી થતામાં તો મારું માથું દુઃખવા આવ્યું અને મને તાવ આવ્યો. સવારે હું મા પાસે ગયો કે તરતજ એમણે કહ્યું: "હું તો સાજી થઈ ગઈ; પણ તને તાવ આવ્યો છે. જા, ઘેર જઈને સ્નાન કરીને ખૂબ ખા." મેં તેમજ કર્યું. સાંજથી મારું શરીર સારું થઈ ગયું.

માએ કહ્યું "શુદ્ધ અનન્ય ભાવ હોય તો બધુંજ સંભવિત છે."

(૧૩) એક વાર "સાધુ જીવની" એ નામનું પુસ્તક મારા હાથમાં આવ્યું; તેમાં એક ઠેકાણે એવું લખ્યું હતું કે: "દરિદ્રીને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્નદાન આપવા માટે એ ભક્તોને વારંવાર ઉપદેશ આપતા.' એ લખાણ આગળ મેં નોંધ કરી કે: "કેવળ અન્નદાનથી તૃપ્તિ થતી નથી." આ પુસ્તક ફરતું ફરતું શાહબાગમાં ગયું અને એક ભક્તે માને મારી નોંધ વાંચી સંભળાવી. એ વાત પછી કેટલાક દિવસ બાદ હું સવારમાં શાહબાગ ગયો. ત્યાં એક પાગલ જેવો માણસ આવીને માને કહેવા લાગ્યો: "મને કાંઇ ખાવાનું આપો; નહિ તો મારા પ્રાણ ચાલ્યા જશે." આ સાંભળતાંજ રસોડાનું બારણું ખોલીને ત્યાંથી જે મળ્યું તે મા લઇ આવ્યાં અને પેલાને આપ્યું; પછી એણે પાણી માગ્યું. માએ મને કહ્યું: "આને પાણી આપ." પાણી આપતાં આપતાં મને ખબર પડી કે એ તો મુસલમાન છે. ત્રણ દિવસથી એણે ખાધું નહોતું. આજે ભૂખ અને તરસથી એને અસહ્ય પીડા થવા લાગી અને બાગની દીવાલને ટેકો દેતો દેતો એ અંદર આવ્યો હતો. માએ મને કહ્યું: "જોયું, અન્નદાનજ જરૂરનું છે. તારી ભૂલ ભાગવા માટેજ આ માણસ અહિં આવ્યો છે. પાત્ર અને સમયે ઉપયોગમાં આવે તે બધાની જરૂર. આ જગતમાં કશું વૃથા જતું નથી."

(૧૪) એક દિવસ માને મેં કહ્યું: "મા, આજ કાલ મારે નામનું સ્મરણ બહુજ ચાલે છે." તે અરસામાં મધરાતે પણ જેમ ફુવારો ફૂટતો હોય તેમ મારા અંતરમાંથી નામજપ થયા કરતો હતો. ઉપર પ્રમાણેના માની સાથેના વાર્તાલાપ પછી મારા મનમાં આનંદની સાથે કાંઇક અહંકાર પણ થઈ ગયો. મા મારા મુખ સામું તાકીને જોઇ રહ્યાં. ખાસ કશું બોલ્યાં નહિ. હું ઘેર જઇને નામસ્મરણ કરવા બેઠો પણ કેમે કર્યું નામ મોઢે આવેજ નહિને? દિવસ પૂરો થયો, રાત્રિ યે પૂરી થઇ, પણ નામનો પ્રવાહ આપોઆપ બંધ થઈ ગયો. બીજે દિવસે સવારે મેં ભૂપેનને કહ્યું: "માને આ વાત કહેજે." ભૂપેનને મા રસ્તામાંજ ગાડીમાં મળી ગયાં એટલે એણે મા પાસે મારી દુર્દશાની વાત કરી. મા ખૂબ હસવા લાગ્યાં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તે વખતે દસ વાગ્યા હતા. એજ વખતે મારા અંતરમાંથી આપો-આપ નામનું ઉચ્ચારણ થવા લાગ્યું. ભૂપેન સાથેના માના ઉપલા પ્રસંગની વાત મેં પાછળથી જાણી હતી.

એ પ્રસંગે માએ કહ્યું હતું કે, ધર્મના માર્ગમાં ઊંડે ઊંડે છૂપાયલા અહંકારની છાયા પણ લક્ષ્યને ઢાંકી દે છે.

(૧૫) શ્રી માનો પ્રભાવ કેવી રીતે અદૃશ્ય રૂપે મારા હૃદયમાં તાત્કાલિક કાર્ય કરેલો હતો તેનું એક દૃષ્ટાંત આપું છું. એમની કૃપા જળવાઇ રહે એવો કોઇ પ્રયત્ન મેં કર્યો નહિ; તેથી હું હતો તેવો ને તેવો રહ્યો. હસતાં હસતાં મા એક વાર બોલ્યાં: “નામ જપતાં જપતાં ચિત્તશુદ્ધિ થાય છે, પછી શ્રદ્ધા અને ભક્તિનો ઉદય થવાથી ભાવશુદ્ધિ થાય છે અને તે થયા પછી ઘણી ઘણી રીતે ઉચ્ચ અવસ્થાનો આભાસ હૃદયમાં જાગે છે અને કામ કરે છે.” જે દિવસે ઉપર્યુક્ત વાણી વડે મારા કાન પવિત્ર થયા તે દિવસે સાંજેજ હું મારા ઘરમાં એકાન્તમાં બેઠો. મને અનુભવ થયો કે, નામમાં અપૂર્વ આનંદ મળે છે. નામનો જપ એકધારો વિરામ વગર આપોઆપ ચાલ્યા કરતો હતો. રાત્રે નિદ્રાએ જરા મને પોતાનો પ્રભાવ બતાવ્યો; પણ જાગી ગયા પછી મને જણાયું કે નામનો જપ તો એકધારો ચાલ્યા જ કરતો હતો. બીજે દિવસે કામની ઝંઝટમાં પડી જવાથી ભાવનો પ્રવાહ કાંઇક ઓછો થયો હતો પણ સંધ્યાકાળ થતાં એ વેગ વધ્યો અને ગઈ કાલની માફક મારું મન આનંદની મસ્તીમાં આવી ગયું. આજે રાત્રે તો ઊંઘ જેવું યે જણાયું નહિ. મને લાગ્યું કે, નામજપ બંધ નહિ થાય તો મને શાંતિ મળશે નહિ. મેં હજુ સુધી ગૌમુખી કે આસન કર્યું નહોતું પણ રાત પૂરી થવા આવતાંમાં તો આપોઆપ હું આસન ઉપર બેસી ગયો. મારું શરીર અને મન અવ્યક્ત આનંદમાં ડૂબી ગયાં. મારાં નેત્રોમાંથી જળની અસ્ખલિત ધારા વહેવા માંડી. અચલ અને અટલ બનીને મેં ધ્યાનમાં ઘણો સમય ગાળ્યો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉપરનું વૃત્તાંત સાંભળીને મા બોલ્યાં: "એ તો મીઠા ઝરામાંનું ફક્ત એક ટીપુંજ તેં ચાખ્યું. હવે વિચારી જો કે તને વધારે પીવાનું મળે તો કેટલું મધુર લાગે?"

(૧૬) એક દિવસ સવારે શરણાગતિની પ્રથમ અવસ્થામાં હું શ્રી માની શ્રી ચરણો આગળ બેસી રહ્યો હતો; રડતાં રડતાં નીચે લખેલું ગાન મારા અંતરમાંથી બહાર ટપકવા લાગ્યું:—

તમારી સાધના તમારી વંદના મારા જીવનનો આધાર બનો;
તમારા સ્તવનમાં તમારા ભાવમાં મારા પ્રાણ ઉછાળા મારો;
તમારા વર્તમાન જાણવા મારાં લોચન પલકારો માર્યા વગર આકાશ સામું જોઈ રહો;

મારે કાંઈ જોઈતું નથી, મારે કાંઈ કહેવું નથી, કેવળ તમારાં ચરણોમાં હું અશ્રુ ઢાળું;

તમારો મહિમા ગાતો ગાતો હું તમારી પ્રદક્ષિણા કર્યા કરું; હું તમારું નામ લઈ લઇને સદાએ આનંદમાં રહું; મારું કર્મ અને ધર્મ એ તમારી પૂજા બની રહો; હે મા, શુદ્ધ ભક્તિ આપો, અચલ શ્રદ્ધા આપો, તમારા ચરણનું મને શરણ છે.

આ ગાયનને "પાગલનું ગાન" એવું નામ આપીને તેની એક નકલ મેં શ્રી માના ચરણમાં મોકલાવી. સાંભળ્યું છે કે, મા મોટી છરીથી કોળું કાપતાં હતાં અને આ ગાન સાંભળતાં હતાં. ગાન સાંભળતાં સાંભળતાં માના હાથમાંથી છરી પડી ગઈ અને અપ્રાકૃત જેવાં બનીને એ થોડી વાર સ્તબ્ધ બની ગયાં.

ત્યાર બાદ જ્યારે હું માને મળવા ગયો ત્યારે એમણે કહ્યું: "જગત ભાવમય છે. સૃષ્ટિની તમામ વસ્તુ ભાવનીજ મૂર્તિ છે. ભાવ દ્વારા જો તું તારી જાતને જાગ્રત કરી શકે તો બ્રહ્માંડમાં સર્વત્ર લીલા જ થઇ રહી છે એમ તું જોઈશ. ભાવનો અભાવ હોવાથીજ માણસો આમ તેમ અથડાય છે અને પ્રકૃતિતત્ત્વને સમજી શકતા નથી."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ત્યાર બાદ અમે બધા એક વાર સિદ્ધેશ્વરીમાં બેઠેલા હતા. તેવામાં મા એકાએક બોલી ઊઠયાં: “ અલ્યા, તારું પેલું “ પાગલનું ગીત ” ગાને ? ” કેટલાએ દિવસથી ગીત ગાવાનો મારો અભ્યાસ ઓછો થઇ ગયો હતો. વળી ત્યાં લોકો ભેગા થઇ ગયા હતા એટલે મને ગાતાં ક્ષોભ થયા કરતો હતો. મા હસતાં હસતાં બોલ્યાં: “ પાગલનું ગાન એકલું લખી જ જાણ્યું છે. તું પાગલ થઇ ~~શકતો~~ નથી. ” માનાં આ વચનોએ મારું હૃદય વિદીર્ણ કરી નાખ્યું. મેં ~~તરત તરત કરતાં એ~~ ગીત ગાઈ નાખ્યું.

માને ઉદ્દેશીને આવા ભાવનાં ગીત મેં ઘણાં રચ્યાં છે અને એમને ચરણે નિવેદન કરેલાં છે. માએ એ સાંભળીને કેટલીએ વાર ઘણો ઉલ્લાસ પ્રકટ કરેલો છે અને કેટલીએ વાર એ સાંભળીને તદ્દન ચૂપ રહ્યાં છે. એવો કેટલોએ કાળ ગયો છે કે જે વખતે મા ઢાકામાં હોયજ નહિ. તે અરસામાં હું સંધ્યા કાળે અને રાત્રે મારા ઘરમાં એકાંતમાં બેસતો ત્યારે ગીત આપોઆપ મારા હૃદયમાં અને કંઠમાં ગૂંજી ઊઠતું. તે ગાન ગવાતું હોય ત્યારે જાણે શ્રી માની સ્થિર મૂર્તિ મારી સન્મુખ ઊભેલી છે એવું હું જોતો. મા પ્રવાસેથી ઢાકા પાછાં આવતાં ત્યારે કહેતાં: “ અલ્યા, તે દિવસે તું એકલો એકલો પેલું ગીત ગાતો હતો તે મને સંભળાવ. ” હું આશ્ચર્યચકિત થઈ જતો. કારણ કે મા જે ગીતનો ઉલ્લેખ કરતાં તે ગીત એમણે બીલકુલ સાંભળ્યું ન હોય તેમ એ ગીત સંબંધી માને કશી વાતચીત પણ કરવામાં આવી ન હોય.

માની ગેરહાજરીમાં માનાં દર્શન માટે હું એટલો બધો આકુળ-વ્યાકુળ થઇ જતો હતો કે એ વ્યાકુળ ભાવે મારાથી ભાવવાહી ગીતોની રચના થઈ જતી. એ બધાં ગીત એકઠાં કરીને તેને મેં પુસ્તકાકારમાં છપાવ્યાં અને તેનું નામ “ શ્રી ચરણે ” એવું આપેલું છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અત્યાર સુધીમાં માને ઉદ્દેશીને મેં કેટલાંએ ગીત, કેટલીએ કવિતા, કેટલાએ પ્રબંધ લખ્યા છે અને ફાડી નાખ્યાં છે, તેની ગણતરી નથી. એક વાર આ વાત સાંભળીને મા બોલ્યાં કે: "આ જન્મમાં કેમ વળી, એવા તો તેં કેટલાએ જન્મો વર્યા હશે અને તેમાં કેટલુંએ ફાડયું હશે તેની તને ખબર હોય તો તને સમજાય કે આ ફાડાફાડીની ભીતરમાંજ એનો છેડો છે."

ઉપર્યુક્ત અનન્તમુખી કૃપાના પ્રત્યક્ષ પ્રભાવે મને ક્ષુધા તો લાગવા માંડી પણ દૂષિત જિહ્વા, રસ અને શક્તિવર્ધક ખાદ્યનો ત્યાગ કરીને સુકા અને કડવા આહાર માટે લાલાયિત થાય છે. એક વૈષ્ણવ ગ્રંથમાં લખ્યું છે કે:—

જીભના સ્વાદીઆઓ આમ તેમ દોડાદોડી કરે;
શિષ્નોદર–પરાયણ કૃષ્ણ નામ ક્યાંથી સ્મરે?

મારી સ્થિતિ પણ તેવીજ થઇ. માની અપાર દયા અને કલ્પનાતીત સ્નેહે, એમના ચરણમાં મને હંમેશને માટે અને સર્વ ભાવે બાંધી દીધો નહિ. અવિદ્યાથી ગ્રસ્ત થએલા જીવને નિત્ય-ભાવમાં પ્રતિષ્ઠિત થવાનું કેટલું કઠણ! માને એક દિવસ મેં કહ્યું: "આપનું આવી રીતનું શરણ મળે તો પથ્થર પણ સોનું બની જાય; પણ મને તો કાંઇ થયું નહિ." માએ કહ્યું: "જે વસ્તુના ઘડતરમાં વધારે સમય જાય તે વસ્તુ બહુજ ટકાઉ અને સુંદર થાય છે; તારે એવો વિચાર શા માટે કરવો જોઇએ? તું તો બાળકની માફક હાથ પકડી રાખ." મેં કેટલાંએ બોધવચનો, કેટલાએ ગંભીર ઉપદેશ આતુર મને સાંભળ્યા પણ હું તો એવો ને એવો શુષ્ક રહ્યો. મારી એ શુષ્કતા અને દુર્બળતાની ભીતરમાં પણ માની દૃષ્ટિ કેવી રીતે સોંસરી પેસી ગઇ હતી તેનું એક ઉદાહરણ હું આપું છું.

મારા ઉપર માની કૃપા થાય એટલા માટે હું રોજ એમનાં દર્શન માટે દોડાદોડી કરતો હતો તે વખતે ઘણા મોરા સામું જોઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રહેતા, કેટલીએ સમાલોચનાઓ થતી. એ સાંભળીને મને થતું કે હંમેશાં આમતેમ દોડાદોડી કરવાથી ચિત્તની દુર્બળતા ઘટતી નથી.

યોગવાસિષ્ઠનો પાઠ કરવાથી હું વિચારને માર્ગે વળીશ એવો સંકલ્પ કરીને મેં સાત આઠ દિવસ એમાં મન પરોવ્યું. એક દિવસ બપોરે હું ઘરમાં હતો. નોકરે આવી ખબર આપી કે એક વૃદ્ધ બ્રાહ્મણ (વિક્રમપુર વાળા શ્રીયુત કાલીકુમાર મુખોપાધ્યાય) પાંચ મીનીટ મને મળવા માગે છે. હું તેની પાસે ગયો. એમણે કહ્યું, "હું નિરંજન બાબુ અને શશાંક બાબુ (પૂજ્યાસ્પદ સ્વામી અખંડાનંદજી) ને ઘેર ગયો હતો; એ ન મળ્યા એટલે આપને મળવા આવ્યો છું. સાંભળ્યું છે કે, તમે આનંદમયી માના ભક્ત છો. મા કેવાં છે? એમનામાં શી વિશેષતા છે?" આ સાંભળીને મારી બન્ને આંખોમાં પાણી ભરાઇ આવ્યું. મારી બોલતી બંધ થઇ ગઇ. એ આગળ બોલવા લાગ્યા: "મારે જવાબ જોઇએ છીએ. પહેલાં કહો. તમે રડો છો કેમ?" મેં કહ્યું: "આજ કેટલા દિવસથી માનું ચિંતન છોડીને હું બીજા વિષયમાં પરોવાયો છું અને તમે એવાની પાસે આવીને માની તપાસ કરો છો તેથી હું લજ્જા અને દુ:ખનો માર્યો મરી જાઉં છું. માની કેવી વિચિત્ર લીલા છે? તમે ખરેખરા વખતે મારી પાસે આવ્યા અને મને ફરીથી યોગ્ય માર્ગ ઉપર મૂકી દીધો. હું તો તમારો હંમેશનો ઋણી થયો છું." એમણે કહ્યું: "મને અત્યારે જ માની પાસે લઇ જાવ."

માનાં પ્રત્યક્ષ દર્શન કરી આવ્યા પછી એમણે કહ્યું કે: "ઘણા વખતથી હું માતા વગરનો થયો છું. પણ માને જોયા પછી હું માતા વગરનો થયો છું, એ વિચાર જ ભુલાઇ ગયો."

ઉપરની વાત માને કહીને હું એમના ચરણોમાં લોટી પડયો. હું રડતો હતો, મા હસતાં હતાં. એ બોલ્યાં: "આજકાલ આંખમાં આંગળી ખોસીને બતાવ્યા સિવાય ચાલતું નથી."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

[૨]

મંત્રવિભૂતિ.

જાણવામાં આવ્યું છે ત્યાં સુધી, શ્રી માએ કોઈની પાસેથી દીક્ષા લીધી નથી, કે કોઇ ગુરુ કર્યા નથી. શાસ્ત્રાદિના પઠનથી કે આલોચનાથી એમણે જ્ઞાન મેળવ્યું નથી. ઘણા માને છે કે, વર્તમાન યુગમાં જીવોનું કલ્યાણ કરવા માટેજ ભગવદ્ ઐશ્વર્ય લઇને એ પૃથ્વી ઉપર અવતરેલાં છે.

બાલ્યાવસ્થામાં શ્રી માના શરીરમાં વિવિધ પ્રકારના અદ્ભુત ભાવોનો વિકાસ થયો. સાધારણ લોકોની સ્થૂલ દૃષ્ટિ, એ જોઈ શકી નહિ. એ બાળક હતાં તે વખતે ધૂળમાં રમવાનું તો એમને ગમતુંજ નહિ. એમનામાં અનાસક્ત ભાવ દેખાતો કરતો હતો. તેથી કે ઘણા લોકો એમને "ભોળી", "ઓછી અક્કલની" એમ કહેતા. અરે, ખુદ શ્રી માતાનાં જનેતા પણ એમના ભવિષ્ય બાબતમાં ઘણીજ ચિંતા કરતાં. કયે વખતે ક્યાં હતાં, ક્યાં નહિ, થોડી વાર ઉપર એમણે શું કર્યું, એ શું બોલ્યાં, તેનો અમને કશોએ ખ્યાલ રહેતો નહિ.

એવું સાંભળ્યું છે કે, એ ચાલતાં ચાલતાં ઝાડપાન કે કોઇ અદૃશ્ય અને અશરીરી વ્યક્તિ સાથે વાતો કરતાં અને વિવિધ આકારો અને ઈસારા દ્વારા વિવિધ જાતના ભાવો વ્યક્ત કરતાં હતાં. કેટલીક વાર વળી અન્યમનસ્ક બનીને ઓચિંતાં ઊભાં રહી જતાં અને પછી બોલ્યાચાલ્યા વિના ચાલ્યાં જતાં.

એમની સત્તર અઢાર વર્ષની ઉંમરથી ચોવીસ પચ્ચીસ વર્ષની ઉંમર સુધી એમના શરીરમાં જુદી જુદી જાતના અલૌકિક વિશેષ ભાવોનું દર્શન થવા લાગ્યું. કોઈ કોઈ વાર તો દેવ દેવીનાં નામ લેતાં લેતાં વિવશ બનીને એ પડી જતાં. કીર્તન કરતાં કરતાં એ અચેતન થઈ જતાં. ભગવત્ કથા સાંભળ્યા પછી કે દેવમંદિરે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દર્શન કરી આવ્યા પછી એમનું શરીર વ્યાવહારિક જગતમાં કામ કરતું નહિ. શ્રી મા ઘણું કરીને અઢાર વર્ષની ઉમ્મરે બાજિતપુર (મૈમેનસીંગ) જઇને પાંચ છ વર્ષ રહ્યાં. ત્યાંના નિવાસનાં છેલ્લાં વરસોમાં એમના શરીરમાંથી મંત્રોનું આપોઆપ સ્ફુરણ થતું હતું અને એમનામાં દેવ દેવીના આવિર્ભાવ થતા હતા.

એમના શરીરમાં યૌગિક ક્રિયાઓ વગેરેનો પણ પ્રકાશ જણાતો હતો. આવાં આવાં દૈવી પ્રભાવનાં એમને સ્ફુરણ થવા માંડયાં તેની સાથે સાથે એ બોલતાં બંધ થઈ ગયાં. બાજિતપુરમાં એક વરસ અને ત્રણ માસ, અને ઢાકામાં એક વરસ અને નવ માસ, એમણે મૌન ધારણ કર્યું હતું. લોકોને એમનામાં વિરાટ્ ભાવ આવી ગએલો જણાતો હતો. તે અરસામાં એમના શરીરમાં જાણે બહારની તેમજ અંદરની ક્રિયાઓ અટકી પડી હોય અને એ જાણે સ્વપ્રતિષ્ઠિત થઇને રહ્યાં હોય એમ દેખાતું હતું.

માની ઉપર જણાવેલી જુદી જુદી અવસ્થાઓ જોઇને પિતાજી ચિંતાતુર બનીને વિચાર કરતા કે: આ બધાનું પરિણામ કેવું આવશે?

લોકોની ચર્ચા થયા કરતી, છતાં એમણે કોઈ વાર માતાજીના કોઈ પણ કાર્યમાં કોઈ જાતનો અંતરાય નાખ્યો નથી. માના શરીરમાં કોઈ દેવતાનો આવેશ આવે છે એવું માનીને તે કાઢવા માટે સાધુ ભૂવા દ્વારા પ્રયત્નો કરી જોવામાં આવ્યા પણ તેનું કાંઈ પરિણામ આવ્યું નહિ. એ માતાજી પાસે જતા ખરા; પણ ભય અને વિસ્મય પામીને પાછા આવતા રહેતા.

માના શરીરમાં આવી રીતે સાડા પાંચ મહિના સુધી દેવ દેવીઓનો આવિર્ભાવ રહ્યા. કર્યો. એમને દર્શન આપવાને કેટલાંએ દેવ દેવીઓ મનુષ્યશરીર ધારણ કરીને એમની પાસે આવ્યાં છે તેની ગણતરી નથી. તેની એમણે પૂજા કરી છે. પૂજા કર્યા પછી તે દેવ દેવીઓ એમના શરીરમાં ભળી જતાં. વાહન સાથે એક દેવતાની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પૂજા સમાપ્ત થતાં બીજા દેવનો આવિર્ભાવ થતો. પૂજા અને આરતી વખતે એમને એવો અનુભવ થતો કે પોતેજ દેવતા છે, પોતેજ પૂજારી છે, પોતેજ તંત્રધાર છે, પોતેજ પૂજાનું જળ, ફૂલ અને પોતેજ નૈવેદ્ય વગેરે ઉપકરણ છે.

ઉપર્યુક્ત પૂજામાં કોઇ પણ પ્રકારના બાહ્યોપચાર હતા નહિ. તેમ, એ પોતે પોતાની ઇચ્છાથી આ બધી ક્રિયાઓ કરતાં નહોતાં. એ એકાન્તમાં બેસતાં અને પૂજાની દૈહિક અને માનસિક ક્રિયાઓ એમના દેહ ઉપર આપોઆપ જ થયા કરતી હતી. કર્મકાંડ અને ક્રિયાકાંડ જાણનારા લોકો કહેતા કે, મા જે મંડલ, યંત્ર વિગેરે કાઢીને મંત્ર, યાગ, યજ્ઞાદિ અનુષ્ઠાન કરતાં તે શાસ્ત્રોક્ત રીતે યથાવિધિ થતાં હતાં. આ વિષયમાં માને કોઇ પ્રશ્ન કરતું તો એ કહેતાં કે: “મને કશું પૂછશો નહિ. કહેવાનો વખત આવશે ત્યારે કહીશ.” બંગાળી સંવત ૧૩૩૦ ના ૨૮ ચૈત્ર, (સને ૧૯૨૩) ને રોજ શ્રી મા ઢાકામાં પધાર્યાં. તે પછી ત્રણ ચાર દિવસમાંજ સ્થાનિક શાહબાગમાં જઇને રહેવા લાગ્યાં. ધીમે ધીમે એમના ભક્તો વધવા લાગ્યા. સને ૧૯૨૫ ની સાલમાં ઉપર જણાવેલ અલૌકિક પૂજાનું વિવરણ સાંભળીને કેટલાક ભક્તો ભેગા થઇને મા પાસે આવ્યા. તેમણે કાલીપૂજા કરવા માટે માને પ્રાર્થના કરી. માએ કહ્યું: “મને તો, ભાઈ, તમારાં અનુષ્ઠાન અને વિધિવિધાનની કશી ખબર નથી. માટે તમે પુરોહિત પાસે એ પૂજા કરાવો તો સારું.” પણ પછી પિતાજીના આગ્રહથી માએ પૂજા કરવાનું કબૂલ કર્યું.

લોકો જેની પૂજા કરીને આનંદ પ્રાપ્ત કરે તેજ જ્યારે ભક્તોને બોધ આપવા દેવતાની પૂજા કરવા બેસે ત્યારે તે પૂજાનું મહાત્મ્ય કેટલું બધું વધી જાય તેનું વર્ણન થઈ શકે નહિ. શ્રી મા પૂજા કરવાનાં છે, એ પૂજા કેવી હશે, એની કલ્પના કરતાં ભક્તોના હૃદયમાં અનહદ આનંદ અને ઉત્સાહનો અનુભવ થઈ જતો હતો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વખતસર મૂર્તિ આવી પહોંચી. પૂજાના સમયે મા આસનસ્થ થઇને કેટલીકવાર સુધી જમીન ઉપર છાનાંમાનાં બેસી રહ્યાં; પછી વિહ્વળ ભાવે ચાવી આપેલા પૂતળાની માફક મંત્રોનું ઉચ્ચારણ કરતાં કરતાં જમણા અને ડાબા હાથે મા પોતાના માથા ઉપર ચંદન અને પુષ્પ ચઢાવવા લાગ્યાં. કોઈ કોઈવાર કાલી માતાના મૂર્તિ ઉપર પણ ચંદન પુષ્પ ચઢાવતાં; આવી રીતે પૂજા પૂરી થઈ.

બલિની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. બકરાને સ્નાન કરાવીને માની પાસે આણ્યો. એમણે એને પોતાના ખોળામાં લીધો અને ખૂબ રડતાં રડતાં એના શરીર હાથ ફેરવવા લાગ્યાં; પછી એના પ્રત્યેક અંગનો સ્પર્શ કરતાં એ મંત્ર બોલતાં ગયાં અને પછી કોઈ જપ કર્યો. ખડ્ગ સ્થાપન કર્યું. તે વખતે બેં બેં એવી બકરાની બૂમ જેવી ત્રણ બૂમ એમના મૂખમાંથી નીકળી; પછી બલિ દેવાતી વખતે બકરાએ બિલકુલ ચીસ પાડી નહોતી કે ગભરાટ પણ કરી મૂક્યો નહોતો. બલિ દીધા પછી એના દેહમાંથી બિલકુલે રક્ત પડ્યું નહિં. હોમને માટે મહાપરાણે એક છાંટો લોહી એમાંથી મળ્યું. તે વખતની માની અસાધારણ કમનીય મૂર્તિ સર્વની દૃષ્ટિનું આકર્ષણ કરી રહી હતી. આ ક્રિયા શરૂ થઇ ત્યારથી તે સમાપ્ત થઈ ત્યાં સુધી એક અપૂર્વ એકાગ્રતા માલુમ પડી આવતી હતી.

સને ૧૯૨૬ ની સાલમાં પણ કાલી પૂજા કરવા માટે બધાએ શ્રી માની પ્રાર્થના કરી. એવામાં એક દિવસે મા ગાડી કરીને એક ભક્તને ઘેર જતાં હતાં. મા ઓચિંતાં પોતાનો ડાબો હાથ ઊંચો કરીને હસી પડ્યાં. પિતાજીએ ઘણુંએ પૂછ્યું પણ એમણે કશો જવાબ દીધો નહિ. મા ભક્તને ત્યાં ભોજન લેવા બેઠાં તે વખતે પણ ઉપર જણાવ્યા પ્રમાણે કૃત્રિમ ભાવે એમણે હાથ ઊંચો કર્યો. એ સંબંધમાં પાછળથી માએ કહ્યું કે, જે વખતે એ રસ્તામાં ગાડીમાં હતાં તે વખતે ત્યાંથી એકસોવીસ કે એકસોત્રીસ ગજ દૂર એક મેદાનમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જમીનથી લગભગ અઢાર હાથ ઊંચે અદ્ધર ચાલતી એક સજીવ કાલી મૂર્તિ માને જોઇને એમના ખોળામાં આવવા માટે જાણે હાથ લાંબા કરતી હોય એમ જણાયું. પછી મા ભોજન કરવા બેઠાં તે વખતે એ કાલી મૂર્તિ નાની છોકરીના રૂપમાં ત્યાં આવીને ઊભી રહી; તેથી એ બન્ને સ્થળે એમનો ડાબો હાથ ઊંચો થઇ ગયો હતો.

કાલી પૂજાના એક દિવસ પહેલાં શાહબાગમાં ફરીથી ભક્ત–મંડળી પૂજા માટે માને વિનંતિ કરવા ભેગી મળી. માએ પિતાજીને કહ્યું: “ આમનો આટલો આગ્રહ છે તો આ વખતે તમે પૂજા કરો. ” એ સાંભળીને પિતાજી બધાંને કહેવા લાગ્યા: “ પૂજાની વાત તમારી માના મૂખમાંથી એકવાર બહાર નીકળી છે એટલે પૂજા તો થશે જ, તમે બધો બંદોબસ્ત કરો. ” કાલી મૂર્તિ કેટલા માપની લાવવી તે વાત ચર્ચાઇ. તે દિવસે ગાડીમાં અને ભોજન લેતી વખતે માનો હાથ જેટલો ઊંચો થયો હતો તેટલી ઊંચી મૂર્તિ લાવવી એવો પિતાજીને વિચાર આવ્યો. મા તે વખતે અચેતન અવસ્થામાં જમીન ઉપર પડયાં હતાં એટલે ~~સતની અગીઆર વાગે~~ માપ લીધું. એક દિવસમાં આ માપની મૂર્તિ શી રીતે તૈયાર થશે, કયાંથી મળશે વગેરે ઘણા ઘણા વિચારો કરીને શ્રીયુત સુરેન્દ્રલાલ બંધ્યોપાધ્યાય શાહબાગમાંથી શહેરમાં ગયા. તપાસ કરતાં એક દુકાનમાં એ જ માપની એક મૂર્તિ રહી ગયેલી હતી. કારીગરે આવી બાર મૂર્તિઓ બનાવી હતી. અગીઆર મૂર્તિના તો એને ઓર્ડરો મળી ચૂકયા હતા અને બીજી એક વધારાની મૂર્તિ એણે સ્વેચ્છાથી બનાવી રાખી હતી. એ મૂર્તિ આણી. ગઈ વખતની પૂજા પ્રમાણે આ વખતે પણ માએ પૂજા પૂર્ણ કરી. અને એમનામાં દૈવી ભાવનો આવિર્ભાવ જણાયો.

પૂજા પછી થોડી વારે મા એકાએક આસન ઉપરથી ઊઠીને પિતાજીને કહેવા લાગ્યાં: “ હું મારા આસન ઉપર જાઉં છું, હવે તમે પૂજા કરો. ” એમ કહીને નિમિષ માત્રમાં એ કાલી મૂર્તિની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પાસે ગયાં અને અટ્ટહાસ્ય કરીને જમીન ઉપર બેસી ગયાં. તે વખતે પૂજાનું ઘર અનિર્વચનીય અને અપૂર્વ તેજથી ઝગઝગાટ બની ગયું. માએ કહ્યું: “ તમે બધાંએ આંખો બંધ કરીને નામજપ કરો.”

પૂજાનું ઘર લોકોથી ભરાઈ ગયું હતું. એક જણ ઓથે ઊભો રહીને બહારથી છાનોમાનો જોયા કરતો હતો. એ માણસને કોઈએ જોયો નહતો. માએ એનું નામ દઈને બૂમ પાડી અને તેને કહ્યું: “ તમે પણ આંખો બંધ કરો.” બધાએ આંખો મીંચી દીધી હતી. શું થયું કે શું નહિ તે કોઈએ જાણ્યું નહિ. આંખો ઉઘાડી ત્યારે બધાએ જોયું કે, વકીલ વૃંદાવન ચંદ્રબસાક મૂર્છાવસ્થામાં જમીન ઉપર પડેલા છે. મૂર્છા વળ્યા પછી એ કહેતા હતા કે: “ માના મુખમંડલ ઉપર એક મહાપ્રકાશમય જ્યોતિ જોઈને હું એકદમ આભોજ બની ગયો.” આમ પૂજાની સમાપ્તિ થઈ અને આમ રાત પૂરી થઈ. આ વખતે બલિની વ્યવસ્થા નહોતી. પૂર્ણાહુતિ વખતે માએ કહ્યું: “ પૂર્ણાહુતિ અપાશે નહિ, યજ્ઞનો અગ્નિ રાખી મૂકો.” એ અગ્નિ હજુએ રમણા આશ્રમમાં સાચવી રાખેલો છે.

બીજે દિવસે મૂર્તિનું વિસર્જન કરવાનું હતું; નિરંજનની સ્ત્રી વિસર્જન માટે જોઈતું સાહિત્ય લઈને ઊભી હતી. એણે મૂર્તિનાં દર્શન કરીને માને વિનિત ભાવે કહ્યું: “ મા, આ મૂર્તિને વિસર્જન કરતાં મને દુઃખ થાય છે.” માએ કહ્યું: “ તમારા મુખમાંથી આ વચનો નીકળી પડયાં છે એટલે સંભવ છે કે, એ મૂર્તિને વિસર્જન થવાની ઇચ્છા નથી. ઠીક, પણ એની પૂજાનો બંદોબસ્ત કરવો પડશે.”

જુદાં જુદાં રૂપો ધારણ કરીને એ માટીની મૂર્તિ દસ વર્ષ સુધી એજ રીતે ઊભી રહેલી છે.

સને ૧૯૨૭ ના સપટેમ્બર માસમાં મા ચુનારથી જયપુર જતાં હતાં તે વખતે હું ચુનારમાં હતો. એમને ગાડીમાં બેસાડવા હું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્ટેશન ઉપર ગયો ત્યાં માએ મને ફોર્ટના પહાડ ઉપર એક સ્થાનનો ઉલ્લેખ કરીને કહ્યું: "એ સ્થળે તને એક ફૂલની માળા મળશે. પાછો જતાં એ માળા લઈ આવીને સાચવી રાખજે." હું એ માળા લઈ આવ્યો અને સાચવીને રાખી મૂકી. મા જયપુરથી પાછાં આવ્યાં ત્યારે એ માળા એમણે જોઈ. પછી મા જ્યારે ઢાકા ગયાં ત્યારે તપાસ કરતાં જણાયું કે, જે ફૂલની માળા રોજ કાલી મૂર્તિને ચઢાવવાની વ્યવસ્થા હતી તે વ્યવસ્થા ઉપર્યુક્ત દિવસે જળવાઇ નહોતી. વળી એકવાર મા કોક્સ બજારમાં સંધ્યાકાળે સમુદ્રતીરે ફરતાં હતાં તે વખતે હસતાં હસતાં એ બોલી ઊઠયાં: "મારો હાથ ભાંગી ગયોને? ભાગી ગયોને? તું જો, એ ભાંગી ગયો." બરાબર એજ રીતે ઢાકાની કાલી મૂર્તિનો હાથ ભાંગી નાંખીને ચોર લોકો ઘરેણાં લઈ ગયા હતા.

આ મૂર્તિ રમણા આશ્રમના ભોંયરામાં રાખવામાં આવી છે. દર વરસે વૈશાખ કે જેઠ માસમાં માના જન્મ દિવસના ઉત્સવ વખતે લોકો દર્શન કરવા આવે છે. તે વખતે એનાં દ્વાર ખુલ્લાં રહે છે. ભારતવર્ષમાં દેવ મંદિરનાં દ્વાર સર્વ માટે ખુલ્લાં મૂકવાં જોઇએ, એવું આંદોલન જાગ્યું તે પહેલાંથી માએ તો એવી વ્યવસ્થા કરી દીધી હતી.

એકવાર સિદ્ધેશ્વરીના સ્થાનકે વાસંતી પૂજા હતી. મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા વખતે મા ત્યાં ઉભાં રહીને એકીટસે કેટલીએ વાર તેમના સામું તાકીને જોઇ રહ્યાં. માટીની પ્રતિમાનાં ચક્ષુ તે વખતે જીવતા મનુષ્યના ચક્ષુ જેવાં ચેતનવંતાં જણાયાં.

માએ કહ્યું: "મારા તમારા દેહની માફક દેવદેવીઓના પણ દેહ છે અને જો આપણી શ્રદ્ધા અને ભાવના હોય તો, આપણને તેનાં દર્શન પણ થાય છે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

[૩]

ભાવવિભૂતિ

જેનો પ્રત્યેક ભાવ આનંદમય, આનંદ જ જેનું ઉપાદાન, આનંદમાં જ વસી રહેલ; જેણે જગતમાં આનંદલીલા કરવા માટે આનંદઘન મૂર્તિ ધારણ કરી છે, તેનામાં જીવ કલ્યાણાર્થે અનેક ભાવો ઉત્પન્ન થાય છે, ટકી રહે છે અને પાછા લય પામે છે; છેવટે એ એક ભાવમાં જ સ્થિત થઈને રહે છે. શાંત ચિત્તે જોઈએ તો, જણાય કે, મા બે રૂપે વિરાજી રહેલાં છે. એક બહારનું રૂપ અને એક અંતરનું રૂપ. આ બન્ને રૂપોની લીલા, એમનામાં ઓતપ્રોત થઈને પ્રકાશી રહી છે.

ઢાકા આવ્યા પછી ઘણોખરો સમય મા સૂઈને કાઢતાં હતાં. મેં સાંભળ્યું છે કે, અનિર્વચનીય મહાભાવના ઉન્માદમાં ભાનભૂલાં બનીને મા કોઈ કોઈવાર પહોરના પહોર ઊંઘમાં પડી રહેતાં. કીર્તન વખતે એમની લીલા વિશિષ્ટ રૂપે તરી આવતી હતી.

બંગાબ્દ ૧૩૩૨ અને ઈ. સ. ૧૯૨૬ માં શાહબાગમાં ઉત્તરાયણ સંક્રાન્તિ નિમિત્ત માના દરબારમાં જાહેર કીર્તન હતું. તે વખતે ચટ્ટગ્રામથી શ્રીયુત શશીભૂષણદાસ ગુપ્ત ઢાકા આવ્યા હતા. માને દેખતાં વેંત જ ભક્તિ અને શ્રદ્ધાથી એ ગળગળા થઈ ગયા. તે વખતે લોકોની બહુ ભીડ હતી. એમણે દૂરથી માનાં દર્શન કર્યાં અને અશ્રુધારાથી નવાઈ ગયા. એમણે મને કહ્યું: "જીવનમાં જે જોયું નથી તે મેં આજે જોયું. વિશ્વજનની તેજોમય મૂર્તિનાં આજે દર્શન કર્યાં." લગભગ દસ વાગ્યાને સુમારે કીર્તન શરૂ થયું. મા બેઠાં બેઠાં છોકરાંઓને સીંદુર (કંકુ) આપતાં હતાં, ઓચિંતાની એમના હાથમાંથી કંકાવટી પડી ગઈ. એ જમીન ઉપર ઢળી પડયાં; પછી ધીમે ધીમે ઊઠયાં અને પગના અંગુઠા ઉપર ખડાં થઈ ગયાં. એ હાથ ઊંચા કરીને માથાને એકદમ પાછળ પીઠ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉપર ટેકવીને આંખનો પલકારો માર્યા સિવાય ઊંચી દૃષ્ટિ કરીને એ જોઇ રહ્યાં, પછી એજ સ્થિતિમાં એમણે ચાલવા માંડયું. એમને સંપૂર્ણ ભાવાવેશ થઈ આવ્યો હતો. માથાના અને શરીર ઉપરના વસ્ત્રનો એમને કશો ખ્યાલ રહ્યો નહોતો. એમને પકડી રાખવા કોઈ સમર્થ થઈ શક્યું નહિ. એમનું શરીર નૃત્ય કરતું કરતું કીર્તનના સ્થાને જઇને પડી ગયું. જમીન ઉપર પડીને સુકાયલા પાંદડાની માફક આમથી તેમ ત્રીસ ચાલીસ હાથ સુધી માનું શરીર ગબડવા લાગ્યું. થોડી વારે સુતાં સુતાં એમના મુખમાંથી "હરે મુરારે કૈટભારે" નો સુમધુર ધ્વનિ નીકળવા લાગ્યો. નીશો કર્યો હોય તેવી માફક ધીમે ધીમે વિવશ શરીરે એ ઊઠીને બેઠાં થયાં. એમની બન્ને આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. કેટલીકવારે એ પ્રકૃતિસ્થ થયાં. તે વખતનું એમના મુખ ઉપરનું અપૂર્વ તેજ, મધુર ભાવ, ઇત્યાદિ જોઇને ઘણાએ કહ્યું કે, જે પ્રકારે ગ્રંથોમાં શ્રી ગૌરાંગ દેવના ભાવાવેશના પ્રસંગો વાંચેલા છે તેવો જ ભાવાવેશ શ્રી માના શરીરમાં અમે પ્રત્યક્ષ જોયો. સંધ્યાકાળે માએ કીર્તનમંડપમાં પ્રવેશ કર્યો. બપોરની માફક અત્યારે પણ એ ભાવાવેશમાં આવી ગયાં. કીર્તનીઆઓની સાથે એ પણ ઘૂમવા લાગ્યાં. એક પગ ઉપર ઉદ્દામ નૃત્ય કરતાં કરતાં એ દૂર સુધી ગયાં. પછી એમનું શરીર જમીન ઉપર ઢળી પડયું અને ઘણો વખત સુધી ભાવાવેશમાં એમ ને એમ પડી રહ્યું. આખરે એ ઊઠીને બેઠાં થયાં. પછી તો એમણે એવી એવી વાતો કરવા માંડી જેથી ત્યાં ભેગા મળેલા ભક્તોનાં હૃદય અમૃતરસથી તરબોળ થઈ ગયાં. માએ પોતાને હાથે ખીચડીનો પ્રસાદ વહેંચવા માંડયો. પ્રસાદ વહેંચવાની એમની સ્ફુર્તિ અને અલૌકિક માતૃભાવનું સ્ફુરણ જોઇને સર્વના મનમાં એવું જ થયું કે, ખુદ મહાલક્ષ્મી પોતે આ ધરાધામમાં અવતાર લઇને આવેલાં છે. શ્રી માની એ દિવસની લીલાવિલાસવૈભવમૂર્તિ જોઇને શશી બાબુ અને બીજા ઘણા, એ ભાવમાં મુગ્ધ થઇ ગયા હતા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નિરંજન કલકત્તાથી ઢાકામાં ઇન્કમટેક્ષ વિભાગનો એસીસ્ટંટ કમીશ્નર થઇને આવ્યો હતો. એક દિવસ સાંજે અમે બન્ને જણા શાહબાગમાં અમાવાસ્યાના કીર્તનમાં ગયા હતા. કીર્તનનો આરંભ થયો અને સાથે સાથે માને ભાવાવેશ થવા લાગ્યો, ભાવાવેશમાં બેઠાં હતાં ત્યાંથી ધીમે ધીમે એ સીધાં થવા લાગ્યાં અને પાછળ વળીને માથું પીઠ ઉપર ટેકવ્યું. પછી હાથ પગને ઊંચા નીચા કરીને ધીમે ધીમે એ જમીન ઉપર ઢળી પડયાં. એમના પ્રત્યેક શ્વાસપ્રશ્વાસે પગથી માથા સુધીનાં એમનાં તમામ અંગો ડોલવા લાગ્યાં, પછી એમનું શરીર જમીન ઉપર જાણે ગોટીમડાં ખાવા લાગ્યું. વીજળી અને વાવાઝોડાથી ઝાડ ઉપરથી ખરી પડેલાં પાંદડાં જેમ આમથી તેમ ઊડયા કરે તે પ્રમાણે માનું શરીર આમથી તેમ ગબડવા લાગ્યું. આમ શું થાય છે તે સાધારણ માણસો બહુ એ વિચાર કરવા છતાં સમજી શકયો નહિ. બધાના મનમાં એવું થયું કે, સંજ્ઞાહીન વિવશ શરીરે લીલામયી મા, ભાવના તરંગમાં મસ્ત અને મેશગૂલ થઇ ગયાં છે. માથાના અને શરીરના વસ્ત્રનું એમને કશું ભાન નહોતું. એમને પકડી રાખવા માટે ઘણીવાર પ્રયત્નો કરી જોયા પણ તેમ કરવા કોઈ સમર્થ થયું નહિ. મા કેટલીકવાર જડની માફક પડી રહ્યાં. એ અખંડ રસમાં ડૂબી રહેલાં હોય એવું જણાતું હતું. એમના મુખ ઉપર દિવ્ય જ્યોતિનો પ્રકાશ જળહળી રહ્યો હતો. એમનું આખું શરીર આનંદથી છલાછલ ભરેલું હતું. માની ભાવાવસ્થાની શરૂઆતથી જ નિરંજન દેવી સ્તોત્રનો પાઠ કરતો હતો. એણે મને કહ્યું: “આજે મેં સાક્ષાત્ દેવીનાં દર્શન કર્યાં.”

વળી એક દિવસ શાહબાગમાં ઘણા લોકો કીર્તન માટે ભેગા થયા હતા. કીર્તન ધીરે ધીરે ચાલ્યા કરતું હતું. પૂર્વોક્ત અમાવાસ્યાની રાત્રિની માફક માને ભાવાવેશ થઈ આવ્યો; પરંતુ આ વખતે મા બેઠાં બેઠાં જ ધીરે ધીરે જમીન ઉપર ઢળી પડયાં. શ્વાસપ્રશ્વાસની સાથે હાથ પગ લાંબા ટૂંકા કરીને એ ઊંધું ઘાલીને સૂઈ રહ્યાં. પછી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગોળ દડાની માફક ગબડવા લાગ્યાં. કેટલીકવારે ઉન્માદિનીની પેઠે એકદમ કોઇ પણ જાતના આધાર વગર એ ધીરે ધીરે ઊભાં થઈ ગયાં અને પગનાં બન્ને અંગુઠા ઉપર કેટલીએ વાર ઊભાં રહ્યાં. તે વખતે એમના શ્વાસપ્રશ્વાસનો વેગ ઓછો થતો જણાયો. એમણે પોતાના બન્ને હાથ આકાશ તરફ ઊંચા કરેલા હતા. એમના પગનાં અંગુઠા ઉપર જ એમનું આખું શરીર તોળાયલું હતું. એમનું માથું પાછળ વાંકું વળીને એમની પીઠ સાથે જડાઈ ગયું. આ સ્થિતિમાં આંખનો પલકારો માર્યા સિવાય સ્થિર દૃષ્ટિએ એ ઊંચું જોતાં ચાલતાં હતાં. લાકડાના પૂતળાને જેમ કોઇ અદૃશ્ય હાથ ચલાવે તેમ માને જાણે કોઇ અદૃશ્ય હાથ ચલાવતો હોય તેમ એ ચાલતાં હતાં. એમની બન્ને આંખોમાંથી નર્યું તેજ ઝરતું હતું. એમના મુખ ઉપર હાસ્ય અને પ્રફુલ્લતાના ફુવારા ફૂટી રહ્યા હતા. કેવળ બે પગના બે અંગુઠા ઉપર અંગ ટેકવીને કીર્તનની સાથે સાથે અપલક ઊર્ધ્વ દૃષ્ટિથી ઊંચા હાથ કરીને હવામાં ચાલતાં હોય તેમ એ ચાલવા લાગ્યાં. એમના શરીરની ગતિ જાણે ઉપરની તરફ ખેંચાતી હતી. આ સ્થિતિ ઘણો વખત રહી; પછી એક ઠેકાણે આંખો મીંચીને એ જ ભાવે એ જમીન ઉપર પડી ગયાં. ઘણીએવાર માનું માથું સીધું થઈ જતું પણ આજે તેવું કાંઈ બન્યું નહિં. એક અચેતન માંસના લોચાની માફક એમનું શરીર જેમનું તેમ પડી રહ્યું. બીજે દિવસે સવારે દસ વાગ્યાથી એ ધીમે ધીમે પ્રકૃતિસ્થ થવા લાગ્યાં અને સાંજે હતાં તેવાં સ્વાભાવિક સ્થિતિમાં આવી ગયાં.

એકવાર નિરંજનને ઘેર કીર્તન હતું. બધાંએ અને ખાસ કરીને નિરંજનનાં વૃદ્ધ માતા, માને મહાભાવમાં આવેલાં જોવા માટે બહુ ઉત્સુક હતાં. એમણે મનમાં ને મનમાં પ્રાર્થના કરી કે: "માતાજી, તમારી ભાવાવિષ્ટ મૂર્તિનાં દર્શન કરાવો." જે ઘરમાં કીર્તન થતું હતું તેની જોડેના ઘરમાં મા સૂઇ રહ્યાં હતાં. ત્યાંથી એ ઓચિંતાં કીર્તન થતું હતું ત્યાં આવી પહોંચ્યાં અને અલૌકિક ભાવે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કીર્તનમાં જોડાયાં. ઊંચા હાથ કરીને પ્રેમાવેશમાં નાચતાં નાચતાં એ જમીન ઉપર પડી ગયાં. સંજ્ઞામાં તો એ તરત જ આવ્યાં પણ તદ્દન મૌન બની રહ્યાં.

ઉપર જણાવેલાં લક્ષણો ઉપરાંત એમના ભાવદેહના પ્રકાશનો વેગ એટલો બધો હતો કે તેનું ભાષામાં વર્ણન કરી શકાય તેમ નથી. જ્યારે એમનું શરીર વળવા માંડતું ત્યારે કોઈવાર લાંબુ અને કોઈવાર ખૂબ ટૂંકું થઈ જતું. કોઈવાર માંસના લોચાની માફક ગોળ આકાર ધારણ કરતું. કેટલીક વખત તો એવું થતું કે, આ શરીરમાં હાડકું જ નથી કે શું? રબરના દડાની માફક જમીન ઉપર એ નાચતાં કુદતાં ચાલતાં હતાં. એમના દેહનું હલનચલન વીજળીના ચમકારાની માફક એટલી ત્વરાથી થતું હતું કે તીક્ષ્ણ અને ચકોર આંખ પણ એ ગતિનું પૂરેપૂરું નિરીક્ષણ કરવામાં પાછી પડી જતી હતી.

તે વખતે આપણને એવું જ લાગે કે, આ શરીર શ્રી માતાજીનું ન હોય; કોઇ સ્વર્ગીય ભાવનો પ્રવાહ જાણે માના શરીરનો આશ્રય લઈને નૃત્ય કરી રહ્યો છે. એમનું આખું શરીર રોમાંચિત થઇ ઊઠતું હતું. એમના દેહનો વર્ણ લાલ લાલ થઇ જતો. એમનામાં દૈવી ભાવનાં સ્વતઃસ્ફુરિત લક્ષણોનો અવિર્ભાવ થવાથી એમના દેહનું લાવણ્ય અભૂતપૂર્વ બનીને જાણે આખા દેહમાં રમી રહેતું.

કેટલીક વખત ઉન્માદિનીની માફક એ નાચતાં ત્યારે તો એમનું લલિત નૃત્ય એમના દેહને પણ જાણે વટાવી જતું. કેટલાકવાર અગાધ સાગર જેવી ગંભીર શાંતિ ધારણ કરીને ભક્તજનોના હૃદયમાં એ સંપૂર્ણ, શાંત અને ગંભીર ભાવ જગાડતાં. તે વખતે એમના મનની ~~અને તનની~~ ગતિ જાણે સમૂળગી અટકી જતી. ત્યારે એમને જોઇને આપણને એમ જ થાય કે, એ ઉપર જણાવેલી વિભૂતિથી ઘણે ઊંચે ગયેલાં છે. ~~એમના શરીરના ભીતરમાંથી એ બાબતની સાક્ષી પૂરતો જાણે કોઇ અદૃશ્ય ઇસારો બહાર પડતો હોય તેમ જણાતું.~~

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક દિવસ માને મેં પૂછ્યું: "જ્યારે તમને ભાવાવેશ થાય છે ત્યારે તમારા શરીરમાં કે આંખમાં કોઇ દેવતાનો આવિર્ભાવ થાય છે ખરો?" માએ કહ્યું: "મારૂં લક્ષ્ય કોઇ ઠેકાણે બંધાયલું રહેતું નથી, તેમ તે જાણવાનું કાંઈ પ્રયોજન પણ હોતું નથી. તું જે ભાવાવેશનું લક્ષણ જોવા ઇચ્છે છે, તે આ શરીરમાં કોઈ કોઇ વાર દેખા દે છે. જ્યારે કોઇ પણ કાર્ય સંપૂર્ણ ભાવ વડે થાય છે, ત્યારે એ કાર્યની તદ્રુપતા દેખાયજ દેખાય. નામજપમાં જો તન્મયતા આવી જાય તો રૂપસાગરમાં ડૂબી જ જવાય. નામ અને નામી, એ બેનો અભેદ થવાથી બાહ્ય જગતનો ભાવ લુપ્ત થઈ જાય છે અને નામની સ્વયંપ્રકાશ શક્તિ આપોઆપ પ્રકાશી નીકળે છે."

કીર્તન વખતે જ્યારે માનું શરીર લોકાતીત અવસ્થાને પ્રાપ્ત થાય છે ત્યારે માને મુખે સાંભળ્યું છે કે, જળ, અગ્નિ માટી, પશુ, પંખી અગર કોઈ પણ દશ્ય પદાર્થ જોતાંજ કોઈ કોઈ વાર તે રૂપ બની જવાય છે. વટોળિયો જોઇને કપડાંની માફક એમનું શરીર ઊડીને પવન સાથે મળી જવા પ્રયાસ કરે છે; પણ તે વખતે કોઇ ગંભીર અવાજ (જાણે શંખનો અવાજ) સાંભળીને એમનું શરીર પથ્થરની માફક અચલ બની જાય છે. શ્રી માનો ખ્યાલ એવો છે કે, જ્યારે આવો કોઇ ભાવ એમને આવી જાય છે ત્યારે એની અનુરૂપ ક્રિયા એમના આખાએ દેહમાં વ્યાપક બનીને આપોઆપ બહાર દેખા દે છે.

એકવાર છોકરાંઓની જોડે એ હસવા રમવામાં જોડાયાં તે વખતે એ એટલું બધું હસવા ઉપર ચઢી ગયાં કે એક કલાક સુધી એ હસવું ખાળી શક્યાં નહિ. બે એક મીનીટ હસવું બંધ રહે અને પાછું શરૂ થાય. તે વખતે એમના મુખ અને આંખનો ભાવ સાધારણ લાગતો હતો. બધાંને માની એ અવસ્થા જોઈને બીક લાગી ગઈ. પછી ધીરે ધીરે આપોઆપજ એ પ્રકૃતિસ્થ થયાં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એકવાર ઢાકાથી એ કલકત્તા આવતાં હતાં. સ્ટેશન ઉપર સ્ત્રી, પુરુષ, છોકરાછોકરીઓ, વગેરે ઘણાં માણસો એમનાં દર્શન માટે આવેલા હતા. એ બધાએ ખૂબ ઘોંઘાટ કરી મૂક્યો હતો. માએ પણ એમની સાથે મળી જઇને પોતાના આખાએ દેહને ઉલટ પાલટ કરી નાખીને એવું ધાંધલ કરી મૂક્યું કે, એમને ઝાલી રાખવાનું મુશ્કેલ થઇ પડયું. સ્ટેશન ઉપર ઘણાં માણસો હતાં. બધાંએ કહેવા લાગ્યાં કે, કદાચ આ છોકરીને એના બાપના ઘેરથી લઈ જતાં હોવાં જોઇએ. એમનો એ વેગ, બાર વાગ્યાથી તે છેક સાંજ સુધી રહ્યો એ. આખરે થંભી ગયો.

એકવાર એમણે મને પ્રશ્ન પૂછયો: "હસવાનું અને રડવાનું કેન્દ્ર ક્યાં છે?" મેં કહ્યું: "જો કે હસવા રડવાનો પ્રવાહ મસ્તકમાંથી ઉદ્ભવ પામે છે પણ એનું કેન્દ્ર હૃદયનું મર્મસ્થાન છે." માએ કહ્યું: "ના, આ હસવા રડવામાં પ્રકૃતભાવ રહેલો છે. એનો વેગ સર્વાંગમાંથી ફૂટે છે." હું એ વાત બરાબર સમજ્યો નહિ, તેથી છાનો-માનો બેસી રહ્યો. કેટલાક દિવસ પછી સવારમાં હું આશ્રમમાં ગયો. મા મળ્યાં, એટલે મેં એમને પૂછ્યું: "મા, કેમ છો?" મા કોઇ અદ્ભુત બળથી બોલી ઉઠયાં: "ખૂ–બ સા–રી છું" આ શબ્દોના ચડકારાથી હું ચાલતો ચાલતો એકદમ અટકી પડયો. મારા માથાથી તે પગ સુધીનાં તમામ અંગો જાણે કોઇ અદ્ભુત ભાવે નાચવા લાગ્યાં. મા તે જોઇને બોલ્યાં: "કેમ હવે સમજાય છે, હસવાનું સ્થાન ક્યાં છે તે? શરીરના કોઇ પણ વિશેષ અંગમાં જ્યાં સુધી કોઇ પણ ભાવ બંધાયલો રહે છે ત્યાં સુધી પૂર્ણ ભાવ કહી શકાય નહિ."

શ્રી માના મુખે સાંભળ્યું છે કે, જ્યારે સાધક ઇશ્વર ભાવમાં એકમુખી થાય છે ત્યારે બાહ્ય જગતનું પ્રતિકૂળ વાતાવરણ સાધકની ભાવધારાને નડતર રૂપ બનીને એને હચમચાવી નાખે છે;

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અરે, એથીએ આગળ વધીને કહું તો, તે વખતે કોઈ માણસ પશુ, પક્ષી, વૃક્ષલતા ઇત્યાદિને પ્રહાર કરે તો જાણે એ સાધક ઉપરજ પ્રહાર કર્યો હોય તેમ સાધકના મનમાં બહુજ વ્યથા થઈ આવે છે. પારકાનો કલહ, આનંદ કે ઉત્સવના તરંગો પણ સાધકનીઈ ઉ ર એકતાનતાને આઘાત કરે છે.

જ્યાં સુધી સાધકના બાહ્ય જગતના સંસ્કાર બળવાન હોય છે ત્યાં સુધી એમની જ્ઞાનેન્દ્રિયોનો વિષય બનનારા સર્વ પદાર્થો એમના "હું" ની અંતર્ગત રહેલા હોય છે; તેથીજ એક વૃક્ષ ઉપરથી પાન પડે તો પણ તેના પડવાનો અવાજ ચિત્તભૂમિને કંપાયમાન કરી દે છે. શ્રી મામાં સ્વતઃ સ્ફુર્ત કર્માદિનો પ્રથમ ઉન્મેશ જણાયો ત્યારે એમનામાં પણ તેવોજ ભાવ પ્રકટ્યો હતો.

મહાભાવમાંથી જ્યારે શ્રી મા પાછાં શાંત ભાવમાં આવતાં ત્યારે એમના શરીરમાં નાના પ્રકારની યોગક્રિયાઓ આપોઆપ બહાર પડતી. એ અવસ્થામાં એમના શરીરમાંથી પ્રથમ એક સ્પષ્ટ ધ્વનિનો ગુંજારવ સંભળાતો. તે પછી થોડીવારે જેમ વાવાઝોડાના તોફાની આઘાતથી સમુદ્રના તરંગોનો પ્રવાહ વહેવા માંડે તેમ દેવભાષામાં મધુર છંદવાળી સત્ય વાણી એમના મુખમાંથી આપોઆપ અનર્ગલપણે વહેવા માંડતી. તે વખતે આપણને એવો ખ્યાલ આવે કે, મહાવ્યોમમાંથી વિવિધ રાગણીઓના અપૂર્વ ઝંકાર સાથે સત્યે વાણીનું મૂર્ત સ્વરૂપ ધારણ કર્યું છે. એમના મુખમાંથી એ છંદોબદ્ધ સંસ્કૃત વાણી ટપકતી, તે વખતે એમના ઉચ્ચાર કેટલા બધા શુદ્ધ, સાવયવ છંદોનો કેટલો હૃદયસ્પર્શી પ્રવાહ, એમના મુખ ઉપર રમી રહેલું કેવું પાવન નિર્મળ તેજ—આ બધું આપણને છક્ક જ કરી નાખે. ભલભલા પંડિતો હજાર પ્રયત્ને પણ આવી છટા અને શૈલીથી એ મંત્રો અને સૂક્તો ભણી શકે કે કેમ તે શંકા છે. આ સ્વતઃ સરી પડતી વાણીની અર્થ-સમૃદ્ધિમાં વિદ્વદ્‌મંડલી પણ સ્તંભિત થઈ જતી. એમની ભાષા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ સ્તોત્રમાં વપરાયલા કેટલાક પ્રચલિત બીજના મુખ્ય મુખ્ય અર્થ નીચે આપેલા છે.

लं = પૃથ્વી, વિમલા, વેદાર્થસાર, નારાયણ

यं = વાયુ, કાલી, પુરૂષોત્તમ, ચામુંડા, યુગાન્તર–વસન

वं = વરુણ, વિષ્ણુ

तं = હરિ

अं = આકાશ, સર્વેશ

आं = નારાયણ અનન્ત

सं = હંસ, જગદ્દ, બીજ, સોહં, પરમાત્મા

हं = પરમાત્મા, હંસ, શિવ

हौं = પ્રાસાદાખ્ય શિવબીજ

झां = રુદ્ર, મહારૌદ્રી

कं = મહાકાલી, કામદેવ, વાસુદેવ, અનન્ત

क्रों = શક્તિબીજ, કાલીબીજ

ह्रीं = તારાબીજ, ભુવનેશ્વરીબીજ, માયાબીજ

भां = અનન્ત વિશ્વમૂર્તિ

બંગાળી સંવત ૧૮૩૬ ના વૈશાખમાં શ્રી મા નવ પ્રતિષ્ઠિત રમણા પ્રાન્તરસ્થ આશ્રમમાં ચોવીક કલાક રહીને એકદમ ભક્ત ગણની વિદાય લઈને ત્યાંથી એક વસ્ત્રે બહાર નીકળી પડયાં. એ વખતે એમના શ્રીમુખમાંથી ભાવાવેશમાં સ્વાભાવિક રીતે જ એક સ્તોત્ર નીકળી ગયું. એ સ્તોત્ર ઘણીવાર બોલાયું. પછી એને લખી લેવા માટે માએ ભક્તોને અનુમતિ આપી; પરંતુ આવેશજડિત કંઠમાંથી નીકળતા એ સ્તોત્રનો ઘણો જ થોડો ભાગ લખી શકાયો છે અને જેટલો ભાગ લખી શકાયો છે, તે પણ યથાર્થ રીતે લખાયો છે એમ તો ન જ કહી શકાય. તો પણ કીર્તન પહેલાં સાંજ સાથે એ સ્તોત્ર ગાવા માટે એમણે અનુમતિ આપી હતી. નીચે એ સ્તોત્રનો યથાશક્ય મર્માનુવાદ આપેલો છે.

પન્ના સંયોગ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"તમે જ્યોતિ સ્વરૂપ છો, ભાવનાયક છો, તમે પ્રકટ થાવ. તમારામાંથી અવિરતપણે આ સૃષ્ટિ જાળનો વિસ્તાર થયો છે; તમે ભવભય હારી છો, તમે પ્રકટ થાવ. તમે અખિલબીજ સ્વરૂપ છો, તમારામાંથી જ અમે અવસ્થાન પામેલાં છીએ; વળી અમારા આ ભક્તો છે, તેમનામાં પણ તમે વિરાજી રહ્યા છો. જેનાથી તમે પ્રત્યક્ષ થાવ છો તેનાથી તમે ભવભયહરણ કરો. હે સર્વદેવમય, અમારામાંથી જ તમે અને અમે જ વિશ્વજગત. આ સમસ્ત જગતની જે અધિષ્ઠાનભૂમિ છે, જે તારણમય છે, એવા ભવભય નાશકારીનો વિચાર કરો. તમે નિત્ય તમારા પોતાના જ સ્વભાવનો આશ્રય કરીને રહ્યા છો. તમે જ પ્રણવને જ સી દેનારો છો, અર્થાત વેદસમૂહની તમેજ પ્રતિષ્ઠાભૂમિ છો, તમે સમરસ છો, નાદબિંદુઆત્મક છો, કામકામેશ્વરીરૂપ દીવ્ય મિથૂન છો, તમે ભવભયનો નાશ કરો છો, હું તમારી શરણાગત, તમે જ મારા આશ્રય, તમે મને તમારામાં આકર્ષણ કરી લો. તમે તોરેક છો; તમારાં બે જાતનાં રૂપ છે— મોક્ષદાતા અને મુમુક્ષુ જીવ. અમારાથી બધું સ્વરૂપમય છે. અમારાથી બધું, અમારામાં જ સકલ આશ્રયની પ્રતિષ્ઠાભૂમિ છે, અમે તેજ પ્રણવોપવિષ્ટ કારણ, અમે જ મહામાયા અને મહાભાવમય, અમારામાં જે ભક્તિ છે, તેજ મોક્ષનો હેતુ છે. સકળ અમારું છે; અમારામાંથી જ રુદ્રનું રુદ્રત્વ. અમે તે જ કાર્યકારણાત્મક રુદ્રની સ્તુતિ કરીએ છીએ.

(૨)

नामःस्मरणं सर्व छत्तम् ।
सविनय मय भवतः ।
यसमेदनामं सर्व भूतेसी समन्वयेः
सर्व स्वरुपे नित्यं अनित्यं ममः ।
स्वेभवयानः सिहं हाक्रर सविस्मये नमः नः स्वययं;
नः मिव भव सिहं संचित मादने स्वयास्मितिस्मृति,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

र विपरनमं भवः तमा हं ।
माया बिभित मादने छरने मेस्वहं
छ पिपातने मातंगं साहारणं
रंजितं शोभिवतः मिजने जानं
र तिन वेत्तः वेदनं मिदाहनं स्वपिप सार नमेः
छ तिन माहं स्वापिपा सनमं
रोग कान्ति तिनमें स्वहं
यः विव मातयेः

(३)

यं तारिणी यत् सर्वे स म यौ तिपारितं हस्ते संस्ते जगम् ।
रुपादित्यं करुणे रौद्रस्य रुपकारस्मि छन्ते निमितनमं ॥
आः इः उः हं सं रं लं यं सं हं हं ज्ञां क्रीं अं गं गं गं ।
रां रां रां रोम् रोम् रोम् ॥ द्रवेदित्यं शान्तशिष्यै स्थेस्थानित्यं ॥
रिपुकारणम् महामाये आलक्तिल्लं गाः गीः सं स्तजस्मि ।
फेन्लनं अग्रेपित क्रेस्तनं आं दं पिं आः सः वित्रदयं नः सौः रितीः ॥
अं शं सां रां रां....ह्रीं ह्रीं धनमेदित्यः अहम् स्तेजगम् ॥
आं आं इं...ॐस्तेजस्य स्वर पैर्गेषुशास्ति सेवतं इत्र निराहारां।
समिदेः यं पुरानिता अन्ये पे ञ क उम्अर निरात्रिस्त्वं यशमेदि
पुराणेलभिदा दनमे दात्तां रक्षक मयासितंजनमेशास्ति स्वरुपिणी
विद्या रुद्रात्तनमे अन्नपूर्णा सन्निदत्तायशं वेदा विह्लां स्मरणे
स्मरणान्वितं ॐकारस्य समेशं यत्वात्तनमे क्रीं रं
शान्ति अभवा विभूषितं ! ! !

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૪)

ॐ स्वस्ति, ॐ स्वस्ति, ॐ स्वस्ति
श्रद्धार्थनं शंकट उवाच
नैसृंह उग्गता नमे ।
नरोरुप भ्रमन्वये:
संस्ति चं भ्रुतपाः महत् मयायां
ष्टसना रुद्रं पियाम्ब मेः ।

જ્યારે હું આકુળવ્યાકુળ થઈ ગયો હતો, ખૂબ મૂંઝાઈ ગયો હતો, ત્યારે ઓચિંતાં એક દિવસ શ્રી માના શ્રી મુખમાંથી ઉપલો ચોથો શ્લોક નીકળી પડ્યો. રોજ સવાર સાંજ એનો પાઠ કરવાનો મને આદેશ હતો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

[૪]

યોગવિભૂતિ

મા કહેતાં હતાં કે, એમના શરીરમાં એકવાર શાસ્ત્રનિર્દિષ્ટ વિવિધ પ્રકારનાં આસન, બંધ, મુદ્રા વગેરે સ્વતઃસ્ફુરિત થઈ ગયાં હતાં અને એવી અવસ્થામાં એ કેટલાએ દિવસ રહ્યાં હતાં. એ બધી યૌગિક ક્રિયાઓ ઘણીએવાર લોકોની સમક્ષ પણ થઇ જતી. એ સંબંધમાં મા કહેતાં કે, જેમ બીજને જમીનની અંદર અંધકારમાં રાખવામાં આવે છે ત્યારે અંકુર ફૂટે છે તેમ જીવની સાધન અવસ્થામાં પ્રત્યક્ષ કર્મોની પરોક્ષ રીતે અંકુરો ફૂટે છે.

વખતોવખત એમના હાથ, પગ, શિરોદેશ એટલા બધા વાંકા વળી જતા કે, આપણને એમજ લાગે કે, હવે એ સીધા જ નહિ થાય. મા કહેતાં કેઃ "કોઇ વાર મારા શરીરમાંથી જ્યોતિની છટા બહાર નીકળીને ચારે દિશાઓ ઉજાળી દેતી હતી, અને એ જાણે આખા વિશ્વમાં પથરાઈ જતી." એ અવસ્થામાં એ વખતોવખત આખું શરીર લૂગડાથી ઢાંકી દઈને એકાન્તમાં પડી રહેતાં.

તે વખતે એમના શરીરમાંથી એક એવી દિવ્ય શક્તિનું સ્ફુરણ થતું કે, એમના સામું જોતાં લોકો પોતાનું ભાન ભૂલી જતા અને કેટલાક તો એમનાં ચરણનો સ્પર્શ કરતાં કરતાં મૂર્છિત થઇ જતા. તે વખતે મા જે જે સ્થાનમાં બેસતાં કે સૂતાં, તે તે સ્થાન આગની માફક ગરમ લાય જેવું બની જતું.

ઢાકામાં મેં જાતે શ્રી માને ઘણાં ઘણાં આસનો કરતાં જોયાં છે. કેટલીક વખત તો એમના શરીરની શ્વાસપ્રશ્વાસની ક્રિયા એટલી બધી ધીમી ધીમી ચાલે કે, જાણે એમનો શ્વાસ ચાલતો સમૂળગો બંધ થઈ જશે કે શું, એવી આપણને શંકા પડે. એકવાર માને કેટલાક આસનોના ફોટા બતાવવામાં આવ્યા. તે જોઈને એમણે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કહ્યું કે: " અમુક ફોટામાં ઉરુ, અમુકમાં પગ, અમુકમાં શિર વગેરેની યોજના બરોબર જણાતી નથી. "

જેમને જેમને એમના સમાગમનો લાભ મળ્યો છે તેવા ઘણાએ જોયું છે કે, કલાકોના કલાકો મા એક આસન ઉપર કોઈપણ જાતની વ્યથા વિના બેસી રહેતાં. કેટલીક વખતે વાતો કરતાં કરતાં એ ઓચિંતાં ચૂપ થઇ જતાં. કલાકોના કલાકો એમનું હલનચલન બંધ રહેતું. તે વખતે એમની દૃષ્ટિ સ્થિર, શાંત અને સ્નેહભરી જણાતી. એમનામાં એક વિશેષ ખૂબી એ તરી આવે છે કે, એ અંતરના વિરાટ્ આનંદમાં ડૂબકાં મારી રહ્યાં હોય તેજ વખતે બાહ્ય જગતમાં શરીર દ્વારા એ લૌકિક વ્યવહારમાં પણ પ્રવૃત્ત થએલાં હોય. ઘણીએ વખતે એવું એ જોવામાં આવેલું છે કે, યાદ ન કરાવીએ તો એમને ટાઢ તડકાનો તેમજ ખાવાપીવા વગેરે સ્વાભાવિક કર્મોનો પણ ખ્યાલ રહેતો નહિ અને યાદ કરાવીએ તોપણ તરતને તરત તો એમનામાં સ્વાભાવિક ભાવ જાગ્રત થતો જ નહિ. ~~કેટલીકવાર દિવસોના દિવસો એમનામાં એક જ ભાવ રહેતો. ચાલવા માંડે તો ચાલ્યા જ કરે, વાતો કરવા બેસે તો વાતો જ કર્યા કરે, હસવા બેસે તો હસ્યા જ કરે; અને કેટલીક વાર તો પાણીને બદલે ભાત અને ભાતને બદલે શાક એવી પણ ભૂલો એમનાથી થઇ જતી.~~ ઘણા પૂછે છે કે, શ્રી માની વિભૂતિનું કાંઈ દૃષ્ટાંત છે ખરૂં ? એમનું પળે પળનું જીવન વિભૂતિવાળું છે. એમના ચિર કલ્યાણમય જીવનના થડકારાથી શુષ્ક અને નિરસ પણ થન થન નાચી ઊઠે છે, એમની સ્વતોદ્‌ગત ઇચ્છા-શક્તિના પ્રભાવથી અજાણતાં પણ મનુષ્યો અધ્યાત્મ પંથે વળતાં. એમની કોઇ વિભૂતિનો હું પરિચય ~~ન આપું તોપણ~~ હું એ પ્રશ્ન પૂછનારને કહું કે, તમે કેટલાક દિવસ માના સમાગમનો લાભ મેળવો અને એમની વિભૂતિનો સ્વાભાવિક રીતે જ અનુભવ કરીને કૃતાર્થ થાવ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક દિવસ હું અને નિરંજન શાહબાગમાં ગયા હતા. માતાજી અને પિતાજી બેઠેલાં હતાં. માની સામે જમીન ઉપર કેટલાંક ચિત્રો ચીતરેલાં હતાં. પિતાજીએ કહ્યું: " તમારી માએ ષટ્ચક્ર ચીતર્યું છે." મા બોલવા લાગ્યાં: " આજ બપોરે મંદગતિએ ચાલતાં ચાલતાં એકાએક આ સ્થાને આસનસ્થ થઈને હું બેસી ગઈ. બ્રહ્મ તાલુ (તળાવ) માંથી બરાબર મેરુ દંડના છેડા સુધી મારા હાથની આંગળીઓ વડે (કોઇ ઠેકાણે ત્રણ આંગળ, કોઈ ઠેકાણે ચાર આંગળને આંતરે આંતરે) મળવા લાગી એટલે ખ્યાલ આવવા લાગ્યો કે, તે તે સ્થાને એક એક ગ્રંથી છે. મેં જોયું કે, મૂલાધારથી ક્રમે ક્રમે ઊંચે સૂક્ષ્મથી સૂક્ષ્મતર અનેક ગ્રંથીઓ છે; તેમાં કેટલીએક ~~મોટી મોટી~~ પ્રધાન ગ્રંથીઓ છે; તે મેં અહિં ચીતરી છે. ચીતરવાની ઇચ્છા કરીને ચીતરી નથી, મારો હાથ એની મેળેજ ઇચ્છા વિના ફરવા લાગ્યો અને એણે આ ચિત્ર ચીતરી કાઢ્યું. એ યાદ રાખવા જેવું છે કે, આ બધી ગ્રંથીઓ અગર નાડી જાળાંના સંયોગક્ષેત્રમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ ઇત્યાદિજનિત મનુષ્યના જન્મમૃત્યુના સંસ્કાર આબદ્ધ રહેલા છે. વાયુ અને પ્રાણરસ ~~કોઈ વખત જલદી~~થી અને ~~કોઇ વખત~~ ધીરે ધીરે ~~આની અંદર~~ પ્રવાહિત થઈને મનુષ્યનાં કર્મ અને ભાવને ગતિ આપે છે. જેમકે પૃથ્વી ઉપર જળ, જળ ઉપર તેજ, તેજ ઉપર વાયુ, અને વાયુ ઉપર મહાવ્યોમ. તેવીજ રીતે મનુષ્ય શરીરની અંદર પણ એક એક કરીને પાંચ કેન્દ્રો સ્થિત રહેલાં છે. વિચાર કરતાં આપણને સમજાય છે કે, જ્યારે મનનો ભાવ શુદ્ધ અને આનંદમય ~~બની જાય~~ છે, ત્યારે પ્રાણવાયુ શરીરમાં ઊર્ધ્વે ~~અતિશે~~ વિચરણ કરે છે. જેમ પુષ્કરિણીના તલ પ્રદેશમાં જલનો આદિ સ્રોત છે, વૃક્ષના મૂળમાં પ્રાણરસનું આકર્ષણ કેન્દ્ર છે, તેવીજ રીતે મનુષ્યના મેરુ દંડના છેવટના છેડે જીવન શક્તિની આદિસ્વરૂપ એ મહાશક્તિ સુપ્ત ભાવે રહેલી છે. શ્રદ્ધા અને ધૈર્ય વડે બાહ્ય અને આંતર શુદ્ધિ ક્રિયાનું સ્પન્દન વાયુ દ્વારા વહીને જ્યારે મુખ્ય મુખ્ય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નાડીના કેન્દ્રોને હલાવી મૂકે છે ત્યારે મૂલાધારની બંધાઇ ગએલી શક્તિ ઉન્મુખી બનીને એકેકે ગ્રંથીને ભેદીને ક્રમે ક્રમે જેટલે દરજ્જે ઊર્ધ્વગામી થાય છે તેટલે દરજ્જે સાધકની જડતા અને સંસ્કાર લય પામે છે. એ ગ્રંથીમોચનની સાથે સાથે બાહ્ય જગતના રૂપરસાદિ તરફની આસક્તિ અને સંસ્કાર શિથિલ થતા જાય છે. એ ઉન્મુખી શક્તિ ભ્રુકેન્દ્ર (ભવાં) માં પહોંચે એટલે વાયુની ગતિ સર્વત્ર સરળ અને વિશુદ્ધ બની જાય. ત્યારે સાધક હું કોણ? જગત કોણ? સૃષ્ટિ કોણ? ઇત્યાદિના સ્વરૂપનો થોડો થોડો અનુભવ કરવા માંડે છે. આ અવસ્થામાં પ્રતિષ્ઠિત થએ સંસ્કારના મૂળનો ઉચ્છેદ થાય છે એટલે ઉત્તરોત્તર ધ્યાનાદિની ગતિ ઊર્ધ્વ~~જાથતાં સાધક~~ ઊર્ધ્વતર સોપાન ઉપર આરૂઢ થાય છે. છેક છેલ્લે સ્થાને પહોંચ્યા પછી સાધક મહાભાવમાં લીન થાય છે. અર્થાત સ્વરૂપે સ્થિતિનો લાભ થાય છે. અગર તો સમાધિ સ્થિતિમાં શાંતિ પ્રાપ્ત કરે છે. આ બધી ગ્રંથીઓ ખુલવાની સાથે સાથે પ્રથમ પ્રથમ સાધક જુદી જુદી જાતના ધ્વનિઓ સાંભળે છે. વખતોવખત એને એવું સમજાય છે કે, આ શંખ અને ઘંટાના અવાજ જેવા શબ્દતરંગો એક વિશ્વવ્યાપિ મહાધ્વનિના સાગરમાં મળી જાય છે, તે વખતે બહારનો કોઈ પણ ભાવ કે વસ્તુ સહેજ સહેજમાં એના ચિત્તને ખેંચી શકતાં નથી. સાધક જેટલો આગળ વધે તેટલો એ મહાધ્વનિના અમૃતપ્રવાહમાં રેલાતો જાય. છેવટે મહાધ્વનિના અગાધ ઊંડાણમાં એનું ચિત્ત અખંડ સ્થિતિને પ્રાપ્ત કરે છે.”

શ્રી માની આ ઉક્તિના લગભગ બે ત્રણ વરસ પછી Justice Woodroffeના Serpent Power નામના પુસ્તકમાંનો ષટ્ચક્રનો ફોટો માને મેં બતાવેલો હતો. માએ તે તરફ વિશેષ લક્ષ ન આપતાં હસતાં હસતાં મને કહ્યું: “હું શું કહું છું તે સાંભળ.” એ પ્રત્યેક ચક્રના પદ્મની દલસંખ્યા, યંત્ર, બીજ વર્ણાદિ વગેરેનું વર્ણન કરવા લાગ્યાં. માનું વર્ણન પેલા ફોટાની સાથે મળતું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવતું હતું. માએ કહ્યું: “મેં કોઈ પણ ચોપડીમાંથી કે કોઇને મોઢેથી આ બધું સાંભળ્યું નથી. વાતોમાં ને વાતોમાં આ બધું બહાર નીકળી આવ્યું.” માને પૂછતાં એ આગળ કહેવા લાગ્યાં: “છબીમાં જે રંગો તું જુએ છે તે બહારની સજાવટ માત્ર છે. આપણા શરીરનાં મજ્જાદિ જે વસ્તુ દ્વારા સંગઠિત છે તેજ આ ચક્રો; પણ પાર્થક્ય (તફાવત) એટલુંજ કે, બહારનાં નાભિ, આંખ, કાન, હાથની રેખાઓ વગેરેની જેવી વિશિષ્ટતા છે તેવી ચક્રોની ગુંથણી વિભિન્ન છે. વાયુની ગતિ અને પ્રાણશક્તિજન્ય રસપ્રવાહ દ્વારા વિવિધવર્ણો બીજાદિની મૂર્તિ અને ધ્વનિ લક્ષિત થાય છે. શ્વાસપ્રશ્વાસની ગતિની સાથોસાથ જ્યારે પ્રથમ પ્રથમ બીજાદિ બહાર આવતાં ત્યારે ખ્યાલમાં આવે છે કે, આ બધું શું? મને તો મારા સુખ દ્વારા જ દરેકના સંબંધમાં જવાબ મળે છે. ક્યે ક્યે સ્થાને શું શું છે તે હું પ્રત્યક્ષ રીતે જોઈ શકું છું. તે વખતે તારા આ ફોટામાં વર્ણવ આપેલું છે તે સવિસ્તર વર્ણનવાળાં પ્રત્યેક ચક્રને હું યથાસ્થિત જોઈ શકું છું. ઉપાસના, પૂજા, કીર્તન, ધ્યાન, તત્વ વિચાર અને યોગાદિ ક્રિયા એકાન્તમાં એકતાર બની જઈને કરવામાં આવે, તો આપોઆપ ચિત્તશુદ્ધિ અને ભાવશુદ્ધિ થઈને ગ્રંથિઓ ખુલી જાય નહિ તો કામક્રોધાદિના વમળમાંથી જીવનો સહેજમાં ઉદ્ધાર થઈ શકતો નથી.”

એક દિવસ ભેગી થએલી મંડળીને લઇને મા ઢાકાની સિધ્ધેશ્વરીના સ્થાનકે ગયાં હતાં. તે વખતે એ સ્થાન તદ્દન ઉજ્જડ હતું. ત્યાં એક વેંત ઊંચી અને સવા હાથ લાંબી પહોળી એક ચોરસ વેદી હતી. મા, એ વેદી ઉપર બેઠાં હતાં. ભક્તો ચારે બાજુએ વીંટળાઇને પોતપોતાના તાનમાં બેઠાં હતાં. એટલામાં માએ પોતાના શરીરને સંકુચિત કરી દીધું; એટલે સર્વને એવું જ લાગ્યું કે, ત્યાં કેવળ માનું વસ્ત્ર જ પડી રહ્યું છે. મા તો જણાયાં એ નહિં. બધાએ ઊંચી ડોક જોઈ રહ્યા કે, આ શું થયું? ધીમે ધીમે હલનચલન થવા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લાગ્યું અને વેદી ઉપર મા સીધાં થઇને બેઠાં. લગભગ અડધો કલાક સુધી અપલક દૃષ્ટિએ ઊંચું જોઇને મા બોલી ઉઠયાં: "તમારાં કર્મોને લીધે આ શરીર તમેને લઇને આવેલું છે" માએ કહ્યું: "જેમ કાગળનો પતંગ દોરને આધારે પવનમાં ઊડે છે તેવી જ રીતે યોગી લોકો શરીરમાં શ્વાસ અને સંસ્કારના દોરનો આધાર લઇને આકાશમાં ઊડે છે, મોટા થાય છે, નાના થાય છે, તેમ અદૃશ્ય પણ થાય છે; અને એવી એવી ઘણી ક્રિડાઓ કરે છે."—સાંભળ્યું છે કે કોઇને સ્વપ્નમાં માએ મંત્ર આપ્યો હતો, કોઇને તો મંત્રની સાથે ફૂલ પણ આપ્યું હતું અને જાગ્યા પછી એ ફૂલ તેણે પ્રત્યક્ષ જોયું હતું; પણ કોઇને દિક્ષા આપતાં માને જોવામાં આવ્યાં નથી. ઘણા અકારવાને મોઢે સાંભળ્યું છે કે, મા ઢાકા કે કોઇ બીજે સ્થળે હતાં; છતાં એમને પોતાને ઘેર માના અલપઝલપ દર્શન થયાં હતાં તેથી એ બધા આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

હું ઘણો માંદો થઈ ગયો હતો તે વખતે મા કેટલાક માસથી વાયવ્ય પ્રાંતમાં હતાં. ઢાકા પાછાં આવ્યાં ત્યારે મને એમણે કહ્યું: "હું એ દિવસ મધરાતે તારે ઘેર આ બારણેથી આવી હતી, અને આ બારણેથી પાછી ગઇ હતી; તે વખતે તું બહુ જ નરમ બની ગયો હતો." મારો મંદવાડ બહુ જ વધી જવાથી ડોકટરને રાત્રે ઘેર બોલાવવા પડયા હતા. તેથી રોજના ખર્ચની ડાયરી કાઢીને મેં જોયું, તો માએ જે બે દિવસે મધરાતે મારે ત્યાં આવ્યાનું કહ્યું, તે બન્ને દિવસે રાત્રે ડોકટર મારે ઘેર આવ્યા હતા. એવીએ ઘટનાઓ બની છે કે, ઘણા લોકો એકઠા થયા હોય ત્યાં બધાની વચમાં થઇને મા આવજા કરે; પણ કોઈ એમને જોઈ શકે નહિ. માએ કહ્યું: "હું તો સદાસર્વદા તમારી સાથે જ છું; તમે જોઈ શકો નહિ એમાં હું શું કરું? તું સમજી રાખ કે તું કાંઈ કરે કે ન કરે, તું પાસે રહે કે દૂર રહે, તોપણ મારું લક્ષ હરઘડી તારી તરફ રહે છે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એકવાર ગોયાલન્દ સ્ટેશને મા રેલગાડીમાં બેસવા ગયાં. પ્લેટ-ફોર્મથી ગાડીનું બારણું બહુ ઊંચું હતું. કેટલાક દિવસથી માનો જમણો હાથ જૂઠો પડી ગયો હતો. માની આજ્ઞાથી બ્રહ્મચારિણી ગુરુપ્રિયાએ માનો ડાબો હાથ ઝાલીને એમને ખેંચી લીધાં. એ પ્રસંગને સંભારીને ગુરુપ્રિયાએ કહ્યું કે: "મને તો તે વખતે એવું લાગ્યું કે, જાણે મેં એક નાના બાળકને ઊંચકી લીધું છે." કોઇ કોઈવાર માનું શરીર બહુ જ ભારે બની ગએલું દેખાતું હતું.

મા કહે છે કે, એમનું ઊઠવું બેસવું બધું એ સમાન; એ બધોએ વખત જાગ્રત રહેતાં. કોઈ કોઇવાર સવારમાં મા પથારીમાંથી ઊઠીને બોલતાં: "હું હમણાં જ પણેથી આવી છું, ત્યાં આવું બન્યું." પાછળથી તપાસ કરતાં જણાતું કે, માએ કહેલું તદ્દન સાચું જ હતું.

હું તો ઘણીએ વાર વીજળીના ઝબકારાની માફક કે છાયા-મૂર્તિની માફક માને મારી નિકટમાં જોતો. કેટલીકવાર તો માનો એ ભાવ ઘનીભૂત થઇને જુદા જુદા આકાર ધારણ કરતો અને બોલતો. કેટલીકવાર એ ભાવ ખરા રૂપમાં પણ પલટાઈ જતો.

સને ૧૯૩૦ ની આખરમાં ઢાકાથી ૩૦૦ માઇલ દૂર કોકસ બજારમાં મા હતાં. સવારમાં હું પથારીમાં બેસીને એમનું ચિંતન કરતો હતો. મારા કાનમાં કોઇનો બહુ જ ધીમો અવાજ અથડાવા લાગ્યો: "જલદી જલદી આશ્રમમાં મંદિરની વ્યવસ્થા કર."

એ અવાજ સાંભળતાં જ હું ચમકી ઊઠ્યો. હું જાણતો હતો કે, મા કોઇને પણ સીધે સીધો આદેશ કરતાં નથી, તેથી મને થયું કે, આ આદેશ કોનો હશે? એમનો હોય તો આટલો અસ્પષ્ટ કેમ? કોકસ બજારમાં પત્ર લખવાથી જાણ્યું કે, કેટલાક દિવસથી માએ મૌન ધારણ કર્યું છે. ઉપર કહેલે દિવસે આઠ વાગે એમનું મૌન છૂટ્યું હતું. પછી મા ઢાકા આવ્યાં ત્યારે ખબર પડી કે, તે દિવસે સવારમ બહુ વહેલાં માએ બોલવાનું શરૂ કર્યું હતું પણ એમનું બોલવું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કોઇ સમજી શક્યું નહોતું. વાસ્તવિક રીતે મંદિર બંધાવવાના આયોજનનો આરંભ ત્યાંથી જ થયો હતો.

મૃત સાધુ પુરુષોનાં તેમજ બીજા ઘણાઓના આત્માને એ જોઇ શકતાં હતાં; એટલે એ ઘણી વખતે કહેતાં કે: " જેમ મારી સમીપ તું બેસે છે તેમ અશરીરી અનેક આત્માઓ અહિં બેસી રહે છે. "

મા કહેતાં: " કયા રોગની કેવી મૂર્તિ હોય છે તે પણ હું જોઈ શકું છું. આ શરીરમાં એમને જ્યારે આવવું હોય ત્યારે હું તેમને કોઈ રીતનો પ્રતિબંધ કરતી નથી. જ્યારે ~~સર્વત્ર~~ એક જ છું ત્યારે ત્યાગ શાનો અને ગ્રહણ શાનું ? ~~એ આવે તો એ આનંદ; જાય તો એ આનંદ.~~ "

સને ૧૯૨૯ ના મે માસમાં માએ ઢાકા છોડયું પણ માર્ગમાં કેટલાંક કારણોને લીધે એમના સ્વાધીન ભાવમાં ઘણાં વિઘ્ન નડયાં. ઓગસ્ટ મહિનામાં પાછાં એ ઢાકા આવ્યાં. તે વખતે એમને તાવ આવ્યો હતો. એમના શરીરમાં વિવિધ પ્રકારની અસ્વાભાવિક ક્રિયાઓ થવા લાગી. માએ આદેશ આપ્યો કે, શરીરમાં આપોઆપ સ્ફુરણાથી જેવી જેવી ગતિ થાય તે પ્રમાણે શરીરને ઉઠાડો, બેસાડો અને સુવાડો; એક કલાક સુધી એ પ્રમાણે ~~થયા કર્યું~~. માએ કહ્યું કે, એ સમસ્ત શારીરિક ક્રિયાઓ યોગનાં આસનો હતાં. એ જોઇને સર્વને ભય લાગ્યો હતો કે, મા હવે શરીર છોડી દેશે. પછીથી જણાયું કે, એમનાં સર્વ અંગો પરવશ બની ગયાં હતાં. ઊઠતાં બેસતાં એમને જો કોઈ પકડી રાખે નહિં તો એ પડી જતાં હતાં. તાવની સાથે સાથે સોજો, પેટમાં દુ:ખાવો, રક્તદસ્ત, રક્ત સ્રાવ વગેરે ઉપાધિઓ હતી. આ પ્રમાણે ચાર પાંચ દિવસ ચાલ્યા ગયા પછી બ્રહ્મચારિણી ગુરુપ્રિયાએ કહ્યું: " મા, હવે આ શરીર મારાથી આમ ચલાવી શકાશે નહિં માટે તમે કૃપા કરો. " ત્યારપછી પરવશ બની ગએલા શરીરમાં ફેરફાર થયો, પણ તાવ તો હતો તેવોને તેવો જ રહ્યો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માના આદેશ પ્રમાણે પાંચ છ દિવસ સુધી રોજ અગીઆર વાગ્યાથી પાંચ વાગ્યા સુધી સાઠથી સિત્તેર ડોલ પાણી એમના માથા ઉપર નંખાતું હતું; તોપણ જ્વરનો તાપ ઓછો થતો નહોતો. ઔષધ વગેરે તો એ લેતાં જ નહોતાં. એક દિવસ સાંજે ઢાકાના એક એક પ્રખ્યાત કવિરાજ માને જોવા આવ્યા. જોઈને એમણે કહ્યું: "હું તો મનુષ્યના રોગનું નિદાન કરી શકું; પણ અહિં તો બધું જુદું જ છે."

આટલા બધા દિવસથી માને પથારીવશ થએલાં જોઈને સર્વ રડવા જેવાં થઈ ગયાં અને સારાં થઇ જવા માટે કાતર ભાવે એમની પ્રાર્થના કરવા લાગ્યાં. બીજે દિવસે સવારનાં જ માએ કહ્યું: "ભાતનો બંદોબસ્ત કર." જ્વર અને સોજાની પીડાથી અશક્ત થઇને સત્તર અઢાર દિવસથી જે પડી રહ્યાં હતાં તે પોતે પોતાના અન્ન અને પથ્યની વ્યવસ્થા કરે છે તે જોઇને બધાં અવાક્ બની ગયાં. જે થાય તે ખરું એમ કરીને એમના આદેશ પ્રમાણે દાળ, ભાત, શાક તૈયાર કરાવ્યાં. ત્રણ ચાર જણે ચારે બાજુએ બેસીને માને પકડી રાખ્યાં અને એમને ભાત ખવડાવ્યો. એમણે થોડું થોડું બધુંએ ખાધું. તાવ ઉપર આવો ખોરાક પથ્ય નથી એમ જાણીને બધાંને બીક લાગી; પણ ત્યારપછી દિવસે દિવસે એ સારાં થવા લાગ્યાં.

શરીર એ પ્રમાણે કથળી ગયું હતું ત્યારે માએ કહ્યું હતું કે: "મારો જન્મની સાથે આવેલા કોઈ કર્મથી આ શરીરને પીડા ભોગવવી પડે છે; એ પીડાનું ફળ કેવી રીતનું આવે છે, તે જણાવવા માટે આવા આવા વિકારો દેખા દે છે. જો ખરેખર જ એ રોગ હોત તો આ શરીર એકદમ જડવત્ બની જાત; અગર આ શરીરમાંથી પ્રાણવાયુ નીકળી જાત.

"હું પથારીવશ હતી પણ મને કંઈ દુઃખ કે પીડા જણાયાં નથી. હું સાજી હતી તે વખતે જેવી હતી તેવી જ પથારીવશ હતી તે વખતે પણ હતી. મારે મન તો એક અપૂર્વ કીર્તન જ ચાલી રહ્યું હતું."

CC0: In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રકૃતિજ જાણે આધીન બનીને શ્રી માને કાર્ય કરવામાં સહાય કરતી હોય તેમ માનું કાર્ય બરાબર રીતે થયાજ કરતું હતું. આ ઉપરથી મને એવો વિચાર થઈ આવ્યો કે, એમની ઇચ્છામયી શક્તિના સ્વાભાવિક સ્ફુરણ તરફ લક્ષ રાખીને, મારી વ્યક્તિગત ઇચ્છા અનિચ્છા રૂપી દ્વંદ્વના તરંગો તરફ દુર્લક્ષ કરીને, એમના આદેશનું સરળ ચિત્તે મેં પાલન કર્યું હોત તો શ્રી માની વિશ્વમયી ઇચ્છાશક્તિના સૌન્દર્ય ખેલમાં મને કેટલો બધો આનંદ મળત; અને મારી ઉન્નતિ માટે કેવો સુયોગ મારા અદૃષ્ટમાં લખાત? મને યાદ છે કે, નાનપણમાં હું રમકડાંથી રમતો હતો, રેતીનું અને માટીનું ઘર બનાવીને રાચતો હતો, રોજ રોજ નવી નવી રમતો રમવામાં મસ્ત બની જતો હતો; તેમ અત્યારે પણ માની સાથે એવાજ કોઈ ખેલ ખેલવામાં હું મસ્ત બની ગયો છું કે શું, એવી અનેક શંકાઓ મારા મનમાં ને મનમાં ઊઠ્યા કરે છે.

વિંધ્યાચલ આશ્રમમાં* કથાપ્રસંગે શ્રી માએ એક દિવસ બ્રહ્મચારી શ્રીમાન્ કમલાકાન્તને કહ્યું: "મારે શું જોઈએ છીએ તેની અત્યાર સુધી કોઈને સમજણ પડી નથી. સમજણ પડી હોય તો એ તમારે શું જોઈએ છીએ અથવા તમારી શી ઇચ્છા છે તે વાત નીકળી નથી. હશે, જવાદો, જે જેટલું સમજ્યા તેટલું સમજવા દો. જો સમજાતું હોય તો માન, યશ, ગૌરવ, રાગ દુઃખ, 'બધું હું કરૂં છું' એવું અભિમાન, એ સર્વનો એકસામટો પરિત્યાગ કરવો જોઈએ."

જો હું એકાન્તમાં એમની વાણીનું અનુસરણ કરીને એમના જીવંત પ્રભાવ વડે મારા પ્રાણ નિર્મળ કરીને વર્તન કરી શક્યો

* વિંધ્યાચલ અષ્ટભૂજા પહાડ ઉપર માનો આશ્રમ છે. પૂજ્યપાદ સ્વામી અખંડાનંદ અને તુરિયાનંદના યત્ન અને દ્રવ્યની અનુકૂળતાથી એ આશ્રમ થયો હતો. તે ઠેકાણે અખંડ અગ્નિ રાખવા માટે યજ્ઞકુંડની વ્યવસ્થા કરેલી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હોત તો, આ પરમ માતૃશક્તિની ચિન્મયી વિલાસલીલા જોવાનો સુયોગ મેળવીને હું ધન્ય બની ગયો હોત અને જગત પણ ધન્ય બનત.

એક દિવસ રમણાના મેદાનમાં ફરતાં ફરતાં મને વિચાર આવ્યો કે, મા કેમ હમણાં કશી વાતચીત કરતાં નથી. પાછળથી સમજાયું કે, માનો મૌનભાવ જાગ્રત થયો છે. મા લગભગ નવ દિવસ મૌન રહ્યાં. તે દરમીઆન એ ઇસારાથી પણ સમજાવતાં નહિ, હસતાં નહિ, છાનાંમાનાં બેસી રહેતાં; કોઈના તરફ જોતાંએ નહિ, કોઇની વાત તરફ લક્ષ આપતાં નહિ. બુદ્ધદેવની પ્રતિમા જેવાં એ લાગતાં હતાં. જમવાની વખતે એ જરૂર જેટલું જમી લેતાં. પાછાં મોઢું બીડીને બેસી રહેતાં. આ મૌન એમણે એટલા બધા દિવસો રાખ્યું તેથી બહારના જગત સાથેનો એમનો સંબંધ જાણે છૂટી ગયો. નવ દસ દિવસ પછી એમના મુખમાંથી કાંઇક અસ્પષ્ટ શબ્દો નીકળવા લાગ્યા; તે વખતે સર્વને એમ લાગ્યું કે, બોલવાનું અને શરીરનો વ્યવહાર કરવાનું મા જાણે નવેસરથી શીખે છે. આ પ્રમાણે ત્રણ દિવસ વીતી ગયા બાદ એ મૂળ સ્થિતિમાં આવ્યાં. માને આવી અવસ્થામાં જોવાનું સદ્ભાગ્ય મને બે ત્રણ વાર પ્રાપ્ત થયું છે. તે સમયની એમની જડ જેવી પ્રશાંતમૂર્તિ, સૌમ્યદૃષ્ટિ અને ઉજ્વળ મુખશ્રી જોઇને હૃદય ભક્તિ, અને શ્રદ્ધાથી ગળગળું થઈ જતું હતું. અનિમિષ દૃષ્ટિથી આપણે વારંવાર જોઈએ તોપણ આપણે એમને નીરખતાં જાણે ધરાઇએ જ નહિ. માએ જ્યારે પ્રથમવાર ત્રણ વરસનું મૌન ધારણ કર્યું ત્યારે એમને પ્રથમવાર જોનારાં તો એમને મૂગાં ધારી લઇને દુ:ખી થતા હતા. એ વિચારા કહેતા કે, "વિધાતાએ તે શો વિચાર કર્યો! બધા ગુણ આપ્યા છતાં આવી સ્વરૂપવતી વહુને મૂગી બનાવી છે!"

મા કહેતાં કે: "મૌન પાળવું હોય તો મન અને પ્રાણને એકી સાથે ચિંતનમાં જોડી દો. અને બહારથી અને અંદરથી પથ્થરની માફક બની જાવ. જો કેવળ વાક્ સંયમ કેળવવો હોય તો જુદી વાત."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

[૫]

સમાધિભાવ

સાધનાની પરમ અવસ્થા કેવી હશે તે જાણવાની ઇચ્છા કરતાં શ્રી માએ જુદાં જુદાં સાધનની કેટલીક વાત કહી છે:—

ચિત્ત સમાધાન—સુકાં લાકડાંમાં અગ્નિ મૂકવા સમાન. ભીનાં લાકડાંમાંથી પાણી સુકાઈ ગયા પછી એ જેમ અગ્નિથી ભડભડ બળે છે તે પ્રમાણે ઉપાસનાની એકાન્તિકતાથી ચિત્તમાંથી વાસનાઓ અને કામનાઓ ઓછી થતી જાય છે, ત્યારે ચિત્ત હલકું થાય છે. આ અવસ્થાને ચિત્તસમાધાન કે ભાવશુદ્ધિ કહે છે. આ અવસ્થામાં કેટલાકને ભાવોન્માદ થાય છે (વિહ્વળતા, આવેશ વગેરે) પછી પરમાર્થ તરફ ઢળતાં ઢળતાં ભાવવર્ગનો ઉદય થતો જાય છે.

એના પછી ભાવ-સમાધાન-જાણે બળેલા લાકડાના કોલસા; એક અખંડ ભાવની તન્મયતામાં શરીર વિવશ બનીને પડી રહે.

કલાકના કલાક સુધી સાધક જડની માફક પડ્યો રહે; પણ એના અંતરની ગૂહામાંથી ભાવપ્રવાહ અસ્ખલિતપણે વહ્યો જાય. એ જ્યારે પરિપક્વ દશાને પામે ત્યારે કોઈ કોઈવાર એ સત્તાને આધારે અંદર અને બહાર અખંડ ભાવનો તરંગ એકાકાર કરીને જો રમી રહે છે. એને ભાવસમાધાન કહે છે. જેમ એક વાસણમાં માય તેના કરતાંએ વધારે પાણી રેડવામાં આવે તો વધારાનું પાણી છલકાઈને બહાર નીકળી જાય તેમ ચિત્તમાં અખંડ ભાવનો પ્રકાશ પાથરવામાં આવે તો એનો વેગ વિશ્વમય વિરાટ્ સ્વરૂપે ચિત્તમાંથી છલકાઈને બહાર પડે છે.

ત્રીજી અવસ્થાનું નામ વ્યક્ત સમાધાન-જેવો બળતો અંગારો. અંદરને બહાર સર્વત્ર અગ્નિનો પ્રકાશ. જીવ એ અવસ્થામાં એકસત્વે સ્થિર ભાવે વિરાજી રહે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પૂર્ણ સમાધાન–અવસ્થામાં સાધકનું સગુણ નિર્ગુણ દ્વંદ્વ જતું રહે છે. દૃષ્ટાંત–અંગારાની રાખોડીનો દેવતા. સાધક એ અવસ્થામાં અનિર્વચનીય પ્રભાવે સ્થિર થઈ જાય છે. અંદર કે બહાર કોઈ જાતનો ભેદાભેદ રહેતો નથી. शान्तं शिवमद्वैतम् ની અવસ્થા. આ અવસ્થામાં સર્વ ભાવ શાંત થઇ જાય છે.

શ્રી માનો સમાધિભાવ તો એક અપૂર્વ દૃશ્ય. મારાં સારાં ભાગ્યે એ અવસ્થા મેં ઘણીએવાર જોઈ છે. આવા પ્રકારનાં દૃશ્યોની કેટલીક વાતોનો હું અહિં ઉલ્લેખ કરું છું.

એકવાર મા આમ તેમ આંટા મારતાં મારતાં, વિચારમાં ને વિચારમાં ઘરમાં આવીને બેઠાં અને હસતાં હસતાં કોઇની સાથે વાતો કરવા લાગ્યાં. વાતોમાં ને વાતોમાં એમની દૃષ્ટિ સ્થિર થઇ ગઇ. એમનું આખું અંગ શિથિલ થઇ ગયું, એમનો ભાવ લોકાતીત બની ગયો અને એ ઢળી પડયાં.

જોયું તો, આથમતા સૂર્યની માફક એમનો લૌકિક ભાવ ધીમે ધીમે કોણ જાણે કયાંએ આથમી ગયો. એમના શ્વાસની ગતિ ધીમી પડી ગઇ, પછી એકદમ બંધ પડી, જીભ અટકી ગઈ, આંખ મીંચાઇ ગઇ, એમનું આખું શરીર ઠંડું પડી ગયું, હાથ પગ લાકડું થઈ ગયા, અંગે અંગ લૂગડાંની માફક લૂલાં બની ગયાં, જે બાજુએ એમનું શરીર ફેરવો તે બાજુએ ઢળી પડે.

એમનું મુખ રાતું રાતું થઇ ગયું, એમનાં બન્ને લમણાં દિવ્ય આનંદની જ્યોતિથી ઝળાંઝળાં થઇ રહ્યાં, લલાટ ઉપર નિર્મળ અને શાંત સ્નિગ્ધતા પથરાઈ ગઈ હતી, દેહની તમામ ચેષ્ટાઓ બંધ પડી હતી, પરંતુ એમના શરીરનાં રુંવાંટાંનાં છિદ્રોમાંથી એક અપૂર્વ તેજ નીકળ્યા કરતું હતું. બધાએ એમ જ માન્યું કે, મા ધીમે ધીમે ગંભીર સમાધિમાં ડૂબતાં જાય છે. દસ બાર કલાક આવી રીતે ગયા પછી માને સમાધિમાંથી જગાડવા માટે વિવિધ યત્નો થવા લાગ્યા, પણ એ યત્નોનું કશું પરિણામ આવ્યું નહિં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માને જગાડવામાં મેંએ બહુ પ્રયત્નો કર્યા પણ બધાએ વ્યર્થ ગયા. એમની હથેળીઓ અને પગનાં તળીઆં જોરથી ઘસવા માંડયાં તેમજ હાથ પગને મુક્કા મારવા માંડયા, તીક્ષ્ણ વસ્તુઓ ઘોચવા માંડી, પણ કાંઇ વળ્યું નહિં. ભાન આવવા લાગ્યું ત્યારે બહારના પ્રયાસ સિવાય આપોઆપ જ આવ્યું.

જ્યારે મા જ્ઞાનાવસ્થામાં પાછાં ફર્યા ત્યારે શ્વાસની ગતિ શરૂ થઇ ગઇ અને ધીમે ધીમે શ્વાસ દીર્ઘ થવા માંડયો, સાથે સાથે શરીરનું હલન ચલન પણ શરૂ થઈ ગયું. ઘડીમાં આંખ ઊઘડી જાય અને એ સ્થિર દૃષ્ટિથી તાકીને જોઇ રહે. વળી આંખ પાછી એની મેળે બંધ થઈ જાય.

સંજ્ઞા આવવાનાં લક્ષણો એક પછી એક દેખાવા લાગ્યાં તે વખતે એમને અલી રોગવા પડ્યા. એ બોલે તે માટે ધાટો પાડીને એમને બોલાવવી પ્રયાસો કરવા માંડ્યા. મા સંજ્ઞામાં આવે પણ પાછાં અચેતન થઈ જતાં. એમ કરતાં કરતાં કેટલે વખતે એ પૂર્ણ સ્થિતિમાં આવ્યાં. શરીર બહુ જ ધીરે ધીરે સ્વાભાવિક સ્થિતિમાં પાછું ફરે છે.

એકવાર સમાધિ છૂટયા પછી એમને સીતસરની સ્થિતિમાં લાવતાં બહુ મહેનત પડી હતી. એમના મુખમાં કાંઈ ખાવાનું મૂકીએ કે પાછાં એ સંજ્ઞાહીન બની જતાં અને કલાકોના કલાકો એ અચેતન પડી રહેતાં.

સમાધિમાંથી સ્વાભાવિક સ્થિતિમાં આવ્યા પછી તો એમના આખાએ દેહમાં આનંદ આનંદ પ્રસરી રહેતો. સંજ્ઞા પ્રાપ્ત થવાની તૈયારી થતાં કેટલીકવાર એ હસતાં; કેટલીકવાર રડતાં, કેટલીકવાર હસવું રડવું એક સાથે થઈ જતું.

સમાધિ-દશામાં કોઈ કોઈ વખતે માનું મુખ મડદાની માફક ફીકું પડી જતું, શરીર દુબળું બની જતું અને આનંદ કે દીલગીરીનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust Funding by MoE-IKS

આવા બધા દિવસો દેખાતું કે સમાધિ અંગ પતાં તથા શરીરની સ્વાભાવિક અવસ્થા પાછી આવતાં ઘણો વખત લાગતો.

કશું બાહ્ય ચિહ્ન દેખાતું નહિ. સને ૧૯૩૦ માં રમણા આશ્રમમાં આવ્યા પછી સમાધિ વખતે એમની આવી મૃતવત્ દશા ઘણી વખત થઇ જતી. કોઈ કોઈવાર ચારપાંચ દિવસ સુધી સમાધિ ટકતી હતી. સમાધિ દરમીઆન એમનામાં પ્રાણનું કશું ચિહ્ન દેખાતું નહિ અને એ ફરીથી લીધેલા મૃતદેહમાં હવે ફરીથી પ્રાણનો સંચાર થશે એવું કોઇ માનતું નહિ. ઠંડું પડી ગએલું શરીર, પ્રકૃતિસ્થ થયા પછી પણ બહુ વાર સુધી ઠંડુંજ રહેતું.

સમાધિમાં માના અંતરાત્માની સ્થિતિ કેવી રહે છે, એ વિષે પૂછતાં એ કહેતાં કે: "સર્વ પ્રકારે કર્મ અને ભાવનું પૂર્ણ સમાધાન તેનું નામ સમાધિ. જ્ઞાન અજ્ઞાનથી પર અવસ્થા. તમે જેને સવિકલ્પ કહો છો તેજ છેવટની દશાએ પહોંચાડે છે. એનેજ સાધના કહેવી. પ્રથમ રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દાદિ પંચ તન્માત્રામાંનું ગમે તે એક તત્ત્વ વસ્તુ કે વિચારનું લક્ષ્ય બનીને રહેલ તે તરફ ખેંચી જાય છે. ત્યારપછી એજ લક્ષ્યમાં એકાગ્ર થઇને અજ્ઞાનને ધીમે ધીમે લય કરીને એકજ તત્ત્વમાં પ્રતિષ્ઠિત કરે છે. આવી રીતની અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે એનું એવું પરિણામ આવે છે કે, તે એક સત્તામાંજ કોઈ કેવળ મળી જાય છે. એટલે પછી શું થાય છે કે શું નહિ તે સમજાવવાને ભાષા છેજ નહિ."

કોઇ કોઈ વખતે કોઈપણ પ્રત્યક્ષ કારણ સિવાય માના શરીરમાં અપ્રાકૃત લક્ષણો દેખા દેતાં હતાં. કોઇવાર દીર્ઘ શ્વાસ વહેતો. આખું શરીર આમ તેમ મરડાઈ જતું, આમ તેમ ગમે તે બાજુએ વાંકું વળી જતું. તે વખતે એ કાં તો સૂઈ જતાં, અગર કોઈ કોઇવાર હાથ, પગ, માથું વાળીને ગૂંચળું વળીને પડી રહેતાં. તે વખતે એમનામાં સંજ્ઞા તો રહેતી. કોઈ કાંઈ પૂછે તો ધીરે ધીરે આવેશ ભર્યા અવાજે એ એક વાત કહેતાં.

આ અવસ્થા વિષે માને પૂછતાં એવું સમજાયું કે, એમના મૂલાધારથી સહસ્રાર પર્યંત મેરુ દંડની અંદરથી એક સૂક્ષ્મ પ્રાણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રવાહનો એમને અનુભવ થતો હતો. એ પ્રવાહ એમના સર્વાંગમાં રોમેરોમમાં એક અનિર્વચનીય અપૂર્વ ભાવ જગાડતો હતો; તે વખતે મહા આનંદના ખેલમાં એમના શરીરનાં પ્રત્યેક અણુપરમાણુ જાણે નાચી ઊઠતાં હતાં. એ જેને જોતાં, જેને સ્પર્શ કરતાં, તે સર્વ પોતાનુંજ અવિચ્છિન્ન રૂપ છે, એમ એમને લાગતું. શરીરનો આ સિવાય બીજો કશો વ્યવહાર રહેતો નહિ.

એ વખતે મેરુ દંડનું સારી રીતે ઘર્ષણ કરવામાં આવે અને દેહગ્રંથી (માંસની પેશી)ઓને ચોળવામાં આવે તો થોડીવારમાં એ સ્વાભાવિક ભાવમાં આવી જતાં. એ અવસ્થામાં મા મૂર્તિમંત આનંદ-રૂપિણી રૂપે પ્રકાશતાં હતાં અને જાણે એ પ્રેમમાં તરબોળ થઇ ગયાં હોય તેવો ભાવ એમની વાતમાં, આંખમાં અને વ્યવહારમાં જણાઇ આવતો હતો.

મા સ્વાભાવિક અવસ્થામાં હોય ત્યારે પણ કોઈ કોઈ દિવસ એવો અનુભવ થતો કે, એ સૂતાં સૂતાં વાત કરતાં હોય કે હસતાં હોય પણ એમના હાથ પગ બહુજ ઠંડા હોય, હાથ પગના નખ ~~લીલા~~ ભુરા થઈ ગયા હોય, તે વખતે બધાં એકઠાં મળીને એમના હાથ પગ ઘસવા બેસી જાય તો પણ એમના હાથ પગની કઠણાશ જરાએ ઓછી થાય નહિ. ઊલટા, ઘસનારના હાથ પગ ઠંડા થઇ જાય. આવી અવસ્થામાંથી એક દિવસ એ બાર કલાકે સ્વાભાવિક અવસ્થામાં આવ્યાં.

એક દિવસ આશ્રમમાં મા સમીસાંજથી સમાધિસ્થ થઇ ગયાં. દીદીમા (માનાં જનેતા) માની પાસે સૂઇ રહ્યાં હતાં. પિતાજી પણ ઘરમાંજ હતા. રાત્રે બે વાગ્યા હશે. હું ઓટલા ઉપર બેસીને માના ચરણનું ચિંતવન કરી રહ્યો હતો. એટલામાં મા ચાલતાં હોય એવો મને ભણકારો થયો. આંખ ઉઘાડી છતાં મને કશું જણાયું નહિ. ઘરની અંદર જાણે ~~કોઈ બોલતું હોય એવું સંભળાયું~~. હું ઊઠીને ઘરમાં ગયો અને દિવાના પ્રકાશમાં જોયું તો, ઘરના ઉંબરા ઉપર માના નાના નાના ભીના બે પગનાં પગલાંની છાપ પડેલી મેં જોઈ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અંદર જઇને જોયું તો, મા તો પથારીમાં સૂઈ રહ્યાં હતાં. મેં દીદીમાને પૂછ્યું કે: "મા હમણાં બહાર ગયાં હતાં?" એમણે કહ્યું: "ના. તમારી મા બહાર ગઈ નથી." રાત પૂરી થઈ. બીજે દિવસે સવારે માને સંજ્ઞા પ્રાપ્ત થઈ અને પાછી ચાલી ગઈ. ત્રીજે દિવસે એમને ફરીથી સંજ્ઞા પ્રાપ્ત થઈ ખરી; પરંતુ એમને સ્વાભાવિક અવસ્થામાં આવતાં ત્રણ ચાર દિવસ લાગ્યા.

આ સંબંધી કેટલાક દિવસ પછી મેં માને પૂછ્યું: "સાંભળ્યું છે કે સમાધિ અવસ્થામાં પડેલું અચેતન શરીર હરી ફરી શકે નહિ; છતાં તે રાતે તમારાં પગલાંની છાપ ઉંબરા ઉપર જોવામાં આવી." માએ કહ્યું: "ચોપડીમાં કે પુસ્તકમાં શું બધી વાતો સમજાવી શકાતી હશે?"

એક દિવસ શ્રી માને પૂછ્યું: "સાધકનાં લક્ષણ કેવાં હોય?" માએ કહ્યું: "જ્યારે સાધક ચિત્તશુદ્ધિ દ્વારા કાંઈક ઊંચે ચઢે છે ત્યારે તે કોઈવાર બાલક જેવો, પિશાચ કે જડ જેવો અને કોઈ કોઈવાર સાધારણ લૌકિક ભાવવાળો બની રહે છે; પણ ઘડીએ ઘડીએ પલટાતા એવા ભાવોના ભીતરમાં પણ એના ચિત્તની એકમુખી ગતિ લક્ષ્ય તરફજ ચોંટેલી હોય છે. જો તેવે વખતે એ લક્ષ્યથી ભ્રષ્ટ થાય તો ત્યાંજ એનું પતન છે.

કર્મના જોરે જે આગળ વધે છે. તેનો સઘળો વ્યવહાર એક લક્ષ્યના આશ્રયે ચાલે છે; તેથીજ એવું લાગે છે, એ લોકો જડવત્ સંજ્ઞાહીન અવસ્થામાં પડી રહે છે. જાગ્રત દશામાં એ ગમે તે ભાવમાં હોય તોપણ એ પ્રસન્નતાની મૂર્તિ સમા જ હોય છે. પછી ધીમે ધીમે એક એવો સમય આવી જાય છે કે જ્યારે હરવા ફરવામાં, વગેરે લોક વહેવારમાં એ જાણે એક ખરા આનંદનું પૂતળું હોય તેમ બની જાય છે. મતલબ કે, બહાર અને અંદર એક અપૂર્વ આનંદ સત્તામાં એ મળી જાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ત્યાર પછી એક બીજી અવસ્થા આવે છે, જેમાં પ્રતિષ્ઠિત થયા પછી એક સત્તાના સંસ્કાર પણ ગળી જાય છે. ત્યારે એમને લૌકિક બુદ્ધિ, વિચાર દ્વારા ~~ખોલી શકાતા~~ સમજી શકાતા નથી. આ અવસ્થામાં એમના દેહનું સ્પન્દન અટકી જાય છે અને તે વખતે એમનો દેહપાત થવાની સંભાવના પણ લાગે; પરંતુ જગતને માટે જેના જીવનના વિશેષ કલ્યાણસંસ્કાર બાકી રહેલા છે, તેવાઓ આવી અવસ્થામાં આવી પડયા છતાં નક્કી કરેલા વખત સુધી દેહ ધારણ કરી શકે છે. સર્વસ્થિતિમાં એ તો એના એજ રહે છે. એ દેહધારી હોવાથી આપણે એમને દેહીની માફક પરિવર્તનશીલ માનીએ એટલુંજ.

યોગબલ વડે જેઓ દેહત્યાગ કરે છે તે અને ઉપર્યુક્ત અવસ્થાવાળા સાધક, એ બેમાં ફેર એટલો છે કે, યોગી લોકોનાં સ્વેચ્છાથી અંતર્ધ્યાન ~~થઈ શકે છે~~ થાય છે; દેહ છોડવાની પૂર્વક્ષણ સુધી એમને દેહનું ભાન વા દેહસંસ્કાર રહે છે. ~~એમની બધી ક્રિયાઓ એમને~~ ક્રિયા આધીન રહે છે. જેનો મહાયોગમાં ~~કે નિર્વિકલ્પ સમાધિમાં~~ દેહપાત થાય છે તેમને કોઈ ક્રિયાની જરૂર રહેતી નથી. પૂર્વનાં સંચિત કર્મનાં ફળ પૂરાં થએ એમનો દેહપાત આપોઆપ જ થઈ જાય છે. એમના જન્મ મૃત્યુના કોઈ સંસ્કાર જ રહેતા નથી.

શ્રી માએ વળી કથાપ્રસંગે એક દિવસ કહ્યું કે:—

૧. પોતપોતાના ભાવ અનુસાર એક ચિત્તે ધ્યાન, ધારણા વગેરે કરવાથી ચિત્તશુદ્ધિ થાય છે.

૨. ત્યાર પછી એક ... ભાવની સાધનાથી જુદા જુદા ભાવો માળાના મણકાની માફક એક દોરામાં પરોવાઈ જાય છે.

૩. પછી એ જુદી જુદી ભાવધારાઓ એક લક્ષ્યના પ્રવાહમાં ભળી જાય છે; સાધક બહાર અને અંદર જડ જેવો થઈ જાય છે.

૪. ત્યાર પછી એક સત્તાના આશ્રયે એક અખંડ ભાવમાં સાધક પ્રતિષ્ઠિત થઈ જાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આ બધું એકી વખતે કહેતાં નહિ; વાત કરતાં કરતાં વચમાં એ અટકીયે જતાં. હંમેશાં ભક્તો એમને ઘેરીને બેસી જતા; તે વખતે ભક્તોના કલ્યાણને માટે એ કાંઇ બોલતાં, પણ તે લખી લેવાનું બનતું નહિ. બધા વિષયો કાંઈ બધાંને સમજણ પડે એવા હોય નહિ.

શ્રી મા તો સર્વને એક સરખો ઉપદેશ આપતાં, ઘણાંને તેનો યથાર્થ મર્મ મારા જેવા સમજતા નહોતા; તોપણ શ્રીમુખમાંથી નીકળતી પાવન ભાવધારા કોઈના પણ હૃદયને ઉજાળી દેતી અને સૌ પોતપોતાના ભાવ અને સીમાબદ્ધ જ્ઞાન પ્રમાણે જેવું સમજ્યા હોય તેવું બીજાને સમજાવતા. હિમાલયમાંથી નીકળતો જળધોધ કેટલાંએ નાનાં મોટાં ઝરણાં અને નદીનાળાંઓને વહેવડાવે છે અને કેટલીએ ખારી ભોંયને ફળદ્રુપ કરી દે છે, તેનો ખ્યાલ આવવો સહેલો નથી. આવો એકધારો પાણીનો પ્રવાહ હિમાલયમાંથી સતત વહ્યા કરે છતાં હિમાલયનું કાંઇ ઓછું થઇ જતું નથી, તેમ વધી જતું નથી; પરંતુ એની દ્વારા હંમેશાં જગતનું કલ્યાણ થયા કરે છે.

શ્રી માના સ્પર્શથી, ઈસારાથી, વાતોથી, હાસ્યથી મારા જીવનમાં ધીમે ધીમે કેટલું બધું પરિવર્તન થઈ ગયું તેનું વર્ણન થઈ શકે તેમ નથી. મારા નિત્યના જીવનની નાની નાની ઘટનાઓમાં એમની આશીષે કેવું કામ કર્યું છે અને કરે છે, તે બધી વાતો કહીને શ્રી માનો મહિમા ઘટાડું છું એવું ધારવું તદ્દન અસ્થાને છે. એ દ્વારા એમના નામનું કીર્તન થાય છે અને એ કીર્તન મને સાર્થકતાના માર્ગે આગળ વધારે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લીલા-ખેલ

શ્રી માની તેજસ્વી હાસ્યનિર્ઝર મૂર્તિ, બાળક જેવો સરળ ભાવ, એમનાં હાસ્યથી ભરેલાં ગતકડાં અને એમના હૃદયની અબાધિત ગતિનો જેને અનુભવ થયો છે તે તો મુગ્ધજ બની જાય છે. એમની આંખમાં, એમની વાતમાં અને એમના પ્રત્યેક હલન-ચલનમાં એટલી બધી મધુરતા ભરેલી હોય છે કે તેની તુલનાજ થઈ શકતી નથી. એમના શરીરમાંથી, એમના પ્રત્યેક શ્વાસમાંથી, એમણે પહેરેલા વસ્ત્રમાંથી, એમની શય્યામાંથી, પવિત્રતાની સુગંધ હંમેશાં આવ્યા કરે છે. એમના ગાનના સુરમાં ઝરણાના પ્રવાહની માફક શુદ્ધ અને પવિત્ર ભાવ વહ્યા કરે છે.

એ પોતે પૂર્ણપણે મુક્ત અને ઉદાસીન છે. ભૂરા આકાશની માફક પોતે નિર્લિપ્ત રહીને સર્વને પોતાના તરફ આકર્ષે છે. એ સર્વ ધર્મનાં અને સર્વ જાતિનાં છે. પશુ પક્ષી વૃક્ષલતાદિમાં એકજ અખંડ પ્રાણ વિલાસી રહ્યો છે, એવું એમને સમજાયું છે; તેથી સર્વ આનંદનાંજ રૂપો છે, એમ ગણીને એ સર્વ પ્રતિ સમાનભાવ, અનુરાગ, શ્રદ્ધા અને સન્માન દાખવે છે.

મા કહેતાં: "મારે નવું એવું કશુંએ જોવાનું, સાંભળવાનું કે કહેવાનું નથી." જેમ બાળક પોતાના હાથમાં રમકડું આવતાં ખુશ ખુશ થઈ જાય છે તેમ માના હાથમાં સામાન્યમાં સામાન્ય વસ્તુ આવતાં પણ એ હર્ષોન્મત્ત બની જતાં.

ભક્તોના સંગમાં માનાં કેટલાંએ કૌતુક અને ક્રિડા મેં જોયાં છે; પણ તે વર્ણવતાં તો પાર આવે એવો નથી. એકવાર બધાંની ઈચ્છા થવાથી માને બાલક કૃષ્ણ રૂપમાં બધાંએ જોયાં. બીજીવાર માને કિશોર કૃષ્ણ રૂપમાં સજાવ્યાં. ~~એ વખતે રૂપના ફોટા આ અધ્યાયમાં~~

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપેલા છે. એનાં એ જ મા બન્ને રૂપમાં કેટલાં સુંદર રીતે સજ્જિત થએલાં લાગે છે? બાલ ભાવમાં અને કિશોર ભાવમાં એમનું મુખ-સૌન્દર્ય ખરેખરું ખીલી ઊઠે છે. આંખમાં સ્નેહાળપણું, લલાટ ઉપર પ્રશાન્ત તેજ, મુખની પવિત્ર કાંતિ અને નમણો દેહ, શ્રી માના દૈવી પ્રભાવને એટલો બધો વધારી મૂકતાં હતાં કે, આપણે તો તેનો વિચાર જ કર્યા કરીએ. આ કાંઈ કેવળ અસાધારણ જ ન કહેવાય પણ અલૌકિક અને અપૂર્વ કહી શકાય.

બાળક કૃષ્ણના રૂપમાં શ્રી માની હસતી છબી આ પ્રકરણમાં જ આપેલી છે. એ છબીમાં એ પોતે હસતાં જણાય છે, એટલું જ નહિ પણ જાણે એમના શરીરનાં અણુપરમાણુઓ પણ હસી ઊઠે છે, એવું આપણને લાગે છે. એ હાસ્યની પાછળ પવિત્રતાની અપૂર્વ જ્યોતિ માની મૂર્તિને કેટલી તેજસ્વી બનાવી મૂકે છે તે એ ફોટો જોવાથી લક્ષમાં આવી જાય છે. મનુષ્ય કોટિનો જીવ આવી રીતે હસી શકે એ કલ્પનામાં પણ આવતું નથી.

જ્યાં જ્યાં શ્રી મા વિરાજતાં ત્યાં ત્યાં ભક્તોનો ભક્તિભાવ હીલોળે ચઢી જતો અને એમાં અપૂર્વ માધુર્ય ફૂટી નીકળતું. જેનો જેવો ભાવ તે જ ભાવમાં તેને અપૂર્વ નિર્મળ આનંદનો અનુભવ થતો.

યશોદાએ શ્રી કૃષ્ણને બાલક ભાવમાં જોયા અને એ અડધાં અડધાં થઈ ગયાં, શ્રીદામ સુદામાની આંખોએ શ્રીકૃષ્ણને સખાભાવે નિરખ્યા અને સખાભાવની મધુરતા એમનામાં પ્રકાશી ઊઠી. ગોપીઓએ શ્રીકૃષ્ણને કાન્ત ભાવે જોયા અને એ ગાંડીઘેલી બની ગઈ. તેમ ભક્તો એમને જે જે રૂપે અને ભાવે જોવા લાગ્યા તે તે રૂપમાં અને ભાવમાં માને જોઈને તેઓ બહુ બહુ રાચવા લાગ્યા.

નાની ઉંમરમાંથી જ માના આવા લીલાખેલ થયા કરતા હતા. એમના સહવાસમાં આવેલ એમની સમાન વયનાંને એમના વિના જરાએ ચેન પડતું નહિં. એ મોટાં થયાં ત્યાર પછી પણ બાળક થું,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યુવાન શું, વૃદ્ધ શું, જેમને એકવાર પણ એમનો પવિત્ર સ્પર્શ થતો તે અનિર્વચનીય ભાવે મુગ્ધ બનીને વારંવાર પૂછતા: “બીજીવાર ક્યારે દર્શન થશે?” મા જ્યાં જ્યાં જતાં ત્યાં ત્યાં આનંદનો બજાર ઉભરાઈ જતો. લોકોમાં એમના દર્શન માત્રથી કોઈ અવનવો ભાવ ઉદ્દીપન થઈ જતો અને એમનામાં જાણે નવા પ્રાણ પુરાતા હોય તેમ એ તાલબદ્ધ થઈને થનગન થનગન નાચી ઊઠતા. મા ત્યાંથી ચાલ્યાં જાય એટલે તે જગ્યા સુનકાર બની જતી. વળી એવું પણ જોયું છે કે, મા જ્યારે છૂટ્ટો ચોટલો મૂકીને પોતાના વેરવિખેર થએલા વાળની દરકાર કર્યા સિવાય ગમે ત્યાં ફરતાં ત્યારે કોઈ કોઈ તો ડરના માર્યા “એ ગાંડી છે,” એમ કહીને એમનાથી દૂર નાસી જતા અને એ તરફ પાછી નજર પણ કરી શકતા નહિ.
ફેરીશ કરતા પણ તેમના તરફ આંખ ફેરવી શકતા નહિ.

એમના સામાન્ય હસવારમવાની અંતર્ગત એમની જે અસાધારણ શક્તિનો પરચો જણાય છે તેનું માપ કાઢી શકાતું નથી. આ સંબંધમાં શ્રી માને કોઈએ પ્રશ્ન કર્યો ત્યારે એમણે કહ્યું કે, “સાધારણ અસાધારણ તમારી પાસે—હું તો સર્વકાળે અને સર્વ અવસ્થામાં એક ભાવેજ રહું છું.” વળી એમણે કહ્યું: “આ બધાએ ખેલ છે. જો ખેલની ઈચ્છા હોય તો હસવામાં અને તમાસાઓમાં આ શરીરને તમે વસડી જાવ. જો ધીર, ગંભીર અને સ્થિર થઈને એને બેસીને રહેશો તો તમારાથી એ દૂર જતું રહેશે. બહુ સારી રીતે આનંદના ખેલ ખેલવાનું શીખો. એમ કરશો તો, એ ખેલની અંદર રહેલ ખેલના પરમ રહસ્યને તમે પામશો.”

જે રોજના સાધારણ જ્ઞાનથી પરતે તેને
સાધારણ રીતે રોજની વસ્તુ તરીકે જેને જાણીએ છીએ તેનાથી પર તે એમને મન અસાધારણ; પરંતુ જે વિવિધ ભાવોને એકજ ભાવમાં લાવીને અદ્વૈત આત્માનંદ રસમાં નિમગ્ન બનીને રહ્યો છે, તેને કોઈવાર જીવભાવ, કોઈવાર ઈશ્વરભાવ અને કોઈવાર બ્રહ્મભાવ થઈ આવે છે; પણ એ બધા ભાવોને સ્વતઃસ્ફુર્ત વિભૂતિના ખેલ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સિવાય બીજું શું કહી શકાય? માના શરીરમાં ઇચ્છાઅનિચ્છા જેવું કાંઈ જણાતું નથી. કોઈ કોઈવાર ભક્તની સદ્બુદ્ધિ અને શુદ્ધ ભાવને ઉત્તેજન આપવા એ જુદી જુદી જાતના અલૌકિક પ્રકાશવાળાં બની જતાં. કોઈ કોઈવાર શ્રદ્ધાળુ ભક્તની એકાન્તિક કામના જ માતાના સરળ વ્યવહારમાં ફૂટી નીકળતી. મા કહેતાં કે, "આ શરીર તો એક ઢોલ છે. એને જે તાલથી વગાડો તે તાલનો એ અવાજ આપે. હું તો જોયાજ કરું છું કે, સર્વત્ર એકજ ખેલ ચાલી રહ્યો છે."

સને ૧૯૩૨ ના જૂન માસમાં માએ ઢાકા છોડ્યું તેને આગલે દિવસે સાંજે પાંચ વાગે રમણા આશ્રમની અંદર ઘણાં છોકરાંએ જમવા બેઠાં હતાં. એમની જોડે મા પણ બેઠાં હતાં; એટલામાં આકાશમાં કાળાં વાદળાં ચઢી આવ્યાં, વાવાઝોડું થવા લાગ્યું, બધાને લાગ્યું કે, વરસાદ આવશે. એ વખતે એક બીજું નવું ટોળું આવીને જમવા બેઠું. જે જમી રહ્યાં તેમને ઊઠવાનું કહીને મા પોતે તો ત્યાંજ બેસી રહ્યાં. જ્યારે બધાંએ જમી રહ્યાં ત્યારે માએ કહ્યું: "મારે સ્નાન કરવું છે."

સંધ્યાકાળ વખતે સ્નાન કરવાનું બધાએ ના કહ્યું; પણ મા એ વાત ભૂલે એવાં નહોતાં. વાતો ચાલતી હતી એટલામાં વરસાદ પડવો શરૂ થઈ ગયો. વરસાદના પાણીથી આખું આંગણું ભરાઈ ગયું. મા એ પાણીમાં અને વરસાદમાં અપૂર્વ ભાવે દોડાદોડી કરવા લાગ્યાં. સાથે સાથે ઘણી સ્ત્રીઓ, છોકરાછોકરીઓ જુવાન વૃદ્ધ બધાએ પહેરેલે કપડે એમની સાથે વરસાદમાં અને પાણીમાં આનંદભેર દોડવા લાગ્યાં અને સાથે સાથે કીર્તન કરવા લાગ્યાં. રાત્રે નવ વાગે બધાં પોતપોતાને ઘેર ગયાં. ઘણાંને એમની લાગવા માંડી પણ કોઈ માંદુ પડ્યું નહોતું.

અમે જોયું છે કે, ઘણી વખતે માએ વાવાઝોડું, વરસાદ, દ્વંદ્વ, કજીયા હસતાં હસતાં પોતાના દૃષ્ટિપાતથી સમાવી દીધાં છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા મૂળથીજ થોડું ખાતાં હતાં, એટલું બધું થોડું ખાતાં કે, કલ્પનામાંએ આવી શકે નહિ. જ્યારે એમના શરીરમાં વિવિધ પ્રકારની ક્રિયાઓ દેખા દેતી ત્યારે કેટલાએ દિવસ મા નિર્જળા (નકોરડા) ઉપવાસ ખેંચી કાઢતાં. સાંભળ્યું છે કે, એમની બધી ક્રિયાઓ પૂરી ન થાય ત્યાં સુધી એમને ખાવાનો ખ્યાલ સરખો રહેતો નહિ. એ અલ્પાહાર કરે કે ઉપવાસ કરે તો પણ એમના મુખનું તેજ, શરીરની સ્વસ્થતા કે ચિત્તની પ્રસન્નતા જરાએ ઓછાં થતાં નથી. રાત પુરી થતાં સાધારણ કાંઈક ખાઈને પાંચ માસ કાઢ્યા હતા. બધી વસ્તુઓ ભેગી કરીને દિવસે ત્રણ ગ્રાસ (કોળીયા) અને રાત્રે ત્રણ ગ્રાસ અન્ન ઉપર એ આઠ નવ માસ રહ્યાં. દિવસમાં બે વખત ફળ ખાઈ અને ખુબ પાણી પીને એમણે પાંચ છ માસ કાઢ્યા. છ સાત મહિના અઠવાડિયામાં બે દિવસ રોજ બે વાર માત્ર સામાન્ય આહાર લઈને અને બાકીના દિવસ સાધારણ ફળ ખાઈને રહ્યાં. સને ૧૯૨૪ ની સાલથી મા પોતાને હાથે ખાઈ શકતાં નહોતાં. ખાવા માટે એ મોઢા આગળ લઈ જતાં પણ હાથમાંથી બધું પડી જતું હતું. હાથમાં કાંઈ પીડા થતી હોય ને પડી જાય તેવું પણ નહોતું. તે વખતે ~~એમણે~~ એક નવી વ્યવસ્થા અમલમાં ~~મૂકી~~. જે ~~ખાવાનું કર્યું હોય તેમાંથી~~ બે આંગળીમાં જેટલું આવતું તેટલું એકવાર દિવસે અને એકવાર રાત્રે ખાઈને ચાર પાંચ માસ કાઢ્યા. ~~તે વખતે દિવસમાં~~ માત્ર એકવાર સાધારણ જળપાન કરતાં. સવારે ત્રણ દાણા ભાત અને રાત્રે ત્રણ દાણા ભાત અને ઝાડતળે પવનથી ખરી પડેલાં બે એક ફળ ખાઈને એમણે પાંચ છ મહિના કાઢ્યા. કોઈ વાર અન્ન હોઠે અડકાડીને ફેંકી દેતાં. વળી એકવાર એક માણસ એકી શ્વાસે જેટલું અન્ન ખવડાવી શકે તેટલું ખાઈને એમણે બે ત્રણ માસ કાઢ્યા. એકવાર યજ્ઞના અગ્નિમાં એક નાની તપેલી જેવા વાસણમાં છટાંક ચોખા દાળ ભેગા કરીને રાંધતાં અને તે ખાતાં. આવી રીતે આઠ નવ માસ કાઢ્યા. એકવાર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શાકમાં સંધેલું અન્ન, ઓસામણ કે થોડું દૂધ કે એકેક રોટલી ખાઈને એમણે કેટલાક દિવસ ચલાવ્યું. કેટલાએ દિવસ એ ખાધા વગર પણ રહ્યાં છે.

એકવાર એમણે જ્યારે ભાત ખાવો બંધ કર્યો ત્યારે ભાતને પણ એ ઓળખી શક્યાં નહિ. શાહબાગમાં એક કાહાર જાતની નોકરડી હતી. એ એકવાર ખાવા બેઠી હતી. એને ખાતી જોઈને મા હસતાં હસતાં બોલવા લાગ્યાં: "આ કેવી ખાય છે, કેટલી સારી રીતે મોઢામાં કોળીઆ મૂકે છે, ચાવે છે, અને ગળે ઉતારે છે, હું ખાઈશ." એમ કહીને એ એના ભાણા પાસે આવીને બેઠાં. એક દિવસ એક કુતરૂં ભાત ખાતું હતું તે ઠેકાણે જઈને મા રડમસ અવાજે બોલવા લાગ્યાં: "હું ખાઉં, હું ખાઉં." એમને આમ કરતાં જો કોઇ અટકાવતું તો બાળકની માફક એ જમીન ઉપર આળોટી પડતાં અને કેટલોએ વખત ત્યાંનાં ત્યાં પડી રહેતાં. આખરે માએ પોતેજ એક દિવસ કહ્યું: "માણસ ત્યાગ કરવા માટે પ્રયત્ન કરે છે; પણ મારું બધું એથી વિપરિત છે. જેનો ત્યાગ ન થઈ શકતો હોય તેની હું વ્યવસ્થા કરું છું. તમે યાદ રાખીને મને રોજ ત્રણ દાણા ખવડાવો જો. જો એમ ન બને તો હું મારે હાથે ખાતી નહિ હોવાથી મારું ખાવાનું બંધ થઈ જાય."

માને જે ખવડાવે તેણે બહુ ચેતતા રહેવું પડે; એક કણ પણ વધારે ખવડાવાય નહિં. એણે શુદ્ધ બનીને, સંયમ પાળીને ખવડાવવું જોઇએ; ખાવાનું વાસણ તેમજ બધી ચીજો બરાબર રાખવાં પડે. જો એ પ્રમાણે ન થયું હોય તો તે ભોજન માને ગળે ઊતરી શકે જ નહિં, અગર માનું મુખ આપોઆપ જ ફરી જાય, અગર તો એમનું શરીર એ જગ્યાએથી ઊઠી જાય. મા કહેતાં: "આ શરીરમાં અને ભોંયમાં કશીએ ફેર નથી. મને ભોંય ઉપર મૂકીને કે કોઈ સ્થાનમાં મૂકીને જે ભાવે જે ચીજ આપો તે હું ખાઈ શકું છું. તમને બધાને માટે આચાર, નિષ્ઠા, સુસત્વ, કર્તવ્યપાલન વગેરે આવશ્યક છે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ પ્રમાણે લાંબો કાળ અલ્પાહાર કરવાનું એમણે ચાલુ રાખ્યું; છતાં નિત્યનો વેવાર અને ગૃહકાર્ય કરતાં એ તલમાત્ર થાકેલાં કે શ્રમિત થએલાં જણાયાં નથી.

પછી ધીમે ધીમે બધાં કાર્યો આપોઆપ છૂટવા લાગ્યાં. રાંધતાં, સખતાં, કામ કરતાં કરતાં, એ પરવશ બનીને પડી જતાં. કોઈ કોઈ દિવસ તો દેવતામાં હાથ પગ પડતાં એ દાઝી જતાં. વળી કોઈ દિવસ બીજો જ ઉપદ્રવ થતો; પરંતુ આવા આવા ઉપદ્રવોનું એમને કાંઈ ભાન રહેતું નહિં. મા કહેતાં કે, “કોઇએ પણ કાંઈ ઇચ્છા કરીને તે છોડી દેવી નહિં. કર્મો પૂરાં થશે એટલે ત્યાગ આપોઆપ આવી જશે.”

સને ૧૯૨૬ ના મે માસથી આહારના કઠણ નિયમો શિથિલ લાગ્યા; છતાં એ સાધારણ ખાતાં; એ બાળક જેટલું ખાતાં એમ કહીએ તો ચાલે. હાથે ખાવાનું બંધ થયે ચાર પાંચ વરસ થયાં ત્યારબાદ માને બધાંએ આગ્રહ કરવા માંડયો કે, હવે તમે તમારે હાથે ખાવ. માને પણ તેમ કરવાનું મન થયું. ખાવાના પદાર્થો લઇને એ બેઠાં. એ એક કોળીઓ મોંઢામાં મૂકે અને બાકીનું ફેંકી દે, કે જમીન ઉપર પાથરી દે. એમને ખાવાની ઇચ્છા જ થાય નહિં એટલે પછી હાથે ખાવાનો કોઇએ એમને આગ્રહ કર્યો નહિં. મા કહેતાં: “આ બધાએ મારા જ હાથ છે એમ હું જોઉં છું; એટલે હું મારે હાથે જ ખાઉં છું એમ સમજું છું.”

એમની નાની ઉંમરમાંથીજ ઘરકામમાં તેમજ રસોઈ વગેરેમાં એમની કુશળતા અને પવિત્રતા જણાઈ આવતાં હતાં. એ જે જે કરતાં તે બધુંએ બરોબર અને જોઇએ તેવું કરતાં. કપડાં સીવવાં, વાસણ માંજવાં વગેરે કામકાજ એ પોતાની બુદ્ધિથી બહુજ સારી રીતે કરતાં હતાં. કેટલાંક કામ જે બીજાંઓ ઘણી મહેનતે પણ કરી શકતાં નહિ તે એ સહેજમાં કરી નાખતાં. બધાં આ જોઇને અજાયબ થઈ જતાં. એમને હાથે દાળ અને શાક તો બહુજ સ્વાદિષ્ટ બનતાં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કોઈને જમવાનું નિમંત્રણ આપેલું હોય ત્યારે તો એમને ખાસ આગ્રહ પૂર્વક રસોઈમાં હાજર રાખવાં પડતાં.

નાનાં મોટાંને ખવડાવવા કરવામાં માને બહુ આનંદ થતો. પોતે ખાય પોતે નહિ પણ બીજાને ખવડાવીને એ તૃપ્ત કરે. એકવાર ગૂજરાત પ્રાંતમાંથી એક સાધુ શાહબાગમાં આવ્યા હતા. માએ પોતાના લૂગડાના છેડાથી એમનું બેસવાનું આસન સાફ કરી આપ્યું અને વિનયવાળી મધુરવાણીથી એમને ભોજન કરાવ્યું. એમની ખાવાની થાળી માંજીને એવી ચકચકિત બનાવી દીધી હતી કે, એમાં પીરસેલ ખાદ્ય પદાર્થો જાણે શ્રદ્ધા અને સેવાના સ્પર્શથી ભર્યા ભર્યા લાગતા. એ મહાત્માએ કહ્યું હતું કે: “આજે તો જગતજનનીના હાથની રસોઈ જમ્યો છું. આવી રીતે તો કોઈ જમ્યું નહિ હોય.”

જ્યાં સુધી એમનાથી બની શક્યું ત્યાં સુધી એમણે પોતાને હાથે રસોઈ કરીને જેમ પોતાનાં સંતાનોને જમાડે તેમ ઘણાને જમાડ્યા છે. એમના હાથનો પ્રસાદ અનેકના જીવનમાં અવર્ણનીય આનંદ રેલાવતો હતો. ઘણીએ વાર પ્રસાદ વહેંચતી વખતે અલૌકિક ઘટનાઓ જોવામાં આવતી. એક દિવસ નિરંજનની સ્ત્રી કેટલાંક કમલાં લઈને આવી. બધાંએ કહ્યું કે, અમે તો માને હાથે એ કમલાં લઈશું; એટલે માએ ઊઠીને દરેકને એકેક કમલું આપવા માંડ્યું. લોકોની સંખ્યા જોઈને કમલાં ખુટશે એમ લાગ્યું; પરંતુ માની લીલાથી બધાંને કમલાં પહોંચી રહ્યાં. એક વધ્યું નહિં કે એક ઘટ્યું નહિં. એકવાર નિરંજનને ઘેર પચાસ સાઠ માણસોને પહોંચી રહે એટલો પ્રસાદ બનાવ્યો હતો પણ માણસોની સંખ્યા લગભગ બમણી થઈ ગઈ. આ હકીકત જાણીને વહેંચવાનો પ્રસાદ જે ખંડમાં મૂકેલો હતો તે ખંડના એક ખુણામાં બધાંને પ્રસાદ પહોંચી રહ્યો ત્યાં સુધી મા ઊભાં રહ્યાં; પછી પ્રસાદના પાત્રમાં જોયું તો બધાંને પહોંચી રહ્યા છતાં થોડો પ્રસાદ વધ્યો હતો.

આશ્રમમાં શું અન્નવસ્ત્ર વગેરે છે તે માના ધ્યાનમાં રહેતું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પોતે એકાદ ચીજ લે કે એકાદ વસ્ત્ર પહેરે કે શરીરે અડકાડીને ફેંકી દે અને પછી ખુલ્લે મને ખડખડાટ હસી પડે. ઘણા સોના રૂપાના અમૂલ્ય દાગીના અને કીંમતી વસ્તુઓ માને ભેટ ધરતા. ઘણી વખતે શંખ, કાચની બંગડી અને સૂવર્ણ અલંકારોથી માના બન્ને હાથ ભરાઈ જતા. મા બધુંએ સમાન ભાવે ગ્રહણ કરતાં. કોણે શું આપ્યું, કોણ શું લઈ ગયું અથવા કોણ શું મૂકી ગયું તેના તરફ માનું લક્ષ રહેતું જ નહિં. કેટલાંક ઘરેણાં એ વહેંચી દેતાં, કેટલાંક અલંકારોને ગળાવી નંખાવીને આશ્રમમાં જે દેવની મૂર્તિ બેસાડેલી હતી તેને અર્પણ કરતાં. એમને પહેરવા માટે તો માત્ર બે જ વસ્ત્રો રહેતાં. કેટલીક વખત તો એ બે વસ્ત્રમાંથી એક વસ્ત્ર મા બીજાને આપી દેતાં. પણ આશ્ચર્યની વાત તો એ હતી કે એ વસ્ત્ર આપી દેતાં દેતાંમાં તો એમને માટે બહારથી બીજું વસ્ત્ર આવીને પડ્યું જ હોય.

હું ઢાકાથી કલકત્તે ગયો તે વખતે મારા સ્નેહી શ્રીયુત જ્ઞાનેન્દ્ર-નાથસેનને ઘેર હું ઊતર્યો હતો. એમનાં સ્ત્રી હિરણમયીદેવી મારા ઉપર પોતાના નાનાભાઈ જેટલો સ્નેહ રાખતાં. આવાં સ્નેહાળ, લોકોને રંજન કરવામાં સિદ્ધહસ્ત, સરળ, શુદ્ધ અને પતિપ્રાણા મહિલા આજના વખતમાં મળવાં દુર્લભ. એમના સ્નેહના આકર્ષણથી મા પણ કોઈ કોઈવાર પોતાની મેળે એમને મળવા આવતાં. એકવાર મા કલકત્તામાં કાલી ઘાટ ઉપર આવેલા એક મકાનમાં ઊતર્યાં હતાં. હું એમને મળવા ગયો તે વખતે એક ભક્ત ત્યાં આવ્યા અને માને એક સુંદર ઢાકાની સાડી પહેરાવી. માને તે વખતે જ્ઞાનબાબુના મકાને જવાનું હતું. રસ્તામાં એ કોઈ બીજે ઠેકાણે જવાનાં છે, એમ જાણીને હું ત્યાંથી પહેલો જ નીકળી ગયો. ઘેર જતાં રસ્તામાંથી [illegible] જાતની એક સાડી મેં માને માટે ખરીદી. મેં એવો વિચાર કર્યો કે મા આવશે ત્યારે એમને હું આ સાડી પહેરાવીશ એટલે એમણે પહેરેલી ઢાકાની સાડી જ્ઞાનબાબુની સ્ત્રીને મળશે. એ સંબંધી મેં કોઈને વાત કરી નહોતી. મારે ત્યાં આવતા પહેલાં મા જ્યાં ગયાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્યારે જોયું ત્યારે ખબર પડી કે જ્યાં જ્યાં આ ટુકડા પડયા હતા ૮૦ તે જગ્યા બળી ગયા ...વી થઈ ગઈ હતી.

હતાં ત્યાં પેલી ઢાકાની સાડી આપી આવ્યાં હતાં. હું તો ચૂપ જ થઈ ગયો. મા મારી સામે તાકીને જોઈ રહ્યાં અને હસી પડયાં. કોઈ કશું સમજી શકયું નહિં. છેવટે મેં મારી બુદ્ધિ કેવી દોડાવી હતી તે હકીકત મેં માને ખુલ્લેખુલ્લી કહી દીધી.

ઉપર મેં માના અલ્પાહારની કેટલીક અલૌકિક ઘટનાઓનો ઉલ્લેખ કર્યો છે, હવે એમના અતિ આહારની પણ બે વાતો કહી લઉં. આઠ નવ મહિના યજ્ઞના અગ્નિમાં છટાંક અન્ન રાંધીને મા ખાતાં હતાં ત્યારબાદ મા પોતાના સ્વાભાવિક આહાર ઉપર આવ્યાં. એક દિવસે બધાંએ મળીને એમને આગ્રહ કર્યો કે, તમે આઠ નવ માણસ ખાય એટલું એકી વખતે ખાવ. માએ કબૂલ કર્યું. પછી હસતાં હસતાં સાઠ સીત્તેર લુચી (પુરી) તે પ્રમાણે દાળ, શાક અને એક ~~શેર~~ મિષ્ટાન્ન એ જમી ગયાં અને "હજુ ખાવું છે; બીજું લાવો." એમ બોલીને નાનાં છોકરાંની માફક એ હઠે ચઢી ગયાં.

માએ બધાંના દેખતાં આટલું બધું ખાધું તેથી એમને નજર લાગશે એવી શંકા આણીને એક ભકતે ~~એક~~ માટલીમાં ~~મિષ્ટાન્ન ભરીને~~ માને સાથે ~~ઉતારીને ફેંકી દીધી. આ પ્રમાણે માની અલાબલા દૂર કરી.~~

ભોજન લેતી વખતે તેમજ કોઇ કોઇવાર ભોજન લીધા બાદ કેટલીકવાર સુધી મામાં અપ્રાકૃત ભાવ જણાતો હતો. મા કહેતાં હતાં કે: "મેં આટલું બધું ખાધું છે એ હકીકત તો તમે મને કહી ત્યારે જ મેં જાણી. ખાતી વખતે હું ખૂબ ખાઉં છું એવું મને સમજાયું જ નથી. તે વખતે તમે મને મિષ્ટાન્ન કે શું ~~પણ~~ ઘાસ, પાદડાં કે તમારી ઇચ્છામાં આવે તે પદાર્થ આપો. હું કોઇ પણ જાતના ભેદ ભાવ વિના તે ખાઈ જઈશ." એવું એવું ખાવાથી એમના શરીરમાં કોઇ પણ પ્રકારની અસ્વસ્થતા આવતી નહિં. ખાવાની વાત તો શી, પણ તે વખતે એમના ખ્યાલમાં જે કામ આવતું તે કામ એ કરી નાખતાં. જો કે એ કામ કદાચ અસ્વાભાવિક હોય તોપણ તેનું અવળું પરિણામ તો આવતું જ નહિં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપણે ગંધ પુષ્પ વડે જેમ કોઈ દેવનું પૂજનઅર્ચન કરીને આપણા કાર્યની સિદ્ધિ માટે તેમની પ્રાર્થના કરીએ છીએ તેમ શ્રી માતાના ચરણની પૂર્ણ ભક્તિભાવથી પૂજા કરીને જો આપણે એમની પ્રાર્થના કરીએ તો આપણને જરૂર આનંદની પ્રાપ્તિ થાય છે. એમને સાધારણમાં સાધારણ ચીજ કે ખરાબ ફળ ફળાદિ આપવામાં આવે તો તે પણ એ સહર્ષ સ્વીકારી લેતાં. કોઇ વખતે એમને જે શાક આપવામાં આવેલું હોય તેમાં મીઠું મરચું જ નાખવાનું રહી ગયું હોય; કોઈ વખતે એમને મીઠાઇ આપી હોય તો તે ખાંડ વગરની હોય, છતાં વસ્તુ સારી થઈ છે કે ખરાબ થઇ છે, તેનો કશો વિચાર ન કરતાં હસતાં હસતાં એ ચીજ મોઢામાં મૂકી દેતાં અને "લે જલદી જલદી ખાઇ જા, કેવી સરસ આ ચીજ બની છે" એમ કહીને એ વસ્તુ બીજાને પણ આપતાં; અને કેટલીકવાર બહુ કાળજીપૂર્વક સુંદર અને મોંઘી વસ્તુઓ બનાવી લાવીને એમના ~~મુખ આગળ~~ ધરવામાં આવે તો એ ~~[illegible]~~ મોઢું બંધ કરી દેતાં.

ડેપ્યુટી ઇન્સ્પેકટર તારકચંદ્ર ચક્રવર્તી પોતાની પાછલી અવસ્થામાં ઘરના દૂધને જમાવીને બનાવેલ સંદેશ (એક જાતની મીઠાઇ) લઇને ચાર પાંચ માઇલ પગે ચાલીને એક દિવસ સવારમાં વહેલા માના આશ્રમમાં આવ્યા. મા તે વખતે પથારીમાંથી ઊઠયાં નહોતાં. વૃદ્ધ આવીને માને ઘાંટો પાડીને કહેવા લાગ્યા: "મા, મા, હું બહુજ પવિત્ર ભાવથી તમારે માટે સંદેશ લાવ્યો છું. એ તમારે ખાવાં પડશે." મા એકદમ પથારીમાં બેઠાં થઈ ગયાં અને હાથ મોં ધોયા સિવાય જ વૃદ્ધના હાથે બાલકની માફક સંદેશ ખાતાં ખાતાં હાથના તાઓટા પાડવા લાગ્યાં. તારક બાબુની બન્ને આંખોમાંથી હર્ષાશ્રુ નીકળી પડ્યાં. એક દિવસ બેબી મધ્યાહ્‌ને ઘેરથી મિષ્ટાન તૈયાર કરીને આશ્રમમાં લઈ જતી હતી. મા આશ્રમમાં બધાં જોડે વાતો કરતાં હતાં. બેબી તે વખતે આશ્રમથી અડધો માઇલ દૂર હશે. મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઓચિંતાં હસતાં હસતાં બોલી ઊઠયાં: "મારે માટે ખાવાનું આવે છે." અને જેમ બાલક ખાવા માટે ધમપછાડા કરી મૂકે તેમ એ ખાવા માટે અધીરાં બની ગયાં. કોઇ કોઈ વખતે કોઈ ઘરમાં આવેલું ન હોય છતાં બાળકની માફક મા કાલા કાલા અવાજે બોલી ઊઠતાં: "મારે માટે શું આણ્યું છે? જલદી જલદી કાઢો" આમ કરી કરીને મા બહુ ગમ્મત કરતાં અને હસતાં. કેટલીકવાર માને ખવડાવવા માટે કોઈ ખાવાનું લાવીને બેસી રહ્યા હોય પણ માની ઊંઘ જ પૂરી થઇ ન હોય.

હું એકવાર માંદો પડી ગયો હતો અને પથારીવશ હતો. તે વખતે મને વિચાર આવ્યો કે, માને માટે હું ખીર મોકલાવું. ખીર તૈયાર થઇ એટલે તે સારી થઈ છે કે નહિ તે જોવા મેં તે સહેજ ચાખી જોઇ. મારી મોટી બેન તે વખતે પાસે જ હતાં; એમણે કહ્યું: "આ ખીર માને મોકલાશે નહિ. ચાખેલી વસ્તુ દેવને ધરાવાય નહિ." મેં કહ્યું, 'મોકલાવી દો.' પાછળથી મને ખબર પડી કે, તે દિવસે મેં મોકલાવેલી બધીએ ખીર મા જમી ગયાં.

વળી બીજા એક દિવસની વાત કહું. મેં કહ્યું, 'આજે સક્કરપાસ તૈયાર કરીને માને મોકલાવો.' ઘરમાંથી બધાંની ઇચ્છા નહોતી છતાં મોકલાવ્યા તો ખરા; પણ પાછળથી મને ખબર પડી કે, માએ એમાંથી એકપણ ચાખ્યો નહોતો.

કેટલીકવાર એવુંએ જોવામાં આવ્યું છે કે, કેટલાક ખાલી હાથે આવીને મા બેઠાં હોય ત્યાંથી ઘણે દૂર ઊભા રહીને એક ચિત્તે માને પોતાનું ભાવવાહી અંતરમનોમય નિવેદન કરતા. મા એમના અંતરના ભાવનો સ્વીકાર કરીને એમની કૃપા તેમની ઉપર વરસાવતાં. આવી કૃપા અને કરુણાનો લાભ તો અશ્રુપૂર્ણ નેત્રે કાકલુદીભરી વિનંતિઓ કરીને માને ભોગાદિ દ્રવ્યો અર્પણ કરનારાઓ પણ મેળવવા સમર્થ થતા નહિ. જેનો જેવો ભાવ તે પ્રમાણે તેને લાભ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જે મારું જોવા છતાં જોઈ શકે અને જોવા છતાં જુએ નહિ, નહિ સાંભળવા છતાં જે સાંભળી શકે અને સાંભળવા છતાં ૯૩ સાંભળે નહિ તેને માટે શું આ વિચિત્ર છે?

મળતો. બહારથી આવતા પદાર્થો ઉપર કશો આધાર રહેતો નથી તેમ તેવા પદાર્થોની અપેક્ષાએ રખાતી નથી.

માનાં દ્વાર આસ્તિક–નાસ્તિક, ધનવાન–ગરીબ, બાળક, યુવાન, વૃદ્ધ, સ્ત્રી, પુરુષ સર્વ માટે બધોએ વખત ખુલ્લાં રહે છે. મા હસતાં હસતાં ઘણી વખત કહેતાં કે: "તમારે મારા મેળાપનો સમય જાણવો છે? મારાં ~~દર્શન માટે~~ દ્વાર તો હરહંમેશ ~~મારાં દ્વાર~~ ખુલ્લાં છે. ~~તમારા અને તમારા સંસાર વૈવારના ખ્યાલ ઉપરથી મારો ખ્યાલ ન આવશે.~~ તમે જ ઉલટા આ દ્દોક રીના વાત તમારા સંસારની ચિંતામાં યાદ રાખતા નથી. તમારી વાત પ્રત્યેક ક્ષણે મારા મનમાં રહે છે." ૐ રહુ યાદ રાખજે.

~~એ જોતાં નહિ, છતાં જોતાં. સાંભળતાં નહિ, છતાં સાંભળતાં. સાંભળતાં, છતાં નહિ સાંભળતાં. આથી વધારે વિચિત્ર શું હોય?~~

દિવસ–રાત, સુખ–દુ:ખ, શ્રમ–વિરામ, ગ~~મે તે આવો; મા બધાંની પરવરસી કરતાં.~~ ગમે તે હોય પણ મા અવિરછેદપણે જાણે બધાની અપેક્ષા કરતાં જેઠા હોય એમ લાગે.

રોજ રોજ સવારથી મોડી રાત સુધી લોકોનો પ્રવાહ અવિરલ-પણે વહ્યા જ કરતો. કોઈ માને ચાંલ્લો કરે, તો કોઈ માનો ચોટલો ગૂંથે, કોઈ કહે ચાલો તમને સ્નાન કરાવું, કોઈ કહે ચાલો તમારા દાંત સાફ કરું, કોઈ લૂગડું પહેરાવતું, કોઇ ચોળી બદલાવતું, કોઈ મીઠાઈ કે ફળ ખવડાવતું, કોઈ કહેતું: "મા, કાંઈ ગાવ," કોઈ એમના કાનમાં છાની છાની વાત કરતું. વળી મા બેઠાં હોય ત્યાંથી કોઈ એમને બીજે ઠેકાણે લઈ જઇને કોઈ ગુપ્ત વાત કહેવા મથતું હોય, વળી કોઈ આવીને બીજાને કહેતું કે: "ચાલો, અહિંથી ખસી જાવ, માને આવી રીતે પજવો નહિ." આવી રીતે લોકોનાં ટોળેટોળાં જરાપણ વિરામ સિવાય, આમ કરો, તેમ કરોનો જબરો કોલાહલ મચાવી મૂકતાં; પણ મા તો એ કોલાહલમાંએ અચલ અટલ ભાવે પ્રસન્ન વદને કલાકોના કલાકો એક જ જગ્યાએ સ્થિરતાથી બેસી રહેતાં અને આનંદની છોળો ઉરાડતાં. ~~જો કે એકઠા મળેલાં બધાંનો~~ બધા એક ~~સરખો ભાવ ન હોય છતાં માતાજીની સ્નેહમધુર કરુણાપૂર્ણ નજરની ધારાઓ દરેક ઉપર સવારના સૂર્યના પ્રકાશની માફક પડ્યા~~ સરખી જાતા જ પ્રત્યે આકર્ષાયા નહિ હોય છતાં માતાજીના કરુણા દૃષ્ટિ ઉષાના સોનેરી કિ... રણ જેવું ... પડતી હોય.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

× જેને જેવા રમકડાં જોઈએ તેને તેવા રમાડી શાંત રાખવા જોઈએ" આ બધા કારણોને લઈને કોઈ

કરતી હતી. એમની કનેથી કોઈ દિવસ કોઈ હતાશ થઇને કે દીલગીર થઇને પાછું ગએલું જોયું નથી. મા કહેતાં: "બુજ અને અબુજ બંને તો ભગવાનનો સંસાર છે.× સર્વને સંતોષ મળે એવી રીતે વર્તવું."

માના ઉત્તમ ગુણોને લીધે કોઈ એમ કહેતું નહિ કે: "એ મા મારાં નહિ પણ તમારાં છે." જેને જેને માના ગાઢ સમાગમનો લાભ મળ્યો છે તે બધા એમ જ ધારતાં કે: "મા તો ખરેખર મારાં જ એકલાનાં જ છે." બધાએ વિના સંકોચે પોતાનું હૃદય મા આગળ ઠાલવતાં અને એમની અભય વાણીથી સાંત્વન મેળવતાં.

ભક્તને માટે મા કેવી લીલા કરતાં તે સમજાવવું મારી શક્તિની બહારનું કામ છે. કોઈ માને અમુકને ઘેર પુત્રનો જન્મ થયો તેવી વધાઇ આપતું. કોઈ અમુકનો પુત્ર મરી ગયો એવા દીલગીરીભર્યા સમાચાર એમને આપતું; પણ એ તો એવા હર્ષના કે શોકના સમાચાર સાંભળીને સમરસ જ રહેતાં. કોઇ વાર કોઈ શોકાતુર માણસને જોઇને એ હસતાં અને કોઈવાર ઉલ્લાસભર્યાંને જોઈને એ રડી પડતાં. કોઈ માના પગ ઉંપર પડીને રડતું, તો મા તેને મધુર વાણીથી "આમ કરો" એવો બોધ આપીને ધીરે ધીરે પોતાનો પગ ખસેડી લેતાં. કેટલીક વાર કોઇ માણસ ઘણીવાર સુધી માનો પગ પકડી રાખતો, તે વખતે મા છાનાંમાનાં બેસી રહેતાં. એકવાર એક સ્ત્રી પુત્રશોકથી વિહ્વળ બનીને માનાં ચરણો ઉપર ઢળી પડીને રડવા લાગી. એને રડતી જોઇને મા મોટી પોક મૂકીને એટલા જોરથી રડવા લાગ્યાં કે, પેલી બાઇનું રડવું તો કોણ જાણે ક્યાંએ જતું રહ્યું. માના રડવામાં એ પોતાનો શોક અને દુઃખ તો ક્યાંએ ભૂલી ગઇ અને માને રડતાં છાનાં રાખવા માટે ઉલટી એને માની પ્રાર્થના કરવી પડી: "મા, હવે હું નહિ રડું, તમે છાનાં રહો."

શુદ્ધ ભાવથી માતાજીનાં શ્રી ચરણનાં દર્શનથી, એમની મધુર અને કોમળ વાણીના શ્રવણથી અને એમની ચરણરજથી, ઘણાએ કૃતાર્થ થયા છે. એકવાર મારો એક મિત્ર વિલાયતથી ત્યાંનો પવન લઇને

માનું હસતું મોઢું જોવા મારે અહીં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થોડા વખતથી અહિ આવેલો હતો. એને હું આગ્રહ કરીને માનાં દર્શન કરવા તેડી ગયો. એણે કહ્યું: “ માતાજીનાં દર્શન કર્યા પછી ઘણા દિવસથી ભુલાઈ ગએલો ગુરુએ આપેલો મંત્ર મને એકદમ યાદ આવી ગયો. ” જેઓ માતાજીનાં શ્રીચરણ પાસે બેસીને ભજન પૂજન, જાપ, ધ્યાન વગેરે કરવામાં નિમગ્ન બની રહેતા, તેમને તે તે કર્મમાં અદ્‌ભૂત શક્તિ અને એકાગ્રતાનો અનુભવ થતો. આવા તો ઘણા દાખલા બન્યા છે. એમણે પોતાનાં આદર્શ માનીને, એમના ઉપર શ્રદ્ધા રાખીને સર્વતોભાવે જે એમને શરણે ગયા છે, તેમનું ઘણુંજ શ્રેય થયું છે. એકવાર સિદ્ધેશ્વરીના મંદિરમાં કીર્તન થતું હતું. ત્યાં એક સોળ સત્તર વરસની છોકરી ભાવાવેશમાં આવી આનંદ અને ઉલ્લાસના વેગમાં માને બાઝી પડી; તેથી એના શરીરમાં એવું પરિવર્તન થઈ ગયું કે, એ ‘ હરિ બોલ ’ ‘ હરિ બોલ ’ કરતી કરતી જમીન ઉપર પછડાઈ પડી. ત્રણ ચાર દિવસ સુધી એ છોકરી ભાવાવેશમાં રહી અને હરિના નામનું રટણ કરવા લાગી.

એવું પણ સાંભળ્યું છે કે, કેટલાક માના દર્શનથી અને સ્પર્શથી પોતાના પાછલાં નઠારાં કર્મોનો પશ્ચાતાપ કરતા કરતા આત્મોન્નતિને પંથે વળી ગયા છે. લોકો જેને પાપી અને અસ્પર્શ્ય ગણીને કાઢી મૂકતા, તેવાઓ પણ માના સમાગમલાભથી કૃતાર્થ થઈ ગયા છે. મા કહેતાં કે: “ જે માણસ કાંઇ પણ કરવાને અશક્ત હોય, જેને ધર્મમય જીવન ગાળવા માટે કશી સહાયતા ન મળતી હોય તેમનું મારે ખાસ કામ. ” ધર્મજીવનનો જેણે હજુ એકડો જ ઘુંટયો નહોય તેવાં માણસોએ પણ માને શરણે આવીને પોતાની ઉન્નતિ સાધી છે. જે પોતાને મોટા શાસ્ત્રના જ્ઞાતા અને કર્મકાંડી કહેવડાવતા તેમના ગર્વ પણ માના સમાગમલાભથી ગળી ગયા છે. મા કહેતાં કે: “ સમય વગર કશું બનતું નથી, જેને જેટલું મળવાનું હોય છે તેટલું મળે છે. ”

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

× ઈલેક્ટ્રીક લાઈટના અજવાળામાં

કીર્તન થતું હોય ત્યારે કૂતરાં અને બકરાં પણ માના શરીરને બરાબર અડીને બેસી રહેતાં, કે એમના ઘૂંટણ ઉપર માથું નાખી દેતાં. કોઈ કોઈ વાર તો એ પણ માની જોડે ફરવા નીકળતાં અને માણસની માફક પ્રસાદ પણ ખોળી ખોળીને ખાતાં. ભયંકર વિષધર નાગ પણ માની પાસે આવતો જોવામાં આવ્યો છે. એક દિવસ મા સિદ્ધેશ્વરીમાં એક ઝાડ તળે બેઠાં હતાં; એટલામાં ઓચિંતો એક સાપ આવીને માની પીઠ ઉપર ફેણ માંડીને ઊભો રહ્યો. આ દૃશ્ય શ્રીમાન ગિરજાશંકર પ્રસન્ન સરકારે જાતે જોયું હતું. એક દિવસ રાત્રે નિરંજનના ઘરમાંથી એક સાપ વેરો સાથે સાથે થઈને માની પાછળ પાછળ જતો હતો. બીજે ઠેકાણે માની સાથે સર્પનાં દર્શન ઘણીવાર થતાં હતાં.

શ્રી માના ઉપદેશ એટલા બધા સાર્વત્રિક, સરળ અને હૃદયસ્પર્શી હોય છે કે, સાંભળનારને એવુંજ લાગે કે અંતરાત્માજ વાણી રૂપે બહાર પ્રકાશી રહ્યો છે. એમનું પ્રત્યેક વાક્ય આપણામાં શાશ્વતનો આભાસ જગાવી દે છે. એ તર્ક, યુક્તિ કે મીમાંસાની ખટપટમાં પડતાં નથી. ઉપદેશ કે આદેશ આપવાની ઇચ્છા કરીને એ કોઈ ઉપદેશ કે આદેશ આપતાં નથી. જેનો જેવો ભાવ તે પ્રમાણે તેને મળતું.

કોઈ કોઈ તો અમુક અમુક સવાલો મન સાથે પૂછવાના નક્કી કરીને માની પાસે આવતા; પણ માની પાસે આવ્યા પછી જુદોજ પ્રકાર બનતો. તે આવીને બેસે તે વખતે મા બીજાની સાથે વાતો કરતાં હોય અને એ વાતોમાંજ પેલા ભાઈના સવાલોનું વગર પૂછે સમાધાન થઈજ ગયું હોય. મા એક વાર દેવગઢ વૈદ્યનાથ ગયાં હતાં. ત્યાં શ્રીમદ્ સ્વામી બાલાનંદજીએ કહ્યું: “મા તમારી પોટલી છોડો.” માએ કહ્યું: “પોટલી તો છોડેલીજ છે.”

માના ઘણા ઉપદેશોનો સારાંશ “સદ્વાણી” માં છપાયલો છે. એનો થોડોક ઉલ્લેખ અહિં કરું છું. રોજ રોજ માનાં વિનોદ અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાતોમાં ધર્મ અને નીતિની કથા આવ્યા જ કરે છે. જો એ સર્વનો સંગ્રહ કરી રાખ્યો હોય તો એનો એક અપૂર્વ જ્ઞાનનો ગ્રંથ બની જાય. સામાન્ય વસ્તુઓમાંથી મા મોટાં મોટાં તત્ત્વોનું તારણ કાઢતાં. એ કહેતાં કે: "આપણો ક્ષુદ્ર પરિવાર આ વિરાટ્ સંસારની ભીતર રહેલો છે. મર્યાદામાં બંધાઇ રહેલા જીવો, આઘાત અને પ્રત્યાઘાત સહન કરતા કરતા એક અનંત લીલામય તરફ જઈ રહ્યા છે. અહિં એમના વાણી, હાસ્ય, ગાન, કીર્તન, સ્તોત્ર, ભાવ અને હલનચલન વગેરેનો વિકાસ થાય છે. એમનો વાચિક અને કાયિક સર્વ વ્યવહાર ઉપદેશપૂર્ણ હોય છે. અને તે જીવનના સાંસારિક અને ધાર્મિક બન્ને ક્ષેત્રમાં ઉપયોગી થઈ પડે છે. એમના ગુણોમાંના ગમે તે એક ગુણને આદર્શ માનીને વર્તન કરવામાં આવે, તો માનવજીવન ધન્ય બની જાય. મુમુક્ષુ જીવની આંખે તો એવુંજ દેખાય કે માએ દ્વંદ્વનું દૈન્ય ટાળવા માટે આ સર્વ-મંગલ કારણ સ્વરૂપ મર્ત્ય દેહ ધારણ કર્યો છે. એ કહે છે કે: "ધર્મ કોઈ જટિલ બંધન કે આચારના પાંજરામાં જકડાયલો નથી. જીવનરક્ષાનો માર્ગ ધર્મ રક્ષા. આવી દૃઢ ધારણા મનમાં રાખીને આહાર, વિહાર, દ્રવ્યોપાર્જન ઇત્યાદિ ક્રિયાઓ વગેરે કરવા છતાં માણસે ધર્મસાધનામાં પોતાનું ચિત્ત ચોંટાડવું જોઈએ. સારી બુદ્ધિ રાખીને કામ કરો. કર્મમાં મશગૂલ થઈ જાવ તો પણ બહાર આવવાનો પ્રયાસ કરો. સર્વ કાર્યમાં એનેજ પકડી રાખો. એવું કરશો તો કશુંએ છોડવું પડશે નહિ. તમારું કાર્ય પણ સારી રીતે થશે અને લક્ષ્ય પ્રતિ પણ તમે સહેલાઇથી જઈ શકશો. જેમ માતા પોતાના બાળકને મહા મહેનતે મોટા કરે છે, તેવી રીતે તમે પણ મોટા થઈ જશો. જે કામ કરવું તે કાય, વાચ, અને મનની સરળતાથી અને સંતોષપૂર્વક કરવું. એમ થશે તો કર્મમાં પૂર્ણતા આવશે. વખત જતાં સુકાઈ ગએલું પાંદડું આપોઆપ ખરી પડે છે અને નવું પાંદડું આવે છે."

સાંભળ્યું છે કે, મા જ્યારે ઘરનું કામકાજ કરતાં ત્યારે ખાવાપીવાનું, પહેરવાઓઢવાનું કે શરીરનું રખોપુ કરવાનુંએ એમને ભાન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રહેતું નહિ. આખો દિવસ ઘરનું કામકાજ કરવા મંડી પડતાં અને ઉપરવાળાનો હુકમ અમલમાં મૂકતાં. પાડાપડોશી કહેતાં કે, આ વહુમાં અક્કલ બહુ ઓછી છે.

મા કહે છે કે: "જેમ લોકો નક્કી કરેલે વખતે સ્કૂલમાં, ઓફીસમાં, દૂકાનમાં કે અન્ય સ્થળે પોતપોતાના કામને માટે નિયમિત રીતે જાય છે, તેમ ચોવીસ કલાકમાં આપણને અનુકૂળ હોય તેટલો અને તેવો સમય આપણે નક્કી કરી રાખવો અને તે સમય આપણે આપણા પરમદેવને અર્પણ કરી દેવો અને સંકલ્પ કરવો કે, એ નિર્દિષ્ટ કરેલા સમયમાં હું પ્રભુના ચિંતન સિવાય બીજું કોઇ કાર્ય કરીશ નહિ. એકલા આપણે માટેજ નહિ, પણ આપણા પરિવાર નોકરચાકર સર્વને માટે એવો સમય નક્કી કરી દેવો. લાંબા વખતના અભ્યાસથી ઈશ્વરનું ચિંતન કરવાની તેમને સ્વાભાવિક રીતે ટેવ પડી જશે. તમને પછી બીજી કોઈ ભાવના થશે નહિ. આખોએ વખત તમે એક અજ્ઞાત કૃપાની ધારાનો અનુભવ કરશો અને તે તમારા ભાવમાં અને કામમાં તમને બલ અને ઉત્સાહ આપશે. આવી રીતે નોકરી કરશો તો પેન્શનની પણ અહિં જોગવાઇ છે; પછી તમારે બીજો પરિશ્રમ કરવાની જરૂરજ નહિ રહે. વળી, એ ઉપરાંત આ ધર્મરાજ્યનું ઇનામ પણ મોટુંજ અને સહેજમાં મળી જાય. એ નોકરીનું પેન્શન મરી ગયા પછી રહેતું નથી પણ એ પેન્શનનો લય કે ક્ષય થતો નથી. જે માણસ પૈસાનો સંગ્રહ કરે છે તે એ પૈસો પોતાના ઘરમાં બનાવેલા ચોર-તાકામાં ભરી રાખે છે અને તે સાચવવા માટે એ પહેરો ભરે છે. તેવી જ રીતે ભગવાન માટે તમારા હૃદયમાં એક ખુણો ખાલી રાખો અને જ્યારે જ્યારે તમને વખત મળે ત્યારે ત્યારે એના નામનો અને ભાવનો એ ખુણામાં સંચય કરતા જાવ."

પ્રણામ કેવી રીતે કરવા તેની રીત બતાવતાં, મા એક દિવસ બોલ્યાં: "જે એક નિષ્ઠાથી જેટલે દરજ્જે આત્મભાન ભૂલીને પ્રણામ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust Funding by MoE-IKS

X તેમના ભાવનો મોટો ભાગ તેમનામાં જ રહે છે અને ક્યારેક કોઈ ટકાટક સહેજ સાજ શ્રદ્ધા બહાર આવે છે.

કરે છે તેટલે દરજ્જે એ શક્તિ અને આનંદ પ્રાપ્ત કરે છે. જો કાંઈ પણ ન કરી શકતો હોય, તો સવારસાંજ દેહ, મન અને પ્રાણવડે ભાવ વિહ્‌વલતાથી એક પ્રણામ તો કરજે જ; તેમજ એનું સ્મરણ કરવાની પણ ટેવ પાડવી." એ કહેતાં કે: "જાણે છે? પ્રણામ બે જાતના છે. પાણી ખાલી કરી નાખવા માટે ભરેલા ઘડાને આપણે જેમ છેક ઊંધો વાળી નાખીએ છીએ તેમ હૃદય અને મનનો તમામ ભાર ખાલી કરીને નમસ્યને (જેને પ્રણામ કરતા હોય તેને) સમર્પણ કરી દેવો. પ્રણામ કરવાની એક બીજી રીત પણ છે. પાઉડરની ડાબડીમાંનાં ઝીણાં ઝીણાં કાણાંમાંથી આપણે જેમ પાઉડર છાંટીએ છીએ તેવી રીતે X~~આપણા મનનાં છિદ્રોમાંથી થોડે થોડે આપણી શ્રદ્ધા પ્રણામદ્વારા એમના ચરણમાં ટપકતી જાય છે."~~

સ્વ. પોષ્ટ માસ્તર જનરલ પ્રમથ બાબુની ઢાકામાંથી બદલી થઈ. ઢાકા છોડતી વખતે એ માને પ્રણામ કરવા આવ્યા. માએ કહ્યું: "કોણ કોને પ્રણામ કરે છે? તમે તો તમારી જાતને જ પ્રણામ કર્યા." એ સાંભળીને પ્રમથ બાબુ વિસ્મય પામ્યા. અને આનંદાવેશમાં એમનાં રુંવેરુંવાં ખડાં થઈ ગયાં.

એકવાર શ્રીમાન્ અટલવિહારી ભટ્ટાચાર્ય શરદ્ પૂજા માટે શાહબાગ આવ્યા, પણ ત્યાં માંદા પડી ગયા. તે વખતે એમને એવી પ્રબળ ઇચ્છા થઈ આવી કે, એમની પોતાની માની માફક આ મા એમનું માથું દબાવે તો કેવું સારું? માએ જઇને અટલના માથાથી તે પગ સુધી આખા શરીર ઉપર પોતાનો હાથ ફેરવ્યો. એ સાજા થઇને રાજશાહીમાં પોતાની નોકરીએ જોડાઇ ગયા. કેટલે દિવસે શાહબાગમાં ઉપલો પ્રસંગ નીકળ્યો. મેં કહ્યું: X"માની પાસે આવી સેવા કરાવવાનો એમનો શો ઉદ્દેશ હશે તે સમજાતું નથી." આ સાંભળતાં જ માનો ચહેરો બદલાઈ ગયો: "તારા પગ દબાવું?" એમ બોલતાં બોલતાં એ મારી તરફ આવવા લાગ્યાં. હું તો ત્યાંથી ઊઠીને દોડવા લાગ્યો. મા મારી પાછળ પાછળ આવતાં હતાં પણ

X એ જેવો તેવી જ તેની બુદ્ધિ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પિતાજીએ એમને પકડી રાખ્યાં. તે વખતની માની બાલિકાના જેવી તેજોમયી મૂર્તિ હજુએ મારા સ્મરણમાંથી ખસતી નથી. તે વખતે શ્રીયુત શશાંક મોહન મુકર્જી (પૂજ્યસ્પદ સ્વામી અખંડાનંદજી) "મા મા" એવી રાઢ નાખતા માના ચરણમાં લેટી પડયા. એ પ્રસંગને ઉદ્દેશીને માએ કહ્યું: "એનેએ માથું હાથ પગ વગેરે અવયવો છે. એનાં અંગપ્રત્યંગ તે મારાં જ અંગપ્રત્યંગ મને જણાયાં."

એક દિવસ બનારસના સ્વર્ગસ્થ નિર્મળચંદ્ર ચટ્ટોપાધ્યાયે માના પાદપદ્મમાં કેટલાંક પુષ્પો ચઢાવ્યાં. તે વખતે એક માણસ દેવપૂજા માટે ફૂલની છાબ લઈને માની પાસે થઈને જતો હતો. માએ પોતાના પગ ઉપર ચઢાવેલાં પુષ્પ પેલાની છાબમાં મૂકયાં. નિર્મળ બાબુએ કહ્યું: "મા, આમ કેમ કર્યું?" માએ કહ્યું: "જેનું માથું તેના જ પગ. બધાએ જુદે જુદે ભાવે એકની જ પૂજા કરે છે."

એક દિવસ મા વાંસની એક લાકડી લઈને જમીન ઉપર ઠોકતાં હતાં. એ લાકડી એક માખીને વાગી અને એ મરી ગઈ. માએ મરેલી માખીને પોતાના હાથમાં ઊંચકી લીધી. તે વખતે ઘણા માણસો હતા. વિવિધ વાર્તાપ્રસંગમાં ચાર પાંચ કલાક ચાલ્યા ગયા, પછી માએ પોતાના હાથની મુઠીમાંથી માખને બહાર કાઢીને મને કહ્યું: "આ માખ મરી ગઇ છે, એની સદ્ગતિ કરીશને?" મેં કહ્યું: "સાંભળ્યું છે કે, મનુષ્યના દેહમાં જ સ્વર્ગ છે." એમ કહીને માના હાથમાંથી માખ લઈને હું ગળી ગયો.

મા હસતાં હસતાં બોલ્યાં: "આ તેં કર્યું શું? માખ ગયો તે ઊલટી નહિ થાય?" મેં કહ્યું: "જો તમારી આજ્ઞાથી મારા પેટમાં એની સદ્ગતિ થઈ જાય તો મને કશુંએ થવાનું નથી." ખરેખર મને કશુંએ થયું નહિં.

મા આ સંબંધમાં કહેતાં કે: "ચાંચડ, માંકડ, માખી, કીડા, પતંગીઆં, માણસ, એ સર્વ એક જ પરિવાર છે. કોની સાથે કોનો જન્મજન્માન્તરનો કેવો સંબંધ હોય છે, તે કોણ કહી શકે?"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મારો એક ધર્મપ્રેમી મુસલમાન ભાઈબંધ (મોલવી જૈનુદ્દીન-હુસેન) હતો. તે પોતાનો સઘળો વખત ઇશ્વરચિંતનમાંજ ગાળતો હતો. એક ગુરુવારે સંધ્યાકાળે હું અને નિરંજન એને લઈને શાહબાગ ગયા. ત્યાં નાટમંડપમાં કીર્તન ચાલતું હતું. કીર્તનની જગ્યાએથી અમને કોઇ જોઇ શકે નહિ એવી રીતે અમે ત્રણ જણ કેટલેક દૂર એક ઝાડ નીચે ઊભા રહ્યા. અડધા એક કલાક પછી જોયું તો, મા એચિંતાં નાટમંડપમાંથી બહાર નીકળ્યાં અને સાથે સાથે ભક્તમંડળી પણ દીવો લઇને બહાર આવી. ઉતાવળે પગલે, એ બરોબર અમે જ્યાં ઊભા હતા ત્યાંજ આવી પહોંચ્યાં અને એમના જમણા હાથે મારા મુસલમાન મિત્રના શરીરનો સ્પર્શ કરીને એ ચાલવા લાગ્યાં. અમે ત્રણ જણા પણ માની પાછળ પાછળ ગયા. શાહબાગના એક ખુણામાં એક મુસલમાન ફકીર કબર સાચવતો હતો. એ કબર આગળ જઇને જેવી રીતે મુસલમાન લોકો નમાજ પઢે છે તેવી રીતે અંગપ્રત્યંગની ક્રિયાઓ કરીને, ઊભાં થઈને, ઘૂંટણીએ પડીને અને નમાજ વખતે જે ભણવામાં આવે છે તે ભણીને માએ નમાજ પઢી. એમની જોડે મારો મુસલમાન મિત્ર પણ નમાજ પઢવા લાગ્યો. નાટમંડપમાં પાછા ફર્યા પછી ફરીથી કીર્તન શરૂ થયું. મારો મુસલમાન મિત્ર પણ બધાની સાથે હાથની તાળી લેતો લેતો કીર્તનમાં ઘૂમવા લાગ્યો ગુરુવારને દિવસે બન્યું એવું કે, એ કબર ઉપર દીવો કરવાની અને પતાસાં મૂકવાની જેની જવાબદારી હતી તે આવ્યો નહોતો. માના કહેવાથી મારા મુસલમાન મિત્રે ત્યાં પતાસાં ચઢાવ્યાં. મારા મિત્રની એવી ઇચ્છા હતી કે, કબર ઉપર ચઢાવેલાં પતાસાં મા ખાય. એમની પાસે એ પતાસાંનો થાળ લઈ આવ્યો અને મા 'ના, ના' કહેતાં રહ્યાં અને એણે એમને કેટલાં પતાસાં ખવડાવી દીધાં. મુસલમાન મિત્રે પણ કીર્તનમાં વહેંચાયેલો પ્રસાદ લીધો. એ બહુ ચુસ્ત મુસલમાન હતો. માના દર્શન કર્યા પહેલાં એની ભાવના કાંઈ જુદીજ હતી પણ ઉપરની ઘટના પછી તો મામાં એની શ્રદ્ધા અને વિશ્વાસ ઘણાં વધી ગયાં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બીજી વાર પણ એક મુસલમાન બેગમના આગ્રહથી મા, એ કબર ઉપર નમાજ પઢવા ગયાં હતાં. એ બેગમ સુશિક્ષિત હતી. તે કહેતી કે: “નમાજ વખતે મા જે પ્રાર્થના કરતાં તે અમારા ધર્મ પુસ્તક સાથે બરાબર મળતી આવી હતી.” મા કહેતાં કે: “આ કબરમાં જે ફકીરની સમાધિ છે તે ફકીરનો સૂક્ષ્મદેહ મેં ચાર પાચ વરસ ઉપર મૈમનસીંગ બાજિતપુરમાં જોયો હતો. ઢાકા શાહબાગમાં આવ્યા પછી પણ આ બાગમાં મારે તથા તેના શિષ્યો સાથે ભેટો થયો હતો. ફકીર સાહેબ ઘણા ઉંચા હતા અને એ આરબદેશના હતા.” તપાસ કરતાં એ હકીકત બરોબર નીકળી હતી.

એકવાર મા વિક્રમપુર રાયબહાદુર યોગેશચંદ્ર ઘોષને ઘેર ગયાં હતાં. તે દિવસે ત્યાં હરિનામનું કીર્તન ચાલતું હતું. મા ભાવાવેશમાં આવી ગયાં. દોઢસો બસો હાથ છેટે એક મુસલમાનનો છોકરો હિંદુનો પહેરવેશ પહેરીને અંદર ઘુસી ગયો હતો. મા બધાંને આઘાં ખસેડીને એની પાસે ગયાં અને ‘અલ્લા, અલ્લાહો અકબર’ વગેરે બોલવા લાગ્યાં. છોકરો પણ રડતો રડતો માની જોડે જોડે એ નામ બોલવા લાગ્યો. એ કહેતો હતો કે: “જેટલી સહેલાઇથી અને છૂટથી માના મુખમાંથી ‘અલ્લા’નું નામ નીકળતું હતું તેટલી સહેલાઇથી અને છૂટથી એ નામ બોલવાનો મેં પ્રયત્ન કર્યો, છતાં હું તેવી રીતે બોલી શક્યો નહિ. માની જોડે જોડે ‘અલ્લા’નું નામ પોકારવામાં મને જેવો આનંદ થયો તેવો આનંદ મારી જિંદગીમાં મને કોઇ વાર થયો નથી.”

એક શિષ્ટ મુસલમાન કુટુંબમાં માએ હરિનામની લગન લગાડી હતી. હરિનામ બોલતાં બોલતાં એમની આંખમાંથી કોઈ કોઇ વાર આંસુ નીકળી પડતાં. એ કુટુંબ હિંદુઓનાં દેવદેવીઓને પણ માનતું હતું અને મામાં એમને અખૂટ શ્રદ્ધા હતી. મા ઘણીવાર કહેતાં કે: “હિંદુ મુસલમાન કે બીજી જાતિ બધી એકજ છે. એ સર્વ એકનેજ ભજે છે. એકનુંજ નામ જપે છે. જે નમાજ તેજ કીર્તન.”

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીયુત કાલીપ્રસન્ન કુશારી અને તેમનાં પત્ની શ્રીમતી મોક્ષદા સુંદરી દેવી (પિતાજીની બેન) મા ઉપર બહુ ભાવ રાખે છે. એક વાર કુશારી મહાશય ઢાકા આવીને બીજે ઊતર્યા હતા. એક દિવસ શાહબાગમાં આવીને માની સાથે ખૂબ વિનોદ કર્યા પછી એ ઘેર જવાને માટે ઊઠ્યા અને હસતાં હસતાં બોલ્યા: "તમારામાં શક્તિ હોય તો અમને તમે ભસ્મ કરી દો ખરાં?" એમ બોલતા બોલતા કેટલીક અગરબત્તીઓ સળગાવીને તે હાથમાં ઝાલીને ત્યાંથી એ રવાના થયા. પિતાજી અને માને કોઇ ઠેકાણે જવાનું હતું. તે પણ એમની સાથે ગયાં. સૂર્ય પ્રખર તાપે તપી રહ્યો હતો એટલે કુશારી મહાશયે પોતાની છતરી ઉઘાડીને માને માથે ધરી અને બન્ને જોડે જોડે ચાલવા લાગ્યાં. એટલામાં કુશારી મહાશય એકાએક ચમકીને બોલ્યા: "ઓ રે મારા માથા ઉપર દેવતા ક્યાંથી પડ્યો? મને ભસ્મ કરવો છે કે શું? આપની શક્તિનો મને બહુ પરચો મળ્યો છે. હવે ભસ્મ કરશો નહિ." ગભરાયલાઅકળાયલા આવું બોલતાં બોલતાં એમની નજર છતરી તરફ ગઈ. જોયું તો એમની છતરી એટલામાં કેટલી બધી બળી ગઈ હતી.

એક દિવસ એક જણ માના પગ ઉપર કેટલાંક ફૂલ ચઢાવી ગયો. માએ ~~એક~~ કેટલાંક ફૂલ ઊંચકી લીધું અને તેની પાંખડી કેસર વગેરે ઉપરથી સ્થૂલ, સૂક્ષ્મ બહિર્જગત વગેરે વિષયોની છણાવટ કરીને ભગવાનની અનંત લીલા સમજાવી.

મા દેશવિદેશમાં ફરવા જાય છે તે, સંબંધી એક દિવસ બોલ્યાં કે: "આ જગત એક બાગ છે. જીવ જંતુ ઉદ્ભિજ્જાદિ સર્વ આ બાગમાં વિવિધ રમતો રમે છે. દરેકની કાંઇને કાંઈ વિશિષ્ટતા હોય છે. તે જોઇને મને આનંદ થાય છે. ~~એ સર્વ વડે બાગનું ઐશ્વર્ય વધી જાય છે.~~ હું બાગમાં એક સ્થાનેથી બીજે સ્થાને જાઉં છું. તેમાં તમે આટલા બધા આકુળવ્યાકુળ કેમ થઈ જાવ છો?"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સને ૧૯૩૧ ની અધવચમાં એક દિવસ ફરતાં ફરતાં મા બોલ્યાં: "પ્રાર્થના સાધનાનું ખાસ અંગ છે. પ્રાર્થનાની શક્તિ અમોઘ છે અને પ્રાર્થનામાંજ જીવ અને જગતનો આત્મા રહેલો છે. ~~જે આત્મામાં છે, તેને ઓળખો અને વ્યાકુળ બનીને તેની શરણાગતિની પ્રાર્થના કરો.~~" એ અરસામાં પેપરમાં મેં વાંચ્યું કે, લૉર્ડ ઇરવીન હિંદુસ્થાનના વાઇસરૉય બનીને અહિં આવ્યા તે પહેલાં એમણે એમના પિતાનો અભિપ્રાય પૂછ્યો ત્યારે તેમણે કહ્યું કે: "તું પરિણામનો વિચાર કરીશ નહિ, કશુંએ આપણા હાથમાં નથી, પણ પ્રાર્થનાથીજ ભવિષ્યમાં શું થવાનું છે તેનો કાંઇ આભાસ આવે." પછી પિતા પુત્ર બન્ને ઉપાસનામાટે ~~બેઠા~~. પ્રાર્થના પૂરી થયા પછી પિતા બોલ્યા: "તારે હિંદુસ્થાનમાં જવુંજ પડશે." લૉર્ડ ઇરવીન બોલ્યા: "મને પણ એવું જ સમજાયું છે." મા, એ વાત સાંભળીને બોલ્યાં: "ઘણી ઉત્તમ વાત; કેવળ બાળકના જેવો વિશ્વાસ જોઇએ. અભ્યાસ દ્વારા વિશ્વાસની ~~ભૂમિ~~ ચણાઇ જાય છે. ~~સાચો~~ શુદ્ધ વિશ્વાસ ~~હોય તો~~ સરળ રીતે પ્રાર્થના ~~થાય~~. આપણામાં પ્રાર્થનાનો સાચો ભાવ જાગી ઊઠે, તો એ ફળ સ્વરૂપે દર્શન આપવાની કૃપા કરે."

વળી એકવાર માએ કહ્યું હતું કે: "કૃપા એટલે જ અકારણ કૃપા. કૃપા એની ઇચ્છાથી જ ઊતરી આવે છે. બાળક રમતું હોય ત્યારે ઘડીભર માને ભૂલી જાય છે મા ઓચિંતી જઇને એને પોતાના ખોળામાં લે છે. બાળકના બોલાવ્યા સિવાય માનું વહાલ ઊભરાઇ ગયું. આવી કૃપા એ પૂર્વજન્મના સુકૃતનું ફળ છે. જો કે એક રીતે આ વાત સત્ય છે છતાં બીજી રીતે એ સ્વતંત્ર હોવાથી એમની કૃપાનું કારણ શું હશે એ પ્રશ્ન મનમાં ઊઠે છે; પણ એ પ્રશ્ન પૂછવા જેવો નથી તેમ એની સમાલોચના કરવા જેવી પણ નથી. એમની કૃપા તો સર્વ ઉપર સરખી જ રહે છે. સમય ~~આવે~~ યોગ્યતા આવે છે ત્યારે ~~એ કૃપાનો લાભ મળે છે~~. એનો આશ્રય લો, એની બાથે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અવિચ્છિન્નપણે રહેવાનો પ્રયાસ કરો. એક મોટા વાંસ સાથે બાંધેલી ડોલને કૂવામાં ઊતારે છે પછી તેમાં પાણી ભરાઈને એ વાંસને આધારે ડોલ આપોઆપ બહાર ઊંચકાઈ આવે છે. આવી રીતે એનો આશ્રય કરવાથી એની એકધારી કૃપાનો લાભ મળશે." એક પ્રસંગે માને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે: "જેણે ભગવાનને જોયા છે તે બીજાને એમનાં દર્શન કરાવી શકે?" માએ કહ્યું: "જેને માટે દર્શનનો સમય આવી પહોંચ્યો હોય છે તેને જરૂર દર્શન થાય છે અને જેને દર્શન થયાં છે તેજ બીજાને માર્ગસૂચન કરે છે."

એક દિવસ માની આગળ જન્માન્તર વિષે વાત નીકળી. માએ કહ્યું: "જન્માન્તર સત્ય જ છે. એમાં સંદેહ કેવો? આંખમાં પડેલું પડળ દૂર કર્યા પછી જેવી રીતે આંખની જોવાની શક્તિ પાછી આવે છે, તેવી રીતે ધ્યાનયોગ વડે-વિશુદ્ધ બુદ્ધિ, સ્વરૂપમાં સ્થિત થએ મંત્ર અને દેવત્વનો વિકાસ થાય છે. પૂર્વજન્મોના સંસ્કાર ચિત્તમાં જાગી ઊઠે છે. જેમ ઢાકામાં રહ્યાં રહ્યાં કલકત્તાનાં દશ્યોનો જ્યારે તું વિચાર કરે છે ત્યારે એ દશ્યો તારી નજર આગળ તરવરી રહે છે, તેમ તારા પૂર્વજન્મની છબિ સ્પષ્ટ રૂપે તારા ચિત્તમાં પ્રતિફલિત થાય છે. તેને જોઇને કોઈ કોઇવાર તારો જન્મ જન્માન્તરની છબિ મારી આંખ આગળ ખડી થઇ જાય છે." એકવાર મા કલકત્તા ગયાં હતાં. ત્યાં એક સજ્જન, એમની સ્ત્રી અને એમના સાત આઠ વરસના એક છોકરાને લઇને માંનાં દર્શન કરવા આવ્યા. મા એ છોકરાને જોઈને જ બોલ્યાં: "આ છોકરો પૂર્વ જન્મમાં આ શરીરનો ભાઇ હતો." માનો એક ભાઈ નાનપણમાં મરી ગયો હતો. મરતા પહેલાં ચોટ લાગવાથી એનો એક હાથ વાંકો વળી ગયો હતો. આ છોકરાનો પણ એક હાથ વાંકો હતો.

કોઇ કોઈ વખતે શ્રી મામાં આશ્ચર્યકારક તેજ અને સાહસ જોવામાં આવ્યાં છે. ભય તો લેશ માત્ર પણ એમનાં જોવામાં આવતો નહિ. જે એમના મનમાં આવતું અગર એમના મુખમાંથી બહાર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

× એવા પ્રસંગો બનાવો બન્યા છે કે જેને લીધે તેમની હદ નહિ કલ્પી શકાય તેટલી સજાનું સૌભાગ્ય મને મળ્યું છે.

પડતું, તે કાર્યરૂપ બનવુંજ જોઈએ. એમના ભાવ અને કર્મોને રોકવામાં ન આવે, તો તે જીવોના કલ્યાણના હેતુ રૂપ બની જતાં. એનો અવરોધ કરવામાં આવતો, તો એમાંથી અશુભ પરિણામ આવતું. નાનપણમાંથીજ માની આવી લીલા દૃષ્ટિગોચર થતી હતી. મા ચાર પાંચ વરસનાં હતાં ત્યારે રોજ સવારમાં એમનાં મોટાં મા પાસે છાશ લેવા જતાં. એકવાર છાશ લાવવાનું વાસણ એ ઊંધું વાળીને લઇ ગયાં. મોટાં મા, એ જોઈને ખૂબ ગુસ્સે થઇ ગયાં અને બોલ્યાં: "રોજ છાશ લઇ જાય છે. જા આજે નહિ મળે." મોટાં માના મુખમાંથી આ શબ્દો નીકળ્યા, ન નીકળ્યા, એટલામાં તો એમના વલોણાનું વાસણ ફૂટી ગયું અને બધું દહીં ઢળી ગયું. આ શું થયું એમ કહીને કાંઇપણ બોલ્યાચાલ્યા સિવાય મોટાં મા, આ માના મુખ સામું જોઇ રહ્યાં. ત્યાર પછી માને કોઇ દિવસ જવાનું મોડું થતું, તો એ એમને બોલાવીને છાશ આપતાં.

મા સ્વભાવે ફૂલ જેવાં કોમળ હતાં પણ કોઈ કોઈવાર અમારાં કર્મવશાત્ એ વજ્ર જેવાં કઠોર બની જતાં. એકવાર મારાથી કાંઇ અયોગ્ય બોલાઈ જવાયું એટલે એ બોલી ઊઠયાં: "જા, જા દૂર ચાલ્યો જા." એકવાર મેં માની આજ્ઞાનો ભંગ કર્યો હોવાથી માએ મારી સાથે વાત કરવાની બંધ કરી હતી.× મને પસ્તાવો અને દુઃખ થાય, તે વખતે માની કરુણામયી અમૃતવર્ષિણી દૃષ્ટિથી ચિત્ત શુદ્ધ અને શાંત બની જતું. કદાચ કોઈવાર મારા મનમાં ક્રોધ કે અભિમાન આવી જાય તો હું પસ્તાવો ન કરું ત્યાંસુધી મારા હૃદયમાં ચંચણાટ થયા જ કરતો. એકવાર પિતાજીએ મારે માટે માને સમજાવ્યાં ત્યારે એમણે કહ્યું: "જે કઠોરતાને યોગ્ય હોય અને જે એ કઠોરતા સહન કરી શકતો હોય તેના ઉપર જ કઠોર થઈ શકાય છે. ઝાડ કાપવા માટે પ્રથમ કુહાડો જોઇએ, પછી દાતરડું જોઇએ અને નાનાં ડાળાં પાંખડાંને તો હાથ વડે પણ ભાંગી શકાય. તેવી રીતે શાસન કઠોર અને કોમળ બન્ને પ્રકારનાં જોઇએ."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS.

આર્ત અને પિડીતના કલ્યાણને માટે માની અપાર કૃપા જુદા જુદા ક્ષેત્રમાં અને જુદે જુદે રૂપે દેખા દેતી હતી. મા કહે છે કે, "હું ઇચ્છાપૂર્વક કશુંએ કહેતી કે બોલતી નથી. તમારી ભાવના તમારે માટે જે કરાવે છે અને બોલાવે છે તે જ કરું છું. ઘણીવાર કોઇનું કાંઈ થવા ન થવાનું હોય તે હું જાણી અને જોઈ શકું છું પણ એ વાત મારે મોઢે આવે નહિ." પરીક્ષામાં પાસ થવાશે કે નહિ, મને નોકરી મળશે કે નહિ, મારા છોકરાનો સારે ઠેકાણે વિવાહ થશે કે નહિ, મને પુત્રની પ્રાપ્તિ થશે કે નહિ, મારો રોગ ક્યારે મટશે, વગેરે વગેરે સવાલો માને પૂછાતા અને પરોક્ષ કે અપરોક્ષ રીતે પૂછનારને માની કૃપાનો લાભ મળતો. કેટલાએ રોગીઓને સારા કરવા માટે માએ પોતેપોતાના અંગપ્રત્યંગને હાનિ પહોંચાડી છે અને પારકાના રોગની પીડા પોતે ભોગવીને તેમને રોગમાંથી મુક્ત કર્યાં છે. કેટલીએ વાર એવું બન્યું છે કે, માએ જેમને જોયાએ ન હોય તેવાનાં દુઃખ અને શોકની વાત પારકાને મોઢે સાંભળીને અગર એમના મનમાં એ ચિત્ર આપોઆપ ખડાં થઇ જતાં તેવા લોકોનાં દુઃખ અને વિપત્તિ એ દૂર કરી દેતાં. માએ કાંઈ જોયું હોય, કાંઈ સાંભળ્યું હોય, તો તે એમને યાદ રહી જતું અને તે આખરમાં કોઇને કોઈ રીતે યોગ્ય બંદોબસ્ત થઈ જતો.

એક વાર પક્ષાઘાતથી પીડાતી પોતાની બાર વરસની છોડીને લઇને એનાં માબાપ માને શરણે આવ્યાં: માએ એ છોડીને હેઠે મૂકવાનું કહ્યું પણ એ તો હાલી ચાલી શકતીએ નહોતી, તેમ એનાથી પડખુંએ ફેરવી શકાતું નહોતું. મા પૂજા માટે સોપારી કાપતાં હતાં. તે સોપારીના બે ત્રણ કકડા પોતાના હાથમાં લઇને પેલી છોડીને કહ્યું: "તારો હાથ લાંબો કરીને આ સોપારીના કકડા લે." મહાપરાણે એણે એ કકડા લીધા; પછી એ લોકો તો પોતાને ઘેર ગયાં. છોડી ઘરમાં જઇને સૂઈ ગઈ. તે જ સાંજે ઘરની બહાર ગાડીનો અવાજ સાંભળીને એ છોડી પથારીમાંથી સડંગ ઊભી થઈ ગઇ અને ગાડી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જોવા બહાર ગઈ. ત્યાર પછી ધીમેધીમે એ છોડી સારી રીતે ફરતી હરતી થઇ ગઇ.

એક દિવસ મેદાનમાં ફરતાં ફરતાં મા બોલ્યાં: "રસ્તામાં પેલી ગાડી આવે છે, તેને ઊભી રખાવ" ગાડી ઊભી રખાવી, મા ગાડીમાં બેઠાં. ગાડીવાને પૂછ્યું: "ક્યાં જવું છે?" મા હસતાં હસતાં બોલ્યાં: "તારે ઘેર." ગાડી વાળો જાતનો મુસલમાન હતો. માનું કહેવું સાંભળીને બીજું કશુંએ બોલ્યા સિવાય ગાડીવાન ગાડી પોતાને ઘેર લઇ ગયો. ત્યાં જઇને જોયું તો એક વૃદ્ધ મૂર્છાવસ્થામાં પડેલો હતો. સગાંવહાલાં પાસે બેસીને રડતાં હતાં. માએ મને કહ્યું: "મીઠાઇ લઇ આવ." મીઠાઈ લાવીને બધાંને વહેંચી. પછી મા ત્યાંથી ચાલ્યાં ગયાં. પાછળથી સાંભળ્યું કે, પેલો માણસ ~~તરત જ ઊઠીને બેઠો~~ થયો હતો. એક વાર એક માંદા માણસને એમણે કહ્યું કે, આંખો મીચીને સંધ્યાકાળ વખતે જમીનમાંથી તને જે મળે તેનો ઉપયોગ કરજે; તેમ કરવાથી એ સાજો થઇ ગયો. કોઈવાર પોતાને માટે તૈયાર કરાવેલ સારી રસોઈ એ રોગીને ખવડાવતાં અને રોગીનું પથ્ય 'સેગો માલી' લેતાં. માની આજ્ઞાથી કુપથ્ય મનાતો ખોરાક લેવાથી ઘણાના વિષમ જ્વર અને પેટનાં વિષમ દર્દો મટેલાં છે.

મારો છોકરો પંદર સોળ વરસનો થયો તે વખતે એ દસ દિવસ સુધી રક્તામાશયના દરદથી પીડાયો હતો. એક દિવસ રાત્રે મા એને જોવા આવ્યાં. ત્યારથી એ સાજો થવા લાગ્યો પણ બીજે દિવસે બાર કલાક માને રક્તામાશયની પીડા ભોગવવી પડી. કોઈ કોઈ વાર એવુંએ જોવામાં આવ્યું છે કે, જો રોગી સારો થવાનો ન હોય તો માએ બતાવેલ પથ્ય કાં તો એ પાળે નહિ અને જો પાળવાની કોશિશ કરે તો ગમે તે કાંઇ એવું બની જાય કે જેથી એ ઠેઠ સુધી તેવું પથ્ય પાળી શકતો નહિ અને અધવચ્ચ પથ્ય પાળવું છોડી દેતો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માના મુખ ઉપરના ભાવો ઉપરથી પહેલેથી જ આપણને ખબર પડી જાય કે, અમુક કામમાં આપણને નિષ્ફળતા જ મળવાની છે. શાસ્ત્રો પણ સ્વીકાર કરે છે કે, ઉત્કટ શુભ કર્માદિ દ્વારા પ્રભુની કૃપા થવાથી પ્રારબ્ધ કર્મોનું ખંડન થઈ શકે છે; પરંતુ પ્રભુની એ હેતુકી કૃપા ન હોય તો તેવાં ઉત્કટ શુભ કર્મો બનવાં જ કઠણ.

મા કહે છે: "દૃષ્ટિ તેથી સૃષ્ટિ. અમે તમે, સુખ દુઃખ, પ્રકાશ અંધકાર, આ બધાં દ્વન્દ્વ છે. સ્વાભાવિક કાર્યમાં અને સ્વધર્મમાં જોર દો. અસ્વાભાવિક અને ઇન્દ્રિયાદી કર્મોનો ત્યાગ કરો એટલે અંતરાત્મા જાગ્રત થશે. પછી એનામાં જ દૃષ્ટિ પરોવી રાખવાથી દૃષ્ટિ સૃષ્ટિના ચાંચલ્યનું સમાધાન થઈ જશે."

નાનપણમાં માને ભણવા માટે જોગવાઈ ન હોતી. તેમ એમણે પણ એ બાબતમાં ખાસ લક્ષ આપ્યું નહોતું. પણ આશ્ચર્યની વાત તો એ છે કે એમણે જે વાંચ્યું હોય તેમાંથી જ શિક્ષક અગર ડીપોટીથી પુછાઈ જવાતુ; તેથી નિશાળમાં એમની ગણતરી સારી વિદ્યાર્થિની તરીકે થતી હતી. નાનપણથી જ વાંચવાલખવાનો એમને બહુ અભ્યાસ નહોતો, છતાં જ્ઞાનની ભૂમિમાં એ વિહરે છે. પોતે જે વિષય હાથ ઉપર લે છે તેમાં એ અસાધારણ પ્રભાવ બતાવે છે.

એકવાર વાતમાં ને વાતમાં મા બોલી ઉઠ્યાં કે, "ઈટાલી શું છે?" તે પછી કેટલાક દિવસે ઇટાલીયન પ્રોફેસર મી. ટુસી સવારમાં શાહબાગમાં આવી પહોંચ્યા. એ ઢાકા યુનિવર્સિટીમાં હતા. સાહેબે ઈંગ્રેજીમાં કાંઈ પૂછ્યું તેના અનુવાદ કરીને માને સમજાવવામાં આવે તે પહેલાં જ સાહેબના પ્રશ્નનો એમણે યથાયોગ્ય જવાબ સંસ્કૃતમાં આપી દીધો.

હસ્તાક્ષર આપવાની એમણે માને ઘણી ઘણી વિનંતિ કરી ત્યારે માએ કહ્યું: "કરવાની ઇચ્છા કરીને હું કાંઇ કરી શકતી નથી. વખત આવે મળી રહેશે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી માના ઘણી જગ્યાએ જુદા જુદા ઘણા ફોટા લેવાયા છે. અત્યાર સુધીમાં કમમાં કમ ચારસો ફોટા લેવાયા જ હશે; પરંતુ અજાયબ થવા જેવું તો એ છે કે, એક છબિમાંનું એમનું મોઢું બીજી છબિમાંના એમના મોઢા સાથે સંપૂર્ણપણે મળતું આવતું જ નથી. ઢાકાના શ્રીમાન્ સુબોધચંદ્ર ગુપ્તે તેમજ ચટ્ટગ્રામના શ્રીયુત શશીભૂષણ દાસ ગુપ્તે તેમજ બીજા ઘણાએ શ્રી માના ફોટા લીધા છે. સને ૧૯૨૬ ના ઓક્ટોબર મહિનામાં શારદીય ઉત્સવ ઉપર શશી બાબુ ઢાકા આવ્યા હતા. અમે બધાએ મળીને એક દિવસ સવારે માનો ફોટો લેવા શાહબાગ ગયા. ત્યાં ગયા પછી અમે સાંભળ્યું કે, મા કોઈની સાથે કશું બોલતાં નથી.

તપાસ કરતાં ખબર મળી કે, એક અંધારી ઓરડીમાં એ અચેતન અવસ્થામાં પડી રહેલાં છે. શશીબાબુને તે દિવસે સાંજે ઢાકાથી પોતાને ગામ પાછું જવું હતું; તેથી તે વખતે જ માનો ફોટો લેવાની એમને ઉત્કંઠા થઈ આવી હતી. પિતાજીને વિનંતી કરી અને એમની આજ્ઞા લઈને અમે બન્ને જણ માને ઊંચકી લાવ્યા. ફોટો લેવા માટે એમને બેસાડીને હું કેમેરા સામેથી ખસી ગયો અને બાજુએ જઈને દૂર ઊભો રહ્યો. તે વખતે મા થોડાં [illegible]-વેશમાં હતાં એટલે મા કદાચ હાલી ગયાં હશે એવી શંકાથી શશી બાબુએ અઢાર પ્લેટો લીધી. પાછળથી ચટ્ટગ્રામથી મને ખબર મળી કે, અઢાર પ્લેટો લીધી હતી તેમાં માત્ર છેલ્લી પ્લેટનો ફોટો જ ઘણો સરસ ઉપસી આવ્યો છે અને એ ફોટામાં માના લલાટ ઉપર ચંદ્રના જેવા ગોળાકાર તેજના ગોળાની આકૃતિ દેખાય છે. વળી એમાં ખાસ વિશેષતા તો એ છે કે, માની પાછળ મારી છબિ પણ પડી છે. આ ફોટા સંબંધી શશી બાબુએ મને જે કાગળ લખ્યો હતો તે હું નીચે આપું છું:

" ઉપર જણાવેલો ફોટો લેતી વખતે અઠ્ઠેક સ્લાઇડને છ છ લોડ કરીને મોટી અઢાર પ્લેટો ઉતારી. પહેલી કેટલીક પ્લેટો તો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બિલકુલે ઉઠી નહિ, કેટલીકમાં પાછળના ભાગમાં પડછાયાની માફક છાયા પડેલી હતી. માત્ર છેક છેલ્લી પ્લેટમાં જ માની છબિ પૂર્ણ રૂપે ઊઠી હતી. તમે તો કેમેરાની રેન્જથી ઘણે દૂર હતા અને માની તરફ જોઈને exposure આપવા માટે મને ઈસારો કરતા હતા. દરેક પ્લેટ expose કરતી વખતે મારી છાતી ધડકી ઉઠતી હતી અને તે દરેકને બગડી ~~એમેલી જોઈને~~ હું બહુ દીલગીર થઇ ગયો. છેલ્લી પ્લેટ expose થઈ ત્યારે મને અપૂર્વ આનંદ થયો. મેં તે વખતે પહેલી જ વાર માના ચરણનો આશ્રય લીધો હતો. આજકાલ જો એવી ઘટના બની હોત તો મારી શી દશા હોત તે કહી શકતો નથી."

શ્રી. શશીભૂષણદાસ ગુપ્ત

૫-૫-૩૭

(આ પુસ્તકની શરૂઆતમાં આ ફોટો આપેલો છે.)

x ફોટો તૈયાર થઈને આવ્યો ત્યારે
ચિત્રકારનું કૌશલ માની કેટલાકે
વખાણ કર્યાં હતાં. આ સંબંધમાં માતા
જીએ વાતમાં ને વાતમાં એક દિવસ
કહ્યું હતું કે "જ્યારે અંધારા ઘરમાં
આ શરીર પડી રહ્યું હતું ત્યારે
જ્યોતિથી ઘર ભરાઈ
ચારે બાજુએ
ગયું હતું. ફોટો લેવા બહાર લાવી
બેસાડ્યું ત્યારે એ એ પ્રકાશ હતો.
ક્રમે ક્રમે ઓછો થતાં થતાં ક્યાંક
ઊપર ગયો હતો. મને એમ લાગ્યું કે
જ્યોતિ જાણે પછવાડે ઊભો છે...
શરીરમાંથી શું થયું છે તે તમે જાણો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

[૭]

આશ્રમ

ઢાકામાં શ્રી માનો આશ્રમ નહોતો. એની ખોટ સર્વને સાલતી હતી. એક ચાંદની રાતે હું શાહબાગ ગયો. માએ કહ્યું: "ચાલ, ફરવા જઈએ" પિતાજી, મા અને હું રમણા મેદાનમાં જે ઠેકાણે પડી ગએલું દેવાલય હતું (હાલનો આશ્રમ), ત્યાંથી થોડે દૂર જઈને બેઠાં. મેં માને ચરણે નિવેદન કર્યું કે, શાહબાગમાં કોઈ હસકે હસકે કીર્તન થઈ શકે નહિ, એક આશ્રમની ખાસ જરૂર છે જ. માએ કહ્યું: "જગત આખું આશ્રમ છે, નવો આશ્રમ બનાવીને કરવું શું?" મેં કહ્યું: "મારે કાંઇ વધારે જોઇતું નથી. કેવળ એવું એક સ્થાન જોઇએ કે જ્યાં આપનાં ચરણ પાસે અમે બધાએ એકત્ર થઈને કીર્તન કરી શકીએ." પિતાજીએ પણ મારી વાતને ટેકો આપ્યો. ત્યારે મા બોલી ઉઠયાં: "જો તારે એવું કાંઈ કરવું હોય તો આ પડી ગએલી ઇમારત તું જુએ છે. તે સ્થાન સારૂં છે. આજ તારૂં જૂનું ઘર." આટલું બોલીને હસતાં હસતાં એ ચૂપ થઈ ગયાં. તે વખતે એ જગ્યામાં જીર્ણ થઇ ગએલા મહાદેવના મંદિરની ચારે બાજુએ ઇંટ પથરા વગેરે પડેલાં હતાં અને બધું વેરાન જેવું જણાતું હતું. ત્યાં વારંવાર સાપ નીકળ્યા કરતા હતા. આશ્રમ બાંધ્યા પછી પણ ત્યાં મોટા મોટા સાપો દેખાતા હતા. મા કોઈ કોઈ સોમવારે એ જીર્ણ થઇ ગએલા શિવાલયમાં દૂધ અને કેળાં મૂકી આવતાં હતાં. એક સોમવારે એક નવા વાસણમાં પાંચ સાત કેળાં અને તાજું દૂધ મોકલાવ્યું. સાત દિવસ પછી રાત્રે નવદસ વાગે માએ ત્યાં જઇને જોયું તો દૂધ અને કેળાં જેની તે સ્થિતિમાં જ પડેલાં જણાયાં. એક કીડી સરખી એને અટકી નહોતી. માએ તે દૂધ પી જવાની ઇચ્છા જણાવી. પણ ઘણા કહેવા લાગ્યા કે, એ ઝેરી થઇ ગયું છે, માટે પીશો નહિ. મા તો બોલે તે જ કરે. એમણે દૂધનો એક ઘૂંટડો ભર્યો. એટલે બધાએ તેમાંથી પ્રસાદ લીધો. વધેલું ત્યાં જ રહેવા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દઈને બધા પાછા આવ્યા. બીજે દિવસે સવારે જઈને જોયું તો દૂધ અને કેળાંવાળું વાસણ ખાલી ખમ. એમાંથી બધુંએ કોઈ ચપાટી ગયું હતું.

તપાસ કરતાં ખબર પડી કે, પૂર્વોક્ત સ્થાન રમણાકાલીનું હતું. ઠાકુર શ્રીયુત નિત્યાનંદ ગિરિને પૂછતાં એમણે કહ્યું કે, પાંચ હજાર રૂપીઆથી ઓછે એ જમીન કાઢવી નથી. કેટલાક મહિના પછી સ્વર્ગસ્થ નિરંજન ઢાકા આવીને પૈસા ભેગા કરવા લાગ્યા પણ પૂરે પૂરા ભેગા થઈ શક્યા નહિ. સને ૧૯૨૭ની શરૂઆતમાં હું ઘણો જ માંદો પડી ગયો અને પથારીવશ થઈ ગયો. એક દિવસ નિરંજને કહ્યું: "મૈમનસીંગ ગૌરીપુરના જમીનદાર શ્રીયુત વ્રજેન્દ્ર કિશોરરાય ચોધરી પાસેથી એક હજાર રૂપીઆની મદદ મળી છે. તમે સારા થાવ પછી જે કરવાનું હશે તે કરીશું." નિરંજને ધીમે ધીમે વધારે રૂપીઆ એકઠા કર્યા પણ ઠાકુર પાંચ હજાર રૂપીઆથી ઓછે એ જમીન વેચવા માગતા નહોતા. હું દોઢ વરસે બરાબર સાજો થઈ ગયો ત્યારે ફરીથી ઢાકા જઈને મારી નોકરી ઉપર હાજર થઈ ગયો. આશ્રમ માટે અમે ઘણી ઘણી જગ્યાઓ જોઈ પણ માએ જે સ્થાન બતાવ્યું તે સિવાય અમારી નજરમાં કોઈ સ્થાન આવ્યું નહિ. કિંકર્તવ્ય બનીને હું બેસી રહ્યો. સને ૧૯૨૯ની શરૂઆતમાં મા કલકત્તામાં હતાં. શ્રીમાન્ વિનય ભૂષણ બંદોપાધ્યાય ઢાકાથી કલકત્તા ગયા. ત્યાં માની સાથે એમને આશ્રમ સંબંધી વાતચીત થઈ. એમણે આવીને મને વાત કરી. મારામાં જાણે નવો ઉત્સાહ આવ્યો. એક દિવસ મેં નક્કી કર્યું કે, આજે જ ઠાકુરને મળીને હું જે તે વાતે એનો નિકાલ લાવીશ. હું ઘર બહાર નીકળીને જોઉં છું તો માની છાયામૂર્તિ મારી જોડે જોડે ચાલે છે એમ મને જણાયું. મને ચોક્કસ ખાત્રી થઈ કે, કાર્ય જરૂર પાર પડશે. ઠાકુરે કહ્યું: "જો એટલા રૂપીઆ તમારાથી આપી શકાય તેમ ન હોય તો કામ ચલાઉ બંદોબસ્ત કરો. બીજી સ્થાયી વ્યવસ્થા કરવાનું પછીથી થઈ રહેશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કાલી મંદિર જ તમારુંજ છે. જેમ ઠીક લાગે તેમ કરો." ઘણી રકઝક થયા પછી પાંચસો રૂપીઆ ભેટ અને વાર્ષિક ત્રણસો રૂપીઆ ખજાનામાં આપવા કરીને ઉક્ત સ્થાન કામચલાઉ લીધું. આવી રીતનો બંદોબસ્ત ઘણાને પસંદ પડયો નહિ, પસંદ પડે જ નહિ; પણ આશ્રમ માટે આ એકજ સ્થાન કામમાં આવે એવું હતું. માનો આશ્રમ છે અને મા જ એની ચિંતા કરી લેશે; ભવિષ્યની ચિંતા કરવી વૃથા છે વગેરે વિચાર કરીને મેં જમીનનો કબ્જો લીધો. શ્રીયુત મથુરાનાથ બસુ, શ્રીયુત નિશિકાન્ત મિત્ર અને વૃંદાવનચંદ્ર બસાક આ બાબતમાં સારો પ્રયાસ કરી રહ્યા હતા. બંગાળી સંવત ૧૩૩૫ ના ૩૧ ચૈત્રી અને ૧૩ મી એપ્રીલ ૧૯૨૯ ને રોજ ભગ્ન સ્થિતિના એ પુરાણા મકાનને માના ચરણનો સ્પર્શ થયો. તે વખતે નિરંજનની સ્ત્રી ગુજરી ગએલી હોવાથી એ શોકમાં હતો; તોપણ તે દિવસે એ આવીને હાજર થઈ ગયો હતો. બે માસ પછી એનું પણ મૃત્યુ થયું. એણે ભીખ માગી લાવીને જે રૂપીઆ એકઠા કર્યા હતા તેમાંથી આશ્રમનો પાયો નંખાયો. જો કે આજે એ પતિપત્ની આ લોકમાં નથી છતાં માની ચરણરજ સાથે એમનો સંબંધ ચાલે છે. આશ્રમ સંબંધી મા કહેતાં કે: "આશ્રમ એટલે જ શુદ્ધ પવિત્ર સ્થાન, જ્યાં પગ મૂકતાં જ ધર્મભાવ જાગ્રત થઈ જાય. સાધન, ભજન, સત્-ચિંતન, સદાલોચના વગેરેના પ્રભાવથી અહિંનું વાતાવરણ અહોનિશ વિશુદ્ધ બની રહે એવો બધાએ પ્રયાસ કરવો. અહીં ~~ફરી હરી શકાય~~ તેવા બે એક નાના ઓરડા ~~થઈ જાય તો બધારે સારું~~ સૌથી પ્રથમ માને માટે તો એક નાનું ઓરડો તૈયાર થઈ ગયો.

શ્રી માનું ફરવું હરવું તેમજ એમની ભાવલીલા એટલાં બધાં વિચિત્ર હતાં કે, તે આપણા ખ્યાલમાંએ ન આવી શકે. એ શું કરે છે, તે સમજવાનો કે તેમાં અંતરાય નાખવાનો પ્રયાસ વૃથા જતો. બંગાબ્દ ૧૩૩૬ (બીજી મે સને ૧૯૨૯) ને રોજ શ્રી માએ રમણા આશ્રમમાં પ્રવેશ કર્યો. સર્વત્ર આનંદ આનંદ વર્તી રહ્યો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીયુત બાઉલચંદ્ર બસાક આવ્યા. એમણે માને ફૂલની માળા અને ફૂલના મુકુટથી શણગાર્યાં; મા પણ બધાંની સાથે આજે હસતાં અને ગમ્મત કરતાં હતાં. આટલા આનંદના ભીતરમાં જાણે બધું નિરાનંદ લાગ્યું. હું એક ઠેકાણે ઊભો ઊભો માના ભાવોનું નિરીક્ષણ કરતો હતો. એમની દૃષ્ટિ અને મન ઉદાસ બનીને જાણે ફરવા નીકળી પડયાં હોય એવું લાગ્યું. રાત્રે બે વાગે હું ઘેર ગયો. બીજે દિવસે સાંજે પિતાજી અમારા મહેલ્લામાં આવ્યા હતા. કોઈએ આવીને સંદેશો કહ્યો કે, તમે જલદીથી આશ્રમમાં પાછા જાવ. પિતાજીની સાથે હું પણ ગયો. તે વખતે રાતના દસ સાડા દસ થયા હતા. ત્યાં જઈને જોયું તો, બધાએ ઉદાસ અને વ્યગ્ર હતાં. મા આશ્રમની હદ વટાવીને બહાર મેદાનમાં બેસી રહ્યાં હતાં. સાંભળ્યું કે, તે દિવસે મા સવારથી ઘરની બહાર નીકળી ગયાં હતાં અને અત્યાર સુધીનો તમામ વખત એમણે ફરી ફરીને કાઢયો હતો. પિતાજીને જોઈને એ બોલ્યાં: "આ શરીર, બાબા (એમના પિતાજી)ની સાથે કેટલાક દિવસ ફરવા જાય છે. તમે આશ્રમમાં રહેજો." પિતાજીએ એમને બહુએ સમજાવ્યાં, પણ પછી આખરે "ઠીક" કહીને એમને સંમતિ આપી. માની સાથે ઘણા જણા રેલ્વે સ્ટેશન સુધી ગયા. હું અને પિતાજી આશ્રમમાં રહ્યા. પાછળથી હું પણ સ્ટેશન ઉપર ગયો. પિતાજી માનો વિચાર ફેરવવા બહુ મથ્યા પણ મા એકનાં બે થયાં નહિ.

મૈમનસિંગની ગાડી ઉપડવાની બહુ વાર નહોતી. મા ગાડીમાં બેઠાં. પિતાજીએ મને માની સાથે જવાની આજ્ઞા કરી હતી અને મા જો ના પાડે તો મારે બીજા ડબામાં બેસી જવું, એવું પણ મને કહ્યું. હું પણ માની સાથે રવાના થઇ ગયો. આમ રાતને પહોર ઓચિંતો પહેરેલે વસ્ત્રે હું મૈમનસિંગની મુસાફરી કરી રહ્યો હતો પણ મારા હૃદયમાં કેવું તોફાન ચાલી રહ્યું હતું તે તો મારું મન જ જાણે. સૂર્ય, કર્મદેવ છે એ ઉક્તિમાં ઘણું સત્ય છે. પ્રભાતના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

× સાંભળીને કૈલાસ (?) ... સાંજેથી બહુ જોરથી વરસાદ આવતો દેખાય છે.

અજવાળામાં મારી ઓફીસ, મારું ઘર, મારો પરિવાર, એ બધાના મને એટલા બધા વિચારો આવ્યા કે કાંઈ કહેવાની વાત નહિ. મનુષ્યની કેવી દુર્ગતિ છે, સંસારશૃંખલાનું એને કેવું અતુટ અને નિગડ બંધન છે? જેના પગની રજ માટે વરસોનાં વરસો રોજનો રોજ હું આકુળવ્યાકુળ થઇ જતો, જેણે યમના હાથમાંથી મને છીનવી લીધો છે, તેમના શ્રીચરણતલ આગળ બેસવાનો આજે મને સુયોગ પ્રાપ્ત થયો; છતાં મારા હૈયામાં આનંદ નહોતો. મારું હૃદય ભારાક્રાન્ત થઈ ગયું હતું. મને લાગ્યું કે, મારી ભકિત અને શ્રદ્ધા કેવળ રમત છે. હું તો ભોગ અને વાસનાનો દાસ છું. મા પણ એમજ કહેતાં હતાં કે: "પવન જેમ જોત જોતાંમાં શરીરને સ્પર્શ કરીને રમતો રમતો ચાલ્યો જાય તેવાં તારાં ભકિત-પ્રેમ છે. અંતરનો અમૃતનો ખજાનો ખુલે નહિ ત્યાં સુધી સાચી વસ્તુ કયાંથી પ્રાપ્ત થાય?" મૈમનસિંગ સ્ટેશને પહોંચ્યા પછી મેં માને પૂછ્યું: "કયાં જવું છે?" માએ કહ્યું: "પહાડ તરફ." મેં કહ્યું: "આટલો બધો સખત વરસાદ પડે છે અને વૃદ્ધ પિતાને લઈને તમે પહાડ ઉપર જાઓ એ ઠીક કહેવાય? જો તમારે એકાંત જોઇતું હોય તો ચાલો કોકસ બજાર સમુદ્ર તીરે જઈએ." મા ચૂપ રહ્યાં. સાધારણ રીતે કોઈ વાત મા એકથી વધારે વાર કહેતાં નહિ. દલીલ કર્યા સિવાય માથું નીચું કરીને જે આદેશ કે ઈસારો હોય તેનું અક્ષરેઅક્ષર પાલન કરવું એજ મારે માટે ઉચિત મનાતું. નહિ તો ઘણી વખત ખરાબ પરિણામ આવેલું.મારા મનમાંને મનમાં બુદ્ધિથી વિચાર કર્યા પછી સાંજે હું ગાડીમાં કોકસ બજાર ગયો. આશુગંજ સ્ટેશને ગાડી આવી એટલે પાછો વરસાદ શરૂ થઇ ગયો. માએ કહ્યું: "આ શું જુએ છે? કાલે પણ જોઇશ." બીજે દિવસ ચટ્ટગ્રામ જઇને કોકસ બજારની સ્ટીમરમાં બેઠાં. સ્ટીમર નદીમાંથી સમુદ્રમાં આવી તે વખતે ખૂબ વાવાઝોડું થઇ આવ્યું અને એ આમથી તેમ ડોલવા લાગી. પાણીનાં મોજાં સ્ટીમર ઉપર ફરી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વળતાં હતાં. મુસાફર લોકો ભયના માર્યા બૂમો પાડતા હતા. ડૂબ્યા ડૂબ્યા એમ સર્વને થઈ ગયું. ઘણા તો આક્રંદ કરતા હતા. મા તો આનંદની મસ્તીમાં હતાં.

સમુદ્રને તોફાને ચઢેલો જોઈને મા બોલ્યાં: “ જો, વિરામ વગર એકધારું કીર્તન કેવું ચાલી રહ્યું છે ? ભક્તિ સાધન દ્વારા માણસ ઉન્નતિની ઈચ્છા કરે, તો આવી રીતે અખંડ ભાવે શ્રવણ, સ્મરણ અને કીર્તન કરવું જોઈએ.”

કોકસ બજારથી અમે આદિનાથ ગયાં. ત્યાંથી હું ઢાકા પાછો આવ્યો અને મા ત્યાં રહ્યાં. કેટલાક દિવસ પછી પિતાજી આવીને માને આદિનાથથી કલકત્તા તેડી ગયા. ત્યાંથી મા એમના પિતા સાથે હરિદ્વાર ચાલ્યાં ગયાં.

પછી સહસ્ત્રધારા (દેસનન) અયોધ્યા, બનારસ, વિંધ્યાચલ, નવદ્વીપ વગેરે સ્થળોએ ફરતાં ફરતાં મા કલકત્તા આવીને પિતાજીને મળીને ચાંદપુર ગયાં. તે વખતે કલકત્તામાં માની સાથે મારો ભેટો થયો. ત્યાં સાંભળ્યું કે, મા કેટલાક દિવસ સુધી ભાવાવેશમાં જમીન ઉપર છાનાંમાનાં પડી રહ્યાં; માત્ર ફળ કે સરબત લેતાં. એ ચાવી આપેલા પૂતળાની માફક નિસ્તેજ જડપિંડ જેવાં પોતાના દેહને લઈને ફર્યા કરતાં હતાં. માની તે વખતની દશા જોઈને મને થયું કે, જો ભગવાન દેહધારી હોત તો એમને પણ મનુષ્યોની માફક માયાવી જગતની માયાને આધીન બનીને ચાલવું પડત.

કેટલાક દિવસ પછી મા અને પિતાજી ચાંદપુરથી ઢાકા આવીને સિધ્ધેશ્વરીના સ્થાનકમાં રહ્યાં. પિતાજી બહુ માંદા પડ્યા. એ લાંબો મંદવાડ ભોગવીને સાજા થયા ન થયા, એટલામાં તો મા મરણતુલ્ય માંદાં પડ્યાં.

સને ૧૯૨૯ ના અક્ટોબર માસમાં રમણાઆશ્રમમાં કાલી મૂર્તિને ખસેડવામાં આવી. સને ૧૯૩૦ ના નવેમ્બર માસમાં એક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રાત્રે ચોર લોકો મંદિરમાં પેસી ગયા અને મૂર્તિનો હાથ તોડી નાખીને સોનાનાં ઘરેણાં લઈ ગયા. ભાંગેલી મૂર્તિ પૂજામાં કામ ન આવે એ ચર્ચા જાગી. જુદે જુદે ઠેકાણેથી પંડિતોના અભિપ્રાય મંગાવ્યા. પંડિતવર મહામહોપાધ્યાય શ્રીયુત પંચાનન તર્કરત્ન મહાશયે કહ્યું કે, ભાંગેલી મૂર્તિની પૂજાનો શાસ્ત્રમાં નિષેધ બતાવ્યો છે ખરો; પરંતુ આ સ્થળે તો એવું જણાય છે કે, કોઇ એક વિખ્યાત મહાપુરુષની અનુજ્ઞાથી નૈમિત્તિક પૂજા પછીથી કાલી મૂર્તિનું વિસર્જન ન કરતાં તેની નિત્ય પૂજા કરવાની વ્યવસ્થા થએલી છે; તેથી તે મહાપુરુષ જેવું વિધાન આપે તે પ્રમાણે કરવું ઠીક છે. માની આજ્ઞાથી ફરી સંસ્કારપ્રતિષ્ઠા કરીને એ મૂર્તિની પૂજા થવા લાગી.

આ પહેલાં મેં માને નિવેદન કર્યું હતું કે, આશ્રમમાં કાલી મૂર્તિ માટે એક મંદિર જોઇએ. તે ઉપરથી મા ઓચિંતા બોલી ઊઠયાં: "એક વરસ રાહ જો," એ સમય દરમીઆન સને ૧૯૩૧ ના જાનેવારીની પહેલી તારીખે શ્રીયુત નગેન્દ્રનાથરાય અને શ્રીમાન ભૂપતિનાથ મિત્રના ઉત્સાહ અને પરિશ્રમથી મંદિરનો પાયો નંખાયો. પાયો ખોદતાં ખોદતાં એમાંથી બેઠેલી અને સૂતેલી સ્થિતિમાં ચાર પાંચ મોટી નાની સમાધિઓ નીકળી. આ સમાધિઓ સંબંધી માએ કહ્યું હતું કે: " આ આખીએ જગ્યા ઘણી પવિત્ર છે. પહેલાં આ સંન્યાસીઓનું સ્થાન હતું. તું પણ તેમાંનો એક છું. આમાંના ઘણા મહાપુરુષોને મેં રમણાના મેદાનમાં ફરતા જોએલા છે. એ સાધુ પુરુષોની એવી તીવ્ર ઇચ્છા હતી કે, એમની સમાધિ ઉપર મંદિર બંધાય, તેમ દેવીની નિત્યપૂજા, સાધનભજન વગેરે થાય, જનસમાજ તેનો લાભ ઉઠાવીને ધર્મભાવવાળો બને અને એ રીતે આ સ્થળની પવિત્રતા સચવાઈ રહે. એમની એવી ઇચ્છાને પરિણામે જ આ સમારંભ થયો છે. જે લોકો આ અનુષ્ઠાનના સંપર્કમાં આવ્યા છે અને આવશે, તે બધા એ મહાપુરુષો સાથે કોઈને કોઈ રીતે જોડાયલા હતા એવું જાણજે " માને મેં પૂછ્યું: " જો હું કોઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જન્મમાં સંન્યાસી હતો તો આજે આવી દશા કેમ?" માએ જવાબ દીધો: "માણસનાં કર્મોનો ક્ષય થતા સુધી તેની મારફતે જે કામ થવાનું આવશ્યક હોય છે તે કામ તેને કરવું જ પડે છે અને તેમાં એ રચ્યોપચ્યો રહે છે."

આશ્રમ થયો તે પહેલાં શાહબાગમાં મા હોય ત્યારે રોજ સંધ્યાકાળથી કીર્તન થતું અને પૂર્ણિમા અને અમાવાસ્યાને દિવસે તો છેક મોડી રાત સુધી એ કીર્તન ચાલતું હતું. એક પૂર્ણિમાની રાત્રે હું મારે ઘેર સૂઈ રહ્યો હતો. લગભગ અગીઆર વાગ્યા હશે. હું તે વખતે જાગતો હતો. કેટલીક વાર સુધી "હરેમુરારે, મધુકૈટભારે"નો મધુર ધ્વનિ મારા કાન આગળ ગુંજારવ કરવા લાગ્યો. મને એવું લાગ્યું કે, મા અત્યારે ઘણું કરીને આ પદ ગાતાં હોવાં જોઈએ. બીજે દિવસે તપાસ કરતાં ખબર પડી કે, સાચે જ માએ "હરેમુરારે, મધુ કૈટભારે, ગોપાલ ગોવિંદ મુકુંદ સૌરે"ના પદથી જ કીર્તનની શરૂઆત કરી હતી; પરંતુ મારું કેવું દુર્ભાગ્ય! એમનું આટલું બધું કૃપાભર્યું આકર્ષણ હોવા છતાં કીર્તન માટે પ્રીતિ થતી નથી. એક દિવસ હું અને નિરંજન સાંજે શાહબાગમાં ગયા હતા; તે વખતે કીર્તન થતું હતું: માએ આજ્ઞા કરી કે, "જે કીર્તનમાં ન જોડાય તે નામજપ કરે." હું અને નિરંજન બીજા બધાની સાથે લજ્જા અને અને સંકોચવશ અસ્પષ્ટ અવાજે નામનો જપ કરવા લાગ્યા પરંતુ માની આજ્ઞાનું યથાર્થ રીતે અમે પાલન કરી શક્યા નહિ, તેનો અમને પસ્તાવો થવા લાગ્યો. મા બોલી ઊઠ્યાં: "આજે શનિવાર છે, આવતી કાલે રવિવાર છે માટે તમે બધાએ અહિં જ આખી રાત કીર્તન કરો તો કેવું?" નિરંજન તો ઘેર ગયો. મેં આખી રાત ત્યાં જ કીર્તનમાં ગાળી. રાત પૂરી થતાં મા પ્રભાતીયું ગાવા લાગ્યાં: "હરિ હરિ હરિ હરિ હરિ હરિ હરિ બોલ" મારામાં એક અપૂર્વ જાગ્રતિ આવી. તે દિવસથી મને ખાત્રી થઇ કે, સાધનભજનમાં કીર્તનનું સ્થાન કોઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રીતે ઉતરતું નથી. પછી તો કીર્તનમાં હરિનામની સાથે માનું નામ પણ જોડાયું અને દરરોજ જુદે જુદે ઘેર કીર્તનની વ્યવસ્થા થઈ.

શાહબાગમાં 'હરિ બોલ' નું કીર્તન વધારે થતું હતું. ઘણી વખતે મારા મનમાં વિચાર આવતો કે, અહિં તો મા જ બધાંનું લક્ષ્ય હોય છે એટલે માના નામનું કીર્તન સુસંગત છે. કેટલાકને મેં આ વાત કહી પણ તેમણે મને એમાં સાથ આપ્યો નહિ. હું જાતે તેમ કરી શકું એમ નહિ એટલે છાનોમાનો બેસી રહ્યો. શ્રીમાન્ અનાથ બંધુ, બ્રહ્મચારી કમલાકાન્ત વગેરે આશ્રમમાં આવતા હતા તેમને મેં આ વાત કરી અને કહ્યું કે, "આપણે ધીરે ધીરે કીર્તનમાં માનું નામ લાવવાનું કાંઈ કરો" શ્રીયુત કુલદાકાન્ત બંદોપાધ્યાય તે વખતે શાહબાગમાં નવા આવ્યા હતા. ધર્મ, કર્મ, પૂજા, યોગ વગેરેમાં એમને અખુટ શ્રદ્ધા હતી. એ પણ માનું નામ કીર્તન સાથે લઈ શકાય–ના લઈ શકાય, એવા ગોટાળાં વળીયા લાગ્યા. આખરે હરિ અને મા બન્નેના નામનું કીર્તન ચાલવા લાગ્યું. સંસ્કારજન્ય ટેવ એકદમ છૂટતી નથી. ખાસ કરીને ધર્મની બાબતમાં બધા જેમ કરે તેમ કરવું એવો મારો સ્વભાવ જ થઈ ગયો હતો અને જે લાંબા કાળથી ચાલ્યું આવ્યું હોય તેને ફેરવી નાખતાં મન હંમેશાં અચકાય છે.

હું માની મૂર્તિનું ધ્યાન કરું છું મારું મન માની ચરણરજને સ્પર્શ કરવા ઉત્સુક બની રહે છે મારી આંખ માની જ મૂર્તિને જોયા કરે છે મારા પ્રાણ માની કથા સાંભળવા તરસ્યા કરે, મારા અંતરમાં માના નામની ધૂન ચાલી રહી હોય અને અને કીર્તન કરતી વખતે "પ્રાણ ગૌરાંગ નિત્યાનંદ" કે "આવ હે ગૌર, બેસ હે ગૌર, અમારા હૃદયઆંગણે"ની રમઝટ લગાવવી પડે, તો એ સંજોગોમાં મારી ચિત્ત-વૃત્તિ સાથે એ કીર્તનના સૂરનો મેળ જ ખાતો નહોતો.

ભાવમાં ડૂબી જઈને ચિત્તવૃત્તિને એકમુખી કરીને બધે દોડા-દોડી કરતી વાસનાઓ અને કામનાઓને એકતાન કરીને આરાધ્ય-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દેવતા તરફ વાળી લેવી એ જ એક માત્ર ઉદ્દેશ, પૂજા અને ધ્યાન ધારણાનો છે. કીર્તનનો ઉદ્દેશ પણ તેવો જ છે. એટલે મને એવો વિચાર થયો કે, કીર્તનનાં જુદાં જુદાં પદોના જુદા જુદા ભાવ અને સૂરના વિલાસમાં મન અને પ્રાણને રોકી રાખવાનો પ્રયત્ન કરવા કરતાં જેના તરફ આપણું ચિત્ત એની મેળે આકર્ષાય છે, તેને જ આપણું લક્ષ્ય વા ધ્યેય બનાવીને આપણા પદ અને ભજનના ભાવનો, અને સૂરની ગતિનો પ્રવાહ એ જ લક્ષ્યમાં વાળી દેવાય, તો ભજન કીર્તનમાં ખરો જીવ આવે અને એ સજીવ બની જાય અને ચિત્તને પરમ આશ્રયસ્થાન મળી જાય.

જો હું માતાનો સાચો અને એકનિષ્ઠ ભક્ત બની શકું તો માના નામના કીર્તનના સૂરમાં જ સાધુસંતોના ભજન અને પદના ભાવનું સંપૂર્ણ ઐશ્વર્ય અને પ્રભાવ તરી આવે. "મા" શબ્દ તો માનવ સૃષ્ટિનો આદિ અને નિત્ય શબ્દ છે. જન્મની સાથે એજ વાણી પહેલીવેલી માનવમુખમાંથી નીકળી પડે છે અને જ્યાં સુધી માનવજીવ આ સૃષ્ટિમાં રહે છે ત્યાં સુધી પ્રત્યેક શ્વાસ લેતાં 'ૐમ્' (ૐ અને મા શબ્દનું જ રૂપાન્તર) અને શ્વાસ મૂકતાં "મા" એવો ઉચ્ચાર કરે છે. વળી આ "મા" નામ, સર્વ જાતિ અને સર્વ સંપ્રદાયની મોટામાં મોટી પુંજી છે.

જો હું માને સાચેસાચી રીતે જગતજનની તરીકે માનતો હોઉં તો "મા"ના નામનું જ કીર્તન મારી સાચી અને સ્વભાવિક સાધના હોઈ શકે.

એજ વખતે કીર્તનમાં પ્રથમ "મા" નામ જોડીને મેં એક પદ રચ્યું. એ પદ નીચે આપેલું છેઃ

હર્ષે વિષાદે કિંવા સુખે દુઃખે
બોલ મા, મા, મા, મા મા,
મા મા મા મા મા મા મા મા મા મા મા મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃગર્ભ થકી બાહર આવ્યો
જનનીએ મને ખોળે ઝુલાવ્યો
દીક્ષામંત્ર હતો ૐ ઉવાં ૐ ઉવાં
શિખ્યો બોલતાં હું મા મા મા
હુંપદમાં ને હુંપદમાં હું રહ્યો મરી
ભૂલી ગયો હું આદિધ્વનિ
વેદતંત્રે શોધવા રખડું
અસીમ અનંત સીમા
જો તત્ત્વ સમજાવવા ચાહો
નામ, રૂપ, સુર મા બીજમાં ડુબોવો
કરોજી માર્ગદર્શન શ્રી આનંદમયી મા

સને ૧૯૨૮ ની જાન્યુઆરી માસમાં હું પહાડ ઉપર હતો. એકવાર પિતાજી અને માતાજીનાં પવિત્ર પગલાં મારે ત્યાં થયાં. મેં એમને નિવેદન કર્યું કે, બધા આશ્રમની માફક આપણા આશ્રમમાં પણ અમુક નામ લઈને જ કીર્તન થાય તેવું કરવું જરૂરનું છે. આશ્રમનો સઘળો કાર્યપ્રવાહ અને ચિંતન વગેરે જે નામને લક્ષમાં રાખીને ચાલે છે, તેજ નામ જો સાધન તેમજ કીર્તનના સૂરમાં જોડાય, તો સાધનમાં જોર સારું આવે. હરિ અને માનું નામ જોડીને તૈયાર કરેલાં કેટલાક પદો ઢાકામાં કુલદા દાદાને મેં મોકલાવી. આપ્યાં. અને દાદા વિદાય થયા પછી મારા મનમાં એક પ્રબળ ભાવનો ઉભરો આવ્યો અને કેવળ "મા" જે શબ્દના નામનું એક નવિન પદ મેં તૈયાર કરી દીધું.

મા મા મા મા મા મા મા
ડાક મા મા મા મા મા મા
બલ મા મા મા મા મા મા
ગાઉ મા મા મા મા મા મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભજ મા મા મા મા મા મા
જપ મા મા મા મા મા મા
ડાક, બલ, ગાઉં, ભજ, જપ, મા મા મા*

એ પદ મેં ઢાકામાં ~~ભૂલકાકાને~~ મોકલાવ્યું. એમણે લખ્યું કે, આ પદે સર્વનાં ચિત્ત હરી લીધાં છે અને તે પ્રમાણે કીર્તન કરવાની વ્યવસ્થા કરી છે.

~~હવે~~ કીર્તનમાં ~~શું~~ માનું નામ પ્રથમ આવતું. અભાવ ન થાય ત્યાં સુધી માણસ મૂળ ભાવ ઉપર આવતો નથી. ઉપર્યુક્ત પદ આશ્રમમાં ગાવાનું શરૂ કરવામાં આવ્યું ત્યારે મા ઢાકામાં નહોતાં અણ વિયોગ ~~થી~~ ભક્તોના માના મધુર ~~નામનો~~ સાદ ~~દિલનો મધુર ઓંકાર ઠેઠ માના અંતરાત્માને સ્પર્શ કરી જતો હતો.~~

રમણા આશ્રમ તૈયાર થઈ ગયા પછી માના મુખમાંથી નીકળેલાં સૂકતો (જે ગત પ્રકરણમાં આપી ગયા છીએ) રોજ કીર્તન પહેલાં ભજનની માફક ગવાતાં હતાં. બંગ વર્ષ ૧૩૩૬ ઈ. (સ. ૧૯૩૧) અગ્રહાયણ (માર્ગશિર્ષ) માસ પૂરો થતાં થતાં માએ એકવાર મને બોલાવીને કહ્યું: "આ સૂકતો પૂરતાં નથી, બીજાં કોઈ ભજનની વ્યવસ્થા કરીશ ~~કે નહિ~~?" માની આજ્ઞા મેં માથે ચઢાવી. હું વિચાર કરવા લાગ્યો કે, સંસ્કૃતમાં સ્તુતિઓ અને સ્તવનો ઘણાં છે, પણ બંગાળીઓને બંગ ભાષામાંજ ભજન ~~સંભળાવ્યાં હોય તો સારું~~. કેટલાક દિવસ પછી શ્રી માના કલ્યાણમય સૂચનથી એક દિવસ રાત્રે ત્રણ વાગ્યાને સુમારે મને એક પ્રેરણા થઈ આવી અને માની કૃપાથી નીચે લખેલું ભજન મારાથી રચાઈ ગયું:

---

*જેમ એક સૂરમાંથી સા, રે, ગ, મ, ઇત્યાદિ સાત સૂર નીકળે છે તે પ્રમાણે માને લક્ષ્ય તરીકે રાખીને એમને ઉદ્દેશીને મા, મા, મા, મા, મા, મા, મા, એ શબ્દોમાં કીર્તનનું પદ ગોઠવ્યું છે. ~~મોઢેથી થઈ જવાથી~~ એટલે એકજ લક્ષ્યમાં એક ધ્વનિમાં ચિત્તને સમાહિત કરાય છે. એટલે ભાવાવેશ સહેજમાં થઇ જાય છે. એ એકજ ધ્વનિના સ્પંદનથી સમગ્રદેહ અને મનની એકતાનતા ~~થઈ જાય છે~~ જન્મે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભજન

(જય) હૃદયવાસિની શુદ્ધા સનાતની (શ્રી) આનંદમયી મા !
ભુવનઉજલી જનની નિર્મલા પુણ્યવિસ્તારિણી મા ॥
રાજરાજેશ્વરી સ્વાહા સ્વધા ગૌરી પ્રણવરૂપિણી મા ॥
સૌમ્ય સૌમ્યતરા સત્યા મનોહરા પૂર્ણપરાત્પરા મા ॥
રવિશશિકુંડલા મહાવ્યોમકુંતલા વિશ્વરૂપિણી મા ।
ઐશ્વર્યભાતિ મા માધુર્ય પ્રતિમા મહિમામંડિતા મા ॥
રમા મનોરમા શાન્તિ શાન્તા ક્ષમા સર્વ દેવમયી મા ।
સુખદા વરદા ભક્તિજ્ઞાનદા કૈવલ્યદાયિની મા ॥
વિશ્વપ્રસવિની વિશ્વપાલિની વિશ્વસંહારિણી મા ।
ભક્તપ્રાણરૂપા મૂર્તિમતી કૃપા ત્રિલોકતારિણી મા ॥
કાર્યકારણભૂતા ભેદાભેદાતીતા પરમદેવતા મા ।
વિદ્યાવિનોદિની યોગિજનરંજિની ભવભયભંજિની મા ॥
મંત્રબીજાત્મિકા વેદપ્રકાશિકા નિખિલવ્યાપિકા મા ॥
સગુણાસરૂપા નિર્ગુણા નીરૂપા મહાભાવમયી મા ।
મુગ્ધ ચરાચર બાહે નિરંતર તવ ગુણ મધુરિ મા ॥
(મારા) મિલિ પ્રાણે પ્રાણે પ્રણમિ (શ્રી) ચરણે જય જય જય મા ॥

ડાક મા મા મા મા મા મા મા
બલ મા મા મા મા મા મા મા
ગાઉં મા મા મા મા મા મા મા
ભજ મા મા મા મા મા મા મા!
જપ મા મા મા મા મા મા મા
ડાક મા મા મા મા મા મા મા
મા મા મા

૧૧ પોષ ૧૩૩૬ રમણા, ઢાકા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

[૯]

નવજીવનના માર્ગે

શ્રી માનાં દર્શન કરવાનું સૌભાગ્ય મને પ્રથમ પ્રાપ્ત થયું ત્યારથી સંસારના અગણિત વિક્ષેપ અને વિક્ષોભમાં પણ નિત્યાનંદમયી માતૃમૂર્તિની સરળ સ્નેહાળ દૃષ્ટિ મને ગાંડાની માફક આકુળ-વ્યાકુળ રાખ્યા કરતી હતી. એમની કૃપાના છાંટા માટે મારા અંતરમાં જબરી ઉત્કંઠા જાગી ગઈ હતી. ઊંચે આકાશ તરફ ઊછળતાં મહાસાગરનાં મોજાં જેમ ઘૂઘૂ અવાજ કર્યા કરે, તેમ માના શ્રી ચરણનું ધ્યાન ધરતો મારો ઉચ્છ્વાસ દિવસ અને રાત સૂંસૂં અવાજ કર્યા કરતો હતો. કોઈ કોઈ વખત તો હું મા મા કરીને મોટા પોકાર કરી મૂકતો ત્યારે જ મારા જીવને કાંઇક શાંતિ વળતી; પરંતુ શરૂઆતમાં મને એવો સુયોગ થોડો હતો.

શ્રીમાના સ્થૂલ શરીરમાં મેં વિવિધ પ્રકારના ભાવો જોયા હતાં, તેથી એમની પાસે જતાં મને આશ્ચર્ય અને હર્ષ બન્ને થતાં. તે વખતે મને એવું થઇ જતું કે, હું તો એક બાળક ભીખારીનો પણ ભીખારી એમના શ્રી ચરણ પાસે બેસવાને માટે તદ્દન અયોગ્ય; તેથી કેટલીકવાર હું માના પગ પાસે નહિ બેસતાં થોડે દૂર ઊભો રહેતો. રોજ સવારમાં એમનાં શ્રી ચરણનાં દર્શન કરવાનું સૌભાગ્ય સૌથી પ્રથમ મને જ પ્રાપ્ત થતું. આશ્રમમાં સવારમાં વહેલા ઘણા ઓછા લોકો આવતા હતા. કોઈ કોઈવાર મા ઊંઘે ઘેરાયલી આંખે અડધાં ઊંઘતાં, અડધાં જાગતાં, પથારીને એક છેડે ઊંઘ ઉભરતી બેઠેલાં નજરે પડતાં, કોઈ કોઈ વાર એમના હંમેશાં હસતા મુખ અને આંખમાંથી વાત્સલ્ય અને કરુણાની અખંડ ધારાઓ ફૂટયા કરતી. કેટલીકવાર શરદ્‌ના નિર્મળ આકાશની માફક પ્રસન્નતાથી એ દીપી ઊઠતાં. ભાવપરિવર્તન સાથે એમના રૂપમાં પણ પરિવર્તન જણાતું હતું. કેટલીક વખતે એ ડોસી જેવાં દેખાતાં; કેટલીકવાર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પુષ્કળ હસતાં હસતાં એ એકદમ થંભી જતાં, ગંભીર બની જતાં અને પછી બીઆમણાં લાગતાં. તે સ્થિતિમાં માનું શરીર બહુ જ લાંબુ પહોળું લાગતું, અને એમનામાં રુદ્રાણી જેવો દૈવીભાવ આવી જતો હતો. તે વખતનું એમનું અટ્ટહાસ્ય, ઘેરાયલી આંખો, હાથપગ હલાવવાની રીત જેણે જોયાં હોય તે તો બીકનો માર્યો ઠરી જ જાય પરંતુ થોડી વારમાં જ એમનો એ ભાવ બદલાઈ જતો અને એ પોતાના મૂળ સ્વરૂપમાં આવી જતાં.

માના તરફ મારૂં આકર્ષણ એટલું બધું વધી ગયું હતું કે, હું જો એમની પાસે ન હોઉં તો મને બિલકુલ ચેન પડતું નહિ. ~~થોડી વાર પણ માનાં દર્શન કરી આવું ત્યારે મને ટાઢક વળતી અને મારું ચિત્ત એકાગ્રતાથી ધ્યાનમાં પરોવાતું.~~ મને એવું લાગ્યાં કરતું કે, "આવ આવ" કહીને અહોનિશ એ સારા અંતર્ આત્માને આહ્વાન કરતાં જાણે આખો વખત એ મારા મુખ સામું એકી ટસે જોઈ રહે છે. મારા ચિત્તપટમાંથી હું એમનું ચિંતન કાઢી નાખવા માટે ઘણીવાર ખોટી દઢતા લાવતો, પણ મારી એવી અવળી દઢતાનો ઉપહાસ કરીને એ મારાં મન અને બુદ્ધિને અનાયાસે પોતાને કબજે કરી લેતાં. હું હેરાન બનીને જડવત્ પડી રહેતો. માતૃભાવની આ પ્રાણભક્ષી ક્ષુધાનું નિવારણ કરવાનો મને કોઇ ઉપાય જડ્યો નહિ.

આખરે સને ૧૯૨૭ ના જાનેવારી મહીનાની ચોથી તારીખે "હવે મારાથી સહન થઇ શકશે નહિ" કરીને હું પથારીવશ થઈ ગયો. વ્યાધિની શરૂઆતમાં મને છાતીમાં અસહ્ય વેદના થવા લાગી. કોઈ દવાથી એ મટયું નહિ. એક દિવસ મા મને જોવા આવ્યાં. એમણે મારી છાતી ઉપર એમનો હાથ મૂકયો, એટલે મારી વેદના જાણે એકદમ ઓસરી ગઇ. ધીમે ધીમે વ્યાધિનું જોર વધવા લાગ્યું. ડોકટરોએ કહ્યું કે, તમને ક્ષય રોગ થયો છે. પાછાં એક દિવસ મા રાત્રે આવ્યાં, મારી પથારી પાસે બેઠાં અને મનમાં ને મનમાં કાંઇ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બોલવા લાગ્યાં. ઘણા દિવસ પછી મને ખબર પડી કે, તે વખતે મા મારા રોગને કહેતાં હતાં કે: " જે કરવાનું હતું તે તેં કર્યું છે. હવે અહિંથી થંભી જા." ત્યાર પછી માએ સૂતે દર્શન આપવાનું બંધ કર્યું. કેટલાક મહિના સુધી હું બેભાન અવસ્થામાં પડી રહ્યો હતો, તેથી તેટલો વખત માના દર્શનનું સૌભાગ્ય મારા અદૃષ્ટમાં લખાયું નહોતું.

મારું મન તો સદાસર્વદા માના શ્રી ચરણમાં જ આળોટ્યા કરતું હતું. મા તો સર્વમયી હોવાથી મારી અંદર અને બહાર વિરાજી રહ્યાં હતાં. એક દિવસ મા શાહબાગમાં બેઠાં હતાં તે વખતે બધાના મોઢા ઉપર જાણે લોહી હોય એવું એમને જણાયું. એ વાત સાંભળતાની સાથેજ પિતાજી રાત્રે મને જોવા આવ્યા, તે વખતે મને લોહીની ઉલટી થઇ હતી અને મારામાં અશક્તિ આવી ગએલી હોવાથી હું પડી રહ્યો હતો. આવી રીતે શાહબાગમાં બેઠાં બેઠાંજ માને સાચી સ્થિતિની ખબર આપોઆપ પડી જતી અને તે તે વખતે શું શું કરવું તેની સૂચના પણ એ આપતાં હતાં.

એક રાત્રે મારી સ્થિતિ બહુ ખરાબ થઈ ગઈ હતી. ડોક્ટરોએ કહ્યું કે, હવે તમારા જીવનની આશા ઓછી છે. તે વખતે રાતના લગભગ બે વાગ્યા હશે. બહાર ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો, કૂતરાનાં ભસવાનો અવાજ આવ્યા કરતો હતો. મારા શરીરમાં કાંટા ભોંકાતા હતા. એટલામાં મેં નજરોનજર જોયું કે, જાણે મા મારા ઉશીકાની દક્ષિણ બાજુએ બેસી રહ્યાં છે. એમને આટલી મોડી રાત્રે જોઇને હું વિસ્મય પામી ગયો; એટલામાં તો એમણે જાણે મારા માથા ઉપર હાથ મૂક્યો. ત્યાર પછી નવ દસ મહિના હું પથારી-વશ રહ્યો ત્યાં સુધી મને એમજ લાગ્યું કે, જાણે મા ચોવીસે કલાક મારા ઉશીકે ધીર અને સ્થિર ભાવે બેસી રહ્યાં છે અને એમણેજ મને મૃત્યુના મુખમાંથી છોડાવ્યો છે. કોઈ કોઈ વાર તો કલાકોના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કલાકો મને એવી સખત ઉધરસ આવતી કે, તેનો વેગ મારાથી સહન થઈ શકતો નહિ અને દુ:ખથી તરફડ્યા કરતો હતો. તેવે વખતે હું માના નામનો જપ કરવા મંડી પડતો. એટલે મારી વેદના તદ્દન શાંત થઈ જતી. આ અરસામાં માને એક ખ્યાલ આવ્યો. એમણે મને ઉદ્દેશીને બ્રહ્મચારી શ્રીમાન્ યોગેશચંદ્રને ઘરનો ત્યાગ કરાવીને એક વરસ માટે પશ્ચિમ તરફ મોકલી આપ્યા અને ભિક્ષાન્નથી એમનો નિર્વાહ કરવાનો એમને આદેશ આપ્યો.

કેટલાક માસ પછી શાહબાગની નજીક આવેલા એક સરકારી મકાનમાં હું રહેવા આવ્યો. મા તે વખતે હરિદ્વાર કુંભના મેળામાં ગયાં હતાં. મારું શરીર બગડી આવવાથી માને હૃષીકેશમાં એક તાર કર્યો. મા આવ્યાં નહિ પણ પાછળથી મેં સાંભળ્યું કે, તાર વાંચતાંજ પિતાજી ઉચાટમાં પડી ગયા. ત્યારે એમણે કહ્યું: " હું તો જોઈ શકું છું કે, એ મારા ખોળામાં નિશ્ચિતપણે સૂઇ રહ્યો છે. "

મારા મંદવાડમાં ઈન્જેકશન વગેરે આપીને મારી શક્તિ ટકાવી રાખતા હતા. એટલે મારામાં કેટલી શક્તિ છે તે જોવા માટે એક દિવસ ઓરડાની અંદર જ દીવાલ ઝાલીને બે એક મિનિટ ફરવાનો મેં પ્રયત્ન કરી જોયો, પણ સાંજે એ શ્રમથી મને મોઢામાંથી લોહી પડ્યું. ડૉક્ટરે એ સાંભળીને મને આજ્ઞા કરી કે, તમારે આખો વખત પથારીમાંજ પડી રહેવું. આ નિયમ બરાબર પળાય તેટલા માટે ઘરમાં પણ બધાંને એમણે ચેતવણી આપી દીધી.

ઉક્ત ઘટના પછી ચાર પાંચ દિવસે મા ઢાકા પાછાં આવ્યાં એટલે મને જોવા આવ્યાં. મને પૂછ્યું: " અલ્યા, કેમ છે ? " મેં કહ્યું: " ખાસ તો એવો ઉપદ્રવ જણાતો નથી પણ ઘણા દિવસથી હું નાહ્યો નથી તેથી બેચેની બહુ લાગે છે. " તે વખતે વૈશાખ મહિનો ચાલતો હતો. ગરમી બહુ પડતી હતી. મા થોડીવાર બેસીને ચાલ્યાં ગયાં. બીજે દિવસે એક વાગે એ પાછા આવ્યાં, તે વખતે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઘરમાં બધાંએ ઊંઘતાં હતાં. મારી અગીઆર વરસની દીકરી મારી પથારી આગળ ઊંઘી ગઈ હતી. માએ આવીને કહ્યું: "તને સ્નાન કરવાની ઈચ્છા થઈ આવી છે, માટે જો સ્નાન કરવુંજ હોય તો પેલું પુકુર (તળાવ) છે, એમાં સ્નાન કરી આવ."

એ તળાવ હું રહેતો હતો ત્યાંથી સાઈઠથી એંસી ગજ દૂર હતું. માની વાત સાંભળતાં વેંતજ શ્રદ્ધા અને આજ્ઞાપાલનના જોરે મારા શરીરમાં એક અભિનવ શક્તિ જાગી ઉઠી. શરીરમાં તો હાડકાં સિવાય કશુંએ નહોતું. વળી મારે પથારીમાંથી બિલકુલે ઊઠવું નહિ એવો ડોકટરનો સ્પષ્ટ મનાઈ હુકમ હતો, છતાં એ હાલતમાંજ હું પથારીમાંથી એકદમ ઊભો થઈ ગયો. હું હાથમાં ધોતીયું લઈને સ્નાન કરવા જતો હતો પણ પિતાજીએ મને પકડી રાખ્યો. હું જે ઘરમાં રહેતો હતો તેની ઊભણી ત્રણ ચાર હાથ ઊંચી હતી. હું ઝટ કરતાં ઉતરી ગયો અને પિતાજી મારો હાથ ઝાલીને મને પુકુર સુધી લઈ ગયા. આ પુકુર 'રિઝર્વ' પુકુર હતું. એને છેડે યુનિવર્સિટીની મુસલમાન બોર્ડીંગ હતી. કેટલાક દિવસ ઉપર પી. ડબલ્યુ. ડી. એ એક નોટીસ ચોઢી હતી તેથી ત્યાં કપડાં ધોવાતાં નહોતાં. તે દિવસે એ બોર્ડિંગમાં કોઈ દેખાતું નહોતું; ઘેર બધાં ઊંઘમાં પડેલાં હતાં. પુકુરમાં પડીને મેં બહુ આનંદપૂર્વક સ્નાન કર્યું, ઘેર આવીને મારું ભીનું ધોતીયું મેં દોરી ઉપર સુકવી દીધું, પછી હું પથારીમાં સૂઈ ગયો. હું સૂતો ના સૂતો એટલામાં મારી દીકરી જાગીને આમ તેમ જોવા લાગી. મા એની પાસે બેઠાં હતાં. સ્નાન કરવા ગયો તે વખતે મેદાનમાંથી મારા ધોતીઆમાં ગોખરુના કાંટા ભરાઈ ગયા હતા. નોકરે બધાં કપડાંની ગડીઓ કરવા માંડી ત્યારે એણે મારા ધોતીઆમાં ગોખરુના કાંટા વળગેલા જોયા. એટલે એણે એ વાત મારી સ્ત્રીને કહી. મારી સ્ત્રીએ એ ધોતીયું લઈને માને બતાવ્યું અને કહ્યું: "જુઓ, ડોકટરે મના કરી છે છતાં તેની અવગણના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શબ્દો છે

કરીને ખરે બપોરે એ ખેતરમાં ફર્યો." મા હસવા લાગ્યાં; પણ કાંઇ બોલ્યાં નહિ.

હું પુકુર સુધી પહોંચી શક્યો, પાણીમાં પડયો અને મનમાન્યું નાહ્યો, તેમજ ખરા બપોરે હું ચાલીને ગયો, છતાં મને કોઈએ દીઠો નહિ. આ બધું કઇ શક્તિના બળે થઈ ગયું તેનો હું વિચાર કરવા બેઠો ત્યારે ખરેખર હું દિગમૂઢ બની ગયો, મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. ત્રણ ચાર માસ પછી જ્યારે હું હવાફેર માટે ઢાકાની બહાર ગયો ત્યારે એ વાત મેં પ્રથમ નિરંજનને કહી; પછી હું નોકરી ઉપર હાજર થયો ત્યારે એ વાત મેં મારા ડાક્ટરને કરી. એ બોલ્યા: "એવું બની શકેજ નહિ." પણ પછી મારી સ્ત્રીએ મારા ધોતીઆમાંના પેલા બાવળના કાંટાની વાત કહી ત્યારે એમને વિશ્વાસ બેઠો.

હું માંદો થઇ ગયો હતો તે વખતે એકવાર મને ભાત ખાવાની પ્રબળ ઇચ્છા થઇ આવી. ડોક્ટરે તો ના જ કહી. નિરંજને મા પાસે જઈને આ વાત કરી: "મા, જ્યોતિષને ભાત ખાવો છે ને ડોક્ટર ના કહે છે; જો એનું મરણ થશે તો? 'અરેરે, એ બીચારાના મુખમાં અન્નનો દાણો સરખો ગયો નહિ,' એવું સંભારી સંભારીને આપણને વધારે દુઃખ થશે." માએ હસીને કહ્યું: "તારી એવી ઇચ્છા છે તો એને ભાત ખવડાવીએ." ત્યારપછી એક દિવસ પિતાજી મારે ત્યાં આવ્યા, અને મને છાનાંમાનાં દાળભાત ખવડાવ્યાં.

એક દિવસ સવારે બ્રહ્મચારી કમલાકાન્તે મને કેટલાંક ચંપાના ફૂલ આણી આપ્યાં. તે વખતે મા રોજ એકવાર મને જોવા આવતાં હતાં. તે દિવસે એ બહુ વહેલાં આવીને ચાલ્યાં ગયાં હતાં. એ ફૂલ જોઇને મને દુઃખ થયું કે: અરેરે, આ ફૂલ માના ચરણે ન ધરી શકાયાં. સાંજે કુલદા દાદા એક સુંદર ગુલાબ લઇ આવ્યા. આ ફૂલ પણ માને અર્પણ થઇ શક્યું નહિ; એટલે મને વધારે દુઃખ થઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવ્યું. ટેબલ ઉપર ચંપાનાં ફૂલ પડેલાં હતાં. તેના ઉપર મેં પેલું ગુલાબનું ફૂલ પણ મૂક્યું, મને ફૂલના ને ફૂલના જ વિચારો આવ્યા કરતા હતા. એટલામાં મા ઓચિંતાં બહારથી હાંફળાં ફાંફળાં બનીને મારા ઘરમાં આવી પહોંચ્યાં અને સીધાં જ ટેબલ પાસે જઇને ત્રિભંગ સ્થિતિમાં (શ્રીકૃષ્ણની માફક ડોકું, કમર અને પગ વાંકા કરીને) ઊભાં રહ્યાં. ત્રણ ચાર મીનીટ સુધી ઉન્મનાભાવે (અન્યમનસ્ક) એકી-નજરે મારા સામું જોઈને એ ચાલ્યાં ગયાં. મને તરત જ ખ્યાલ આવ્યો કે, ટેબલ ઉપરનાં ફૂલ મા લઈ ગયાં છે; મેં જોયું તો ગુલાબનું ફૂલ નહોતું. બીજે દિવસે મા આવ્યાં, એટલે મેં એમને ફૂલની વાત પૂછી. એમણે કહ્યું: "હું લઈ ગઇ છું કે નથી લઈ ગઈ તેની મને ખબર નથી તો પણ કાંઇક લઈ ગઇ છું ખરી. હું અહિંથી પહેલી ધાનકોડાના જમીનદારને ઘેર ગઈ, ત્યાં એક સ્ત્રીએ હાથ લાંબો કર્યો એટલે મેં એને કાંઇ આપ્યું. ત્યાં કીર્તન થતું હતું. તે પૂરું થયા પછી ત્યાંથી જતાં રસ્તામાં ડીપોટીનું મકાન આવ્યું. ત્યાં એક માંદી બાઈ હતી તેની પથારીમાં હું કાંઇક મૂકી આવી છું." પાછળથી તપાસ કરતાં ખબર પડી કે, પહેલા ઘરમાં એમણે ગુલાબ આપ્યું હતું, બીજા ઘરમાં ચંપાનું ફૂલ મળી આવ્યું અને પેલી માંદી બાઇ સાજી થઈ ગઈ.

એ પ્રસંગે માએ કહ્યું હતું કે: "આકુળવ્યાકુળ ભાવ એજ પૂજા અને અર્ચનનો પ્રાણ છે. અંતરમાંથી જ મહાશક્તિનું ઝરણુ વહ્યા કરે છે અને સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલયનું મૂળ એની સર્વ ચેષ્ટાઓમાં જ રહેલું છે."

બીજી એક વાત મને યાદ આવે છે. માંદો હતો તે વખતે પિતાજીએ મારે માટે અન્નપ્રસાદ રોજ શાહબાગમાંથી જ આવ્યા કરે તેવો પ્રબંધ કર્યો હતો. ત્યાં બપોરે લગભગ એક બે વાગે ભોગ ધરાતો. ત્યારબાદ મારે ઘેર એ પ્રસાદ આવતો તેથી વાર વધારે લાગતી. પ્રસાદની આશામાં બધા છેક મોડે સુધી ~~છાતામાતા~~ બેસી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

૨ દેપાળું બધાને ગમતું ૧૯.

[illegible]. પૂર્ણિમાને દિવસે રાત્રે ભોગ ધરાવાય છે. તે દિવસે મારે ઘેર પ્રસાદ વિષે સારીનરસી વાતો થવા લાગી. મને એ સાંભળીને ઘણું લાગી આવ્યું અને પ્રસાદની કાંઈ જરૂર નથી, એમ મારા મનમાં થઇ ગયું. તે દિવસે રાત્રે બે વાગી ગયા પણ શાહબાગથી પ્રસાદ આવ્યો નહિ. મેં વિચાર કર્યો કે, સાંજે પ્રસાદ માટે મારા હૃદયમાં ખોટો ભાવ આવ્યો હતો તેથી જ અત્યારે પ્રસાદ નહિ આવ્યો હોય. મને ઘણો પસ્તાવો થવા લાગ્યો. એથી નાના બાળકની માફક હું રડી પડ્યો. ત્યારપછી અડધા કલાકમાં પ્રસાદ આવી પહોંચ્યો. તે વખતે રાતના ત્રણ વાગ્યા હતા. પાછળથી મેં સાંભળ્યું કે, અગીઆર વાગે પ્રસાદ મોકલવા માટે માને પૂછવા ગયાં ત્યારે એમણે મોકલવાની ના પાડી દીધી. ~~ત્રણે~~ માએ પથારીમાંથી ઊઠીને આજ્ઞા કરી કે: "જલદી જઇને જ્યોતિષને પ્રસાદ આપી આવો." આ સંબંધમાં માએ કહ્યું હતું કે: "હું તો ઇચ્છા કરીને કશું કરતી નથી. તારો જેવો ભાવ તે પ્રમાણે તું હસવારડવાનો વ્યાપાર કરે છે."

હું હવાફેર માટે વિંધ્યાચલ ગયો હતો. કલકત્તામાં માને મેં જોયાં ત્યારે મારી સાથે વિંધ્યાચલ આવવા મેં એમને પ્રાર્થના કરી હતી, પણ એમણે ના પાડી હતી. વિંધ્યાચલ પહોંચ્યા પછી આખી રાત મેં રડી રડીને કાઢી. ~~બીજે જ~~ દિવસે મા અને પિતાજી ત્યાં આવી પહોંચ્યાં.

એ સંબંધી માએ કહ્યું: "'હું' ને વેગળું કરીએ તો જ 'તું' મેળવી શકાય. સાધનભજનનું અહંકારના ચૂરેચૂરા ઉડાવી દે છે."

વિંધ્યાચલથી હું ચુનાર ગયો. મા પણ ત્યાં આવ્યાં. એમણે મને કહ્યું: "~~ચાલો~~ ફરવા ~~આવે છે~~?" મેં કહ્યું: "શરીરમાં શક્તિ નથી એટલે શી રીતે ચાલી શકું?" બીજે જ દિવસે સવારે મા મને સાથે લઈને ફરવા નીકળ્યાં. મેદાન અને પહાડ મળીને એકંદર પાંચ છ માઇલ ફરીને અગીઆર વાગે અમે પાછાં આવ્યાં. પહાડ

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઊતરતી વખતે હું બહુ થાકી ગયો હતો અને મારા પગ કહ્યું કરતા નહોતા. માએ પાછાં વળીને કહ્યું: "હવે બહુ દૂર નથી." પછી તો દસ મિનિટમાં એમને એક એક્કો મળી ગયો. નહિ તો બીજો એક માઈલ વધારે ચાલવું પડત ત્યારે ગાડીનો પત્તો લાગત. "આટલું બધું લાંબુ ફર્યો એટલે પાછો હું વધારે માંદો પડી જઈશ કે શું?" એવી મને દહેશત લાગી; પણ મને કશું થયું નહિ અને મારી દહેશત ખોટી પડી. એ પ્રસંગને ઉદ્દેશીને માએ કહ્યું: "કર્મના અને ધર્મના જગતમાં, ધૈર્ય એજ મુખ્ય અવલંબન છે."

ચુનારમાં અમારા ઘરથી થોડે દૂર એક ઝાડ નીચે રાત્રે નવ વાગે પિતાજી, મા અને હું બેઠાં હતાં. માએ કહ્યું: "ચુનારના ફોર્ટના કુવાના પાણીએ મારે નહાવું છે" એમ બોલતાં બોલતાં બાળકની માફક એ હઠે ચઢી ગયાં. મેં કહ્યું: "ઘરમાંથી નોકરને બોલાવું." માએ કહ્યું: "ના, એમ તો નહિ જ બને." હું તો મોટી ચિંતામાં પડી ગયો કારણ કે આ તરફ સાંજ પડ્યા પહેલાં જ સર્વને જોઈતું પાણી ભરી લેવું પડે છે. એથી મને કે મારે માને કહેવું પડ્યું કે: "હું આપની ઇચ્છા પૂર્ણ કરી શકીશ નહિ." હું એમના ચરણમાં પડીને એમને વારંવાર વિનવવા લાગ્યો; એટલામાં એક માણસ હાથમાં ફાનસ લઈને એ કુવામાંથી પાણી ભરીને આવતો દેખાયો. એની બહુ બહુ પળસી કરીને એની પાસેથી પાણી લઈને માને સ્નાન કરાવ્યું. એ વિષે માએ કહ્યું કે, "માગતાં જ મળે છે પણ મન અને મુખનો બધી રીતે મેળ કરીને માગવું જોઈએ." (હોઠ અને હૈયાનો મેળ સાધવો જોઈએ.)

મારી માંદગીને લીધે થોડા દિવસ હું પહાડ ઉપર રહ્યો. એકવાર માનાં દર્શન કરવા માટે મારો પ્રાણ વલેપાત કરી રહ્યો હતો. એટલામાં મંડળી સાથે મા એક દિવસ સવારે આવી પહોંચ્યાં.

આવી રીતે એમની એકસરખી કૃપાની અખંડધારા વહેવડાવીને એમણે મારા તપ્ત આત્માને કેટલીએ વાર શાંત કર્યો છે, તેની ગણતરી થઈ શકતી નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હું કલકત્તે આવ્યો. ડૉકટરે મને તપાસીને કહ્યું: “હવે નોકરી કરશો નહિ. કોઇ સારે સ્થળે રહીને જેટલા દિવસ આ દુનીઆમાં કાઢી શકાય તેટલા કાઢો.” તે વખતે પણ મને ઉધરસની સાથે લોહી તો પડતું હતું.

માએ આજ્ઞા કરી: “તું ~~હવે~~ ફરી નોકરી ઉપર ચઢી જા.” ઢાકામાં આવીને જે દિવસે હું નોકરી ઉપર હાજર થયો તે દિવસે મા અને પિતાજી મારી ઓફીસે આવ્યાં અને મને ખુરસી ઉપર બેસાડીને પાછાં ગયાં.

તે વખતે ફીન્લો સાહેબ બંગાળના ખેતીવાડી વિભાગના ડિરેકટર હતા અને મારા ઉપરી હતા. તેમનો મારા ઉપર બહુ ભાવ અને શ્રદ્ધા હતાં. ઓફીસના કામ સંબંધમાં એમણે મને કહ્યું: “તમારાથી થાય તે કામ કરજો, બાકીનું મારી પાસે મોકલી આપજો.” તેમણે એકવાર મને પૂછ્યું: “તમારો આવો અસાધ્ય રોગ શી રીતે મટયો તે તો કહો?” મેં કહ્યું: “રમણા આશ્રમમાં જે માતાજી રહે છે, તેમની કૃપા વડે. એમણે મને ઔષધ, તાવિજ કે કવચ આપ્યું નથી. જો કે હું મારા ડૉકટરની સલાહ પ્રમાણે ચાલતો અને એમની દવા કરતો ખરો; પણ મારો રોગ તો માતાજીની કૃપાદૃષ્ટિથીજ મટી ગયો.” સાહેબે મને કહ્યું: “અશ્રદ્ધા લાવવાનું કારણ નથી. ~~હું પણ એ કૃપામાં માનનારો છું.~~ '[illegible]

[illegible].

એક સાંજે મારા પાડોસી એંસી વરસના વૃદ્ધ શ્યામાચરણ મુખોપાધ્યાય મારે ઘેર આવ્યા. મેં એમને માના પ્રસંગોની વાત કહી. “માની કૃપાથીજ હું અત્યાર સુધી જીવતો રહ્યો છું” મેં કહ્યું. એ બોલી ઊઠયા: “કોઇની કૃપાથી શું કોઇનો આવરદા વધી જાય છે?”. આવી વાતો કરતાં કરતાં એ ઓચિંતા ચૂપ થઇ ગયા અને ઘેર ચાલ્યા ગયા. પાછા બીજે દિવસે આવીને એ મને કહેવા લાગ્યા: “ગઇ કાલે હું અધવચ વાત પડતી મૂકીને કેમ ચાલ્યો ગયો હતો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જાણો છો ? જ્યારે આપણે વાદવિવાદ કરતા હતા ત્યારે તમારી ખુરશીની પીઠ પાછળ સૂર્યના પ્રખર તેજની માફક ગોળ પ્રકાશ પડતો મેં જોયો. તે વખતે ઘરમાં અને બહાર અંધારું હતું. મેં ચારે બાજુએ ધારી ધારીને જોયું પણ એ પ્રકાશ ક્યાંથી આવતો હતો, તે મને જણાયું નહિ. મને વિચાર થયો કે, તમને હું આ વાત કહું તે પહેલાં હુંજ એનું કારણ વિચારી જોઉં. ગઇ રાત્રે વિચાર કરતાં કરતાં હું એકજ નિશ્ચય ઉપર આવ્યો છું કે, મહાપુરૂષની કૃપાથી બધું સંભવિત છે. તમારા ઉપર માની અપાર કૃપા છે. એ સર્વદા તમારી રક્ષા કરે છે, તેથી મને બહુજ આનંદ થાય છે."

માનાં દર્શન કરવા હું પહેલવહેલો ભાગ્યશાળી થયો ત્યારબાદ કેટલેક મહિને નિરંજને એક દિવસ શાહબાગમાં માને એવું કહ્યું કે, "મા, મને ઘણી વખતે એવો વિચાર આવે છે કે હું અને જ્યોતિષ અમારા મુવા બાદ તમારા આશ્રમમાં બ્રહ્મચારી બનીને રહીશું" માએ મારા સામું જોઇને પૂછ્યું: "તું કેમ ચૂપ થઈ ગયો ? આ શરીરે જ તું એવી રીતે ન રહી શકે ?" ત્રણ ચાર વરસ પછી સાજો થઇને હું જ્યારે ફરી નોકરી ઉપર હાજર થઇ ગયો ત્યારે આશ્રમમાં મા ઉપલી વાત સંભારીને બોલ્યાં: "તારો પુનર્જન્મ કેવી રીતે થાય છે તે જો." એટલું કહીને એમના ગળામાં જનોઈના માફક લટકતો એક સોનાનો હાર હતો તે હાથમાં લઇને એ બોલ્યાં: "આ બાજુએ આવ. હું તને જનોઈ પહેરાવું, જાણજે, આજથીજ તું બ્રહ્મચારી થયો."

આશ્રમમાં મા જે ઓરડામાં રહેતાં હતાં તે ઓરડો મારી બુદ્ધિ અને સૂચના અનુસાર બનાવવામાં આવ્યો હતો. એ ઓરડો આઠ હાથ લાંબો અને સાડાપાંચ હાથ પહોળો હતો. ચારે બાજુએ વરંડા. માએ પહેલાં મને કહ્યું હતું કે, આ આશ્રમમાં જે મરી ગએલા સંન્યાસીઓની સમાધિઓ છે તે સંન્યાસીઓમાંનો તું છું. ત્યારબાદ ઘણા દિવસ પછી વાત નીકળતાં માત્ર પોતાના સુવાની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જગ્યા તરફ નજર કરીને એચિંતાં એ બોલી ઉઠયાં: "તું આ દેહમાં આવ્યો તે પહેલાંજ ભાવ અને કર્મનાં આંદોલનો ફેલાવીને તેં આ સ્થાન બનાવ્યું છે." હું વિચાર કરવા લાગ્યો, મારું કેટલું બધું સદ્‌ભાગ્ય! મા સ્થૂલ શરીરે મારા ગત જન્મની અધ્યાત્મ-કર્મભૂમિ ઉપર આસન નાંખીને બેઠાં છે. મારી તપશ્ચર્યા પણ તેવી હતી કારણકે જે દિવસે મને એમનાં શ્રી ચરણનાં દર્શન થયાં તે દિવસેજ મા મને સર્વ દેવદેવી રૂપે જણાયાં હતાં.

સને ૧૯૨૯ નું વર્ષ પૂરું થતાં લગભગ ત્રણ વરસ સુધી આકાંક્ષાથી હું સવારે ખૂબ વહેલો રમણા આશ્રમમાં જતો હતો. એટલા માટે તો રાત્રે લગભગ બે વાગે પથારીમાંથી ઉઠી જતો અને મારા નિત્યકર્મથી પરવારીને સાડા ચાર વાગે બહાર નીકળી પડતો. કોઇ કોઇ વખતે ઘડીઆળમાં મિનિટ અને કલાકના કાંટા જોવામાં ભૂલ થતી અને રસ્તે ચાલતાં ચાલતાં જ્યારે કોઈના ઘરમાં વાગતી ઘડીઆળના ટકોરા હું સાંભળતો ત્યારે મને ખ્યાલ આવતો કે હજુ તો ઘણી રાત બાકી છે. આવી રીતે જ્યારે હું બહુજ વહેલો ત્યાં પહોંચી જતો ત્યારે કાં તો રમણાની પરિક્રમા કરતો કે રમણાના કાલીમંદિરના બારણા આગળ મળસકું થવાની રાહ જોતો બેસી રહેતો; અને લગભગ પાંચ વાગે આશ્રમમાં જતો. પછી વખત થતો એટલે માની સાથે હું ફરવા જતો અને ફરીને સાડા દસ અગીઆર વાગે હું મારે ઘેર પાછો ફરતો. કોઇ કોઇ વાર બાર એક પણ થઈ જતો. એક દિવસ એક વૃદ્ધ વકીલ અશ્વિનીકુમાર ગુહ સવારમાં ફરવા આવ્યા હતા. એમણે માને કહ્યું: "હું તમને તો જોતો નથી પણ તમારા આ વાછરડાને જોઉં છું. એને નથી ટાઢ નડતી, નથી તડકો નડતો કે નથી વરસાદ નડતો. રોજ પરોઢીએ વહેલો ઊઠીને એટલે દૂરથી આવે છે અને તમારે પગલે પગલે ચાલે છે; એને જોઈને મને બહુ આનંદ થાય છે." મેં એમને કહ્યું કે: "આપ એવો આર્શીર્વાદ આપો કે, જેથી મારું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બાકી રહેલું જીવન આ રીતે જ વ્યતીત થાય." મને છાતી સરસો ચાંપીને વૃદ્ધ રડી પડયા. એમણે કહ્યું: "તમને ધન્ય છે."

મેં ઘણી વખત એવો અનુભવ કર્યો છે કે, પાછલી રાત્રે ધોધમાર વરસાદ પડયા કરતો હોય તે વખતે હું માનું નામ સ્મરણ કરીને બહાર નીકળતો એટલે વરસાદ આપોઆપ ધીમો પડી જતો અને મારા ત્યાં પહોંચી ગયા પછી પાછો. જોરમાં વરસતો. વરસાદમાં તો શું પણ કકડતી ઠંડીમાં અને ઝાકળ પડતું હોય તો પણ હું માની જોડે ત્રણ વરસ સુધી રોજ ફરવા ગયો છું; પણ મને કશી મુશ્કેલી નડી નથી.

ઢાકામાં હિંદુ મુસલમાન વચ્ચે એક મહિના સુધી ઝઘડો ચાલ્યો. એ ઝઘડો શમી ગયા પહેલાં મા એક દિવસ ઓચિંતાં બોલી ઊઠયાં: "ભીષણ". કેમ તમે આવું બોલ્યાં એવું એમને પૂછ્યું ત્યારે એમણે કહ્યું કે: "હું આખા શહેરમાં ચારે બાજુએ અને ઘેરેઘેર હાહાકાર જોઈ રહી છું." એમણે આવું કહ્યું ત્યારપછી હિંદુ મુસલમાન વચ્ચે ભયંકર હુલ્લડ ફાટી નીકળ્યું. એવા હત્યાકાંડમાં પણ હું આશ્રમમાં જતાં અટકયો નથી. શ્રીયુત ભવાનીપ્રસાદ નિયોગી નાના ભાઇની માફક મારા ઉપર સ્નેહ રાખતા. એ હત્યાકાંડના દિવસોમાં એકવાર હું આશ્રમમાં જતો હતો તે વખતે એમણે મને કહ્યું: "તમે પાછા નહિ આવો ત્યાંસુધી હવે તમારાં દર્શન થશે કે નહિ એવો મને સંદેહ રહે છે. શહેરમાં લોકોના શરીરમાં છરીઓ હુલાવી દેવાય છે. ઠેરઠેર ખુનામરકી ચાલી રહી છે. એવી વસ્તુસ્થિતિમાં કવખતે આટલા બધા વહેલા જાવ તે ઠીક નહિ." મેં વિચાર કર્યો કે, જ્યાંસુધી મા મને મના કરે નહિ ત્યાં સુધી મને કોઈ જાતનો ભય નથી; એટલે હું તો મારી ધૂનમાં ને ધૂનમાં ચાલ્યો જતો.

એક દિવસ હું આશ્રમમાં જતો હતો, તે વખતે રસ્તા ઉપરના દીવાઓ ઝગારા મારી રહ્યા હતા પણ કોઇ ચકલુંએ તે વખતે ફરકતું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નહોતું. હું ઢાકાનો ડાક બંગલો મૂકીને સો એક ગજ ગયો હોઈશ ત્યાં મેં જોયું તો એક મ્હોરગની ઝાડને ઓથેથી આખા શરીર ઉપર લૂગડું લપેટીને એક બળવાન માણસે મારો પીછો પકડયો હતો. મેં એને પૂછયું: "કયાં જાવ છો?" એણે કહ્યું: "હું તમારી જોડે આવું છું." મેં કહ્યું: "હું તો રમણા આશ્રમમાં જાઉં છું." એણે કહ્યું: "હું પણ આવું છું." એ મારી ખૂબ લગોલગ આવી ગયો હતો. મને ભય લાગ્યો: "ના, તમે મારી સાથે નહિ આવી શકો" એટલા શબ્દો હું ચીસ પાડતો હોઉં એવા મોટા અવાજે મારા મોઢામાંથી નીકળી ગયા. ત્યાર પછી હું આમ કે તેમ જોયા સિવાય ઊંધું ઘાલીને ઝડપ-ભેર ચાલવા લાગ્યો. બહુ દૂર નીકળી ગયા પછી મેં પાછું વાળીને જોયું તો પેલો માણસ લાકડાના પૂતળાની માફક હતો ત્યાંનો ત્યાંજ જાણે જકડાઈ ગયો હતો. રમણાના મેદાનમાં પહોંચ્યા પછી મેં જોયું તો સ્નેહમયી મા આશ્રમના ફાટક આગળ ઊભાં રહીને એકી નજરે તાકીને જોઈ રહ્યાં હતાં. મેં માને સાષ્ટાંગ પ્રણામ કર્યાં અને બધી હકીકત એમને નિવેદન કરી. એ કાંઈ બોલ્યાં નહિ. કેટલાક દિવસ પછી સાંભળ્યું કે, પેલી જગ્યાએ એક ખૂન થયું હતું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

[૯]

અભિયાન

જીવનસંગ્રામમાં આપણે જોઈએ છીએ કે, પ્રથમ લક્ષ્યની જરૂર છે. પછી દઢ સંકલ્પ અને ત્રીજું એકાન્તમાં આત્મનિવેદન. આ ત્રણનો સંયોગ સાધીને કોઇ પણ કાર્ય કરવામાં આવે તો ભલે ફળ ન જણાય તોપણ શુભ કર્મના સંસ્કારનાં બીજ તો વવાય જ છે. અવસર પ્રાપ્ત થતાં એમાંથી આપોઆપ અંકુર ફૂટે છે.

~~મેં ત્રણ વરસ સુધી ઉપર પ્રમાણેનું વર્તન રાખ્યું~~. એક દિવસ આશ્રમમાં મા હાથમાંના ફૂલની પાંદડીઓ તોડતાં તોડતાં મને કહેવા લાગ્યાં: "~~તેં ઘણું કર્યું~~ છે પણ હજુ ~~ઘણું~~ બાકી છે; એ બધું થઇ જશે ત્યારે આ પુષ્પ દંડની માફક કેવળ સૂક્ષ્મ શક્તિરૂપે હું તારી અંદર રહીશ, સમજ્યો ?" એમ કહીને એ હસવા લાગ્યાં. મેં કહ્યું: "મા, કયા ઉપાય વડે એવી અવસ્થા પ્રાપ્ત થાય ?" એમણે કહ્યું: "રોજ આ વાતનું ચિંતન કર્યા કરજે. બીજું કાંઇ કરવાનું નથી." સાચેજ, મારાં નિત્યકર્મોની ~~સાથે~~ મને એ વાતનું પણ ચિંતન થવા લાગ્યું. મારા ચિત્તના વીખરાઇ ગએલા ભાવો ધીમેધીમે એકમુખી થવા લાગ્યા. જોકે મારું મન બધે ભટકયા કરતું હતું, છતાં લક્ષ્ય તરફ વધવા માટે મારા ચિત્તમાં જબરી ચટપટી લાગી હતી. મને ખાત્રી થઈ કે, જપ અને ધ્યાન કરીને વિવેક વૈરાગ્યની મદદથી મનુષ્ય જે પ્રાપ્ત કરી શકે છે તે મહાત્માઓની સરલસહજ વાણીના અમોઘ બળ વડે સફળ થાય છે: છસાત માસ પછી મેદાનમાં ફરતાં ફરતાં માએ કહ્યું: "જો તારું કર્મજીવન પૂરું થવા આવે છે." મેં એ સાંભળ્યું તો ખરું; પણ એ વાકય ઉપર ખાસ લક્ષ આપ્યું નહિ. ત્યારે શ્રીમદ્ ભગવાનચંદ્ર બ્રહ્મચારી મહાશયે મને કહ્યું: "બાબ, તમને લઈ જવા ~~તો લોકો~~ હિમાલયથી આવે છે! તમે તૈયાર થઈ રહેજો." એમનો સ્વભાવ ગમ્મતી હતો; એટલે મેં ધાર્યું કે, એ જરા ગમ્મત કરતા હશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગમે તે કોઈ પહાડ ઉપર હવાફેર માટે જવાના ઈરાદે મેં ચાર મહિનાની રજા લીધી. એટલામાં બંગાળી સંવત ૧૩૩૯ના ૧૯ જેઠ (બીજી જૂન સને ૧૯૩૨) ને રોજ ગુરુવારે રાત્રે સાડાદશ વાગે મને બોલાવવા માટે માએ બ્રહ્મચારી શ્રીમાન્ યોગેશને મારે ઘેર મોકલ્યા. હું મા પાસે ગયો એટલે એમણે મને પૂછ્યું: "મારી સાથે આવી શકીશ કે?" મેં પૂછ્યું: "ક્યાં જવું છે?" માએ કહ્યું: "જ્યાં જવાશે ત્યાં, કેમ?" હું બોલ્યા સિવાય બેસી રહ્યો; એટલે માએ પૂછ્યું: "કેમ અલ્યા, ચૂપ થઇ ગયો?" હું મારે ઘેર કહીને આવ્યો ન હોતો તેથી હું ઘર તરફ ખેંચાતો હતો એટલે મેં એમને કહ્યું: "ઘેર જઈને પૈસા લાવવા પડશે ને?" માએ કહ્યું: "જોઈએ તેટલા અહિંથી લઈ લે." "સારું" કહીને હું બેસી રહ્યો પણ ઘેર છોકરાં સાંભરી આવ્યાં એટલે હું બોલ્યો: "ક્યારે જવું છે?"

થયું. સાથે એક કામળી, એક ગોદડું, એક શેતરંજી અને એક ધોતીયું લઈને મા, પિતાજી અને હું ઢાકા સ્ટેશને ગયાં. સ્ટેશને પહોંચ્યા પછી માએ કહ્યું: "આ ગાડી જ્યાં જઈને અટકવાની હોય ત્યાંની ટિકિટ લે." જગન્નાથ ગંજની ટીકીટો કરાવીને અમે ગાડીમાં બેઠાં. બીજે દિવસે અમે ત્યાં પહોંચ્યાં એટલે માએ કહ્યું: "સામી બાજુએ ચાલ." ત્યાં કટીઆરની ટિકિટ થતી હતી પણ પાસે ટિકિટો જેટલા પૈસા નહોતા એટલામાં કટીઆરમાં. મારો એક જૂનો મિત્ર મને અચાનક રીતે મળી ગયો. એણે અમને સો રૂપીઆ રોકડા, જોઈએ તેટલાં ફળ અને ખાવાનું અપાવ્યું. ત્યાંથી અમે લખનૌની ટિકિટ લીધી. રસ્તામાં ગોરખપુરને સ્ટેશને ઊતરી પડયાં. ત્યાં ગોરખનાથ વગેરે મંદિરોમાં દર્શન કરીને અમે લખનૌ ગયા. બીજી ગાડી દહેરાદૂન એકસપ્રેસ હતી. માએ કહ્યું: "ડેહની ટિકિટ લે" બીજે દિવસે સવારે દહેરાદૂન ઊતરીને અમે ધર્મશાળામાં ગયાં. ત્યાં બધુંએ નવું નવું હતું. માએ કહ્યું: "હું તો અહિં બધું જૂનું જોઉં છું." ક્યાં જવાનું છે તે કશુંએ નક્કી નહોતું. હું અને પિતાજી ફરતા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ફરતા મધ્યાહ્ન થતાં કાલીમંદિરનું નામ સાંભળીને ત્યાં ગયા. ત્યાંથી ખબર પડી કે, ત્રણ ચાર માઇલ દૂર રાયપુર ગામમાં એક બહુ નિર્જન જગ્યાએ એક મહાદેવનું મંદિર આવેલું છે અને તેમાં રહેવાની સારી સગવડ છે. એટલામાં યોગાનુયોગે રાયપુરના એક પંડિતજી ત્યાં આવી પહોંચ્યા. એમની પાસેથી બધી હકિકત મેળવીને બીજે દિવસે સવારે અમે રાયપુર ગયા. પિતાજીને પેલું સ્થાન બહુ પસંદ પડી ગયું. માતાજીનો અભિપ્રાય પૂછતાં એમણે કહ્યું: "તને પસંદ પડયું એટલે થયું, મારે તો બધુંએ સારું છે." આઠમી જૂન સને ૧૯૩૨ ને બુધવારને રોજ સવારે દશ વાગ્યાથી મા અને પિતાજી મંદિરમાં રહેવા લાગ્યાં.

આના પછીની ઘટનાઓ શ્રી માની ઇચ્છા હશે તો બીજા ભાગમાં બહાર પડશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

[૧૦]

શ્રી શ્રી મા

શ્રી માના સ્વરૂપનું ધ્યાન મારી સાધારણ બુદ્ધિથી પર છે. મા વારંવાર કહેતાં કે: "હું તો તમારી એક ગાંડી છોડી છું." છતાં એ ગાંડી છોડીની સર્વ પ્રવૃત્તિઓના ભીતરમાં અને એમની ચીર મધુર લીલાઓની પાછળ ભગવતી શક્તિના મૂર્ત સ્વરૂપનો ઓળો પડે છે.

પાશ્ચાત્ય વિદ્વાન ઇમિરસને કહ્યું છે કે, સંસારમાં રહીને ગૃહસ્થાશ્રમધર્મનું બરોબર પાલન કરીને તેમજ પહાડની ગૂફામાં જઈને સાધનમાં આગળ વધી શકાય છે પરંતુ જે દુનીઆની હજારો ઉપાધિઓની વચમાં રહીને વારંવાર નિરાશાઓ અનુભવવા છતાં તેના ઉપર વિજય મેળવીને પૂર્ણ માધુર્યભાવમાં વિરાજી રહે છે, તે જ ખરી રીતે સત્ય અને મહત્તામાં પ્રતિષ્ઠિત થએલો ગણાય.

સંસારના કોલાહલમાં દિવસ અને રાત વસવા છતાં શ્રી મા હંમેશાં અખંડ આનંદના ફુવારા ઉરાડતાં હતાં. એમની નિર્મળ દૃષ્ટિ અને હંમેશના હાસ્યભર્યા લીલામય જીવનની અબાધિત ગતિ આ સંસારના અસંતોષી જીવોને અનેક રીતે તૃપ્ત કરતી; તેથી એમને બ્રહ્માંડ જનનીના મૂર્ત સ્વરૂપ તરીકે ઓળખીએ તો તેમાં અતિશયોક્તિ નથી.

કેટલાક માને સાક્ષાત્ ભગવતીનો અવતાર માને છે, કેટલાક એમને જીવનમુક્તા સાધિકા તરીકે ઓળખે છે. મને તો એવું લાગે છે કે, જેવી જેવી આંખ તેવું તે દેખે. જેને માનાં એકવાર પણ દર્શન થાય છે તે ભલેને કટ્ટર ધર્મવિરોધી હોય પણ તેનું આખું જીવનધ્યેય માના શાંત મધુર ભાવના થડકારાથી પલટાઇ જાય છે.

ગમે તેવો શુષ્ક માણસ માની પાસે જાય છે ત્યારે એનામાં અદ્ભુત રીતે ભગવદ્ભાવ જાગ્રત થઈ જાય છે અને સમુદ્રના ઘૂ ઘૂ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરતાં અનન્ત મોજાંની માફક એક વિરાટ સત્તાનો થડકારો એ જીવાત્માના હૃદયને આવરી લે છે.

માના ગુરુ વિષે અને એમની દીક્ષા સંબંધી એમને એકવાર પૂછવામાં આવ્યું ત્યારે એમણે કહ્યું: "બાલ્યાવસ્થામાં માતા પિતા, પરણ્યા પછી પતિ અને સઘળી અવસ્થામાં આખું જગત્ મારું ગુરુ. એક વાત ખૂબ સમજી રાખો કે, ગુરુ તો એક માત્ર સ્વયં એકજ."

લૌકિક દૃષ્ટિએ જોઇએ તો, મા એક આદર્શ કન્યા, એક આદર્શ સ્ત્રી, અને એક આદર્શ માતારૂપે ઓળખાયાં છે. અધ્યાત્મ દૃષ્ટિથી જોઇએ તો, એમની વાણીમાં સન્યોગાદિયોગોના પ્રવાહ વહેતા, સાધનામાં એમનો પંથ જ ન્યારો. દ્વૈત, અદ્વૈત, દ્વૈતાદ્વૈત વગેરે વિવિધ મતોનો એ સ્ફોટ કરતાં હતાં. કીર્તન વખતે એમનામાં જે જે ભાવો દેખાતા તે જોતાં એમને પરમ વૈષ્ણવ કહીએ તો ચાલે. શિવ, દુર્ગા, કાલી વગેરે દેવદેવીઓની પૂજા અને તાંત્રિક વિધાનમાં તેમજ યજ્ઞાદિ વૈદિક કર્મોમાં એમની જે કુદરતી કુશળતા જોવામાં આવે છે, તે ઉપરથી એમને સર્વદેવ-દેવીમયી પરમ દેવતા કહીએ તો તેમાં કશી અતિશયોક્તિ નથી.

સાધન વિષયમાં એમની જે અલૌકિક વિભૂતિ દેખાતી હતી, તે ઉપરથી એમને પરમયોગી પણ કહેવાય. એમના મુખમાંથી વૈદિક ભાષામાં જે સૂક્તો અને સ્તવનો નીકળતાં, તે ઉપરથી એમને મંત્ર-દૃષ્ટા ઋષિ કહીએ તો તેમાં કશું અજુગતું નથી.

જ્ઞાન, ભક્તિ અને કર્મ માર્ગમાં એમની નિપૂણતા દાખવનારા સ્વાનુભવના એમના સ્વતંત્ર સિદ્ધાંતોએ પૂર્વના તેમજ પશ્ચિમના દાર્શનિકોને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા છે. જ્ઞાન, યોગ, ભક્તિ વગેરે ખંડ ભાવની સાધનામાં જેઓ આગળ વધેલા છે, તેમની સાથે શ્રી માની એવી રીતની એકતા થઈ જતી કે, એ બધા ખંડભાવોનો પરસ્પર એકધારો અનુપમ સંબંધ બંધાઇ જતો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એમની સૌમ્યમધુર મૂર્તિ, એમનું ધૈર્ય, તિતિક્ષા, સરળતા, ચિરપ્રસન્ન કૌતુકભર્યો એમનો લીલાવિલાસ, અવિરલપણે કલ્યાણ-ધારા વહાવતી એમની દૃષ્ટિ, જાતિવર્ણનો ભેદભાવ રાખ્યા સિવાય સર્વપ્રતિ એમનો સમાન કરુણાકોમળભાવ, એમનો દ્વન્દ્વાતીત નિત્યમુક્ત સ્વભાવ, એ સર્વ આ યુગમાં તો અનુપમ અને અતુલ-નીયજ કહેવાય. એમને સાધિકા તો ન કહી શકાય કારણ કે એ નાનાં હતાં ત્યારથી અત્યાર સુધી જેમણે એમને જોયાં છે તે સર્વ કહે છે કે, એ બાલ્યાવસ્થાથી જ કર્મ અને ભાવમાં એકધારાં રહી શકે છે.

સર્વ સમયે અને સર્વ અવસ્થામાં એમના શરીરમાં જે લૌકિક અને અલૌકિક ઐશ્વર્યો દેખાડેતાં, તે ભક્તોના કલ્યાણ માટે સ્વતઃ સ્ફુરિત હતાં.

એ પોતાની ઇચ્છા, અનિચ્છા કે સાધનની અપેક્ષા રાખતાં નહોતાં. યજ્ઞકુંડમાંના અગ્નિમાં જ્યારે હોમવાનાં દ્રવ્યો હોમાય છે ત્યારે સ્વાભાવિક રીતે જ અગ્નિ ભડભડાટ બળે છે અને એની (અગ્નિ-શિખાઓ) જ્વાળાઓ બહુ ઊંચે સુધી જાય છે. હોમાયલાં દ્રવ્યોની સુગંધથી દિશાઓ પવિત્ર અને સુગંધમય બની જાય છે અને પછી આહુત દ્રવ્યો બિલકુલે દેખાતાં નથી. અને લાંબા વખત સુધી એક-ધારી અગ્નિશિખાઓ જ માત્ર દેખાયા કરે છે તેમ; ભક્તોએ શ્રી માને નિવેદન કરેલ શ્રદ્ધાંજલીના સ્પર્શે, માતાના દૂધની માફક, આપોઆપ ફૂટતી સ્નેહની સેરોમાં એમની વાણી, એમની દૃષ્ટિ, એમનું મુખ, સ્નાન કરીને દીપ્તિમાન થઇ ઊઠે છે અને બીજી જ ક્ષણે એમના કુદરતી પ્રશાંત સૌમ્ય ભાવમાં એ સર્વ મળી જાય છે.

એમનામાં ઇચ્છાઅનિચ્છાનું દ્વન્દ્વ નથી. એમની પ્રવૃત્તિ નિવૃત્તિ એમની ઇચ્છાથી થતી નથી. અખિલ વિશ્વનાં કલ્યાણકલ્પ સર્વ ધર્મ અને કર્મના પાયારૂપ સનાતન સત્ય જે અનાદિ કાળથી માનવ ચિત્તને અજવાળી રહ્યું છે, તે સત્ય ધર્મની જ્યોતિ એમની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આસપાસ ફરી વળી છે અને તેનો આભાસ, તેનું ઇંગિત (ઇસારો) એમનાં સર્વ કાર્ય અને અનુષ્ઠાનમાં ઝળકી ઊઠે છે.

જગતના જીવો સંસારમાં રહીને પોતાનો વેવાર ચલાવે રાખે છતાં અધ્યાત્મ માર્ગે કેવી રીતે આગળ વધી શકે, એ વિચાર એમના જીવનમાં પ્રકટપણે તરી આવે છે.

વર્તમાન યુગમાં જે લોકો સંન્યાસ ગ્રહણ કરીને સાધુ સંતોની સંખ્યામાં વધારો કરે છે, તેમાંના મોટા ભાગથી જગતના જીવોનું કાંઈ કલ્યાણ થાય છે કે નહિ તે એક વિચારવા જેવો પ્રશ્ન છે. ગૃહસ્થાશ્રમ ધર્મ અને સમાજ ધર્મની બહાર જઈને ગૃહસ્થનો કે સમાજનો સાધનમાર્ગ સરળ કરી આપવાનું સહેલું નથી. નિર્જન ગિરિકંદરામાં જઈને ઘણાં વર્ષો તપશ્ચર્યા કરીને કોઈ કોઈ આધ્યાત્મિક ઉન્નતિ મેળવતા હશે ખરા; પણ એમની એ ઉચ્ચતર અવસ્થાદ્વારા દેશના સાધારણ લોકોનાં જીવન ઊંચાં થતાં નથી. એમને માટે તો આશ્રમનો ધર્મ જ હિતાવહ છે. મઠોના કળશથી આકાશ વિધ્ધ થઇ ઊઠે, પૂજા અને આરતીના ઘંટાનાદથી દિશાઓ અને દિશાકોણો નાદમય થઈ જાય, અન્નસત્રની આસપાસ ભૂખી માખીઓની માફક ભીખારીઓનાં ટોળાં આંટા માર્યા કરે—આ બધામાં લખલુટ ખર્ચ થાય છતાં એ બધાથી આશ્રમના પાયા હાલી ઊઠે છે. એનાથી માનવ સમાજ જ્ઞાન પ્રેમ કે ભક્તિમાં જોરોએ વધી શકતો નથી. સમાજ દિવસે દિવસે ઇર્ષ્યા, દ્વેષ અને કજીઆથી જીર્ણ અને લંગડો બનતો જાય છે. એ સમાજમાં સાધનપરાયણ થઇને વગર હરકતે સાધન થઇ શકતું નથી. સાધના વડે દૈહિક અને માનસિક ઉન્નતિ થાય છે, જેના પ્રભાવથી જીવો દૈવિ સંપદ્ મેળવવા ભાગ્યશાળી થાય છે, સ્વાર્થ છોડીને પરમાર્થી બને છે તે સાધનાનું ક્ષેત્ર વર્તમાન યુગમાં દિવસે દિવસે સંકુચિત થતું જાય છે એ વાતનો સ્વીકાર કર્યા સિવાય છૂટકો નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી મા જગતના હિત માટે બહુ ઉત્કંઠા ધરાવે છે. પોતાના દેહનો ભાર બીજાઓ ઉપર નાખીને પોતાના સર્વ પ્રકારના વ્યાપારો-માંથી સમય કાઢીને જગતના જીવોના કલ્યાણ માટે મા સાધનાઓ કરે છે. વ્યાવહારિક દૃષ્ટિએ "એમનું પોતાનું" જેવું કશુંએ નથી. છતાં બધાંએ સ્થળ તે એમનાં જ સ્થળ; સર્વજીવો એ એમનાં સંતાન અને મિત્ર. એ કહે છે કે: "આ જગત એક બાગ છે. તમે બધા એનાં ફૂલ છો. એ બાગમાં હું તો માત્ર આમતેમ ઘૂમ્યા કરું છું."

એકવાર એમણે કહ્યું હતું કે: "મારે પોતાને તો કાંઇ પણ કરવાપણું કે બોલવાપણું છે જ નહિ. પહેલાં એ નહોતું અને હવે પછી પણ હશે નહિ. મેં જે કાંઇ કર્યું છે, કરું છું કે કરીશ તે સર્વ તમારે માટે. આ શરીરને પોતાનું કરીને કાંઈ કહેવાનું હોય તો આખું જગત મારું પોતાનું જ છે."

આ ચરાચર જગતની સૃષ્ટિ માતૃભાવના પ્રકાશી રહી છે અને તે જ અખંડ માતૃભાવનો સર્વતોમુખી પ્રકાશ શ્રી માની તમામ વાતોમાં, કાર્યોમાં અને એમના અલૌકિક વ્યવહારમાં દેખાઈ આવે છે. ભક્ત જનની પાસે નાનાં છોકરાં જેવી હઠ, શરણાગત દુ:ખીને વરાભય પ્રદાન—આ સર્વ એક જ મહાશક્તિનું કાર્ય છે.

જગતના સર્વ ધર્મ, વર્ણ, જાતિ, આશ્રમ, નિયમ અને ઉપદેશ તરફ એ સમભાવ દાખવે છે. એમાં પણ એમને એટલી જ શ્રદ્ધા અને અનુરાગ છે અને "सर्वं खल्विदं ब्रह्म" એ મહાવાક્ય એમણે પોતાના જીવનમાં ઘટાવ્યું છે. એ કહે છે કે: "ધર્મ એક ધારા છે, સર્વ ધારા પણ એક છે. તેમ આપણે બધાંએ એક છીએ." એક જણે એમને પૂછ્યું: "તમે શી જાત? તમારું ઘર ક્યાં?" માએ હસતાં હસતાં જવાબ દીધો કે: "સંસારીઓની દૃષ્ટિએ કહું તો, આ શરીર પૂર્વ બંગાળનું છે, જાતે બ્રાહ્મણ; પરંતુ એ બધી કૃત્રિમ ઉપાધિમાંથી દૂર જઈને જોઇએ તો જણાશે કે, આ શરીર તો તમારા સર્વનું છે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કોઈવાર માને એવું કહેતાં એ સાંભળ્યાં છે કેઃ " તું આ શરીર-નો વિશ્વાસ કર. એ જે વિશ્વાસથી તારી આંખ ખુલી જશે." વળી એ કહે છે કેઃ " હું તો કાંઇ જાણતી નથી. તું જે સાંભળે છે તે હું કહું છું. " વળી કોઈ વાર એ કહેતાંઃ " આ શરીર તો એક પુતળું છે. તેને જેમ રમાડવું હોય તેમ રમો.

એમની આ બધી વાતો ઉપરથી સ્પષ્ટ ખાતરી થાય છે કે, ચરાચર જગતની ગુપ્ત શક્તિ શ્રી માના શરીરમાં મૂર્તિમંત બનીને આવી છે. જગતની પરમાર્થ શક્તિમાંથી એમના સર્વ વ્યાપારનો ઉદ્ભવ થાય છે. અને એમાં જ લય પામે છે. એમનો દ્વૈતભાવ ચાલ્યો ગયો છે. એમણે એકવાર કહ્યું હતું કેઃ " તું જ સર્વ છે, હું જ સર્વ છું. "

વળી એકવાર એમણે કહ્યુંઃ " હું તે તું જ માત્ર "હું" રહ્યું છે તેથી જ "હું" અને " તું " જણાય છે." માત્ર એકજવાર પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસથી જો કોઈ કહે કેઃ "મા, તમે આવો, તમારા સિવાય મને એક દિવસ પણ નહિ ચાલે" તો સાચેસાચ મા નિજસ્વરૂપે તેને દેખા દે છે અને સ્નેહપૂર્વક તેને પોતાના ખોળામાં લઈ લે છે. મનમાં એમજ માની લો કેઃ પ્રત્યેક ક્ષણે એ પ્રાણશક્તિની માફક તમારી છેક નજીક જ છે. એ સિવાય તમારે બીજું કાંઇ કરવાનું નથી. એ તમારો સઘળો ભાર પોતાને શિરે લઇ લેશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

[૧૧]

શ્રી શ્રી પિતાજી

પિતાજી મને પોતાનો ધર્મપુત્ર ગણીને મારા ઉપર બહુ મમતા રાખતા. મારા ઉપર અકારણ કૃપા કરીને મારા જીવનને એમણે ધન્ય કર્યું છે. પ્રથમ દર્શને જ મને પિતાજીનો સ્નેહ પ્રાપ્ત થયો છે. એમણે ડગલે ને પગલે મારું રક્ષણ કર્યું છે. મારા ગુરુની માફક ભાવયોગમાં એમણે મને માર્ગનો નિર્દેશ કર્યો છે. એકવાર હું એવું માનતો હતો કે, મા ન મળ્યાં હોત તો પિતાજી મળી શકત નહિ. પણ આજે હું કહું છું કે, પિતાજીને પ્રાપ્ત કરીને એમની અપાર દયા વડે જ મેં માને પ્રાપ્ત કર્યાં છે. લૌકિક દૃષ્ટિએ કહીએ તો, સર્વના હિતસ્વી એવા એ પિતાજીની મહત્તા અને કૃપા વગર માનાં દર્શનનો લાભ મેળવવા કોઈ ભાગ્યશાળી થયું હોત નહિ. અનેક સાધુસંતો માતાજીની કથા સાંભળવા આવે છે. પોતાને અગવડ પડતી હોય છતાં પિતાજી એ સાધુસંતોને માની પાસે લઈ જતા અને માનો ઉપદેશ સાંભળવા માટે તેમને સરળતા કરી આપતા.

હું તો સંસારમાં ડૂબી ગએલો જીવ છું. દુઃખ, દુર્બળતા અને દૈન્યને લઈને હું સંસારની મુસાફરી કરી રહ્યો છું. પિતાજીએ મારા મનની મલિનતા તરફ નિર્દેશ કરી કરીને મારા મનને નિર્મળ બનાવ્યું છે. મારી ગંભીર અને લાંબી માંદગીમાંથી હું સાજો થઈને ઊઠ્યો, તેમાં એમના આશીર્વાદ અને એમની ભલી લાગણીઓ પ્રધાન કારણ હતાં, એમ કહું તો ચાલે. હું એક દિવસ ઢાકામાં સિધ્ધેશ્વરીના સ્થાનકે ગયો; ત્યાં મારો પહેલાંનો રોગ ફરી ઊભળશે કે શું એવી બીકથી પિતાજીએ ભાવાવેશમાં મને ઓચિંતો ખેંચી લઈને માના ખોળામાં બેસાડી દીધો અને બોલ્યા: “ તારો છોકરો તારા ખોળામાં આપ્યો. હવે એની રક્ષાનો ભાર તારા ઉપર. ”

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી માને મોઢે સાંભળ્યું છે કે, ઘણાં વરસ ઉપર પિતાજીના ભ્રૂ મધ્યમાંથી એક જ્યોતિના કિરણનો પ્રકાશ નીકળતો એમણે જોયો હતો. જપ, તપ, યજ્ઞ, પૂજા વિગેરેમાં પિતાજીની એકાગ્રતા અને એકનિષ્ઠા અસાધારણ હતી.

પિતાજીની અંદર એક શક્તિ ગુપ્તપણે કાર્ય કરી રહી હતી. પણ તેને સમજવાની મારી ગુંજાસ નહોતી. એ ખરેખરા આશુતોષ; પોતાનો આનંદ જાણે સર્વને વહેંચી દઈને એ પારકાના આનંદમાં સંપૂર્ણ આનંદ માનતા. જે જે એમના સંસર્ગમાં આવ્યા છે, તે બધાએ કહે છે કે, એમના ચરિત્રમાં એક અપૂર્વ મધૂરતા રહેલી છે. એમના આશીર્વાદ માટે બધાએ તલસતા. છોકરા છોકરીઓ સાથે એ હાસ્યવિનોદની ઝડીઓ ઉરાડે તે વખતનું દૃશ્ય તો જાણે જોયા જ કરીએ. એમનો બાળકના જેવો સરળ ભાવ જોઇને શ્રી માતાજી એમને બધાંના દેખતાં "ગોપાળ" કહીને બોલાવતાં. પિતાજીનું હૃદય એટલું બધું ઉદાર હતું કે, માની શક્તિરૂપે પૂજા કરતાં જરાએ ખચકાતા નહિ. ઘણા માનતા કે પિતાજી ક્રોધી છે; પણ એમના સંસર્ગમાં આવ્યા પછી એમણે જોયું છે કે, જેમ વડવાનલના મૂળમાં શીતળ જળનું ઝરણ વહ્યા કરે છે તેમ એમના દેખાતા ક્રોધના ભીતરમાં અપાર સ્નેહ અને કરુણાનું ઝરણ સતત વહ્યા કરતું. પારકાના કલ્યાણની કામના અને પારકાના હિતની સાધના એ એમનું વ્રત. એ કોઈને નિરાશ કરવાનું જાણતા જ નહિ.

પિતાજી કહે છેઃ "ભોગ અને ત્યાગ એક જ મનની (યમજ) જોડીઆ મૂર્તિ છે. એ શરીર ઉપરનાં આભરણ માફક છે. જ્યાંસુધી જીવ ઈશ્વરભાવમાં મશગૂલ રહે છે, ત્યાં સુધી આ એની અવિચ્છન્ન મૂર્તિ એની આંખમાં ~~પ્રકાશી રહે છે.~~

એવો એક દિવસ જલદી આવશે કે, જ્યારે ઘણા આર્તજીવો પરમાર્થ લાભની આશાએ પિતાજીના ચરણમાં પડતા આવશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

[૧૨]

મારી વાત

મારા બંધુબાંધવ, સંબંધીજનો, બીનસંબંધીજનો તેમજ અપરિચિત એવા ઘણાએ લોકોના અંતરમાંથી મારા વર્તમાન જીવન સંબંધી પ્રશ્ન ઊઠે છે, તેથી તેને વશ થઈને હું મારો પોતાના સંબંધમાં કાંઇક કહું છું.

હું પહેલવેલું જ કહી દઉં છું કે, હું શ્રી માને કેમ આટલાં બધાં માનું છું, તેનો જવાબ મારી પાસે નથી. એમની નિકટમાંથી હું ખસી શકું કે નહિ એ પ્રશ્નનો પણ હું જવાબ નહિ આપું. મારાં મન અને પ્રાણ એમના ચરણયુગલનો આશ્રય કરીને રાત દિવસ પડી રહે છે. જો કોઇ કોઈવાર એમનું ચિંતન અટકી પડતું તો જાણે મારો જીવનપ્રવાહ બંધ પડી જતો. મારે કોઇ પરમાર્થની સિદ્ધિ મેળવવાની ઇચ્છા નથી. કેટલાક લોકો એમ ધારે છે કે, હું ગંભીર મંદવાડના મુખમાંથી બચી ગયો તેથી મેં એમની શરણાગતિ સ્વીકારી છે; પણ એ ધારણા તદ્દન ખોટી છે. એમની નિત્ય પ્રકાશ-લીલા અને વિભૂતિનું એકધારું આકર્ષણ મને એમની તરફ ખેંચી રાખે છે તેમ પણ નથી. એમના વિશ્વતોમુખી પ્રભાવે સ્વતઃ સ્ફુરિત થઇને મને અસહાય બાળકની માફક જાણે બાંધી લીધો છે.

બીજીએ વાત કહી દઉં કે, શ્રી માનાં પદપલ્લવ, મને જેવો સંપૂર્ણ આનંદનો અનુભવ કરાવતાં તેનો એક કણ જેટલોએ આનંદ બીજી કોઈ પાર્થિવ કે અપાર્થિવ વસ્તુ કે સાધન કે ક્રિયા આપતી નહિ. એ જ મારું બંધન. અને બંધન જ મારી પરમ મુક્તિ; એવી મારી ધારણા છે.

મા કહે છે: "હું જ તને સંસારના ખાડામાંથી થોડે થોડે બહાર લાવું છું. તારા જેવા વિલાસપ્રિય જીવને સંસારમાંથી પાછો વાળવો એ સહજ નથી." હું સારી રીતે સમજું છું કે,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મારું માંકડું મન અહૈતુકી કરુણા વગર એમનો આશ્રય શોધી શક્યું. હોત નહિ. મા વળી કહે છે કે: "જ્વરની ઊંડી ખાઈની અંદર તું પડી ગયો તેના કેટલા વખત પહેલાંથી જ તારો દેહપાત થઇ ગયો છે; એ વાત કોઇ સમજતું નથી." માની એ અમોઘ વાણીની સત્યતાની ખાત્રી મને મળી ગઈ છે.

મારા સાધનમાર્ગમાં મારી સ્ત્રી મને ખૂબ અનુકૂળ થઇ છે. એ જન્મથી જ બહુ અભિમાની છે. ધનવાન અને કુળવાન માબાપનું એ પ્રથમ સંતાન; એટલે આત્મમર્યાદા ને કુલિનતાનો ભાવ એના જન્મની સાથે જ આવેલો છે. એની આઠ નવ વર્ષની ઉંમરે મેં એને પ્રથમ જોઇ ત્યારથી મને એ નિર્મળ અને સરળ લાગી. આજે પણ એ તેવી જ છે.

માનાં મને પ્રથમ દર્શન થયાં ત્યારે માતૃચરણની પૂજા વખતે મને એની સહાયતા સારી હતી. શરૂઆતમાં એને મામાં સંપૂર્ણ શ્રદ્ધા હતી; હાલમાં એનું જાતિય અભિમાન પાછું જાગી ઊઠ્યું છે અને ખુણામાં પડી રહીને એ પોતાનાં પ્રાક્તનનો ક્ષય કરે છે.

હું જેમ જેમ માની શરણાગતિમાં આગળ વધતો ગયો તેમ તેમ સંસાર અને સમાજ તરફ ઉદાસીન થવા લાગ્યો; એટલે મારો વૈરાગ્ય મારી સ્ત્રીને સારો લાગ્યો નહિ. એણે એક દિવસ કહ્યું: "ઘેર રહીને શું ધર્મ પળાતો નથી? દોડાદોડી કરવાથી શરીર સચવાતું નથી. છોકરાંની કાળજી રખાતી નથી. એના કરતાં તો એવો ધર્મ પાળવો નહિ તે સારું." હું એને સમજાવતો કે, સંસાર તરફથી જે પોતાનું મન ઉઠાવી લેવાનો ઉપક્રમ કરે છે તે સંસારીઓની દૃષ્ટિએ ઉચ્છૃંખલ જણાય છે; પરંતુ શરૂઆતમાં મધુરા લાગતા સંસારના ભોગાદિને ધક્કો મારીને ધર્મના માર્ગમાં આગળ વધવાનું સહેલું નથી; પરંતુ મારાં આવાં બોધવચનોની કશી અસર થઇ નહિ. અગીઆર બાર વર્ષ પહેલાં એ બોલી ગઇ હતી કે: "તમારે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જો આવું જ કરવું હોય તો, તમે ઘરમાં રહો કે બહાર જાવ, એ બન્ને મારે મન તો સરખું છે." હું હસતો હસતો બોલ્યો: "હું સંન્યાસી થઇને ચાલ્યો જાઉં તો તને કશુંએ દુઃખ નહિ થાય?" એણે અભિમાનમાં જવાબ દીધો: "બિલકુલે નહિ." મારાં પુત્ર પુત્રી બન્ને તે વખતે નાનાં હતાં, એ પણ ત્યાં ઊભાં હતાં. એક નોટબૂકમાં મેં એની નોંધ કરી રાખી હતી. અમારી વચ્ચે આવી વાતચીત ઘણી વખતે થતી. નિરંજન એને સમજાવવા બહુ મથન કરતો, પણ કોઈ રીતે એનું મન માન્યું નહિ.

ત્યારબાદ ગત પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે હું બહુ માંદો પડી ગયો. હું ઘણો લાંબો વખત પથારીવશ રહ્યો. તે વખતે અમાનુષિક સહિષ્ણુતા અને ધૈર્યથી પોતાના શરીરની પણ દરકાર રાખ્યા સિવાય મહિનાના મહિનાઓ સુધી ખડે પગે એણે મારી ચાકરી કરી છે. તમામ પ્રતિકૂળતાઓનો સામનો કરીને, પ્રબળ ઇચ્છાશક્તિને જાગ્રત કરીને આવી એકનિષ્ઠાથી ઘણાં થોડાં જ ચાકરી કરી શકે.

રોગમુક્ત થયા પછી જ્યારે હું પાછો મારી નોકરી ઉપર ચઢી ગયો, તેના કેટલાક દિવસ પહેલાં, એનો બહુ જ લાડકો સૌથી નાનો ભાઇ પરલોકવાસી થયો; તેથી એનું ચિત્ત ખૂબ ખળભળી ઊઠયું અને બધા વિષયમાંથી એનું મન ઊઠી ગયું. મા તરફનું મારું પ્રબળ આકર્ષણ પહેલાં પણ એને સારું લાગતું નહોતું. પણ આ વખતથી તો એ મારાથી તદ્દન જ વિરુદ્ધ થઇ ગઈ. મારો પુત્ર અને પુત્રી પણ અનામતમાં મળી ગયાં. એને એવું લાગ્યું કે, હું એના તરફ બિલકુલ બેદરકાર બની ગયો છું. એને એવું લાગે તે તો સમજ્યા; પણ મારાં સગાંવહાલાંના મનમાં પણ થયું કે, મારું આચરણ બરોબર નથી. અરે, આઘે ક્યાં જવું, ખુદ મારા મોટા ભાઈ સતીશચંદ્રરાય, અમારા બેના જીવ તો ખરેખરા મળી ગએલા, અમારો બેનો સ્વભાવ પણ સરખો; અને એ શાસ્ત્ર, નીતિ અને ધર્મની મર્યાદા પ્રમાણે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચાલતા; તેમણે એકવાર મને લખ્યું કે: “ તું કયે રસ્તે ચઢી ગયો છું તે સમજાતું નથી. સ્ત્રીજનનો આશ્રય લઇને કોઇ દિવસ કોઈએ પરમાર્થ સાધ્યો હોય તેવું ઇતિહાસ કે પુરાણમાં લખેલું જણાતું નથી. મને બીક લાગે છે કે, કદાચ ત્રિશંકુ જેવી તારી સ્થિતિ થાય. ”

મારી સ્થિતિ હું જ સમજી શકતો નહોતો તો બીજાને તે શી રીતે સમજાવી શકું? માનો પક્ષમાં રહેવાથી મારી બધી વાત અટકી પડી. પરિણામ એ આવ્યું કે, બધાંએ, તેમાંએ ખાસ કરીને મારી સ્ત્રી મારાથી તદ્દન વિરૂદ્ધ પડી ગઈ અને મારું આચરણ અજુકતું છે, એવું છડેચોક બોલતાં એને જરાએ સંકોચ થયો નહિ.

ધર્મ અને સમાજની દષ્ટિએ પતિ–પત્નિનો સંબંધ છૂટે નહિ એવો ગણાય. અરે, લોકોમાં તો એવી માન્યતા પ્રચલિત છે કે, સ્વર્ગે જવા માટે પણ એકને બીજાની રાહ જોઇને બેસી રહેવું પડે છે. ડગલે અને પગલે આ અતુટ સંબંધમાં શિથિલતા દેખાવા લાગી. વિરુદ્ધતાઓ હું મૂંગે મોઢે સહન કરવા લાગ્યો. હું રોજ માને પ્રાર્થના કરતો: “ આને સદ્‌બુદ્ધિ આપો, એના મનનું સાંત્વન કરો. ” એના એવા વ્યવહારથી મને કશુંએ દુઃખ થયું નહિ. ઊલટું, સંસારના મિથ્યા માયામોહના આકર્ષણથી દૂર રહેવાનો મને મોકો મળી ગયો.

સંસારને મિથ્યા કહીને ધર્મમાર્ગમાં આગળ વધવાનું મારું લક્ષ્ય નહોતું. જ્યાંસુધી હું સાચો છું ત્યાંસુધી સર્વ સાચું છે. ઇશ્વરચિંતન રૂપ ઔષધનું સેવન કરતી વખતે સમયાનુસાર એકાન્ત-વાસ રૂપ પથ્યની ખાસ જરૂર રહે છે. લોકો કહે છે કે, તમે અમને છોડી દીધા; પરંતુ મેં એમને કવી રીતે છોડી દીધા છે? ફક્ત હું એમનાથી શરીર વડે દૂર છું. બાકી, હું અહિં છું તેવો જ ત્યાં પણ છું. કૂપમંડૂકની માફક આખું જીવન એક કૂવાના ઘેરાવામાં રહીને જ પૂરું કરવું એવું કોઈ શાસ્ત્ર કહેતું નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્યારે હું મારી સ્ત્રીનો વિચાર કરું છું ત્યારે મને એવું થાય છે કે, એના તમામ વિરુદ્ધ વ્યવહારોનો મૂળ ઉદ્દેશ પતિ પુત્રનું ભાવિ કલ્યાણ. વ્યાવહારિક દૃષ્ટિએ શ્રી માનો સંગ એણે છોડયો છે ખરો; પણ એના પ્રત્યેક ભાવ અને કાર્ય દ્વારા વૈરભાવે એણે શ્રી માની સાધના કરવા કરવા માંડી છે.

એની પ્રબળ ઇચ્છાશક્તિ છે, ધર્માચરણમાં દૃઢતા અને એકાન્તિકતા છે; એના ચિત્તનો સુંદર અને સરળ ભાવ છે; તેથી મને લાગે છે કે, શરૂઆતના વેર (વિરુદ્ધ) ભાવની કઠોર સાધના દ્વારા એનું ચિત્ત નિર્મળ બનતું જાય છે અને ધર્મજીવનમાં મને પાછળ પાડી નાખીને માતૃચરણમાં પોતાનું શિર ઝુકાવવા એ અજાણતાં મારી આગળ જવા દોડે છે. એ મારા કરતાં બહુ પહેલાં માના ચરણકમળમાં ઉપસ્થિત થઈ જાય એવું મા કરો.

શ્રી માની સુભ ઇચ્છાનો જય હો.

ઇતિશિવમ્.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ, અમદાવાદ પ્રકાશનો.

		પ્રતની સંખ્યા
૧	શ્રમણનારદ	૩૩૦૦૦
૨	શ્રી રામકૃષ્ણ પરમહંસનું સંક્ષિપ્ત જીવન ...	૩૦૦૦
૩	શ્રી રામકૃષ્ણ પરમહંસ (જીવન અને ઉપદેશામૃત)	૧૨૫૦
૪	શ્રી નાગમહાશયનું જીવન વૃત્તાંત કિં. ૦-૬-૦	૧૨૫૦
૫	શ્રી રામચંદ્ર દત્તનું જીવન વૃત્તાંત કિં. ૦-૮-૦	૧૪૫૦
૬	મુક્તાત્મન્ મહાપુરુષ શ્રીનાગમહાશયના જીવનનું રેખાદર્શન	૧૭૦૦
૭	એક સંતનો અનુભવ	૧૨૬૦૦
૮	જીવલેણ ગાડું (નશાબંધી પ્રચારાર્થે) ...	૩૭૫૦
૯	અણોજો (હિન્દુ-મુસ્લિમ એકતા)	૩૭૫૦
૧૦	સહકાર (ગ્રામોદ્ધાર)	૨૦૦૦
૧૧	તત્ત્વ મીમાંસા (સ્વતંત્ર વિચાર)	૧૦૦૦
૧૨	શ્રી રામકૃષ્ણ ઉપદેશ	૫૦૦૦
૧૩	શાન્તિદાસ (સ્વદેશી વિષે)	૬૮૫૦
૧૪	નવું રેલ્વે સ્ટેશન	૩૭૫૦
૧૫	આત્મસાક્ષાત્કાર થયેલા એક મહાત્મા સાથેનો પરિચય	૨૮૦૦
૧૬	કર્મનો નિયમ	૧૧૫૦૦
૧૭	**शिवमहिम्नः स्तोत्रम्**	૧૦૦૦
૧૮	પરમયોગી સ્વામી રામતીર્થનાં વચનામૃતો ...	૩૦૦૦
૧૯	Shraman Narad (in English) ...	૧૦૦૦
૨૦	તત્ત્વચિંતન કિં. રૂ. ૧-૦-૦ પો. ૦-૪-૦ ...	૧૦૦૦
૨૧	સ્વા. વિવેકાનંદ (બાળકો માટે)	૪૫૦૦
૨૨	શ્રી ગિરીશચંદ્ર કિં. ૦-૬-૦ પો. ૦-૨-૦ ...	૧૦૦૦
૨૩	એશિયા ખંડના મહાન ધર્મો કિં. ૦-૫-૦ પો. ૦-૧-૬	૧૦૦૦
૨૪	શ્રી માતાજી	૫૦૦૦
૨૫	સ્વા. રામતીર્થ	૧૦૦૦
૨૬	ભિક્ષુ અખંડાનંદ કિં. ૦-૨-૦ પો. ૦-૧-૦	૧૦૦૦
૨૭	અછૂત કોણ ?	૨૦૦૦
૨૮	માતૃદર્શન કિં. ૦-૧૦-૦ પો. ૦-૨-૦ ...	૧૦૦૦
	કુલે	૧,૧૬,૮૫૦

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

A Prayer

"Oh! Thou Lord of Gauri, O! Thou Mother of the Universe, vouchsafe manliness unto me! O! Thou Mother of Strength, take away my weakness, take away my unmanliness and make me a Man."

—Swami Vivekanand.

ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું,
ઠે. પાંચકુવા, ચાર રસ્તા—અમદાવાદ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi